પાના :૨૦+૧૬ કિંમત : રૂ.૫-૦૦ તા.૧૫ ઓગસ્ટ, ૨૦૨૬ શનિવાર અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભૂજ અને મુંબઈથી પ્રગટ થતું દૈનિક

# ગુજરાત સમાચાર

અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ ▸ સંવત ૨૦૮૨, શકે ૧૯૪૮, શ્રાવણ સુદ-૩ વર્ષ: ૪૦ , અંક: ૧૫૦ ▸ http://www.gujaratsamachar.com ▸ ટે.નં. ૨૪૬૨૩૨૪/૨૪૬૪૮૪૮ VADODARA

મેનેજિંગ તંત્રી : શ્રેયાંસ શાંતિલાલ શાહ ▸ મુદ્રક અને પ્રકાશક : શ્રેયાંસ શાંતિલાલ શાહ, વુડા બિલ્ડીંગની બાજુમાં, લાયન સર્કલ પાસે, કારેલીબાગ, વડોદરા-૧૮.પો.બો.નં.૧૫ ▸ R.N.I.: 48392/88 1

વાંચન વિશેષ

ઝિંગલ ઝિંગલ ZAGMAG

સૌથી મોટો

## ડિસ્કાઉન્ટ સેલ હંમેશનો!

ઐતિહાસિક વેચાણ @ હોટેલ વિવાંતા, વડોદરા

**બ્રાન્ડેડ ગાર્મેન્ટ્સ અને શૂઝ સીધા ફેક્ટરીથી**

ગાર્મેન્ટ ઉદ્યોગમાં ભારે મંદીને કારણે, વિશ્વભરમાં અમારા બધા ફેક્ટરી આઉટલેટ્સ બંધ થઈ ગયા છે. હવે, અમારૂ 2026 નું બોક્સ પેક કલેક્શન ફક્ત 3 દિવસમાં 80% સુધી ડિસ્કાઉન્ટ સાથે વેચાઈ જશે.

વિશ્વભરમાં અમારા વેચાણની મોટી સફળતા પછી

હવે ભારતમાં - ૧લી વાર ગુજરાતના - વડોદરા શહેરમાં






**મોટા ડિસ્કાઉન્ટ સાથે સૌથી મોટા બ્રાન્ડ્સના કપડાં અને શૂઝ**

આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ્સના તૈયાર કપડાં નીચે મુજબ વેચવામાં આવશે.

પુરૂષોના શર્ટ કિંમત રૂ. 2000-9000........................................ફક્ત રૂ.1200/- માં
લેડીઝ કુર્તી કિંમત રૂ. 2000-4000........................................ફક્ત રૂ.600/- માં
બાળકોના કપડાં કિંમત રૂ. 1500-2000........................................ફક્ત રૂ.400-600/- માં
લેડીઝ મિક્સ ગારમેન્ટ કિંમત રૂ. 2000-6000........................................માત્ર રૂ.300-600/- માં
પુરૂષોના ટી-શર્ટ્સ કિંમત રૂ. 2000-6000........................................ફક્ત રૂ.600-1000/- માં
પુરૂષોના બ્રાન્ડેડ જીન્સ કિંમત રૂ. 3900-9800........................................ફક્ત રૂ.1600/- માં
મહિલાઓના બ્રાન્ડેડ જીન્સ કિંમત રૂ. 2000-4000........................................ફક્ત રૂ.600/- માં

30,000 + વસ્ત્રો પ્રદર્શિત કરતા 45 થી વધુ કાઉન્ટર્સ

<u>સ્પેશિયલ કાઉન્ટર :</u> મિક્સ બ્રાન્ડના પુરૂષોનાં શૂઝ જેમાં ઘણી બધી વેરાયટીઓ છે
મૂળ કિંમત રૂ. 2000/- થી 12000/- હવે વેચાણ કિંમત રૂ. 1,200/- થી રૂ. 5,000/-

3 દિવસ માટે વેચાણ - શનિવાર, રવિવાર અને સોમવાર : 15, 16 અને 17 ઓગસ્ટ, 2026

સ્થળ :

## VIVANTA VADODARA

અકોટા ગાર્ડન, મેઇન રોડ, શુશીલ પાર્ક સોસાયટી, શીતલ નગર, વડોદરા - 390007.

● મફત - પ્રવેશ અને પાર્કિંગ ● સમય : સવારે 10 થી રાત્રે 10 વાગ્યા સુધી ● ક્રેડિટ કાર્ડસ સ્વીકાર્ય. ● કાઉન્ટર તેનો સ્ટોક વેચાઇ જાય પછી બંધ થઇ જશે.

nikitamedia.in



તિરંગા યાત્રા : સ્વાતંત્ર્ય પર્વની પૂર્વ સંધ્યાએ વડોદરા દેશભક્તિના રંગે રંગાયું હતું.વડોદરામાં ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પોલીસ કર્મીઓ, ફાયર બ્રિગેડના જવાનો, અર્ધ લશ્કરી દળોના સૈનિકોથી માંડીને વિદ્યાર્થીઓ પણ જોડાયા હતા. યાત્રાના રુટ પર ભવ્ય ડેકોરેશન પણ કરવામાં આવ્યું હતું.ભેગા થયેલા લોકોના હાથમાં લહેરાતા હજારો તિરંગાઓએ અદભૂત દ્રશ્ય સર્જયું હતું. (તસવીર : કીર્તિ પડિયા)

### ૩૨ ટકા લોકો સપ્તાહમાં ઓછામાં ઓછી એક વખત તો ખરીદી કરે જ છે

# વડોદરાના લોકોને પ્રોસેસ્ડ અને પેકેજ્ડ ફૂડ વગર ચાલતું નથી

વડોદરા,શુક્રવાર

બજારમાં પડીકાઓમાં મળતા પેકેજ્ડ ફૂડ અને લાંબા સમય સુધી બગડી ના જાય તે માટેની પ્રક્રિયા કરીને વેચાતા પ્રોસેસ્ડ ફૂડના સ્વાસ્થ્યની દ્રષ્ટિએ સંખ્યાબંધ ગેરફાયદા છે.આમ છતા તેના વગર લોકોને ચાલતું નથી.એક મોટો વર્ગ સપ્તાહમાં એક થી વધારે આ પ્રકારનુ ફૂડ ખરીદીને ખાય છે તેવું એમ.એસ.યુનિવર્સિટીની હોમસાયન્સ ફેકલ્ટીના ડિપાર્ટમેન્ટ ઓફ ફૂડ એન્ડ ન્યુટ્રિશન વિભાગના એક અભ્યાસમાં સામે આવ્યું છે.

## યુવાઓની રોજની૧૧૮૧ કેલેરી તો પ્રોસેસ્ડ અને પેકેજ્ડ ફૂડમાંથી આવે છે

## યુનિ.ના ફૂડ એન્ડ ન્યુટ્રિશન વિભાગના અભ્યાસના લાલ બત્તી ધરતા તારણો

વિભાગના અધ્યાપક ડો.વિજયતા સેંગારના માર્ગદર્શન હેઠળ એમએસસીની વિદ્યાર્થિની નેહા ઉપાધ્યાયે લોકો પ્રોસેસ્ડ અને પેકેજ્ડ ફૂડ પર કેટલો આધાર રાખે છે તે જાણવા માટેના અભ્યાસના ભાગરુપે વડોદરા શહેરના ૨૦ થી ૬૦ વર્ષની વયના ૪૦૦ જેટલા નાગરિકોના અભિપ્રાય લીધા હતા.ડો.વિજયતા સેંગાર કહે છે કે, આ પૈકીના ૨૨ ટકા લોકોએ સપ્તાહમાં એક વખત તો ૧૦ ટકા લોકોએ સપ્તાહમાં બે થી ૩ વખત આ પ્રકારના ખાદ્ય પદાર્થો ખરીદતા હોવાનું કહ્યું હતું તો ૩૦ ટકા લોકો એવા હતા જે મહિનામાં એક વખત તો આ પ્રકારનું ફૂડ ખરીદતા જ હતા.

ખાસ કરીને ૨૦ થી ૩૦ વર્ષના યુવાઓમાં તો આ પ્રકારના નાસ્તાનું ચલણ ઘણું જ વધારે છે તેમ કહી શકાય.આ પ્રકારના ફૂડમાં પણ લોકો ગાંઠીયા, પાપડી, ચવાણા, સેવ, બિસ્કિટ, આઈસક્રીમ અને ચોકલેટ વધારે ખરીદે છે.૨૫ ટકા લોકોએ હવે પ્રોસેસ્ડ અને પેકેજ ફૂડ ઓનલાઈન ખરીદતા હોવાનું પણ કહ્યું હતું. યુવાઓની રોજની કેલેરીમાં સરેરાશ ૧૧૮૧ કેલેરીનો હિસ્સો તો પ્રોસેસ્ડ અને પેકેજ્ડ ફૂડનો છે.

### ૪૬ ટકા લોકો બ્રેકફાસ્ટ કરતા નથી, પુરુષોનું પ્રમાણ વધારે

આ અભ્યાસનું એક તારણ એ પણ છે કે, ૪૬ ટકા લોકો બ્રેકફાસ્ટ કરતા નથી.જેની અસર એ થાય છે કે, દિવસ દરમિયાન પ્રોસેસ્ડ કે પેકેજ્ડ ફૂડના નાસ્તા પર લોકો વધારે આધાર રાખે છે.બ્રેકફાસ્ટ નહીં કરનારાઓમાં પુરુષો વધારે છે જ્યારે સાંજનું ભોજન નહીં કરનારાઓમાં મહિલાઓનું પ્રમાણ વધારે છે.

### પોષક તત્વો કરતા બ્રાન્ડ નેમ, સ્વાદ અને કિંમત મહત્વની

પ્રોસેસ્ડ અને પેકેજ્ડ ફૂડ ખરીદવા પાછળના ચાર મહત્વના પરિબળોમાં પોષક તત્વો તો છે જ નહીં.૪૬ ટકાએ ખરીદી માટે બ્રાન્ડને, ૨૦ ટકાએ સ્વાદને અને ૧૨ ટકાએ કિંમત તથા ૧૦ ટકાએ અનુકુળતા અને સગવડને મહત્વ આપ્યું હતું.જ્યારે પોષક તત્વોને ગણતરીમાં લેનારા માંડ ૨ ટકા હતા.

### નાના બાળકોમાં પડીકામાં મળતા નાસ્તાનું ચલણ વધી રહ્યું છે

નાના બાળકોમાં પડીકામાં મળતા નાસ્તા ખાવાની ટેવ વધી રહી છે.જો નાનપણથી જ આ પ્રકારની ટેવ હોય તો મોટા થયા બાદ પણ આ પ્રકારના પેકેજ્ડ ફૂડ પરનું અવલંબન વધે તે સ્વાભાવિક છે.બાળકો સ્કૂલમાં કે પછી ટ્યુશન ક્લાસમાં જાય ત્યારે આ પ્રકારના નાસ્તા ખાય છે.માતા-પિતાએ તેના પર ધ્યાન આપવાની કે પોકેટ મનીમાંથી તે આવા પેકેજ્ડ ફૂડ ના ખરીદે તેના પર ધ્યાન આપવાની જરુર છે.

ડો.વિજયતા સેંગાર, અધ્યાપક, ફૂડ એન્ડ ન્યુટ્રિશન વિભાગ

### મોટાપાયે સામાજિક અભિયાન શરુ કરવું પડશે

ડાયાબિટિસ અને હાર્ટને લગતા રોગોના દર્દીઓ વધી રહ્યા છે ત્યારે આ અભ્યાસના તારણો આરોગ્ય વિભાગ, સરકાર તથા સમાજ માટે એલાર્મ બેલ જેવા છે.કારણકે આ ટ્રેન્ડને હવે બદલવો હશે તો મોટાપાયે અભિયાન શરુ કરવું પડશે તથા આરોગ્યપ્રદ ફૂડને લોકો માટે આસાનીથી અને ઓછી કિંમતે ઉપલબ્ધ કરવું પડશે.

--નેહા ઉપાધ્યાય, એમએસસી સ્ટુડન્ટ

### રિક્ષા ચાલકોની ચેતવણી

# એક રૂપિયો પણ નહીં આપીએ, અગાઉ પાર્કિંગ કોન્ટ્રાકટરને ભગાવ્યો હતો

(પ્રતિનિધિદ્વારા) વડોદરા,શુક્રવાર

વડોદરા રેલવે સ્ટેશન ખાતે રિક્ષા અને ટેક્સી કાર પાર્કિંગના ચાર્જ મુદ્દે રિક્ષા ચાલકોએ ફરી એકવાર વિરોધ નોંધાવ્યો છે. પાર્કિંગ ચાર્જના વિરોધમાં ત્રણ રિક્ષા યુનિયનોના સભ્યો રેલવે સ્ટેશન પરિસરમાં એકત્ર થયા હતા અને વિરોધ પ્રદર્શન કર્યું હતું.

## રેલ્વે સ્ટેશને રિક્ષા ચાલકો પાસે પણ પાર્કિંગ ચાર્જ લેવાની નીતિનો વિરોધ

રેલવે દ્વારા રિક્ષા માટે રૂા.૧૦ અને ટેક્સી કાર માટે રૂા.૨૦ પાર્કિંગ ચાર્જ નક્કી કરવામાં આવ્યો છે. આ ઉપરાંત સ્ટેશન પરિસરમાં સિંગલ એન્ટ્રી ટિકિટ બે કલાક સુધી માન્ય રહેશે. બે કલાક બાદ દરેક બે કલાકના સમયગાળા મુજબ ચાર્જ ચૂકવવાનો રહેશે.

રિક્ષા યુનિયનના આગેવાનો દ્વારા આ ચાર્જનો સ્પષ્ટ વિરોધ કરવામાં આવ્યો હતો. યુનિયનનું કહેવું છે કે, 'એક રૂપિયો પણ ચૂકવીશું નહીં. અગાઉના કોન્ટ્રાક્ટરને ભગાવ્યો હતો અને આવનાર કોન્ટ્રાક્ટરને પણ ભગાવીશું.' રિક્ષા ચાલકોએ જણાવ્યું હતું કે રેલવે સ્ટેશન પર મુસાફરોની સુવિધા અને રિક્ષા-ટેક્સી ચાલકોની રોજગારીને ધ્યાનમાં રાખીને પાર્કિંગ માટે યોગ્ય જગ્યા ફાળવવી જોઈએ.

રિક્ષા ચાલકોના જણાવ્યા મુજબ, સ્ટેશન પર મુસાફરોને લેવા-મૂકવા આવતા વાહનો પાસેથી પાર્કિંગ ચાર્જ વસૂલવાથી તેમની રોજગારી પર સીધી અસર પડશે. જેથી ચાર્જની વ્યવસ્થા પરત ખેંચવાની માંગ કરવામાં આવી છે.

યુનિયનોએ ચેતવણી આપી છે કે જો પાર્કિંગ ચાર્જનો નિર્ણય પરત ખેંચવામાં નહીં આવે તો આગામી દિવસોમાં ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

### ભાગલા સમયના લોહિયાળ ઈતિહાસની કમકમાટી ઉપજાવતી નિવૃત્ત પ્રોફેસર જુનેજાની દર્દભરી આપવીતી

# આંખો સામે જ પાકિસ્તાનીઓએ આઠ વર્ષના સગા ભાઈ સહિત ત્રણ બાળકોની હત્યા કરી હતી

(પ્રતિનિધિદ્વારા) વડોદરા,શુક્રવાર

૧૫ ઓગસ્ટ ૧૯૪૭ના રોજ આખો દેશ આઝાદીના ઉત્સવમાં ડૂબેલો હતો, ત્યારે તેના એક મહિના પહેલા પાકિસ્તાનના સરગોધા જિલ્લાના મીડરાંઝા ગામના ધનાઢ્ય જમીનદાર જુનેજા પરિવાર માટે એ રાત કાળમુખી સાબિત થઈ હતી. ભાગલાની ભયાનક આગમાં ઘર-બાર અને વિશાળ સંપત્તિ રાતોરાત છોડીને જીવ બચાવવા નીકળેલા લાખો હિન્દુ શરણાર્થીઓની માફક ૬ વર્ષના માસૂમ ઓમપ્રકાશ જુનેજા પણ પોતાના પરિવાર સાથે નિરાશ્રિત બની ગયા હતા.

જુલાઈ ૧૯૪૭માં કેપ્ટન બક્ષીના રક્ષણ હેઠળ આર્મીના ચાર ટ્રકમાં ૨૫૦થી ૩૦૦ લોકોને પશુઓની જેમ ઠાંસી ઠાંસીને ભરીને લોહિયાળ મુસાફરી શરૂ થઈ હતી. બાળકોને મહિલાઓના ખોળામાં છુપાવી કોઈને એક શબ્દ પણ ન બોલવાની સખત સૂચના અપાઈ હતી. આ દરમિયાન ધોધમાર વરસાદ પડતાં માર્ગમાં પાણી પીવા માટે નીચે ઉતરેલા ૮ વર્ષના સગા ભાઈ સહિત ત્રણ નિર્દોષ બાળકો પર પાકિસ્તાનીઓએ અંધાધૂંધ ફાયરિંગ કરી તેમની કરપીણ હત્યા કરી નાખી હતી.



પોતાના સગા ભાઈની આંખ સામે થયેલી હત્યા, રસ્તામાં ઠેરઠેર થતી મારકાપ, આગજની અને આક્રંદના દ્રશ્યો વડોદરાની એમ.એસ. યુનિવર્સિટીના નિવૃત્ત પ્રોફેસર ડો. ઓમપ્રકાશ જુનેજાના મન પર ૭૭ વર્ષ પછી પણ જીવંત કોતરાયેલા છે. પાકિસ્તાનથી નીકળી અમૃતસર, અમ્બાલા, ગુડગાંવ અને આગ્રાના રેફ્યુજી કેમ્પમાં ૯ મહિનાના અથાક ભટકાવ અને ભયાનક યાતનાઓ ભોગવ્યા બાદ પરિવારનું દિલ્હીમાં કૂલીનું કામ કરતા પિતા સાથે પુનઃમિલન થયું હતું.

આગ્રાના એક અત્યંત નાના મકાનમાં ૨૨ લોકો વચ્ચે કફોડી હાલતમાં રહીને, ગાર્ડનમાં બેસી અભ્યાસ કરી ડો. જુનેજાએ એમ.એ.માં કોલેજ ટોપ કરી હતી. યુ.પી.માં શરણાર્થી તરીકે ખરાબ વ્યવહાર સહન કર્યા બાદ તેઓ રાજપીપળા અને ત્યારબાદ વડોદરા આવ્યા, જ્યાં ગુજરાતીઓએ તેમને અપરંપાર પ્રેમ આપ્યો. તેમની પત્ની રેણુબહેન પણ ભાગલા સમયે માત્ર એક વર્ષના હતા, જેમણે એમ.એ. બી.એડ. કરી વડોદરામાં શિક્ષિકા તરીકે સેવા આપી હતી. બન્ને સંતાનો અમેરીકામાં સ્થાઈ થતાં હાલ આ દંપતિ વડોદરામાં નિવૃત્ત જીવન જીવી રહ્યાં છે.

ભાગલાનો આ લોહિયાળ ઈતિહાસ નવી પેઢી ક્યારેય ન ભૂલે તે માટે ડો. જુનેજાએ અમેરિકાના ગુણીતાસિંહ સાથે મળી ૧૯૪૭ પાર્ટિશન આર્કાઈના નામે વેબ સાઈટ તેમજ સંસ્થાની સ્થાપના કરી છે. હાલ આ સાઈટ પર ૧૨૫૦૦થી વધુ સ્ટોરી અને અને પુસ્તકમાં ૧૦,૦૦૦થી ભાગલા વખતની વધુ દર્દનાક કથાઓ સંગ્રહિત કરી છે. આ સંસ્થામાં સલાહકાર તરીકે સેવા આપતા ડો. જુનેજા આજે પણ દેશ માટે એ કારમો ઈતિહાસને જીવંત રાખી રહ્યા છે.

### આગ્રામાં કબજે કરેલું મકાન ડરીને છોડી દેતા ત્રણ દિવસ માર પડ્યો હતો

કેમ્પની યાતનાઓ વચ્ચે સરકારે આગ્રામાં રહેવાની કોઈ વ્યવસ્થા ન કરતા સરદાર પટેલના અવસાન બાદ શરણાર્થીઓએ પાકિસ્તાન ગયેલા મુસ્લિમોના ખાલી પડેલા મકાનો પર કબજો કરવાનો નિર્ણય કર્યો હતો. પ્રો. જુનેજાના પિતા અને કાકાએ આગ્રાના એક મોટા મકાન પર કબજો જાળવી રાખવા માટે ૬ વર્ષના ઓમપ્રકાશ અને તેમના ભાઈને ત્યાં ધ્યાન રાખવા બેસાડ્યા હતા. પિતા અન્ય ઘરની શોધમાં ગયા ત્યારે તે ખાલી ઘરની અંદરથી અચાનક ભેદી અવાજ આવ્યો હતો અને એક વ્યક્તિએ મકાન પરથી કુદકો માર્યો હતો.ભયભીત થયેલા બંને નાના ભાઈઓ ઘર છોડીને બહાર ભાગી આવ્યા હતા. આ ભૂલના કારણે પરિવારે મકાનનો કબજો ગુમાવવો પડ્યો અને અન્ય શરણાર્થી પરિવારે ત્યાં કબજો જમાવી લીધો હતો. પરિણામે ગુસ્સે ભરાયેલા વડીલોએ બંને નાના બાળકોને કડક સજા રૂપે ત્રણ દિવસ સુધી માર માર્યો હતો.

### દાદીના અનશનથી પિતાએ ચામડાનો ધંધો છોડ્યો : વર્ષો બાદ કર્નલ બક્ષી મળ્યા

દિલ્હી રેલવે સ્ટેશન પર પૈસા ખૂટી જતાં કૂલીનું કામ કરતા પિતાને તેમની જમીનમાં મજૂરી કામ કરતા બે મુસ્લિમ યુવક ઓળખી ગયા હતા. તેમણે આગ્રાની પોતાની ચામડાની દુકાન પિતાને અને કાકાને વેંચી હતી. પરંતુ ગૌ-માસ અને ચામડાના વેપારની જાણ થતાં જ જુનેજાના દાદીએ અન્ન-જળનો ત્યાગ કરી અનશન શરૂ કરતાં પિતાએ ધંધો છોડી અન્ય વ્યવસાય શરૂ કર્યો હતો. પ્રાયશ્ચિત રૂપે મામાના પૈસાથી ગાયનું દાન કર્યું હતું. વર્ષો પછી વડોદરામાં પ્રો.જુનેજા શરણાથી કાફલાના કમાન્ડર કર્નલ બક્ષીને મળ્યા. બક્ષીએ અત્યંત દુઃખ સાથે અફસોસ વ્યક્ત કર્યો હતો કે, હું તે દિવસે ૩ બાળકોને બચાવી ન શક્યો, પરંતુ પ્રો. જુનેજા કાળજું પથ્થર કરીને પણ કહી ન શક્યા કે તેમાં માર્યા ગયેલો ૮ વર્ષનો માસૂમ બાળક તેમનો જ સગો મોટો ભાઈ હતો.

## ચાર ટ્રકમાં ૩૦૦ લોકોને પશુની માફક ભરીને ભારત લવાયા હતા : ઈતિહાસને જીવંત રાખવા માટે બનાવેલી વેબ પર ૧૨ હજારથી વધુ દર્દનાક કહાનીઓ મુકાઈ છે

### ૩૦થી ૪૦ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે

# ગુજરાતના ૧૫ જિલ્લામાં આજે વરસાદ માટે યલો એલર્ટ

અમદાવાદ,શુક્રવાર

ગુજરાતના ૧૫ જિલ્લામાં આવતીકાલે મધ્યમથી ભારે વરસાદ માટે યલો એલર્ટ આપવામાં આવ્યું છે. જેમાં કેટલાક જિલ્લામાં ૩૦થી ૪૦ કિલોમીટર પ્રતિ કલાકની ગતિએ પવન પણ ફૂંકાઈ શકે છે.

## ડાંગના વઘઈમાં બે જ્યારે મહીસાગર, નવસારી અને વલસાડમાં ૧ ઈંચ વરસાદ નોંધાયો

હવામાન વિભાગની આગાહી અનુસાર આવતીકાલે ડાંગ, તાપી, નવસારી, વલસાડ, દમણ, દાદરા નગર હવેલીમાં ભારે જ્યારે બનાસકાંઠા, વાવ-થરાદ, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, પંચમહાલ, દાહોદ, મહીસાગર, છોટા ઉદેપુર અને નર્મદામાં હળવોથી મધ્યમ વરસાદ પડી શકે છે. જોકે, રવિવારથી પાંચ દિવસ વરસાદ માટે કોઈ એલર્ટ નથી.

આજે ગુજરાતના ૧૧૧ તાલુકામાં વરસાદ નોંધાયો હતો. જેમાં ડાંગના વઘઈમાં સૌથી વધુ બે ઈંચ, મહીસાગરના કોઠંબામાં ૧.૫૦ ઈંચ, નવસારીના ખેરગામમાં ૧.૪૦ ઈંચ, મહીસાગરના બાલાસિનોરમાં ૧.૨૫ આંચ જ્યારે વલસાડના નાનાપોંઢા-નવસારીના વાંસદામાં ૧ ઈંચ વરસાદ નોંધાયો હતો. અન્યત્ર જ્યાં નોંધપાત્ર વરસાદ પડ્યો તેમાં વલસાડના ધરમપુર, નવસારીના ચીખલી, ડાંગ, પંચમહાલના કાલોલ, ડાંગના સુબિરનો સમાવેશ થાય છે.

### ચોથી સ્ટેટ ટેબલ ટેનિસ ટૂર્નામેન્ટનું સમાપન

# અમદાવાદની પ્રથા પવારે ડબલ ટાઈટલ જીત્યા

(પ્રતિનિધિદ્વારા) વડોદરા,શુક્રવાર

અમદાવાદની ટોચની ક્રમાંકિત પ્રથા પવારે ટેબલ ટેનિસ ટૂર્નામેન્ટમાં મહિલા સિંગલ્સનું ટાઇટલ જીતીને શાનદાર પ્રદર્શન કર્યું છે, જ્યારે સુરતની ૧૦મી ક્રમાંકિત વિન્સી તન્નાએ અંડર-૧૫ ગર્લ્સની ફાઈનલમાં મોટો અપસેટ સર્જ્યો છે.

અત્રે યોજાયેલી ચોથી સ્ટેટ ટેબલ ટેનિસ ટૂર્નામેન્ટમાં ૧૭ વર્ષની પ્રથા પવારે મહિલા સિંગલ્સની ફાઈનલમાં સુરતની દ્વિતીય ક્રમાંકિત આફ્રિન મુરાદને એકતરફી મુકાબલામાં ૪-૦થી હરાવી છે. આ જીત સાથે પ્રથાએ ડબલ ટાઈટલ હાંસલ કર્યું છે. અગાઉ, પ્રથાએ જુનિયર ગર્લ્સ અંડર-૧૯નું ટાઈટલ પણ પોતાના નામે કર્યું હતું.

સુરતની ૧૦મી ક્રમાંકિત ૧૩ વર્ષની વિન્સી તન્નાએ સબ-જુનિયર અંડર-૧૫ ગર્લ્સની રોમાંચક ફાઈનલમાં સુરતની જ ટોચની સીડ ડાનિયા ગોડિલને ૩-૨થી હરાવી મોટો અપસેટ સર્જ્યો છે, જ્યારે ડાનિયાએ અંડર-૧૭ ગર્લ્સની ફાઈનલમાંટોચની સીડ અને ભાવનગરની ચાર્મી ત્રિવેદીને ૩-૨થી હરાવી છે.

કચ્છના પાંચમા ક્રમાંકિત ધ્રુવ ભંભાણીએ અમદાવાદના છઠ્ઠા ક્રમાંકિત અંશ ખમારને ૩-૧થી હરાવી સબ-જુનિયર બોયઝ અંડર-૧૫નું ટાઈટલ જીત્યું છે. ગર્લ્સ અંડર-૧૩માં સુરતના ખેલાડીઓએ સફળતા મેળવી હતી. બોયઝ અંડર-૧૩માં સુરતના ત્રીજા ક્રમાંકિત દક્ષ જેઠવાએ કચ્છના ચોથા ક્રમાંકિત ધ્રુવને ૩-૦થી હરાવ્યો છે. હોપ્સ કેટેગરીમાં ટોચની સીડ ખેલાડીઓએ ખિતાબ પર કબજો જમાવ્યો હતો.

આ સાથ ટેબલ ટેનિસ ટૂર્નામેન્ટનું સમાપન થયું છે.

### રખડતા શ્વાન માટે ૪ ઝોનમાં શેલ્ટર હોમ બનાવવાના આયોજનમાં વિલંબ

# રખડતા શ્વાનોનો ત્રાસ યથાવત્, શ્વાનોના ટોળે - ટોળાથી ભયનો માહોલ

(પ્રતિનિધિદ્વારા) વડોદરા,શુક્રવાર

શહેરમાં રખડતા શ્વાનના વધતા ત્રાસથી શહેરીજનોને મુક્તિ ક્યારે મળશે તેવો સવાલ ઊઠી રહ્યો છે. વર્ષ ૨૦૨૫માં સુપ્રીમ કોર્ટના આદેશના પગલે મ્યુનિ. કોર્પોરેશન દ્વારા ૪,૦૦૦ રખડતા શ્વાનો માટે શેલ્ટર હોમ, વેક્સિનેશન અને નવી ડોગ પોલિસિ બનાવવાની જાહેરાત કરાઈ હતી. જોકે આ બધી કામગીરીઓ હજુ કાગળ પર જ છે.

## વર્ષ ૨૦૨૫માં ૩,૭૬૬ શ્વાનોની નસબંધી કરાઈ, શ્વાનોની જીપીએસ આધારિત ગણતરી હજુ કાગળ પર



મ્યુનિ. કોર્પોરેશન દ્વારા શહેરના ચારેય ઝોનમાં કુલ ૪ હજાર શેરી શ્વાન માટે કાયમી શેલ્ટર હોમ બનાવવાનું આયોજન છે. શહેરમાં સંવેદનશીલ સ્થળો પણ નક્કી કરાયાં છે, જ્યાં સ્ટ્રીટ ડોગ ન હોવા જોઈએ. જાહેર સ્થળો પરથી રખડતા શ્વાનોને હટાવ્યા બાદ તેમને કાયમ માટે શેલ્ટર હોમમાં રાખવાની યોજના છે.

હાલ ખટંબા શ્વાન સેન્ટર ખાતે ૧૫૦ શ્વાન રાખવાની ક્ષમતા છે, જેમાં હાલમાં ૧૦૦ શ્વાન છે. કોર્પોરેશનના સંચાલન હેઠળ સંસ્થાઓની બે ટીમ રખડતા શ્વાનોને પકડવાની કામગીરી કરી રહી છે. જોકે, કામગીરીને વ્યાપક બનાવવા માટે નવા વાહનો વસાવવાની તેમજ ચાર ઝોનમાં નવા શેલ્ટર હોમ બનાવવાની કાર્યવાહી હજુ કાગળ પર જ છે.

રખડતા શ્વાનને લઈને નવી ડોગ પોલિસિ બનાવવાની પણ જાહેરાત કરાઈ છે, જેમાં જાહેર સ્થળો પર શ્વાનને ખાવાનું કોણ અને ક્યાં ખવડાવી શકે ? તેમની જાળવણી કેવી રીતે કરવી તેમજ નાગરિકોની સુરક્ષા સાથે સંકળાયેલા નિયમો નક્કી કરાશે. જોકે, પોલિસિ બનાવવાની પ્રક્રિયામાં પણ વિલંબ થઈ રહ્યો છે.

કોર્પોરેશને શહેરમાં જીપીએસ સોફ્ટવેરની મદદથી રખડતા શ્વાનોની વસ્તી ગણતરી શરૂ કરવાની જાહેરાત કરી છે. શહેરમાં અગાઉ વર્ષ ૨૦૧૪માં શ્વાનોની વસ્તી ગણતરી થઈ હતી. નવી ટેકનોલોજી આધારિત ગણતરીથી શહેરના અલગ-અલગ વિસ્તારોમાં શ્વાનોની વાસ્તવિક સંખ્યા તેમજ હોટસ્પોટ વિસ્તારોની ઓળખ સરળ બની શકશે.વર્ષ ૨૦૨૫માં કુલ ૩,૭૬૬ રખડતા શ્વાનોનું સ્ટરિલાઈઝેશન કરી તેમને હડકવા વિરોધી રસી હેઠળ આવરી લેવાયા છે. કોર્પોરેશન દર વર્ષે શ્વાનોના ખસીકરણ, રસીકરણ અને સારસંભાળ માટે રૂા.૮૦ લાખનો ખર્ચ કરે છે. જોકે, હાલ અનેક વિસ્તારોમાં શ્વાનોની સંખ્યા ચિંતાજનક રીતે ખૂબ વધી ગઈ છે.

હડકવાના વધતા કેસોને ધ્યાનમાં રાખીને વર્ષ ૨૦૨૫માં સુપ્રીમ કોર્ટે નોંધ્યું હતું કે શેરીના શ્વાનોના હુમલાની સમસ્યા ભયજનક બની રહી છે. દેશમાં હડકવાના કારણે અનેક લોકોના મોત થયા છે, નાગરિકોના જીવનનું રક્ષણ કરવું રાજ્યની જવાબદારી છે.

### શ્વાન કરડતા ૧૨ વર્ષના બાળકનું મોત થયું

છોટાઉદેપુરના કીડીઘોઘાદેવ ગામે રહેતા ૧૨ વર્ષના કાનસિંગને ત્રણ મહિના પહેલા કૂતરૂં કરડ્યું હતું. તબિયત બગડતા બાળકને સારવાર માટે વડોદરાની સયાજી હોસ્પિટલમાં રિફર કરાયો હતો. વડોદરા આવ્યો ત્યારે જ તેના મોંઢામાંથી ફીણ નીકળતું હતું. તેની તબિયત વધુ ગંભીર લાગતા તેને સારવાર માટે અમદાવાદ રિફર કરાયો હતો. પરંતુ,બાળક અમદાવાદ પહોંચે તે પહેલા જ ૧૧ ઓગસ્ટે તેનું કરૂણ મોત થયું હતું.

### આ વર્ષે ૬,૪૬૩ લોકોએ હડકવાની રસી લીધી

કોર્પોરેશન દ્વારા નાગરિકોને વિનામૂલ્યે હડકવા વિરોધી રસી આપવામાં આવે છે, જે શ્વાન, બિલાડી,વાંદરા જેવા પ્રાણીઓ કરડવાથી શરીરમાં ફેલાતા ઘાતક રેબિઝ વાયરસના ચેપ સામે રક્ષણ આપે છે. વર્ષ ૨૦૨૫માં કોર્પોરેશનના ચોપડે કુલ ૧૩,૪૬૭ કેસ નોંધાયા હતા, જ્યારે ચાલુ વર્ષમાં અત્યાર સુધીમાં ૬,૪૬૩ કેસ નોંધાઈ ચૂક્યા છે.










પાના :૨૦+૧૬ કિંમત : રૂા.૫-૦૦ તા.૧૫ ઓગસ્ટ, ૨૦૨૬ શનિવાર અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભૂજ અને મુંબઈથી પ્રગટ થતું દૈનિક

# ગુજરાત સમાચાર

અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ ▸ સંવત ૨૦૮૨, શકે ૧૯૪૮, શ્રાવણ સુદ-૩ વર્ષ: ૪૦ , અંક: ૧૫૦ ▸ http://www.gujaratsamachar.com ▸ ટે.નં. ૨૪૬૨૩૨૪/૨૪૬૪૮૪૮ VADODARA

મેનેજિંગ તંત્રી : શ્રેયાંસ શાંતિલાલ શાહ ▸ મુદ્રક અને પ્રકાશક : શ્રેયાંસ શાંતિલાલ શાહ, વુડા બિલ્ડીંગની બાજુમાં, લાયન સર્કલ પાસે, કારેલીબાગ, વડોદરા-૧૮.પો.બો.નં.૧૫ ▸ R.N.I.: 48392/88 1

### પરીક્ષામાં સુધારા માટે સરકારે અનેક પગલાં લીધા

## આત્મનિર્ભર ભારતથી દેશનું અર્થતંત્ર મજબૂત થયું : રાષ્ટ્રપતિ

(પીટીઆઈ) નવી દિલ્હી, તા.૧૪

ભારતમાં ૮૦મા સ્વતંત્રતા દિવસની ઊજવણીની પૂર્વ સંધ્યાએ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ રાષ્ટ્રને સંબોધન કરતા જણાવ્યું હતું કે, આત્મનિર્ભર ભારતથી દેશનું અર્થતંત્ર મજબૂત થયું છે. દેશને નક્સલવાદથી મુક્તિ અપાવવામાં કેન્દ્ર સરકારના પગલાંની પણ રાષ્ટ્રપતિએ પ્રશંસા કરી

(અનુસંધાન ૧૩મે પાને)

**ગુજરાત સમાચાર**

### અંક બંધ

૧૫ ઓગસ્ટ ૨૦૨૬ને શનિવારે સ્વતંત્રતા દિન નિમિત્તે 'ગુજરાત સમાચાર' કાર્યાલય સંપૂર્ણ રજા પાળશે. જેથી તા.૧૬મીને રવિવારનો અંક પ્રસિદ્ધ થશે નહિ તેની વાચક મિત્રોએ નોંધ લેવી. તા.૧૭ ઓગસ્ટ ૨૦૨૬ને સોમવારનો અંક રાબેતા મુજબ પ્રસિદ્ધ થશે.

- મેનેજિંગ તંત્રી

### ૪૦ કરોડના ઈમરજન્સી જથ્થામાંથી ૩૫ કરોડ બેરલ ઓઈલ ખતમ

વાંચો પાના નં. ૧૫



















## આજનુ પંચાંગ — તા.૧૫/૮/૨૦૨૬, શનિવાર

**સ્વાતંત્ર્ય દિવસ**
**પારસી નૂતનવર્ષ ૧૩૯૬નો પ્રારંભ-પતેતી**

**દિવસના ચોઘડિયા :** કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ.
**રાત્રિના ચોઘડિયા :** લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ.
**અમદાવાદ સૂર્યોદય :** ૬ ક. ૧૭ મિ. સૂર્યાસ્ત : ૧૯ ક. ૧૦ મિ.
**સુરત સૂર્યોદય :** ૬ ક. ૧૯ મિ., સૂર્યાસ્ત : ૧૯ ક. ૦૮ મિ.
**મુંબઈ સૂર્યોદય :** ૬ ક. ૨૧ મિ., સૂર્યાસ્ત : ૧૯ ક. ૦૫ મિ.
**નવકારસી સમય :** (અ) ૭ ક. ૦૫ મિ. (સુ) ૭ (ક.) ૦૭ (મું) ૭ ક. ૦૯ મિ.
**જન્મરાશિ :** સિંહ (મ.ટ.) રાશિ સવારના ૯ ક. ૩૭ મિ. સુધી પછી કન્યા (પ.ઠ.ણ.) રાશિ આવશે.
**નક્ષત્ર :** ઉત્તરાફાલ્ગુની ૨૭ ક. ૨૬ મિ. સુધી પછી હસ્ત.
**ગોચર ગ્રહ :** સૂર્ય-કર્ક, મંગળ-મિથુન, બુધ-કર્ક, ગુરૂ-કર્ક, શુક્ર-કન્યા, શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, ચંદ્ર-સિંહ સવારના ૯ ક. ૩૭ મિ. સુધી પછી કન્યા.
હર્ષલ (યુરેનસ) વૃષભ નેપચ્યુન-મીન પ્લુટો-મકર રાહુકાળ ૯.૦૦ થી ૧૦.૩૦ (દ.ભા.)
**વિક્રમ સંવત :** ૨૦૮૨ પિંગલ સંવત્સર શાકે : ૧૯૪૮ પરાભવ જૈનવીર સંવત : ૨૫૫૨
**દક્ષિણાયન વર્ષા ઋતુ રાષ્ટ્રીય દિનાંક :** શ્રાવણ ૨૪ વ્રજ માસ : શ્રાવણ-૧૭
**માસ-તિથિ-વાર :** શ્રાવણ સુદ ત્રીજ
- સ્વાતંત્ર્ય દિવસ - સૌને સ્વતંત્રતા દિવસની ખૂબ શુભેચ્છાઓ.
- પતેતી
- પારસી નૂતનવર્ષ ૧૩૯૬નો પ્રારંભ
- પા. ફરવરદિન માસ પ્રારંભ
- ઠકુરાણી ત્રીજ
- મધુશ્રુવા ત્રીજ
- મુ. રબી ઉલ અવ્વલ માસ પ્રારંભ
- હરિયાળી ત્રીજ
- અશ્વત્થ મારુતિ પૂજન

**મુસલમાની હિજરીસન :** ૧૪૪૮ રબી ઉલ અવ્વલ માસનો ૧લો રોજ
**પારસી શહેનશાહી વર્ષ :** ૧૩૯૬ ફરવર દિન માસનો ૧લો રોજ અહુરમજદ

## આજનું ભવિષ્ય — અગ્નિદત્ત પદમનાભ

**મેષ :** આપ સહુને સ્વાતંત્ર્ય દિવસની ખૂબ શુભેચ્છાઓ. પારસી નૂતનવર્ષની, પતેતીની સૌ વાચકગણને શુભકામનાઓ

**વૃષભ :** સૌ વાચકવર્ગને સ્વાતંત્ર્ય દિનની શુભકામનાઓ. પારસી નૂતનવર્ષ ૧૩૯૬ના પ્રારંભની, પતેતીની સર્વેને શુભેચ્છાઓ.

**મિથુન :** સ્વાતંત્ર્ય દિવસ નિમિત્તે સર્વેને ખૂબ શુભેચ્છાઓ. પારસી નૂતનવર્ષ પ્રારંભની, પતેતીની આપ સહુને શુભકામનાઓ.

**કર્ક :** સ્વતંત્રતા પર્વની આપ સર્વેને ખૂબ શુભકામનાઓ. પારસી નૂતનવર્ષ પ્રારંભ અને પતેતીની ખૂબ શુભેચ્છાઓ.

**સિંહ :** સૌ વાચક મિત્રોને સ્વતંત્રતા પર્વ નિમિત્તે ખૂબ ખૂબ શુભકામનાઓ. પારસી નૂતનવર્ષની, પતેતીની શુભેચ્છાઓ.

**કન્યા :** સ્વતંત્રતા દિવસની આપ સર્વેને ખૂબ શુભેચ્છાઓ. પારસી નૂતનવર્ષ ૧૩૯૬ના પ્રારંભની, પતેતીની શુભકામનાઓ.

**તુલા :** સ્વાતંત્ર્ય દિવસની આપ સર્વેને ખૂબ શુભકામનાઓ. પારસી નવવર્ષ પ્રારંભ અને પતેતીની શુભકામનાઓ.

**વૃશ્ચિક :** સર્વેજનોને સ્વતંત્રતા દિનની ખૂબ ખુભ શુભેચ્છાઓ. પારસી નૂતનવર્ષ અને પતેતીની શુભકામનાઓ.

**ધન :** સ્વાતંત્ર્ય પર્વની સૌ વાચકગણને શુભકામનાઓ. પારસી નૂતનવર્ષ ૧૩૯૬ના પ્રારંભ અને પતેતીની ખૂબ શુભેચ્છાઓ.

**મકર :** સ્વાતંત્ર્ય દિવસની આપ સર્વેને ખૂબ શુભકામનાઓ. પતેતી તેમજ પારસી નૂતનવર્ષ નિમિત્તે શુભેચ્છાઓ.

**કુંભ :** આપ સહુને સ્વતંત્રતા દિન નિમિત્તે ખૂબ શુભેચ્છાઓ. પારસી નૂતનવર્ષ અને પતેતીની ખૂબ શુભકામનાઓ.

**મીન :** સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે સૌ વાચકમિત્રોને ખૂબ શુભેચ્છાઓ. પતેતી તેમજ પારસી નૂતનવર્ષ ૧૩૯૬ના પ્રારંભની શુભકામનાઓ.

## જન્મ તારીખ વર્ષ સંકેત — તા.૧૫/૮/૨૦૨૬, શનિવાર

આજથી શરૂ થઈ રહેલું આપનું જન્મવર્ષ અકંદરે સારું પસાર થાય. **નાંણાકીય સુખાકારી :** નાંણાકીય સુખાકારીની દ્રષ્ટિએ વર્ષ સારું રહે. આપને આવકમાં વધારો જણાય. બીનજરૂરી ખર્ચ ઘટતાં બચત કરવામાં સરળતા રહે. જૂની ઉઘરાણીના નાંણા છૂટા થાય. દિવાળી પછીના બે માસ સંભાળવું પડે. **નોકરી-ધંધો :** વ્યવસાયિક દ્રષ્ટિએ વર્ષ આપના માટે સાનુકૂળ રહે. આપના કામનો ઉકેલ આવતો જાય. પરદેશના કામ થઈ શકે. આપના કાર્યમાં પુખ્ત વયના સંતાનો મદદરૂપ થવાના પ્રયાસ કરે. લાભ-ફાયદો મળી રહે. **યાત્રા-પ્રવાસ :** યાત્રા-પ્રવાસની દ્રષ્ટિએ એકંદરે વર્ષ સારું રહે. પરદેશ જવાની કાર્યવાહીમાં પ્રગતિ જણાય. તે અંગે મિલન-મુલાકાત થાય. કુટુંબ-પરિવાર, મિત્રવર્ગ સાથે યાત્રા-પ્રવાસનો આનંદ માણી શકો.

## ધાર્મિક

**સમૂહ દત્તબાવની :** ભૂતડીઝાંપા પોલીસ લાઈન ખાતે આવેલા શ્રી રંગ મંદિરમાં આગામી તા.૧૬મી ઓગષ્ટે રવિવારે બપોરે ૨ થી ૬.૩૦ દરમિયાન દત્તબાવનીના સમૂહ પાઠનું આયોજન કરવામાં આવ્યું છે. મંદિરમાં શ્રાવણ માસ નિમિત્તે રોજ સાંજે ૫.૩૦ વાગ્યે શ્રી શિવ મહિમ્ન સ્તોત્રનું પઠન કરાય છે.

## હવામાન

| મહત્તમ ઉષ્ણતામાન | |
|---|---|
| ડીગ્રી સેન્ટીગ્રેડ = ડીગ્રી ફેરનહીટ | |
| ૩૦.૮ = ૮૭.૪૪ | |
| **લઘુત્તમ ઉષ્ણતામાન** | |
| ડીગ્રી સેન્ટીગ્રેડ = ડીગ્રી ફેરનહીટ | |
| ૨૪.૮ = ૭૬.૬૪ | |

હવામાં ભેજનું પ્રમાણ : સવારે ૯૫ ટકા, સાંજે ૮૧ ટકા
હવાનું દબાણ : ૧૦૦૩.૮ મિલિબાર્સ
પવનની દિશા : નૈઋત્ય
પવનની ગતિ : ૧૧ કિમી/કલાક
છેલ્લા ૨૪ કલાકનો વરસાદ : ૨.૩ મિ.મી.
મોસમનો કુલ વરસાદ :- ૫૮૧.૭ મિ.મી.

**તા. ૧૫-૦૮-૨૦૨૬**
સૂર્યોદય : ક. ૬ મિ. ૧૪
સૂર્યાસ્ત : ક. ૭ મિ. ૯
દિવસની લંબાઈ : કલાક ૧૨ મિનિટ ૫૪
નવકારશી સમય (વડોદરા) : ૭.૦૨

## હીંડોળા

- સંધ્યા અને શયનમાં ઠકુરાણી ત્રીજ-બગીચા હીંડોળા. દર્શન : સંધ્યા - સાંજે ૫.૩૦-૬, શયન-સાંજે ૭-૭.૩૦ શ્રી ગોવર્ધનનાથજી હવેલી, અલકાપુરી.
- શયનમાં ચુંદડી-ખાપ - આભલાના હીંડોળા સાંજે ૭ - ૮ શ્રી નંદાલય હવેલી, હરિનગર પાંચ રસ્તા, ગોત્રી.
- કાચના હીંડોળા સાંજે ૭ - ૮ શ્રી ગોવર્ધનનાથજી હવેલી, ગ્રીનપાર્ક સોસાયટી, માંજલપુર.
- કાચના હીંડોળા શ્રી ગોવર્ધનનાથજી હવેલી, પાણીની ટાંકી રોડ, કારેલીબાગ.
- સંધ્યા અને શયનમાં કાચના હીંડોળા દર્શન : સંધ્યા - સાંજે ૬.૩૦, શયન રાત્રે ૮.૩૦ શ્રી રણછોડરાયજી હવેલી, એમ.જી. રોડ.
- કાચના હીંડોળા સાંજે ૬.૧૫ - ૭.૧૫ શ્રી વ્રજધામ આધ્યાત્મિક સંકુલ, માંજલપુર.
- મંગળામાં સંખેડાના હીંડોળા, શયનમાં કુંજમાં હીંડોળા સાંજે ૭ - ૮ શ્રી બેઠક મંદિર, કેવડાબાગ, મદનઝાંપા રોડ.
- સંધ્યામાં ચાંદીના હીંડોળા, શયનમાં કુંજમાં હીંડોળા સાંજે ૭ - ૮ શ્રી દ્વારકાધીશ સુખધામ, વસુંધરા સોસાયટી, ઉમા ચાર રસ્તા પાસે, વાઘોડિયા રોડ.

**વાચકોએ નોંધ લેવી કે કોઈપણ જાહેરખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઈ બાંયેધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પૂરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.**
**- જાહેરખબર મેનેજર**

લોક પ્રકાશન લી. વડોદરા વતી મુદ્રક, પ્રકાશક શ્રી શ્રેયાંસ શાંતિલાલ શાહ વુડા બિલ્ડીંગની બાજુમાં, લાયન સર્કલ પાસે, કારેલીબાગ, વડોદરા-૧૮. ખાતે છાપ્યુ અને પ્રસિદ્ધ કર્યુ.
અધિષ્ઠાપક
તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ
RNI No. : 048392/88

On behalf of Lokprakashan Limited, Vadodara. Printer & Publisher Shri Shreyansh Shantilal Shah Printed & Published at beside vuda building, near lion circle, karelibaug, vadodara 18.
Founder Editor Lt.Shantilal A.Shah
RNI No. : 048392/88

## આજનુ પંચાંગ — તા.૧૬/૮/૨૦૨૬, રવિવાર

**વિનાયક ચોથ**

**દિવસના ચોઘડિયા:** ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ
**રાત્રિના ચોઘડિયા :** શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ
**અમદાવાદ સૂર્યોદય :** ૬ ક. ૧૮ મિ. સૂર્યાસ્ત : ૧૯ ક. ૦૯ મિ.
**સુરત સૂર્યોદય :** ૬ ક. ૧૯ મિ. સૂર્યાસ્ત : ૧૯ ક. ૦૭ મિ.
**મુંબઈ સૂર્યોદય :** ૬ ક. ૨૧ મિ. સૂર્યાસ્ત : ૧૯ ક. ૦૪ મિ.
**નવકારસી સમય :** (અ) ૭ ક. ૦૬ મિ. (સુ) ૭ ક. ૦૭ મિ. (મું) ૭ ક. ૦૯ મિ.
**જન્મ રાશિ :** કન્યા (પ. ઠ. ણ.) રાશિ આવે.
**નક્ષત્ર :** હસ્ત ૨૭ ક. ૫૧ મિ. સુધી પછી ચિત્રા નક્ષત્ર આવે.
**ગોચર ગ્રહ :** સૂર્ય- કર્ક, મંગળ- મિથુન, બુધ- કર્ક, ગુરૂ- કર્ક, શુક્ર- કન્યા, શનિ- મીન, રાહુ- કુંભ, કેતુ- સિંહ, ચંદ્ર- કન્યા, હર્ષલ (યુરેનસ)- વૃષભ, નેપ્ચ્યુન- મીન, પ્લુટો- મકર, રાહુકાળ : ૧૬.૩૦થી ૧૮.૦૦ (દ. ભા.)
**વિક્રમ સંવત :** ૨૦૮૨ પિંગલ, શાકે : ૧૯૪૮ પરાભવ, જૈનવીર સંવત : ૨૫૫૨, દક્ષિણાયન : વર્ષા ઋતુ, રાષ્ટ્રીય દિનાંક : શ્રાવણ- ૨૫, વ્રજ માસ : શ્રાવણ ૧૮, **માસ-તિથિ- વાર :** શ્રાવણ સુદ ચોથ.
- વિનાયક ચોથ
- ઋક હિરણ્યકેશી શ્રાવણી

**મુસલમાની હિજરીસન :** ૧૪૪૮ રબીઉલ અવ્વલ માસનો ૨ રોજ
**પારસી શહેનશાહી વર્ષ :** ૧૩૯૬ ફરવરદીન માસનો ૨ રોજ બહમન.

## આજનું ભવિષ્ય — અગ્નિદત્ત પદમનાભ

**મેષ :** આપના કામમાં હરિફ વર્ગ, ઈર્ષ્યા કરનાર વર્ગ મુશ્કેલી ઉભી કરવાના પ્રયાસ કરે. આકસ્મિક ખર્ચ- ખરીદી જણાય.

**વૃષભ :** આપના રૂકાવટ વિલંબમાં અટવાઈ પડેલા કામનો ધીરે ધીરે ઉકેલ આવતો જાય. સંતાનની ચિંતા ઓછી થાય.

**મિથુન :** આપના કામમાં પ્રતિકૂળતા જણાય. જમીન- મકાન વાહનના કામમાં સંભાળવું પડે. મિત્રવર્ગની ચિંતા રહે.

**કર્ક :** અડોશ- પડોશના કામકાજ અંગે આપને વ્યસ્તતા રહે. સંયુક્ત ધંધામાં ભાઈભાંડુવર્ગનો સાથ- સહકાર મળી રહે.

**સિંહ :** આપના કામમાં કોઈને કોઈ રૂકાવટ મુશ્કેલી અનુભવાય તેમ છતાં કામનો ઉકેલ આવવાથી આપને રાહત રહે.

**કન્યા :** આપના કામમાં વ્યસ્ત રહીને દિવસ પસાર કરી શકો. ઈચ્છિત વ્યક્તિ સાથે મિલન- મુલાકાત થવાથી આનંદ રહે.

**તુલા :** આપે આવેશ- ઉશ્કેરાટમાં આવ્યા વગર શાંતિથી દિવસ પસાર કરી લેવો. નાણાંકીય લેવડદેવડમાં સાવધાની રાખવી.

**વૃશ્ચિક :** સીઝનલ ધંધામાં આકસ્મિક ઘરાકી આવી જવાથી લાભ- ફાયદો જણાય. ધર્મકાર્ય શુભકાર્ય થઈ શકે.

**ધન :** દિવસના પ્રારંભથી જ આપને ઘર- પરિવાર, સગા-સંબંધી વર્ગ- મિત્રવર્ગના કામકાજ અંગે દોડધામ- શ્રમ જણાય.

**મકર :** યાત્રા- પ્રવાસ થાય, જૂના સ્વજન- સ્નેહી મિત્રવર્ગની મુલાકાત થાય. નોકર-ચાકર વર્ગનો સહકાર રહે.

**કુંભ :** આપે તન- મન- ધનથી વાહનથી સંભાળીને શાંતિથી દિવસ પસાર કરી લેવો કૌટુંબિક પારિવારિક પ્રશ્ને ચિંતા રહે.

**મીન :** જાહેર ક્ષેત્રના કામમાં, સંસ્થાકીય કામમાં આપે વ્યસ્ત રહેવાનું બને. અન્યના સહકારથી કામનો ઉકેલ આવે.

## જન્મ તારીખ વર્ષ સંકેત — તા.૧૬/૮/૨૦૨૬, રવિવાર

આજથી શરૂ થઈ રહેલું આપનું જન્મવર્ષ મધ્યમ રહે. **નોકરી- ધંધો :** નોકરી- ધંધામાં વર્ષ દરમ્યાન આરોહ-અવરોહની પરિસ્થિતિ રહે. કેટલાક કામના સરળતાથી ઉકેલ આવે તો કેટલાક કાર્યોમાં આપને મુશ્કેલીનો અનુભવ થાય. નફામાં નુકસાન ભોગવવું પડે. હરિફ વર્ગ ઈર્ષ્યા કરનાર વર્ગની મુશ્કેલી જણાય. **કૌટુંબિક પારિવારિક :** કૌટુંબિક પારિવારિક દ્રષ્ટિએ વર્ષ સારું રહે. ઉંમરલાયક સંતાનના વિવાહ લગ્નની વાતચીત આવે કે નક્કી થાય. સંતાન ન હોય તેમને, નવદંપતીને સંતાન પ્રાપ્તિના યોગ ઉભા થવાથી આનંદ અનુભવો. **આરોગ્ય સુખાકારી :** આરોગ્ય સુખાકારીની દ્રષ્ટિએ વર્ષ એકંદરે સારું રહે. વર્ષાન્તે આપે તબિયતની બાબતમાં થોડું સંભાળવું પડે. જૂની બીમારી ફરી ઉથલો ન મારે તેનું ધ્યાન રાખવું પડે.

## સંક્ષિપ્ત

**આજે શ્રી અરવિન્દ જયંતી :** મહર્ષિ અરવિન્દની ૧૫૪મી જન્મજયંતી પ્રસંગે ધ્વજવંદન સવારે ૭.૧૦, સમૂહધ્યાન ૧૦ - ૧૦.૩૦, માર્ચપાસ્ટ સાંજે ૫ - ૫.૩૦, સમૂહધ્યાન ૬ - ૬.૩૦ ઉપરાંત, શ્રી અરવિન્દની તસવીરોનું પ્રદર્શન, અને ફેબ્રિક પેઈન્ટિંગ્સ શ્રી અરવિન્દ આશ્રમ, લકડીપુલની સામે, દાંડિયા બજાર.

**ધ્વજવંદન :** સ્વાતંત્ર્ય દિન પ્રસંગે ધ્વજવંદન તા.૧૫ સવારે ૯ અક્ષર મહિલા બી.એડ. કોલેજ, આર્યકન્યા મહાવિદ્યાલય સામે, કારેલીબાગ.

**હવન-ભજન-સત્સંગ :** હવન-ભજન-સત્સંગ તા. ૧૫ સાંજે ૫ આર્ય સમાજ, ૨૦, સિંધુ પાર્ક, મીરાંકૃષ્ણ મંદિરની બાજુમાં, સંતકંવર, વારસિયા, તા. ૧૬ સવારે ૮.૩૦ આર્ય સમાજ, ૨૨, વિશ્રામબાગ સોસાયટી, હજીરા સામે, પ્રતાપનગર પુલ પાસે, જ્યારે સાંજે ૫.૩૦ શ્રી ફતેહસિંહ આર્ય અનાથ આશ્રમ, આર્યકન્યા મહાવિદ્યાલય પાસે, કારેલીબાગ.

**ધરણાં-આવેદનપત્ર :** ભારતીય મજદૂર સંઘ, વડોદરા જિલ્લાના નેજા હેઠળ વિવિધ ઉદ્યોગો અને મહાસંઘોના કર્મચારીઓ દ્વારા એમના પ્રાણ પ્રશ્નોના ઉકેલ માટે ધરણાંનો કાર્યક્રમ તા.૧૭ બપોરે ૩ - ૫ કલેકટર કચેરી, દિવાળીપુરા પાસે, સરકારને આવેદનપત્ર પાઠવશે.

**જન્મજયંતીની ઉજવણી :** કેવલાનંદજી



મહારાજની ૧૧૧મી જન્મજયંતી નિમિત્તે સુભાનપુરા ગોત્રી રોડ પર આવેલ અમીન પાર્ટી પ્લોટ ખાતે ભજન-સત્સંગ-કિર્તનનો કાર્યક્રમ યોજાયો હતો. હીંડોળા બનાવ્યા હતા. જેના ભકતોએ દર્શન કરી ધન્યતા અનુભવી હતી. સમારોહમાં બહોળી સંખ્યામાં શહેરીજનો અને અગ્રણીઓ જોડાયા હતા.

## કાકુરો — 3741 | ૧૫ ઓગસ્ટ,૨૦૨૬





**નિયમો :** 7 x 7=49 ખાનાની આ સરવાળાની રમત છે.
રાખોડી અથવા સફેદ રંગની ઉપરના ભાગમાં લખેલ અંક આડી હરોળ ગણાશે જ્યારે નીચેના ભાગમાં લખેલ અંક ઉભી હરોળ ગણાશે. રમતમાં માત્ર ૧ થી ૯ સુધીના અંકનો જ ઉપયોગ કરવાનો છે.
આડી કે ઉભી હરોળમાં કોઈપણ અંક પુનરાવર્તિત થવો જોઈએ નહિં.
રમત પુરી કરવા માટે આપ એ માત્ર સફેદ ખાનામાં અંક મુકવાનો રહેશે.
**-ભાવના શુકલ**



## મંત્રમુગ્ધ

- **ભક્ત એ,** જે વિષય વાસનાઓથી અતિશય પ્રભાવિત થતો નથી, જે સંયમી છે, જિતેન્દ્રિય છે, દ્રઢ નિશ્ચયી છે, દ્રઢ મનોબળવાળો છે. જેણે પોતાના મન-બુદ્ધિ પ્રભુને સમર્પી દીધેલા છે. પરિણામે પ્રભુની ઈચ્છા ભક્ત દ્વારા પ્રગટ થાય છે ને ભક્તની વાણી ફળે છે.
**- 'ભક્તના લક્ષણ' વિશે શ્રીમદ્ ભગવદ્ગીતામાં જણાવેલી આ વાત**
- જો પ્રજાના જ્ઞાનનો વિકાસ કરવો હોય તો તેને બહોળા અનુભવમાંથી, ઊંડાણભર્યા અધ્યયનમાંથી અને પૂર્વગ્રહમુક્ત ચિંતનમાંથી પસાર થવા દેવી જોઈએ. બહોળા અનુભવો એ સૌથી મહત્વની બાબત છે.
**- સમાજચિંતક, આધ્યાત્મિક લેખક-વિચારક સ્વામી સચ્ચિદાનંદજી**
- 'નબળાઈમાંથી બહાર નીકળવા મક્કમતા દાખવો, પછી લાગશે કે જેને તમે નબળાઈ માનતા હતા એ નબળાઈ હતી જ નહીં.'
**- પ્રખર યોગી, આધ્યાત્મિક ગુરુ મહર્ષિ અરવિંદ**
- 'આવતીકાલની સલામતી આજના સત્કર્મમાં રહેલી છે.'
**- મહાન નિબંધકાર તથા સંપાદક સ્વામી આનંદ**
- ''જ્યાં સુધી આપણા મનમાં આપણા દરેક કાર્ય માટે બીજાની વાહવાહી, પ્રશંસા કે સ્વીકૃતિ મેળવવાની લાલસા જીવંત છે, ત્યાં સુધી આપણા જીવન પર અન્ય લોકોના અભિપ્રાયો અને ટીકાઓનું વર્ચસ્વ કાયમ રહેશે. વાસ્તવમાં, દુનિયાની કોઈપણ કડવી ટીકા માત્ર એ જ વ્યક્તિને સૌથી વધુ ઘાયલ કરી શકે છે, જેની ભીતર સામાજિક સ્વીકાર પામવાની તીવ્ર ભૂખ સળગતી હોય. જે મનુષ્યે પ્રશંસા અને સ્વીકૃતિનો મોહ જ ત્યજી દીધો છે, તેને કોઈની નિંદા કે ટીકા ક્યારેય સ્પર્શી શક્તી નથી.''
**- આત્મસ્વીકૃતિ તથા આંતરિક સ્વતંત્રતાની પ્રેરક અમેરિકન લેખિકા બ્રેને બ્રાઉનની અદ્ભુત વાત**

## શ્રાવણ - માધુર્ય

### શ્રાવણના સરનામે... શિવના ગામે...

ઝેન શોધવા નીકળવું એટલે ઘોડા ઉપર બેસીને એ જ ઘોડો શોધવા જવું. એમ શિવને આપણે બહાર શોધ્યા કરીએ પણ એ તો આપની ભીતર છે. મંદિર સાધન છે અને મહાદેવ સાધ્ય છે. કલ્યાણ નિકેતન મહાદેવ એક પળ માટે ય કદી કોઈનું અહિત નથી ઈચ્છતા. દુશ્મનનું પણ ખરાબ ન વિચારનારા પુષ્પ લોચનની લીલા અપાર છે. એમનો નિર્ણય હંમેશા નિર્પક્ષ અને નિર્ભેળ હોય છે. પોતાની ભૂલ હોય તો એ સ્વીકારવામાં પણ કદી નાનપ નથી અનુભવી. એટલે જ સૌથી વધુ શિવ મંદિરો સ્થપાય છે. એમને મસાણથી મહેલ સુધીનો અનુભવ છે. શિવ એટલે ૨૪-૭... ૧૦૮ની સેવા...



કાકા કાલેલકર કહે છે કે 'વાણી વિચારની ભાષા છે, કલા હૃદયની અને સદાચાર ધાર્મિકતાની એટલે કે જીવનની ભાષા.' ધર્મ આપણા જીવનને સાફ કરે છે. શિવભક્તો મળે ત્યારે તેઓ એકબીજાને ઓમ નમો નારાયણ સંબોધન કરે છે. નમસ્કાર પણ અન્ય દૈવી તત્વને અર્પણ થાય એવી અહીં કલ્યાણકારી ભાવના છે. જગતના દરેક ધર્મને આમ શિવપંથી આવકારે છે.' જટામાં ગંગા ધારણ કરનાર શિવ પાસે લોકો પાપ ધોવા આવે છે. દુષ્ટ, સ્વાર્થી, કામી મનુષ્યો પર પણ કૃપા વરસાવે છે. શિવને ખબર છે કે શ્રાવણ મહિના પછી મોટાભાગના ભક્તોની ભીડ અલોપ થઈ જવાની છે છતાં એ જ અનુકંપા અને આશિષ. શિવને કૃષ્ણ પ્રિય છે એટલે જ નરસિંહ મહેતાને રાસલીલા જોવા લઈ ગયા હતા. ક્યારેક ગોપીનો વેશ લઈને પણ રાસની રમઝટમાં ઠેક મારી લે છે.

ઓમનો 'અ' ઉકેલવામાં વરસો નીકળી જતા હોય છે. હિમાલયમાં વર્ષોથી સાધના કરતા સિદ્ધયોગીઓ પણ શિવની સંપૂર્ણતા વિષે વદી નથી શકતા. એ અજન્મા છે, અજર અમર છે. અનેક અવતાર છે. પિપ્લાદ, અર્ધનારેશ્વર, નંદી, ભૈરવ, અશ્વત્થામા, શરભ, હનુમાન, ગૃહપતિ, દુર્વાસા, વૃષભ, યતિનાથ, કૃષ્ણ દર્શન, અવધૂત, ભિક્ષુવર્ય, સુરેશ્વર, કિરાત, યક્ષ, રુદ્ર વગેરે શિવ અવતારો છે. એ સૌમાં વીરભદ્ર અવતાર પ્રથમ અને પ્રખર છે. શ્રાવણમાસમાં શિવનું પૂજન એટલે સોને પે સુહાગા.

-શિવકથાકાર ભારદ્વાજબાપુ

## ગુજરાત સમાચાર સુડોકુ

ક્રમ નં. ૬૨૧૭
૧૫ ઓગસ્ટ, ૨૦૨૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૨ | | | | | | |
| | ૧ | | | ૮ | | ૫ | | |
| | | ૪ | ૫ | | ૩ | | ૭ | ૮ |
| | | ૬ | ૭ | | | | ૩ | |
| | | ૭ | | ૧ | | ૨ | | |
| | ૮ | | | | ૪ | ૭ | | |
| ૫ | ૬ | | ૩ | | ૧ | ૮ | | |
| | | ૮ | | ૭ | | | ૪ | |
| | | | | | | ૩ | | |

**સુડોકુના નિયમો**
(૧) ૧ થી ૯ સુધીના જ અંકનો ઉપયોગ કરવો.
(૨) દરેક ખાનામાં એકજ અંકનો ઉપયોગ કરવો.
(૩) આડી અને ઊભી હરોળમાં અંકનો ઉપયોગ માત્ર એકજ વાર કરવો.
(૪) ૩X૩ =૯ ખાનામાં ૧ થી ૯ અંકનો ઉપયોગ કરવો અને દરેક અંકનો માત્ર એક જ વાર ઉપયોગ કરવો.
(કર્તા : યોગેશ શુક્લ)

## બોટલ ચઢાવેલી હાલતમાં

# બાળ દર્દીને તેની માતા જાતે ઉંચકીને લઈ જતી હોવાનો વીડિયો વાયરલ

(પ્રતિનિધિદ્વારા) વડોદરા,શુક્રવાર

દાઝી ગયેલા બાળકને બોટલ ચઢાવેલી હાલતમાં સ્ટ્રેચરને બદલે માતા ઉંચકીને અન્ય વોર્ડમાં લઈ જતી હોવાનો સયાજી હોસ્પિટલનો વીડિયો વાયરલ થયો છે. દાઝી ગયેલા બાળકને સારવાર માટે સયાજી હોસ્પિટલના તાત્કાલિક સારવાર વિભાગમાં લાવવામાં આવ્યું હતું. પ્રાથમિક સારવાર પછી બોટલ ચઢાવીને બાળકને બાળરોગ વિભાગમાં લઈ જવાનું હતું. બાળકને સ્ટ્રેચરમાં લઈ જવાના બદલે માતા જાતે ઉંચકીને લઈ જાય છે જ્યારે અન્ય સંબંધી બોટલ પકડીને તેની પાછળ ચાલતા જાય છે. તેનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. બે દિવસ પહેલાની ઘટનાનો વીડિયો વાયરલ થતા હોસ્પિટલના આર.એમ.ઓ. એ જણાવ્યું છે કે, દર્દીને શિફ્ટ કરવા માટે વ્હીલચેર, સ્ટ્રેચર અને ઈ વ્હીકલ પણ છે. તેવા સંજોગોમાં બાળકને શા માટે આ રીતે લઈ જવામાં આવ્યું ,તે અંગે તપાસ શરૂ કરી સ્ટાફના નિવેદનો લેવાનું શરૂ કરાયું છે. ત્યારબાદ પગલા લેવામાં આવશે.

## વાત વાતમાં

### હમેં ચાહિયે આઝાદી... !

દેશની કમનસીબી તો જુઓ ? જો તમે 'આઝાદી... આઝાદી...'ના પોકારો કરશો તો તમને તરત જ 'દેશદ્રોહી કોક્રોચ' જાહેર કરી દેવામાં આવશે ! હકીકત તો એ છે કે દેશનો યુવા નાગરિક કેવી કેવી ચીજોથી આઝાદી ઝંખે છે તેની કોઈને પરવા જ નથી...

* * *

હમેં ચાહિયે આઝાદી
સડક કે સારે ખડ્ડોં સે
જુએ-ચરસ કે અડ્ડોં સે



ગુંડો કે હથકંડોં સે
ઔર બિના ગુનાહ કે ડંડો સે !
હમેં ચાહિયે આઝાદી
સારે કાલે ધંધોં સે...

* * *

હમેં ચાહિયે આઝાદી
બે-મતલબ કી પઢાઈ સે
ઈસ અજ્ઞાન કી ખાઈ સે
રટે શબ્દોં કી લિખાઈ સે
ફિલોસોફી કી સફાઈ સે !
હમેં ચાહિયે આઝાદી
ચમચોં કી ચમચાઈ સે...

* * *

હમેં ચાહિયે આઝાદી
ઈન્ટરનેટ કી જાલ સે
એલ્ગોરિધમ કી ચાલ સે
ઓનલાઈન કે સ્કેમ સે
ગંદે ટ્રોલર્સ કે સ્પેમ સે !
હમેં ચાહિયે આઝાદી
ઈન્ફલુએન્સર્સ કે 'બેન્ડ' સે !

* * *

હમેં ચાહિયે આઝાદી
સડક પે થૂકનેવાલોં સે
મિડીયા મેં હગનેવાલોં સે
જુઠ ફૈલાનેવાલોં સે
ઝહર ઘોલનેવાલોં સે !
હમેં ચાહિયે આઝાદી
'નકલી' આઝાદીવાલોં સે...

* * *

હમ સે તિરંગા વાપસ લેલો
હમેં ગુલામી વાપસ દે દો
મોહરે બહોત પહના રખ્ખે હૈં
ચેહરે હમારે વાપસ દે દો
ધર્મ કે યે કટઘરે હટા દો
'ઈન્સાન' કા લેબલ વાપસ દે દો !
હમેં ચાહિયે આઝાદી
ઈન સારે 'બેરિકેડ' સે
હમેં ચાહિયે આઝાદી
અપને હી 'એટિટ્યૂડ' સે !

**- મન્નુ શેખચલ્લી**

## એરાઉન્ડ ધ વર્ડ્સ — રીટા શાહ



### આડી ચાવી

૧. .... નહીં શિખાતા આપસ મેં બેર રખના (૪)
૩. જો શહીદ હુએ હૈ ઉનકી જરા યાદ કરો .... (૪)
૬. અભિપ્રાય (૨)
૮. માં તુઝે .... (૩)
૧૦. સંપત્ત પ્રમાણે .... તાણો (૨)
૧૧. ખુશ રહેના દેશ કે પ્યારો અબ હમ તો .... કરતે હૈ (૩)
૧૪. પાણી પહેલા .... બાંધો (૨)
૧૬. કુળ, ઓલાદ (૨)
૨૦. લાંબી કે ઊંચે ઊગતી વનસ્પતિ (૨)
૨૨. મીણબત્તી (૨)
૨૪. .... તારા વહેતા પાણી (૩)
૨૬. નસીબ (અ.) (૨)
૨૮. યે મેરે .... કે લોકો જરા યાદ કરો વો કહાની (૩)
૩૦. .... રાજા તથા પ્રજા (૨)
૩૧. તબલાં વગાડનાર (૪)
૩૨. .... પર મરનેવાલા હર વીર થા ભારતવાસી (૪)

### ઊભી ચાવી

૧. એક મીઠાઈ (૩)
૨. આરામ .... હૈ (૩)
૪. અંજામ, પરિણામ (૩)
૫. નિર્ભય (૩)
૬. ચામડી ઉપર બાઝેલી ગોળ ગાંઠ (૨)
૭. સંદેશે આતે હૈ હમે .... હૈ (૪)
૯. .... બાલ, પાલ (૨)
૧૨. તડનું .... કરવું (૨)
૧૩. મેરા ભારત .... મહાન હૈ (૨)
૧૫. .... ઊંચા રહે હમારા (૨)
૧૬. ઈસ મિટ્ટી સે તિલક કરો યે ધરતી હૈ બલિદાન કી .... માતરમ્ (૨)
૧૭. દે દી હમેં આઝાદી બિના ખડગ બિના .... સાબરમતી કે સંત (૨)
૧૮. સારે .... સે અચ્છા હિન્દુસ્તા હમારા (૨)
૧૯. જબ ઘાયલ હુઆ .... ખતરે મેં પડી આઝાદી (૪)
૨૦. ઈસ્ટ ઔર .... ઈન્ડિયા ઈઝ ધ બેસ્ટ (૨)
૨૧. શરીરની ઊંચાઈ કે જાડાઈ (૨)
૨૩. છોડો કલ કી બાતેં, કલ કી .... પુરાની, નયે દોર પે લિખેંગે હમ મિલકે નયી કહાની, હમ હિન્દુસ્તાની (૨)
૨૪. .... હમ કો જાન સે પ્યારા હૈ (૩)
૨૫. પાસા ફેંકી ભવિષ્ય જોવાની વિદ્યા (૩)
૨૭. .... બેસાડવી, ધાર્મિક વાર્તાનું વાંચન કરાવવું (૨)
૨૮. .... વિચાર્યું જે બોલે તે પાછળથી પસ્તાય (૩)
૨૯. આજ .... કલ ઉધાર (૩)

પાના :૨૦+૧૬ કિંમત : રૂા.૫-૦૦ તા.૧૫ ઓગસ્ટ, ૨૦૨૬ શનિવાર અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભૂજ અને મુંબઈથી પ્રગટ થતું દૈનિક

# ગુજરાત સમાચાર

અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ ▸ સંવત ૨૦૮૨, શકે ૧૯૪૮, શ્રાવણ સુદ-૩ વર્ષઃ ૪૦ , અંકઃ ૧૫૦ ▸ http://www.gujaratsamachar.com ▸ ટે.નં. ૨૪૬૨૩૨૪/૨૪૬૪૮૪૮ VADODARA

મેનેજિંગ તંત્રી : શ્રેયાંસ શાંતિલાલ શાહ ▸ મુદ્રક અને પ્રકાશક : શ્રેયાંસ શાંતિલાલ શાહ, વુડા બિલ્ડીંગની બાજુમાં, લાયન સર્કલ પાસે, કારેલીબાગ, વડોદરા-૧૮.પો.બો.નં.૧૫ ▸ R.N.I.: 48392/88

ધક્કામુક્કીમાં માર્યા ગયેલાના પરિવારને નોકરીનો મામલો

## સરકારને નોકરી આપવાનો અધિકાર સુપ્રીમની સીએમ વિજયને રાહત

નવી દિલ્હી, તા. ૧૪

તમિલનાડુમાં ગયા વર્ષે ધક્કામુક્કીની ઘટનામાં માર્યા ગયેલા લોકોના પરિવારને વર્તમાન મુખ્યમંત્રી સી જોસેફ વિજયની સરકાર દ્વારા

(અનુસંધાન ૧૩મે પાને)

### માતા કે પિતાનું ઘટનામાં મોત થાય તો સંતાનોને નોકરી આપવામાં કઈ ખોટુ નથી : સુપ્રીમ

આઝાદીના આઠ દાયકા પછી પણ દિલ્હી હાઈકોર્ટ અને લાલ કિલ્લા પર હુમલાની ધમકી

# સ્વતંત્રતા દિવસની ઊજવણી હાઈ એલર્ટ મોડમાં

(પીટીઆઈ) નવી દિલ્હી, તા.૧૪

દેશભરમાં ભારે ઉત્સાહ અને ઉમંગથી સ્વતંત્રતા દિવસની ઊજવણીની તૈયારીઓ ચાલી રહી છે તેવા સમયે આઝાદીના ૮૦ વર્ષે પણ શુક્રવારે દિલ્હીમાં હાઈકોર્ટ, એરપોર્ટ, લાલ કિલ્લો, જામનગર હાઉસ સહિત પાંચ સ્થળો પર બોમ્બ હુમલાની ધમકી અપાઈ હતી. બોમ્બ હુમલાની ધમકી આપતા ઈ-મેલથી સુરક્ષા એજન્સીમાં દોડધામ મચી ગઈ હતી. બીજીબાજુ શનિવારે સ્વતંત્રતા દિવસની ઊજવણીના પગલે દિલ્હીમાં સુરક્ષા વ્યવસ્થા અત્યંત આકરી કરી દેવાતા રાજધાની કિલ્લેબંધીમાં ફેરવાઈ ગઈ છે. લાલ કિલ્લા પર કિલ્લેબધી વચ્ચે વડાપ્રધાન મોદી રાષ્ટ્રને સંબોધન કરશે. આ સાથે સ્વતંત્રતા દિવસે શનિવારે પહેલી વખત લાલ કિલ્લા પરથી વંદેમાતરમ્ ગવાશે.

## એઆઈથી સજ્જ ૧,૦૦૦ કરતાં વધુ સીસીટીવી, હજારો જવાનોની કિલ્લેબંધી વચ્ચે વડાપ્રધાન લાલ કિલ્લા પરથી રાષ્ટ્રને સંબોધશે

દિલ્હી હાઈકોર્ટના સત્તાવાર ઈમેલ એટલે કે રજિસ્ટ્રાર જનરલના ઈ-મેલ આઈડી પર એક ધમકીભર્યો ઈ-મેલ આવ્યો હતો, જેમાં હાઈકોર્ટ પરિસર અને જજોના રૂમમાં બોમ્બ મૂકાયો હોવાનો દાવો કરાયો હતો અને બપોરે ૨.૦૦ વાગ્યા સુધીમાં પરિસર ખાલી કરવાની સાથે વિસ્ફોટ કરવાની ચેતવણી અપાઈ હતી. ઈમેલની જાણ થતા જ દિલ્હી પોલીસ, બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ, ડોગ સ્ક્વોડ અને ફાયર બ્રિગેડની ટીમોએ હાઈકોર્ટ પહોંચી તપાસ શરૂ કરી હતી.

આ સિવાય ઈ-મેલમાં જામનગર હાઉસ, ઝંડેવાલા ફ્લેટેડ ફેક્ટરી કોમ્પલેક્ષ, એમબી સાકેત ઓફિસ-ડીએમ ઓફિસ, દિલ્હી એરપોર્ટનું ટર્મિનલ-૩ અને એસડીએમ ઓફિસ દિલ્હી કેન્ટમાં પણ બોમ્બ મૂકાયા હોવાનો દાવો કરાયો હતો. ઈ-મેલમાં શીખ રમખાણો અને હુલ્લડોનો પણ ઉલ્લેખ કરાયો હતો. જોકે, બધા જ સ્થળોની તપાસમાં કશું જ વાંધાજનક મળ્યું નહોતું. હવે સ્પેશિયલ સેલ અને સાયબર ક્રાઈમ યુનિટ ઈ-મેલ

(અનુસંધાન ૧૩મે પાને)





### સ્વતંત્રતા દિવસની ઊજવણીમાં લાલ કિલ્લા પરથી પહેલી વખત વંદે માતરમ્ ગવાશે

ઈન્ડિયા ગેટ તિરંગાના રંગે રંગાયો



આઝાદીના પર્વના ઉજવણીના ભાગરૂપે દેશભરમાં અનેક મહત્ત્વપૂર્ણ ઈમારતોને તિરંગાના રંગમાં રંગવામાં આવી હતી. ઈન્ડિયા ગેટ એક યુદ્ધ સ્મારક છે. તેને ભારતીય સેનાના જવાનોને શ્રદ્ધાંજલિ આપવા બનાવવામાં આવ્યું હતું. ૧૯૭૧માં ભારત-પાકિસ્તાન યુદ્ધ બાદથી અહીં શહીદ જવાનની યાદમાં એક જ્યોત અવિરત જલાવવામાં આવી હતી.

વિદ્યાર્થીઓને કોકરોચ કહેનારા મુખ્ય મહેમાનના હસ્તે ડીગ્રી જોઈતી નથી

## વિદ્યાર્થીઓ અને મારા વચ્ચેના વિવાદમાં કોઈએ પડવાની જરૂર નથી : સીજેઆઈ

નવી દિલ્હી, તા. ૧૪

હૈદરાબાદની લો યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ પદવીદાન સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતના આમંત્રણનો વિરોધ કર્યો હતો. જેને પગલે બાદમાં બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાએ આ યુનિ.ના તમામ વદ્યાર્થીઓનું વકીલ તરીકે રજિસ્ટ્રેશન ના કરવા તમામ રાજ્યોના બાર કાઉન્સિલને આદેશ કર્યો હતો. જેથી ભારે વિવાદ થયો હતો. ખુદ મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત આ વિદ્યાર્થીઓના બચાવમાં આવ્યા હતા અને બાર કાઉન્સિલને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે આ અમારી અને વિદ્યાર્થીઓ વચ્ચેની વાત છે, વિદ્યાર્થીઓને વિરોધનો પુરો અધિકાર છે.

### સીજેઆઈના વિરોધ બદલ બાર કાઉન્સિલે હૈદરાબાદ યુનિ.ના તમામ વિદ્યાર્થીનું વકીલ તરીકે રજિસ્ટ્રેશન અટકાવ્યું, બાદમાં નિર્ણય પાછો લેવો પડ્યો

હૈદરાબાદ સ્થિત નેશનલ એકેડમી ઓફ લીગલ સ્ટડી એન્ડ રિસર્ચ (લો યુનિવર્સિટી)ના ૪૦૦થી વધુ વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીના વીસી અને રજિસ્ટ્રારને પત્ર લખ્યો હતો, જેમાં આ વિદ્યાર્થીઓએ પદવીદાન સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે મુખ્ય ન્યાયાધીશને આમંત્રણ આપવાનો વિરોધ કર્યો હતો. યુવાનોને કોકરોચ કહેવા અને દિલ્હી પોલીસ દ્વારા લાઠીચાર્જના વીડિયો જોવાનો સમય ના હોવાની મુખ્ય ન્યાયાધીશની ટિપ્પણી બદલ વિદ્યાર્થીઓએ વિરોધ કર્યો હતો. જોકે વિદ્યાર્થીઓ દ્વારા મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતનો વિરોધ થતા વકીલોની નોંધણી અને દેખરેખ માટેના બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાએ તમામ રાજ્યોની બાર કાઉન્સિલને આદેશ આપ્યો હતો. અને મુખ્ય ન્યાયાધીશનો વિરોધ કરનારા વિદ્યાર્થીઓ તેમજ આ વર્ષે ગ્રેજ્યુએટ થનારા તમામ વિદ્યાર્થીઓનું વકીલ તરીકે રજિસ્ટ્રેશન ના કરવા કહ્યું હતું.

### યુનિ.ના ૪૦૦થી વધુ પૂર્વ વિદ્યાર્થીઓ વર્તમાન વિદ્યાર્થીઓના સમર્થનમાં ઉતર્યા, બાર કાઉન્સિલ સામે ખુલ્લો પત્ર

જોકે લો યુનિવર્સિટીના ૪૦૦ જેટલા પૂર્વ વિદ્યાર્થીઓ વર્તમાન વિદ્યાર્થીઓના બચાવમાં આવ્યા હતા, અને એક ખુલ્લા પત્ર દ્વારા બાર કાઉન્સિલના નિર્ણયને વખોડ્યો હતો. સાથે જ વિદ્યાર્થીઓની અભિવ્યક્તિની સ્વતંત્રતા પર તરાપ ગણાવી હતી. બાર કાઉન્સિલના આ

(અનુસંધાન ૧૩મે પાને)

### બેધડક -મંજુલ



રંગોની તો બહુ ખબર નથી પણ આ ઝંડો જવાબદારીનું પ્રતીક છે !

મલ્ટી સ્ટેપ પ્લાનિંગ તેની ખાસિયત

## ગૂગલનું કોડિંગમાં પાવરફૂલ એઆઈ મોડલ જેમિની ૩.૭ ફ્લેશ લોન્ચ

કેલિફોર્નિયા, તા.૧૪

ગૂગલે નવું જેમિની ૩.૭ ફ્લેશ એઆઈ મોડલ લોન્ચ કર્યું છે. આ મોડલ સોફ્ટવેર કોડિંગ, વેબ ડેવલપમેન્ટ અને ઓટોનોમસ એઆઈ એજન્ટ્સ જેવા કામ કરવા માટે તૈયાર કરવામાં આવ્યું છે. ગૂગલનું કહેવું છે કે, નવા મોડલમાં મલ્ટી-સ્ટેપ

(અનુસંધાન ૧૩મે પાને)

### ફાઈનાન્સ, લો, બાયોસાયન્સ જેવા સેક્ટર્સમાં કામ કરવા તેમજ ડોક્યુમેન્ટ્સ સમજવા તેમાં સુધારો કરાયો

## ઉત્તરાખંડની ચમોલી ટનલ કરૂણાંતિકામાં ૭ કામદારોના મોત : ગુમશુદા ૩ની તપાસ

(પીટીઆઈ) ગોપેશ્વર,તા.૧૪

ઉત્તરાખંડના ચમોલી જિલ્લાની હાઈડ્રો ઈલેક્ટ્રિક પ્રોજેક્ટ સાઈટ ખાતે બંધાઈ રહેલી ટનલમાં કાટમાળ અને પાણી પ્રવેશ્યા પછી ગુમ થયેલા ત્રણ જણને શોધવા માટે વિશેષજ્ઞ રેસ્ક્યૂ ટીમે શુક્રવારે સમય સામે બાથ ભીડી બતાવી હતી. ગુરૂવારે સાંજે ૭ના સુમારે ત્રણ કિલોમીટર લાંબી ટનલમાં પાણી ઘૂસ્યા ત્યારે ૨૨ વ્યક્તિઓ અંદર ફસાઈ ગઈ હતી.

### ત્રણ કિલોમીટર લાંબી ટનલમાં ૨૨ જણ ફસાઈ ગયા હતા : ગુરૂવારે રાતભર બચાવ કામગીરી ચાલી

ઉત્તરાખંડના ચમોલી જિલ્લાના માયાપુર (પિપલકોટિ) ખાતે હાથ ધરાઈ રહેલા તેહરી હાઈડ્રો ડેવલપમેન્ટ કોર્પોરેશનના વિષ્ણુગઢ-પિપલકોટિ હાઈડ્રો ઈલેક્ટ્રિક પ્રોજેક્ટમાં બનેલી આ દુર્ઘટનામાં ભેખડ ધસી પડવાથી કાટમાળ અને પાણી અર્ધી ટનલ સુધી ભરાઈ ગયા હતા, જેના પગલે પ્રોજેક્ટના કામદારો અંદર ફસાઈ ગયા હતા.રાજ્ય આપાતકાલીન કાર્યવાહી કેન્દ્રે બુધવારે જારી કરેલા અહેવાલમાં જણાવાયાનુસાર, ૭ મૃત અને ૧૨ ઘાયલ સહિત ૧૯ શ્રમિકોને રાહત-બચાવ કામગીરી દરમિયાન ટનલમાંથી બહાર લવાયા હતા. આ કામગીરી ગુરૂવારે રાતભર ચાલુ રહી હતી. બાકીના ૩ શ્રમિકોની શોધખોળ થઈ રહી છે. આ માનવીઓ ટનલમાં ૧.૮ કિલોમીટરના અંતરે ફસાયા હોવાની શંકા સેવાય છે.સત્તાવાળાઓએ ગુમશુદા કામદારો સુધી પહોંચવા માટે કાટમાળ તથા પાણીને દૂર કરવા મશીનોને કામે લગાડ્યા છે. જોકે સતત વરસી રહેલો વરસાદ કામગીરીને ઓર મુશ્કેલી બનાવી રહ્યો છે.

### દિલ્હીની વાત

#### પંજાબમાં સત્તાની ચાવી હિન્દુઓ પાસે છે

નવીદિલ્હી, તા. ૧૪

પંજાબ વિધાનસભાની ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે તમામ રાજકીય પક્ષો સોગઠા ગોઠવવા માંડ્યા છે. આમ આદમી પાર્ટીએ પણ ફક્ત શીખ મતબેંક પર ધ્યાન આપવાને બદલે હવે હિન્દુ મતબેંકને ખુશ કરવાના પ્રયત્નો પણ ચાલુ કરી દીધા છે. આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય પ્રમુખ અરવિંદ કેજરીવાલએ પંજાબના અમૃતસર સ્થિત આવેલા ઐતિહાસીક રામતીર્થ સ્થળ માટે ૧૫૦ કરોડ રૂપિયાનું દાન આપ્યું છે. આ દાન

(અનુસંધાન ૧૩મે પાને)

ગ્રેટર બેંગાલુરુ પાર્કિંગ રૂલ્સ, ૨૦૨૬નો મુસદ્દો તૈયાર

## બેંગાલુરુમાં રસ્તા પર કાર પાર્ક કરવા વાર્ષિક રૂ. ૨૫૦૦૦ ચૂકવવા પડશે

બેંગાલુરુ, તા. ૧૪

દેશમાં કાર માલિકોની સંખ્યા સતત વધી રહી છે. તેના કારણે પાર્કિંગ એક ગંભીર સમસ્યા બની ગઈ છે. અનેક લોકો પોતાના ઘરની બહાર કાર પાર્ક કરે છે. લોકો તેને પોતાનો અધિકાર સમજે છે. જો કે કર્ણાટકનાં પાટનગર બેંગાલુરુમાં પાર્કિંગનાં નિયમોમાં મોટા પાયે ફેરફાર કરવામાં આવી શકે છે.

### મંજૂરી વગર કાર પાર્ક કરવાને ગેરકાયદે પાર્કિંગ માની મોટી રકમનો દંડ ફટકારાશે

બેંગાલુરુમાં જો તમે સડક પર કાર પાર્ક કરશો તો તમારે તે માટેનો ચાર્જ ચુકવવો પડશે. કર્ણાટક સરકારે આ માટે ગ્રેટર બેંગાલુરુ ઓથોરિટી (પાર્કિંગ) રૂલ્સ, ૨૦૨૬નો નવો મુસદ્દો તૈયાર કર્યો છે. કર્ણાટક સરકારનાં નવા નિયમ અનુસાર રહેણાંક વિસ્તારોમાં સરકારી સડકો પર પાર્કિંગ માટે વાહન માલિકોને પ્રતિ વર્ષ ૨૫૦૦૦ રૂપિયા સુધીનું પાર્કિંગ ચાર્જ ચુકવવુ પડી શકે છે.

નવા નિયમો અનુસાર રહેઠાણ

(અનુસંધાન ૧૩મે પાને)







કોલ સેન્ટર સર્વિસ (022) 6827 6827
ડાઉનલોડ કરો એલઆઈસી મોબાઈલ એપ
વિઝિટ કરોઃ licindia.in
અમારા વ્હોટ્સએપ નંબર પર 'Hi' મોકલો 8976862090
અમને ફોલો કરોઃ
LIC India Forever
IRDAI Regn No.: 512
ભ્રામક ફોન કોલ્સ અને ખોટી/ ઠગાઈવાળી ઓફર્સથી સાવધાન રહો. આઈઆરડીએઆઈ વીમા પોલિસી વેચવા અથવા બોનસની ઘોષણા કરવા અથવા પ્રીમિયમનું રોકાણ કરવા જેવી ગતિવિધિઓમાં સંકળાતી નથી. જનતાને નિવેદન છે કે આવા ફોન કોલ પ્રાપ્ત કરવા પર તેઓ પોલીસમાં ફરિયાદ નોંધાવે.
LIC
લાઈફ ઈન્શ્યૉરન્સ કૉર્પોરેશન ઑફ ઈન્ડિયા
LIFE INSURANCE CORPORATION OF INDIA
પ્રત્યેક ક્ષણે આપની સાથે
LIC / OI / 2026-27 / 14 / Guj




સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીના ભાગરુપે શહેરના વિવિધ સર્કલો અને ઐતહાસિક ઈમારતો પર ભવ્ય રોશની અને ડેકોરેશન કરવામાં આવ્યું છે. ન્યાયમંદિરની ઐતિહાસિક ઈમારત ૧૫ ઓગસ્ટની પૂર્વ સંધ્યાએ તિરંગાના રંગોમાં ઝળહળી ઉઠી હતી અને શહેરીજનોના આકર્ષણનું કેન્દ્ર બની હતી. (તસવીર : ચંદન ગિરિ)

### કોર્ટમાં જમીનનો વિવાદ છતાં કોર્પો.નો ઠરાવ, હાઈકોર્ટમાં માફી માંગવી પડી

# વોર્ડ નં.૧૯ની નવી કચેરી બનાવવા મુદ્દે હાઈકોર્ટની કોર્પોરેશનને ફટકાર

(પ્રતિનિધિદ્વારા) વડોદરા,શુક્રવાર

વડોદરા કોર્પોરેશનના વોર્ડ નં.૧૯ની નવી કચેરી બનાવવાના મુદ્દે જમીનનો વિવાદ હાઈકોર્ટમાં ચાલી રહ્યો હોવા છતાં સ્ટેન્ડિંગ કમિટિ દ્વારા ઠરાવ કરવામાં આવતા સમગ્ર મામલો કોર્ટમાં ગરમાયો છે. કોર્ટ સમક્ષ કોર્પોરેશન દ્વારા અગાઉ કોઈ ઉતાવળભરી કાર્યવાહી નહીં કરવાની મૌખિક બાંહેધરી આપવામાં આવી હતી. તેમ છતાં સ્ટેન્ડિંગ કમિટિએ ઓગસ્ટ ૨૦૨૬માં વિવાદિત જમીન પર વોર્ડ કચેરી બનાવવાની દરખાસ્તને મંજૂરી આપતો ઠરાવ કરતાં અરજદાર પક્ષે કોર્પોરેશન સામે કોર્ટની કાર્યવાહીથી ઉપરવટ જવાનો આક્ષેપ કર્યો હતો.

## કોર્ટ કેસ ચાલુ હોવા છતાં સ્ટેન્ડિંગ કમિટિએ ઠરાવ કર્યાનો અરજદારનો આક્ષેપ : કોર્ટ સમક્ષ આપેલી બાંહેધરીથી વિપરીત કાર્યવાહી થતાં કોર્પોરેશને ભૂલ સ્વીકારી માફી માંગી

ગુજરાત હાઈકોર્ટમાં સુનાવણી દરમિયાન અરજદાર પક્ષના વકીલે રજૂઆત કરી હતી કે, અગાઉ કોર્ટ સમક્ષ કોર્પોરેશન તરફથી સ્પષ્ટ નિવેદન આપવામાં આવ્યું હતું કે કોર્ટના આદેશ સુધી કોઈ કાર્યવાહી કરવામાં નહીં આવે. આ ઉપરાંત, અગાઉની સુનાવણી દરમિયાન પણ કોર્પોરેશનના વકીલે આવી જ બાંહેધરી આપી હતી. તેમ છતાં સ્ટેન્ડિંગ કમિટિની બેઠકમાં વોર્ડ નં.૧૯ની નવી કચેરી બનાવવાના મુદ્દે એજન્ડા રજૂ કરી ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.

અરજદાર પક્ષે આ ઠરાવ સામે વાંધો ઉઠાવી સ્ટેન્ડિંગ કમિટિને પણ પક્ષકાર બનાવવાની તથા વિવાદિત કાર્યવાહી પર રોક લગાવવાની માંગણી કરી હતી. અરજદારના વકીલે કોર્ટમાં જણાવ્યું હતું કે, જે જમીનનો મુદ્દો મુખ્ય પિટિશનનો વિષય છે, તે જ જમીન પર વોર્ડ ઓફિસ બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

સુનાવણી દરમિયાન કોર્ટે પણ સવાલ ઉઠાવ્યો હતો કે જ્યારે કોર્ટ સમક્ષ કાર્યવાહી નહીં કરવાની વાત કરવામાં આવી હતી ત્યારે આ પ્રકારનો ઠરાવ કરવાની જરૂર શું હતી? તેના જવાબમાં કોર્પોરેશન તરફથી રજૂઆત કરતાં વકીલે સ્વીકાર્યું હતું કે આ કાર્યવાહી ટાળી શકાતી હતી અને થવી જોઈતી નહોતી. કોર્પોરેશનના વકીલે કોર્ટ સમક્ષ થયેલી કાર્યવાહી અંગે ખેદ વ્યક્ત કરી કોર્ટના આદેશનું પાલન કરવાની ખાતરી આપી હતી.

### વિવાદીત જમીન હોવા છતાં વોર્ડ કચેરી બનાવવા વિધાનસભાના દંડકે ભલામણ કરી હતી

૨૦૨૩માં ખાતમુહૂર્ત છતાં વોર્ડ કચેરીનું કામ અટક્યું હતું, ૨૦૨૬માં સ્ટેન્ડિંગ કમિટિએ ફરી ઠરાવ કરતા ટેન્ડર પ્રક્રિયા હાથ ધરાઈ હતી.

વોર્ડ નં.૧૯ માટે નવી વોર્ડ કચેરી બનાવવાનું આયોજન વર્ષ ૨૦૨૩માં કરવામાં આવ્યું હતું. ડભોઇ રોડ પર લક્કડપીઠા ખાતે નવી કચેરી માટે ખાતમુહૂર્ત પણ કરવામાં આવ્યું હતું, પરંતુ વિવાદિત જમીનના કારણે કામગીરી આગળ વધી શકી નહોતી. વિધાનસભાના દંડક અને રાવપુરાના ધારાસભ્ય બાળકૃષ્ણ શુક્લે મ્યુનિ. કમિશનરને રજૂઆત કરી હતી કે જૂની વોર્ડ કચેરી ગાજરાવાડી સ્થિત વહીવટી વોર્ડ નં.૧૪માં હોવાથી વોર્ડ નં.૧૯ના લોકોને ત્યાં જવું પડે છે. જેથી ડભોઇ-વાઘોડિયા રિંગ રોડ પર દંતેશ્વર ખાતે સરવે નં.૩૫૨ની જગ્યામાં ૪૦ ટકા કપાત થયેલી જમીન પર નવી વોર્ડ કચેરી બનાવવાની ભલામણ કરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉથી જમીન વિવાદિત હોવા છતાં ભલામણ કરતા ચર્ચાનો વિષય બન્યો છે. ઓગસ્ટ ૨૦૨૬ માં સ્થાયી સમિતિએ ઠરાવ કરતા મ્યુનિસિપલ કોર્પોરેશન ટેન્ડર પ્રક્રિયા હાથ ધરી હતી.

### ૪૦% કપાતને લઈ માલિક અને કોર્પોરેશન વચ્ચે વિવાદ

વોર્ડ નં.૧૯ની નવી કચેરી માટે જે જમીન પસંદ કરવામાં આવી છે, તેમાં ૪૦ ટકા કપાત બાદની જમીન પર બાંધકામ કરવાનો મુદ્દો છે. જમીન માલિકને નિયમ મુજબ ૬૦ ટકા જમીન મળવી જોઈએ તેવી રજૂઆત સામે તેને આશરે ૧૫ ટકા ઓછી જમીન મળતી હોવાનો વિવાદ ઉભો થયો છે. આ જમીનના હક અને ભાગબટાવને લઈને જમીન માલિક અને કોર્પોરેશન વચ્ચે વિવાદ થતાં સમગ્ર મામલો ગુજરાત હાઈકોર્ટમાં પહોંચ્યો છે. હાલ આ કેસ કોર્ટમાં પેન્ડિંગ છે અને તેની આગામી સુનાવણી ૨૪ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ રાખવામાં આવી છે.

# બટાકાના પોષણક્ષમ ભાવ આપો નહીં તો વડોદરા જિ.ના ખેડૂતો આંદોલન કરશે

(પ્રતિનિધિદ્વારા) વડોદરા,શુક્રવાર

વડોદરા તાલુકા ભારતીય કિસાન સંઘ દ્વારા બટાકાના ઘટતા ભાવ અને ખેડૂતોની આર્થિક મુશ્કેલીઓને લઈને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે. ખેડૂતોને બટાકાના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે સરકાર તાત્કાલિક હસ્તક્ષેપ કરે તેવી માંગ કરવામાં આવી છે.

ભારતીય કિસાન સંઘના જણાવ્યા મુજબ, ગુજરાત સહિત સમગ્ર દેશમાં ચાલુ વર્ષે બટાકાનું મોટા પ્રમાણમાં ઉત્પાદન થયું છે. ઉત્પાદન વધવાને કારણે રાજ્યના કોલ્ડ સ્ટોરેજો લગભગ સંપૂર્ણ ભરાઈ ગયા છે. બીજી તરફ બજારમાં માંગની સરખામણીએ પુરવઠો વધુ હોવાથી બટાકાના ભાવમાં મોટો ઘટાડો થયો છે. પરિણામે ખેડૂતોને ઉત્પાદન ખર્ચ જેટલો પણ ભાવ ન મળતા આર્થિક નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે.

ખેડૂતોએ બિયારણ, ખાતર, દવાઓ, મજૂરી, સિંચાઈ અને વીજળી પાછળ મોટો ખર્ચ કર્યો છે. જોકે હાલના બજારભાવ ઉત્પાદન ખર્ચ કરતાં પણ ઓછા હોવાનું જણાવી કિસાન સંઘે ખેડૂતો માટે તાત્કાલિક રાહત પેકેજ જાહેર કરવાની માંગ કરી છે.

કિસાન સંઘે સરકારને ખેડૂતોના પ્રશ્નોનો તાત્કાલિક ઉકેલ લાવવા માંગ કરી છે. જો માંગણીઓ અંગે યોગ્ય કાર્યવાહી કરવામાં નહીં આવે તો વડોદરા જિલ્લાના ખેડૂતો દ્વારા આગામી ૧૦ દિવસમાં ઉગ્ર આંદોલન કરવામાં આવશે તેવી ચીમકી આપવામાં આવી છે.

કિસાન સંઘ દ્વારા બટાકા માટે સહાયકારી અથવા ન્યૂનતમ આધારભૂત ભાવ જાહેર કરવા, કોલ્ડ સ્ટોરેજના ભાડામાં સહાય અથવા સબસિડી આપવા તથા નાફેડ, માર્કફેડ કે અન્ય સરકારી એજન્સીઓ મારફતે બટાકાની ખરીદી શરૂ કરવાની માંગ કરાઈ છે.આ ઉપરાંત બટાકાના નિકાસ માટે વિશેષ પ્રોત્સાહન, ચિપ્સ-વેફર સહિતના ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગોને પ્રોત્સાહન આપી ખેડૂતો પાસેથી સીધી ખરીદી વધારવા તેમજ ખેડૂતોને વ્યાજમુક્ત અથવા ઓછા વ્યાજદરની ટૂંકાગાળાની રાહત લોન આપવાની માંગ કરવામાં આવી છે. ખેડૂતોને ટ્રોલી પાર્સિંગમાંથી મુક્તિ આપવાની માંગ કરવામાં આવી છે. નવા ટ્રેક્ટરને આધુનિક ગાડાનો દરજ્જો આપવાનો મુદ્દો પણ રજૂ કરવામાં આવ્યો છે.






# નંદેસરીમાં યુવક પર હુમલાના બનાવમાં વડોદરા તા.પં.ના પૂર્વ ઉપપ્રમુખની ધરપકડ

(પ્રતિનિધિદ્વારા) વડોદરા,શુક્રવાર

નંદેસરીમાં યુવક પર જૂની અદાવતને કારણે ઘરમાં ઘૂસી હુમલાના બનાવમાં પોલીસે વડોદરા તાલુકા પંચાયતના પૂર્વ ઉપપ્રમુખ રાજેન્દ્રસિંહ ઉર્ફેલાલાની ધરપકડ કરી છે.

## રાજેન્દ્ર ઉર્ફે લાલો ગોહિલ હાજર થતાં બે દિવસના રિમાન્ડ, રિકન્સ્ટ્રક્શન કરાવ્યું

નંદેસરીના શિવાજીનગરમાં બે મહિના પહેલાં રાજવીરસિંહ સિંધા નામના યુવક પર ઘરમાં ઘૂસી આવેલા કેટલાક હુમલાખોરોએ હુમલો કરતાં નંદેસરી પોલીસે અગાઉ ચાર હુમલાખોરોની ધરપકડ કરી હતી.જ્યારે મુખ્ય સૂત્રધાર રાજેન્દ્રનો પત્તો લાગતો નહતો.

આખરે આ ગુનામાં ભાજપ સાથે છેડો ફાડી કોંગ્રેસમાં તાલુકા પંચાયતની ચૂંટણી લડેલા વડોદરા તાલુકા પંચાયતના પૂર્વ ઉપપ્રમુખ રાજેન્દ્રસિંહ મંગળસિંહ ગોહિલ પોતે જ પોલીસ સમક્ષ હાજર થઇ જતાં પીઆઇ બીડી જાડેજાએ તેને બે દિવસના રિમાન્ડ પર લઇ બનાવના સ્થળે રિકન્સ્ટ્રક્શન કરાવ્યું હતું.

### તિરંગા યાત્રામાં નિયમોની ઐસી તૈસી!

# આરસી કેન્સલ થયેલી જીપમાં લોકો સવાર થયા

(પ્રતિનિધિદ્વારા) વડોદરા,શુક્રવાર

મ્યુનિ.કોર્પોરેશન દ્વારા આજે 'હર ઘર તિરંગા, સ્વતંત્રતાનો ઉત્સવ' અંતર્ગત નવલખી મેદાનથી તિરંગા યાત્રાનું આયોજન કરાયું હતું.

## આ વાહનને જાહેર માર્ગ પર રેલીમાં ચલાવવાની મંજૂરી કોણે આપી?

રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં યોજાયેલી આ યાત્રામાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. જોકે, દેશભક્તિના આ કાર્યક્રમમાં ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસિસની ગંભીર બેદરકારી જોવા મળી છે.

આ યાત્રામાં ફાયર વિભાગે ઓપન જીપનો ઉપયોગ કર્યો હતો. મ્યુનિ.કમિશ્નરના નામે રહેલી આ જીપ ૪૬ વર્ષ જૂની છે અને વર્ષ ૨૦૨૦માં તેનું ફિટનેસ પૂર્ણ થઈ ગયું છે. આરટીઓ દ્વારા આ વાહનની આરસી બૂક કેન્સલ કરવામાં આવી હોવા છતાં તેનો જાહેર કાર્યક્રમમાં ઉપયોગ કરાયો.

આ ઓપન જીપમાં વિવિધ વેશભૂષામાં લોકો સવાર હતા. આરસી બૂક કેન્સલ થયેલા વાહનમાં લોકોને બેસાડવાથી કોઈ અકસ્માત સર્જાય તો



તેની જવાબદારી કોની રહે તેવો પણ સવાલ છે. લોકોની સુરક્ષા માટે જવાબદાર વિભાગ જ જો નિયમોનું પાલન ન કરે તો સામાન્ય વાહનચાલકો પાસેથી નિયમોનું પાલન કેવી રીતે કરાવશે એ લાખ રૂપિયાનો સવાલ છે.

# ગર્લફ્રેન્ડ મારફતે યુવતીને હેર પ્રોડક્ટ લેવા ઘેર બોલાવી છેડતી કરતાં ધરપકડ

(પ્રતિનિધિદ્વારા) વડોદરા, શુક્રવાર

અકોટા ગાર્ડન પાસે ભાડાના મકાનમાં રહેતો અને ફતેગંજ બ્રિજ નજીકના એક હેર સલૂનમાં કામ કરતો દક્ષ જીગ્નેશ માયાત્રા (મૂળ રહે. અમરેલી) તેની ગર્લફ્રેન્ડ મારફતે એક યુવતીના સંપર્કમાં આવ્યો હતો.આ યુવતીને હેર પ્રોડક્ટ લેવા માટે પોતાના ઘેર બોલાવ્યા બાદ તેણે પોતાને ઘેર બોલાવી હતી અને ત્યારબાદ છેડછાડ કરતાં યુવતી તરત જ ઘરમાંથી નીકળી ગઇ હતી અને અકોટા પોલીસને જાણ કરતાં પોલીસે છેડતીના કેસમાં યુવકની ધરપકડ કરી છે.



ધર્મ સાથે રાષ્ટ્ર પ્રેમ : હરણી સ્થિત ભીડભંજન હનુમાનજી મંદિર ખાતે સ્વતંત્રતા પર્વ નિમિત્તે ત્રિરંગાની પ્રતિકૃતિથી શણગાર કરાયો છે.

### રાખમાંથી મળેલા ઓગળેલા મંગળસૂત્ર-વીંટીએ પીઆઈનો ખેલ બગાડી નાખ્યો

અટાલી હોટલના કમ્પાઉન્ડમાંથી મળેલી રાખ અને માનવ હાડકાંનું ડીએનએ પ્રોફાઈલિંગ સંપૂર્ણ બળી જવાના કારણે નિષ્ફળ ગયું હતું, જેથી પીઆઈ અજય દેસાઈ બચી જશે તેવું લાગતું હતું. પરંતુ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની એફએસએલ ટીમે બારીક તપાસ કરીને બળેલા પદાર્થોમાંથી મંગળસૂત્રના ટુકડા અને સોનાની વીંટી શોધી કાઢ્યા હતા. એફએસએલ અધિકારી સ્વીટીના મોબાઈલમાંથી મળી આવેલા ફોટોગ્રાફ્સ સાથે આ સોનાના દાગીનાની ડિઝાઈન સરખાવી હતી. એફએસએલ રિપોર્ટમાં સાબિત થયું હતુ કે ઓગળેલું મંગળસૂત્ર અને વીંટી સ્વીટી પટેલે ફોટામાં પહેરેલા ઘરેણાં સાથે આબેહૂબ મેચ થાય છે. આ ટેકનિકલ પુરાવો જ કેસમાં ટર્નિંગ પોઈન્ટ સાબિત થયો હતો અને પીઆઈના બચાવના દરવાજા બંધ કરી દીધા હતા.

### સવારે જીપ રિવર્સમાં પાર્ક કરી પોલીસ જવાન પાસે નાસ્તો મંગાવ્યો

આ કેસમાં પીઆઈ અજય દેસાઈનું શંકાસ્પદ વર્તન જ તેની વિરુદ્ધ મોટો પુરાવો બન્યું હતું.. તા. ૫મી જૂનની સવારે સ્વીટી ઘરમાં ન હોવાનું જાણવા છતાં પીઆઈએ તેને શોધવા સ્થાનિક પોલીસની મદદ લેવાને બદલે ઘરની અંદર પોતાની કમ્પાસ જીપ રિવર્સમાં પાર્ક કરી હતી, જેથી લાશને કારમાં ગુપ્ત રીતે ગોઠવી શકાય. આ દ્રશ્યો સીસીટીવીમાં કંડારાયા હતા. આશ્ચર્યની વાત એ હતી કે, સ્વીટીને શોધવાની જગ્યાએ પીઆઈએ પોતાના તાબા હેઠળના પોલીસ જવાન પાસે સવારે ઘરે નાસ્તો, દવા અને ફાઈલો મંગાવી હતી. પોતાના જ તાબેદારો પાસે કામ કરાવનાર પીઆઈએ પત્ની ગુમ હોવાની વાત તેમનાથી પણ છુપાવી રાખી હતી. આ અસ્વાભાવિક વર્તનને કોર્ટે ગુનાહિત માનસિકતા ગણી ચુકાદામાં મહત્ત્વની નોંધ પણ કરી હતી.




આઝાદીની લડતમાં વડોદરાના યુવાનોના એક જૂથે અહિંસક લડતની આડમાં ઉગ્ર લડત આદરી હતી,જેમાં વાયડાપોળના લક્ષ્મીદાસ પટેલનું યોગદાન પણ મહત્વનું હતું.૧૯વર્ષની વયે તેમણે પોતાનું મકાન બોમ્બ,પાટા ઉખેડવા,થાંભલા તોડવા, વાયરો કાપવા જેવી ભૂગર્ભ પ્રવૃત્તિઓ માટે આપી દીધું હતું,જેમાં ૨૬ ક્રાંતિવીરો રહેતા હતા.આઝાદી પછી પણ લક્ષ્મીદાસે અસ્પૃશ્યતા નિવારણ સહિતના સમાજસેવાના કામોમાં જીવન ખપાવ્યું હતું.આજે પણ તેમના વારસદારોએ રેંટિયાની સાથે ભૂગર્ભ પ્રવૃત્તિના કેટલાક સાધનો રાખી મૂક્યા છે.તસ્વીરમાં જુદાજુદા સાધનો દ્રશ્યમાન છે.

### ગાંધીવાદી યુવાનો આઝાદી માટે ઉગ્ર લડત આપવા તૈયાર થયા

# વાડીના યુવાનોએ ગાંધીગીરીની સાથે બોમ્બ સહિતની ભૂગર્ભ પ્રવૃત્તિ શરૂ કરી

(પ્રતિનિધિદ્વારા) વડોદરા,શુક્રવાર

૧૫મી ઓગષ્ટની દેશભરમાં ઉત્સાહથી ઉજવણી કરવામાં આવી રહી છે ત્યારે ટાંચા પ્રચાર માધ્યમો અને સોશ્યલ મીડિયાની ગેરહાજરીમાં કેવી રીતે આઝાદીના આંદોલનો ચાલતા હતા તેનું એક ઉદાહરણ વાડી વાયડા પોળના મકાનમાં ચાલતા ભૂગર્ભ પ્રવૃત્તિના એક મુખ્ય કેન્દ્ર પરથી જાણી શકાય છે.

## વાયડાપોળના ૧૯ વર્ષીય લક્ષ્મીદાસે મકાન આપી દીધું હતું, ભાંગફોડની યોજના બનતી હતી, ૨૬ ક્રાંતિકારીઓ રહેતા હતા

લક્ષ્મીદાસ મોહનલાલ પટેલ દસ વર્ષની માસૂમ ઉંમરથી આઝાદીના રંગે રંગાયા હતા. તે સમયે સોશ્યલ મીડિયા નહતું એટલે રોજ પત્રિકા વાંચન થતું હતું.લક્ષ્મીદાસ અભ્યાસ છોડી હસ્તલિખિત પત્રિકાઓ ઘેર-ઘેર પહોંચાડી બાળકો સાથે ગાંધી કૂટિર બનાવીને તેમાં સ્વદેશી પ્રોડક્ટ્સનું વેચાણ કરતા હતા.

ત્રણ થી ચાર વર્ષ સુધીની શાંતિપૂર્ણ લડતથી લક્ષ્મીદાસની ધીરજ ખૂટી હતી અને તેમણે યુવાનોનું એક ગ્રુપ બનાવી જય પ્રકાશ નારાયણ,અરૂણા અસફઅલી વગેરેના સંપર્કમાં આવી ગાંધીવાદી કાર્યક્રમોની સાથે પોતાના મકાનમાં ભૂગર્ભ પ્રવૃત્તિનું કેન્દ્ર શરૂ કર્યું હતું,જેમાં ૨૬ ક્રાંતિકારીઓ રહેતા હતા,જ્યારે ઘરની મહિલાઓ બધા માટે ભોજન બનાવતી હતી.

ભૂગર્ભ પ્રવૃત્તિમાં ચિઠ્ઠી કે મૌખિક સંદેશા મુજબ બોમ્બની સામગ્રી પહોંચાડવી,રેલવેના પાટા ઉખેડવા, થાંભલા તોડવા, વાયરો કાપવા જેવી ભાંગફોડનો સમાવેશ થતો હતો.આજે પણ તેમના પરિવારજનોએ આ પૈકીના કેટલાક સાધનો અને રેંટિયો યાદગીરીરૂપે સાચવી રાખ્યો છે.



આઝાદીના લડવૈયા લક્ષ્મીદાસે ભાંગફોડની પ્રવૃત્તિની સાથે ગાંધીગીરી પણ ચાલુ રાખી હતી. અને રેંટિયા કાંતણ, પ્રભાતફેરી જેવા કાર્યક્રમો ચાલુ રાખ્યા હતા. તસવીરમાં પેટીમાં સાચવી રાખેલો રેંટિયો જોવા મળે છે.

### સાક્ષીઓ ફરી જવાથી કે મૃતદેહ ન મળવાથી ગુનો હળવો થઈ જતો નથી : કોર્ટ

# સ્વીટી મર્ડર કેસમાં PI અજય દેસાઈને આજીવન કેદ : હોટલ માલિકને પાંચ વર્ષની સજા

(પ્રતિનિધિદ્વારા) વડોદરા,શુક્રવાર

રાજયભરમાં ચકચાર જગવનારા સ્વીટી પટેલ મર્ડર કેસમાં એસઓજી પીઆઇ અજય દેસાઇને હત્યાના ગુનામાં કસુરવાર ઠેરવી અદાલતે આજીવન કેદની સજા તેમજ રૂા.૨ લાખનો દંડ તેમજ ગુનામાં પુરાવાનો નાશ કરવામાં મદદગારી કરનાર હોટલ માલિક કિરીટસિંહ જાડેજાને કોર્ટે પાંચ વર્ષની સખ્ત કેદની સજા અને બે લાખનો દંડ ફટકાર્યો હતો. ન્યાયાધીશે ચૂકાદામાં નોંધ્યું હતું કે, આરોપીએ પોતાની સત્તા અને હોદ્દાનો દુરુપયોગ કરી તપાસ ભટકાવવાનો અને પુરાવાનો નાશ કરવાનો હીન પ્રયાસ કર્યો હતો. સાક્ષીઓ ફરી જવાથી કે મૃતદેહ ન મળવાથી ગુનો હળવો થઈ જતો નથી.

## સરકારી વકીલે ફાંસીની સજાની માગણી કરી હતી : સુનાવણી દરમિયાન ૩૮ પંચ અને સાક્ષીઓ હોસ્ટાઈલ જાહેર થયા હતા.

કેસની વિગત એવી છે કે, વર્ષ ૨૦૧૭માં રૂપાણ વર્ધાઇ માતાજીના મંદિરે હારતોરા કરીને લગ્ન કરનાર સ્વીટી પટેલ પીઆઈ અજય દેસાઈ સાથે કરજણમાં પતિ-પત્ની તરીકે રહેતા હતા અને તેમને ૨ વર્ષનો પુત્ર પણ હતો. અજય દેસાઈ અગાઉથી પરણેલો હોઈ, સ્વીટી તેને પ્રથમ પત્નીને છૂટાછેડા આપી પોતાને સામાજિક સ્વીકૃતિ આપવા અવારનવાર દબાણ કરતી હતી. આ બાબતે બન્ને વચ્ચે ઝઘડો થતાં તા. ૪-૫ જૂન ૨૦૨૧ની મધ્યરાત્રીએ કરજણની પ્રયોશા સોસાયટીમાં પીઆઈએ પોતાની ત્રીજી પત્ની સ્વીટી પટેલનું ગળું ટૂંપી હત્યા કર્યા બાદ કારમાં લાશ લઈ જઈ અટાલી ગામ સ્થિત અવાવરૂ હોટલના કમ્પાઉન્ડમાં સળગાવી દીધી હતી.

હત્યા કર્યાના બીજા દિવસે સવારે તેણે સ્વીટી ગુમ થયાનું નાટક કરી સાળા જયદીપ પટેલને બોલાવી સ્વીટી ઝઘડો કરીને જતી રહી હોવાનું જૂઠાણું ચલાવ્યું હતું. શરૂઆતમાં કરજણ પોલીસે ગુમ થયાની નોંધ કરી ઢીલી તપાસ કરી હતી, પરંતુ મામલો ચકચારી બનતાં તપાસ અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચને સોંપાઈ હતી.તપાસમાં પીઆઈ અજય દેસાઈ શંકાના ઘેરામાં આવ્યા હતા. પોલીસ અને એફએસએલની ટીમે અટાલી ગામની અવાવરૂ હોટલમાંથી બળેલા માનવ હાડકાં, રાખ અને જીપના ટાયરના નિશાન મેળવ્યા હતા.

જોકે, હાડકાં સંપૂર્ણપણે બળી ગયા હોવાથી ડીએનએ મેચ થઈ શક્યું નહોતું. પરંતુ ક્રાઇમ બ્રાન્ચે ટેકનિકલ એવિડન્સ, મોબાઈલ ટાવર લોકેશન, સીડીઆર ડેટા અને જીપનું રિવર્સ પાર્કિંગ જેવા મહત્વના પુરાવાઓ એકત્ર કરીને બંને આરોપીઓ સામે ગંભીર ગુનો સાબિત કર્યો હતો. કેસમાં ૧૨૮ સાક્ષીઓ અને અનેક દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવ્યા હતા, જેમાં મૃતકના ભાઈ (ફરિયાદી) સહિતના ૩૮ પંચ અને સાક્ષીઓ હોસ્ટાઈલ જાહેર થયા હતા. બચાવ પક્ષે મુખ્ય દલીલ કરવામાં આવી હતી કે, મૃતદેહ મળ્યો નથી, ડીએનએ મેચ થતો નથી અને ફરિયાદી તથા પંચો સહિતના સાક્ષીઓ ફરી ગયા છે. જ્યારે સરકારી વકીલ આર.એમ. જ્ઞાનચંદાણીએ આ કેસને રેરેસ્ટ ઓફ રેર કેસ ગણી આરોપી પીઆઇને ફાંસીની સજાની માગણી કરી હતી. તેમણે ઈન્ડિયન એવિડન્સ એક્ટની કલમ હેઠળ દલીલ કરી હતી કે મધ્યરાત્રીએ બંધ મકાનમાં સ્વીટી અજય સાથે છેલ્લે જીવંત જોવા મળી હતી અને ત્યારબાદ તે ગુમ થઈ હતી.ન્યાયાધીશે બન્ને પક્ષની દલીલ તેમજ પુરાવાને ધ્યાને લઈ આ કેસને રેરેસ્ટ ઓફ રેર માન્યો ન હતો અને પીઆઈ અજય દેસાઈને આજીવન કેદ અને કિરીટસિંહને પાંચ વર્ષની સજાનો આદેશ કર્યો હતો.

વીઆઈપી રોડ ખાતેની જે આર શાહ બ્રાઈડ ડે સ્કૂલમાં અભ્યાસ કરતી ચૈતાલી પ્રશાંત પરમારે અખિલ ભારતીય સેવા દળ દ્વારા આયોજિત વસંત રજબ વક્તૃત્વ સ્પર્ધામાં ત્રીજો ક્રમ પ્રાપ્ત કરીને શાળાનું ગૌરવ વધાર્યું છે.સ્કૂલ દ્વારા આ સિધ્ધિ બદલ ચૈતાલી પરમારનું સન્માન કરવામાં આવ્યું હતું.








વિદ્યાર્થીઓમાં તર્કશક્તિ અને એકાગ્રતા જેવા ગુણો વિકસે તે માટે શહેરની સાધુ વાસવાણી સ્કૂલ ખાતે એસજીઆઈએફની ૭૦મી વાર્ષિક જિલ્લા કક્ષાની ચેસ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વડોદરા શહેરની વિવિધ સ્કૂલોના વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

સ્કૂલોમાં યોજાતા કાર્યક્રમોની તસ્વીરો, વિડીયો અને માહિતી : gs.campus.vadodara@gmail.com પર સ્કૂલો મોકલી શકશે.

## તરસાલીમાં યુવકની હત્યા કરનાર બે આરોપીને રિમાન્ડ

(પ્રતિનિધિદ્વારા) વડોદરા,શુક્રવાર

તરસાલી રિંગરોડ પર બે દિવસ પહેલા યુવક પર ચાકૂના ઘા ઝીંકી હત્યા કરવાના ગુનામાં પકડાયેલા બે આરોપીઓને પોલીસે કોર્ટમાં રજૂ કરી ત્રણ દિવસના રિમાન્ડ મેળવ્યા છે.

બે દિવસ પહેલા તરસાલી સોમા તળાવ રોડ પર મેહુલ ભરતસિંહ દરબારની ચાકૂના ઘા ઝીંકી હત્યા કરવામાં આવી હતી.

આ ગુનામાં મકરપુરા પી.આઇ.એ.એમ.ગોહિલે બે આરોપી માનવ ઉર્ફે કાંચો વીરબહાદુર ગોરખા, ઉં.વ.૨૩ (રહે. નવીનગરી, કલ્યાણનગર, કારેલીબાગ) તથા પદમ ઉર્ફે ડાન્સર ગોપાલભાઇ સોની, ઉં.વ.૩૧ (રહે. અમરશ્રદ્ધા સોસાયટીની પાછળ આવેલા વુડાના મકાનમાં) ની ધરપકડ કરી હતી. બંને આરોપીઓને કોર્ટ સમક્ષ રજૂ કરી પોલીસે રિમાન્ડ માગતા જણાવ્યું હતું કે, અન્ય આરોપીઓને પકડવાના બાકી છે. હત્યામાં વપરાયેલુ હથિયાર અને વાહન કબજે કરવાના બાકી છે. અન્ય કોઇ આરોપીની સંડોવણી છે કે કેમ, તેની તપાસ કરવાની બાકી છે.

## મકાનને મારેલું સીલ તોડી નાખી ગેરકાયદે કબજો લઇ લીધો

(પ્રતિનિધિદ્વારા) વડોદરા,શુક્રવાર

મકાનને બેંક દ્વારા મારવામાં આવેલું સીલ તોડી નાખી દંપતીએ ગેરકાયદે કબજો લઇ લીધો હતો. જે અંગે બેન્ક દ્વારા બાપોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

પંડ્યા બ્રિજ પાસે અલકાનગરમાં રહેતા નિતેષ લક્ષ્મીનારાયણભાઇ મીણા ઇન્ડિયન ઓવરસીઝ બેન્કમાં બ્રાંચ મેનેજર છે. બાપોદ પોલીસ સ્ટેશનમાં તેમણે ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે, સયાજીપુરા રોડ સયાજી ટાઉનશિપની સામે ઉપવન વિલામાં રહેતા કેતન ચંદ્રકાંતભાઇ દવે તથા તેની પત્ની રીનાએ અમારી બેંકમાંથી તેમના મકાન પર તા.૧૩-૦૭-૨૦૨૩ ના રોજ ૨૫.૫૯ લાખની લોન લીધી હતી. લોન લીધા પછી તેઓએ શરતો મુજબ માસિક હપ્તા ચૂકવ્યા નથી.જેથી, બેંક દ્વારા ઉપરોક્ત લોન ખાતાને એન.પી.એ. તરીકે તા.૧૧-૦૯- ૨૦૨૫ ના રોજ જાહેર કરવામાં આવેલું હતું. બેંક દ્વારા નોટિસ પણ મોકલવામાં આવી હતી. તેમછતાં લોન લેનારાઓએ લોન ચૂકવવાની જવાબદારી નિભાવી નહતી. જેથી, કોર્ટમાં દાવો કરવામાં આવ્યો હતો. તા.૨૩-૧૨-૨૦૨૫ ના રોજ કોર્ટે મિલકતનો કબજો લેવા માટે અમારી બેન્કના હિતમાં હુકમ કર્યો હતો. પોલીસની હાજરીમાં અમે ઉપરોક્ત મકાન સીલ કર્યું હતું. ત્યારબાદ દંપતીએ મિલકતનો ગેરકાયદે કબજો લઇ લીધો હતો.












ગુજરાત સમાચાર

# આઠ દાયકાની અજાયબી

ભારતને આઝાદી મળી પછી રાષ્ટ્રીયતાના જે સંસ્કાર આપણા હૃદયમાં મજબૂત થવા જોઈએ તે હજુ થયા નથી. આજે આઝાદીના એંસીમા વરસમાં આપણે પ્રવેશી રહ્યા છીએ. આપણી રાષ્ટ્રીયતા માત્ર ભાષામાં, ભાષણોમાં અને બહુ બહુ તો ઓટલે બેઠા થતી ચર્ચાઓમાં રઝળતી જોવા મળે છે. એ હજુ આપણા પોતાનામાં સાષ્ટાંગ અવતરી નથી. રસ્તા પર આડેધડ વાહન ચલાવવાથી શરૂ કરીને આપણી વ્યક્તિગત જાહેર જીવનની ટેવો-કુટેવો સતત એક-બીજાની નજરમાં ચડે છે, પરંતુ જેઓ ભૂલો કરનારા છે તેઓ અને જે દ્રષ્ટા છે તેઓ બંનેમાં એક જ સરખા લક્ષણો છે, એટલે કોણ કોને શું કહે? સંતાનોને મેડિકલમાં એડમિશન મળે એ માટેની ટકાવારી વધારવા આપણા દેશના નાગરિકો શું પ્રવૃત્તિઓ કરે છે તેનો ઈતિહાસ બિહાર અને મધ્ય પ્રદેશના પરીક્ષા કેન્દ્રોની બહારની દીવાલે લખાયેલો છે. સંસ્કારિતામાં આવડાં મોટાં ગાબડાં હોય એવો ભારતીય સમાજ વિકાસના નામે આગળ તો વધી રહ્યો છે, પરંતુ એ ક્યાં પહોંચશે એ નક્કી નથી. ભારતીય નાગરિક જીવનનો આ સૌથી મોટો વિષાદયોગ છે.

નવી પેઢીના યુવાનો હજુ ધૂમબાઈકમાંથી નવરા થયા નથી. તેઓ રાજકીય પક્ષના કાર્યકર હોય તે સારી વાત છે પણ એ પક્ષ એમને રાજનીતિજ્ઞ બનાવવાને બદલે લુખ્ખાગીરી શીખવે તો તેઓએ ઘટનાસ્થળ છોડી દેવાની જરૂર હોય છે. તેઓ આ દેશને શું કામમાં આવશે? તેમાંના ઘણા તો અત્યારે તેમના પરિવાર માટે જ એક સંકટ છે. ભારતીય પ્રજા છેલ્લા બે દાયકાથી મનોરંજનની મહેફિલોમાં ગળાડૂબ છે. આજકાલની મંદીનું એક કારણ એ પણ છે. મનોરંજન એક નશો છે. પોકેટ થિયેટર જેવો મોબાઈલ ફોન હાથમાં આવી ગયા પછી નવી પેઢી પોતાની એક અલગ દુનિયામાં સ્વૈરવિહાર કરવા લાગી છે. દરેક વ્યક્તિ ધીરે ધીરે એક ટાપુ બની ગઈ છે. સૌને પોતાની દુનિયામાં ખોવાઈ જવું ગમે છે. આ એક વિનાશનો માર્ગ છે. એક પરિવારમાં જો ચાર-પાંચ ટાપુ હોય તો નક્કી જ છે કે એ ટાપુઓ પર સમયસમુદ્રના જળ ગમે ત્યારે ફરી વળવાના છે. ૧૫ મી ઓગસ્ટ ૧૯૪૭ના દિવસે ભારત આઝાદ થયું ત્યારે રાષ્ટ્રધ્વજ પહેલીવાર ધ્વજ દંડ પર જે રીતે ઊંચે આકાશે ચડ્યો અને એના અનુભવમાં તત્કાલીન સમાજના કરોડો ભારતીયોના હૃદય પણ જે ઉમંગથી આસમાનમાં વિહાર કરવા લાગ્યા તે પરમ મંગલ ક્ષણથી આજનો ભારતીય સમાજ ઘણો દૂર નીકળી ગયો છે.

એ જ કારણ છે કે દરેક પરિવારના પ્રશ્નો જેમ જેમ સમય આગળ જાય છે તેમ તેમ વધતા જાય છે. વિદ્વાનોની એક માન્યતા છે કે કુદરત પૃથ્વી પર પહેલા સમાધાન મોકલે છે અને પછી સમસ્યા મોકલે છે. એ જ તો કારણ છે કે આ બ્રહ્માંડમાં માત્ર પૃથ્વી પર જ જીવ સૃષ્ટિ અને તેની સર્વશ્રેષ્ઠ ફલશ્રુતિ રૂપે માનવ સૃષ્ટિ અસ્તિત્વમાં આવી છે. પરંતુ સમસ્યા થી સમાધાન સુધી પહોંચવાનો રાજમાર્ગ બધાને સુલભ હોતો નથી કારણ કે એ યાત્રા કરવા માટેની શિસ્ત, ક્ષમતા, યોગ્યતા અને વિશ્વાસ દરેક દેશની પ્રજામાં હોતા નથી. છતાં ભારતીય સભ્યતા અને સંસ્કૃતિ દુનિયાના અન્ય તમામ દેશો કરતા એક વેંત ઊંચી છે. ભારતના પ્રથમ અવકાશયાત્રી રાકેશ શર્મા અંતરિક્ષમાં ગયા ત્યારે તત્કાલીન વડાપ્રધાન ઈન્દિરાજીએ એને પૂછ્યું હતું કે અચ્છા રાકેશ યે બતાઓ કિ વહાઁ સે હમારા હિન્દુસ્તાન કૈસા લગતા હૈ? ત્યારે રાકેશે કહ્યું હતું કે સારે જહાં સે અચ્છા હિન્દુસ્તાઁ હમારા.... આ વાત માત્ર આટલા શબ્દો પૂરતી સીમિત નથી. એનો ગહન અર્થ છે અને એ અર્થને સાર્થક કરવાની જવાબદારી માત્ર હિન્દુસ્તાનના નેતાઓની નથી, ભારતીય પ્રજાની પોતાની છે.

આપણે મનગમતી ફિલ્મ માટે દાયકાઓ સુધી બ્લેકમાં ટિકિટ ખરીદી છે અને હજુ આજેય દક્ષિણ ભારતમાં ખરીદીએ છીએ. બેવકૂફ અભિનેતા અને અભિનેત્રીઓ આપણા યુવક અને યુવતીઓના આદર્શ છે, રોલ મોડેલ છે. ઠોઠ લોકો પણ સ્ટાઈલિશ દેખાવા મથે છે. તેમને સારા દેખાવામાં રસ છે, સારા હોવામાં રસ નથી. આપણે એક સામાન્ય દાખલો મેળવવા માટે સરકારી કાર્યાલયમાં વધારાના પૈસા પણ આપીએ છીએ. આપણે ગમે તેટલું ભણેલા છીએ તો પણ ટ્રાફિક પોલીસની પકડમાંથી છટકવા માટે ખિસ્સામાંથી એકાદ નોટ સરકવા દઈએ છીએ. આપણે આગળ નીકળી જવા માટે ગમે ત્યારે આપણા વાહનો રોંગ સાઈડમાં કે ફૂટપાથ પર પણ ચડાવી દઈએ છીએ. બે નંબરના ભ્રષ્ટ આચરણથી ઘરમાં આવેલા નાણાં જોઈને આપણા દેશની માનવંતી ગૃહિણીઓના ચહેરા પર અજાયબ સ્મિત ફરકે છે. એ સ્મિત કૈકેયી, મંથરા કે આમ્રપાલી જેવું છે.

આ બધા જ આપણા પોતાના વિનાશના રાજમાર્ગો છે. જે આપણે પસંદ કરેલા છે. તમારી પસંદગીઓ જ તમારું ભવિષ્ય નક્કી કરે છે. પ્રજાને ખોટા રસ્તેથી પાછી વાળવી એ તો મહાપુરુષોનું અથવા સમાજમાં અત્ર તત્ર ફેલાયેલા અનામી સત્પુરુષોનું કામ છે.

# સરદાર અજીત સિંહ: ભગત સિંહના સગા કાકાનું જીવન ભવ્ય... મોત સુંદર

કેટલાક લોકોનું જીવન જાણે કોઈ નવલકથાકારે લખ્યું હોય તેવું અદભુત હોય છે. સરદાર અજીત સિંહનું જીવન પણ આવું જ એક ઉદાહરણ છે. તેઓ શહીદ ભગત સિંહના કાકા હતા. સગા કાકા. સરદાર અજીત સિંહની ઘણી વાર ફક્ત આટલી જ ઓળખ આપીને અટકી જવામાં આવે છે, જે એમને અન્યાય કરવા બરાબર છે. ભગત સિંહ હજુ જન્મ્યા પણ નહોતા ત્યારે અજીત સિંહ પંજાબના એક અગ્રણી રાષ્ટ્રવાદી નેતા બની ચૂક્યા હતા. તેઓ જેલમાં રહ્યા હતા, ચાલીસ-ચાલીસ વર્ષ સુધી દેશનિકાલ ભોગવ્યો, અને પછી આવ્યો તેમના જીવનનો સૌથી અદભુત અંત. ૧૪ ઓગસ્ટ, ૧૯૪૭ની રાત્રે તેમણે જવાહરલાલ નેહરુનું પેલું 'ટ્રિસ્ટ વિથ ડેસ્ટિની' (ભાગ્ય સાથે મેળાપ)વાળું પ્રસિદ્ધ ભાષણ સાંભળ્યું, અને ૧૫ ઓગસ્ટના પરોઢિયે - જે આઝાદ ભારતનો પહેલો દિવસ હતો - અજીત સિંહે અંતિમ શ્વાસ લીધા. આ એક ક્ષણની દિવસની રાહ જોવામાં એમણે પોતાના જીવનના ચાર દાયકા ખર્ચી નાખ્યા હતા...

અજીત સિંહના જીવન પર ધ્યાનથી નજર ફેરવવા જેવી છે. એમનો જન્મ ૨૩ ફેબ્રુઆરી, ૧૮૮૧ના રોજ પંજાબના ખટકડ કલાં ગામે થયો હતો. તેમના પિતા અર્જન સિંહ રાષ્ટ્રવાદી વિચારસરણી ધરાવતા હતા. અજીતના મોટા ભાઈ કિશન સિંહ એટલે ભગત સિંહના પિતાજી. ત્રીજા ભાઈ સ્વર્ણ સિંહ પણ આઝાદીની લડતમાં જોડાયા હતા.

અજીત સિંહે જલંધરની સાંઈ દાસ એંગ્લો-સંસ્કૃત સ્કૂલમાં પ્રાથમિક શિક્ષણ લીધું અને બાદમાં લાહોરની ડી.એ.વી. કોલેજમાં અભ્યાસ કર્યો. પછી કાયદાનો અભ્યાસ કરવા બરેલી કોલેજ ગયા તો ખરા, પણ ભણતર પૂરું ન કર્યું. ૧૯૦૩માં એમનાં લગ્ન હરનામ કૌર નામની કન્યા સાથે થયાં, અને જીવનનો અત્યંત મહત્ત્વનો વળાંક આવ્યો ૧૯૦૬માં. બ્રિટિશ સરકારે પંજાબના ખેડૂતોને અસર કરતા કેટલાક કાયદાઓ લાગુ કર્યા, જેમાંથી 'પંજાબ કોલોનાઈઝેશન બિલ' નામનો કાયદો ખેતીની જમીનના વારસાઈ હકોમાં અકારણ દખલઅંદાજી કરતો હતો. આ ઉપરાંત પાણીના દરોમાં વધારો કરવામાં આવ્યો અને સાથે જ જમીન મહેસૂલ પણ વધારવામાં આવ્યું. પંજાબના ખેડૂતો માટે આ માત્ર સરકારી કાયદા નહોતા. જમીન તેમની આજીવિકા, વારસો, પરિવારની આબરૂ અને અસ્તિત્વનો સવાલ હતી.

૧૯૦૬માં કલકત્તામાં દાદાભાઈ નવરોજીના અધ્યક્ષપદે યોજાયેલા કોંગ્રેસ અધિવેશનમાં ભાગ લીધા પછી, અજીત સિંહ



અને તેમના ભાઈઓ લોકોને જાગૃત કરવાના દ્રઢ સંકલ્પ સાથે પંજાબ પાછા ફર્યા. તેઓ બાળ ગંગાધર તિલકની પ્રખર અને આક્રમક રાષ્ટ્રવાદી વિચારસરણીથી પ્રભાવિત થઈ ચૂક્યા હતા. સૂફી અંબા પ્રસાદ અને અન્ય સાથીઓ સાથે મળીને તેમણે 'ભારતમાતા સોસાયટી'ની સ્થાપના કરી, જે રાષ્ટ્રવાદી સાહિત્ય વહેંચવાનું અને અંગ્રેજો સામે લોકોને જગાડવાનું કામ કરતી હતી.

માણસને ઘણી વાર પોતાની શક્તિઓ વિશે અંદાજ હોતો નથી. આમ પ્રજા સાથે સંપર્ક શરૂ થયો તે પછી અજીત સિંહને ખુદને અહેસાસ થયો કે સામાન્ય લોકો સાથે સીધો સંવાદ સાધવામાં તેમને સહજ ફાવટ છે. તેમણે સમગ્ર પંજાબમાં ફરીને ખેડૂતોની વિશાળ સભાઓ સંબોધી. તેમનો સંદેશ સરળ અને સ્પષ્ટ હતો: ખેડૂતોએ પોતાના હકો અને સ્વાભિમાન માટે લડવું જ પડશે. બ્રિટિશ સરકાર ડરી ગઈ. એમને સૌથી વધારે ફફડાટ ડર એ વાતનો હતો કે પંજાબના ખેડૂતોનો આ રોષ અંગ્રેજ સેનામાં ફરજ બજાવતા ભારતીય સૈનિકો સુધી પહોંચી ન જાય, કારણ કે સેનામાં મોટાભાગના સૈનિકો પંજાબમાંથી આવતા હતા.

આંદોલન સફળ રહ્યું. સરકારે ઝૂકવું પડ્યું અને પેલા વાંધાજનક કાયદા પાછા ખેંચવા પડ્યા. પંજાબના ખેડૂતો માત્ર મોદી રાજમાં જ નહીં, બ્રિટિશ કાળમાં પણ ભારે લોંઠકા સાબિત થયા છે! મે ૧૯૦૭માં લાલા

**વાત-વિચાર**

**શિશિર રામાવત**

લજપત રાયની ધરપકડ કરવામાં આવી. થોડા જ સમયમાં અજીત સિંહની પણ ધરપકડ થઈ. કોઈ પણ જાતની અદાલતી કાર્યવાહી કર્યા વગર એમને સીધા બર્મા (મ્યાનમાર)ના માંડલે ખાતે દેશનિકાલ કરવામાં આવ્યા. અજીત સિંહ માંડલેની જેલમાં હતા તે દરમિયાન, ૨૮ સપ્ટેમ્બર ૧૯૦૭ના રોજ તેમના ભત્રીજાનો જન્મ થયો. આ નવજાત શિશુ એટલે ભગત સિંહ, જે આગળ જતાં ભારતના સર્વકાલીન મહાનતમ શહીદ તરીકે અમર બની જવાનો હતો!

નવેમ્બર ૧૯૦૭માં અજીત સિંહ માંડલેથી છૂટ્યા, પણ અંગ્રેજો સતત તેમની જાસૂસી કરતા રહ્યા. અજીત સિંહ સમજી ગયા કે ગમે ત્યારે મારી ફરીથી ધરપકડ થઈ શકે છે. તેથી ૧૯૦૯માં તેઓ સૂફી અંબાપ્રસાદ સાથે ગુપચુપ ભારત છોડીને નીકળી ગયા.

અજીત સિંહ પહેલાં ઈરાન અને તુર્કી ગયા, ત્યારબાદ ફ્રાન્સ અને સ્વિટ્ઝર્લેન્ડ. તેમણે ખોટાં નામો ધારણ કર્યાં, ભારતીય ક્રાંતિકારીઓ સાથે સંપર્કો વધાર્યા અને સામ્રાજ્યવાદ સામે લડતા લોકોનું એક આંતરરાષ્ટ્રીય નેટવર્ક ઊભું કર્યું. યુરોપમાં તેઓ લાલા હરદયાળ, લિયોન ટ્રોટ્સ્કી અને બેનિટો મુસોલિની જેવી વિવિધ વિચારધારા ધરાવતા લોકોને મળ્યા. તેઓ હવે માત્ર એક પંજાબી નેતા ન હતા, હવે તેઓ એક આંતરરાષ્ટ્રીય ક્રાંતિકારી બની ચૂક્યા હતા! ૧૯૧૪માં તેઓ બ્રાઝિલ ગયા. આજથી સો-સવાસો વર્ષ પહેલાં એક ભારતીય ક્રાંતિકારી માટે બ્રાઝિલ પહોંચે તે વાત જ ભારે રોમાંચક લાગે છે. અહીં તેમણે

**ચાર દાયકા સુધી દેશનિકાલ ભોગવનાર ક્રાંતિકારી સરદાર અજિત સિંહે ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ની વહેલી સવારે આશરે સાડાત્રણ વાગ્યે અંતિમ શ્વાસ લીધા. એમના મૃત્યુની થોડી જ ક્ષણો બાદ ભારતમાં આઝાદીનો સૂર્યોદય થયો. લોકવાયકા તો એવી છે કે અજીત સિંહે આઝાદીની ઘોષણા સાંભળવા માટે જ પોતાનો અતિમ શ્વાસ બચાવીને રાખ્યો હતો...**

૧૮ વર્ષ વિતાવ્યા, ઉત્તર અમેરિકાના 'ગદર નેટવર્ક' સહિતના ક્રાંતિકારીઓ સાથે સંપર્ક જાળવી રાખ્યો.

અજીતસિંહ દેશ-વિદેશમાં ભટકી રહ્યા હતા, ત્યારે બીજી બાજુ પંજાબમાં તેમની પત્ની હરનામ કૌર એકલાં પડી ગયાં હતાં. તેમને કોઈ સંતાન નહોતું. વર્ષો સુધી હરનામ કૌરને ખબર સુધ્ધાં નહોતી કે તેમનો પતિ ક્યાં છે કે જીવે પણ છે કે નહીં. ૧૯૧૨માં પરિવારને થોડી માહિતી મળી, પણ સીધો સંપર્ક થઈ શકે તેમ નહોતો. છેવટે ૧૯૨૮માં અમેરિકન એક્ટિવિસ્ટ એગ્નેસ સ્મેડલીની મદદથી રિયો ડી જાનેરોમાં રહેતા અજીત સિંહનું સરનામું ભગત સિંહ અને તેમના સાથીઓને મળ્યું. દેશની આઝાદીની લડતમાં ઊતરી ચૂકેલા ભગત સિંહ સમાંતરે પોતાના રહસ્યમય કાકાની શોધ પણ કરી રહ્યા હતા!

ભગતસિંહ મોટા થઈ રહ્યા હતા ત્યારે અજીતકાકા ભલે એમની આસપાસ નહોતા, પણ યુવાન ભગતસિંહના વિચારો પર કાકાનો ભારે પ્રભાવ હતો. દાયકાઓ સુધી ગાયબ રહેલા આ ક્રાંતિકારી કાકા પરિવાર માટે પણ એક દંતકથા સમાન બની ગયા હતા. કાકા-ભત્રીજાએ એકબીજાનો સંપર્ક કરવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો. એવા પુરાવા પણ મળે છે કે ભગત સિંહને ફાંસીથી બચાવવાની અજીતસિંહે કોશિશ સુધ્ધાં કરેલી.

૧૯૩૦ના દાયકામાં અજીત સિંહ યુરોપ પાછા ફર્યા. ફ્રાન્સ, સ્વિટ્ઝર્લેન્ડ અને જર્મનીમાં રહીને ક્રાંતિકારીઓ સાથેના સંપર્કો પુનઃજીવિત કર્યા. સુભાષચંદ્ર બોઝને પણ મળ્યા. બીજું વિશ્વયુદ્ધ નજીક આવતાં અજીત સિંહ ઈટાલી ગયા અને 'ફ્રેન્ડ્સ આૅફ ઈન્ડિયા સોસાયટી'ની સ્થાપના કરી. આજે કદાચ ઈટાલી અને સાથી રાષ્ટ્રો સાથેનો તેમનો સંબંધ વિવાદાસ્પદ લાગી શકે, પરંતુ તેમનો એકમાત્ર ઉદ્દેશ્ય અંગ્રેજોની ગુલામીમાંથી ભારતને મુક્ત કરાવવાનો હતો - સુભાષચંદ્ર બોઝની જેમ! ઈટાલીની હાર થતાં અજીત સિંહની ધરપકડ થઈ. તેમને પહેલાં ઈટાલી અને પછી જર્મનીની જેલમાં રાખવામાં આવ્યા. વર્ષોના દેશવટા, કેદ અને અપાર કઠણાઈઓને કારણે એમની તબિયત ન લથડે તો જ નવાઈ.

આ બાજુ ભારતમાં પરિસ્થિતિ ઝપાટાભેર બદલાઈ રહી હતી. અંગ્રેજો ભારત છોડવાની તૈયારીમાં હતા. અજીત સિંહની બગડતી તબિયતના સમાચાર મળતાં ભારતીય નેતાઓએ જવાહરલાલ નેહરુને હસ્તક્ષેપ કરવા વિનંતી કરી. સદનસીબે આ પ્રયાસો સફળ રહ્યા. સરદાર અજીત સિંહને મુક્ત કરવામાં આવ્યા. વાયા લંડન થઈને તેઓ ભારત આવ્યા. ૭ માર્ચ, ૧૯૪૭ના રોજ, લગભગ ૩૮ વર્ષ પછી, ૬૬ વર્ષની ઉંમરે અજીત સિંહે માતૃભૂમિ પર પગ મૂક્યો. જરા કલ્પના કરો. ૧૯૦૯માં જે યુવાન વિદ્રોહી બનીને દેશ છોડીને ભાગ્યો હતો તે હવે એક વૃદ્ધ અને બીમાર માણસ બનીને પાછો ફર્યો હતો. ભત્રીજા ભગત સિંહને ફાંસી અપાયાને ૧૬ વર્ષ વીતી ચૂક્યાં હતાં. તેમનું પોતાનું યૌવન સમાપ્ત થઈ ગયું હતું... પણ જે સપના માટે તેમણે પોતાનું સર્વસ્વ ન્યોછાવર કર્યું હતું, તે આઝાદી હવે નજર સામે હતી.

૧૯૪૭ના એપ્રિલ મહિનામાં તેઓ લાહોર પહોંચ્યા ત્યારે તેમનું ભવ્ય સ્વાગત થયું. પરંતુ તેમની તબિયત ઝપાટાભેર બગડતી જતી હતી. પહાડોની ચોખ્ખી હવામાં સ્વાસ્થ્ય સુધરશે તેવી આશા સાથે તેમને જુલાઈમાં ડેલહાઉસી લઈ જવામાં આવ્યા, પરંતુ તેમનું આયુષ્ય હવે અંત તરફ આગળ વધી રહ્યું હતું.

...અને પછી આવ્યો ૧૪ ઓગસ્ટનો એ ઐતિહાસિક દિવસ. દેશ આઝાદ થઈ રહ્યો હતો. અજીત સિંહે જવાહરલાલ નેહરુનું ભાષણ સાંભળ્યું. જે દેશ માટે તેમણે આખી જિંદગી કુરબાન કરી દીધી હતી તે દેશ આખરે મુક્ત થઈ ગયો છે તે વાતની પ્રતીતિથી તેઓ અત્યંત ભાવુક થઈ ગયા. તઓ માત્ર આટલું જ બોલી શક્યા: 'જય હિન્દ...'

...અને ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ની વહેલી સવારે આશરે ૩:૩૦ વાગ્યે સરદાર અજીત સિંહે અંતિમ શ્વાસ લીધા. એમના મૃત્યુની થોડી જ ક્ષણો પછી ભારતમાં આઝાદીનો સૂર્યોદય થયો. લોકવાયકા તો એવી છે કે અજીત સિંહે આઝાદીની ઘોષણા સાંભળવા માટે જ પોતાનો અતિમ શ્વાસ બચાવીને રાખ્યો હતો.

કેવું ભવ્ય જીવન... કેવું સુંદર મોત!

# ભૌગોલિક સીમાંકનથી આઝાદી આપી, કામધંધા પ્રમાણે બેઠકો રાખો

આઝાદી પર્વ નિમિત્તે કોઈએ ભાષણ કરવા નહિ બોલાવતાં પાંચ-સાત નેતાઓ નવરા બેઠા બેઠા ચર્ચાએ ચઢ્યા.

**નેતા ૧ :** સાચું કહું, આ દર આઝાદી દિને મને ખ્યાલ આવે છે કે આપણે જનપ્રતિનિધિત્વના નામે ફીફાં જ ખાંડ્યાં છે, ફીફાં...

**નેતા ૩ :** લ્યા, આ લવારીએ ચઢ્યો છે, એને કોઈ ઘરે મૂકી આવો. આપણા ધંધામાં નિખાલસતા ન પોસાય.



**નેતા ૧ :** ભઈ, મારાતમારા બધાના ધંધાની જ વાત કરું છું. અત્યારે સીમાંકનની ચર્ચા ચાલે છે તો મને યાદ આવ્યું કે લોકસભાના દરેક સભ્યએ તેના મતવિસ્તારના ખેડૂતો, ઉદ્યોગપતિઓ, કામદારો બધાનું ધ્યાન રાખવાનું કે નહીં.

**નેતા ૪ :** હી-હી-હી... કોણ રાખે છે?

**નેતા ૧ :** બી સિરિયસ, યાર. મારો પ્રસ્તાવ છે કે નવાં સીમાંકનમાં ભૌગોલિક વિસ્તારને બદલે વ્યવસાય પ્રમાણે જ બધી બેઠકો નક્કી થાય. લોકસભામાં ખેડૂતોની ૫૦ બેઠકો હોય, ઉદ્યોગપતિઓની ૪૦ હોય, શિક્ષકોની ૧૦ હોય, ડોક્ટરોની બે ને ફિલ્મ કલાકારોની પાંચ હોય તો

**અગડમ્ બગડમ્**

**બાબા આદમ**

ચૂંટણીમાં કેવી મજા પડી જાય.

**નેતા ૨ :** સોલિડ! લાયો હો બાકી ...જો સરકારી કર્મચારીઓ અને શેર બજારના ટ્રેડરાના મત તો સો ટકા વિપક્ષમાં જ પડે. અત્યારની દેશની હાલત જોઈએ તો વિદ્યાર્થી વર્ગની તો બધી બેઠકો સાગમટે વિપક્ષમાં જ જાય એમ લાગે છે. બાકી નવા જમાના પ્રમાણે સોશિયલ મીડિયા ઈન્ફલુએન્સર પણ

**વિસ્તાર પ્રમાણે બેઠકોને બદલે કલાકાર, ઉદ્યોગપતિઓ, શિક્ષકો જેવી બેઠકો હોય તો કેવી ચૂંટણી જામે**

સોએક બેઠક માગી શકે છે.

**નેતા ૩ :** લ્યા, રહેવા દો. લોચા પડશે લોચા. બે-ત્રણ ધંધા કરનારા તો કેટલાય છે. અમુક મતદારો શિક્ષક પણ હોય અને ગોરપદું પણ કરતા હોય તો તેમને શિક્ષકની બેઠકમાં ગણવાના કે ગોરની બેઠકમાં? કેટલાય બિલ્ડરો ઓન પેપર તો ખેડૂત જ હોય છે. અમુક સરકારી કર્મચારીઓ તો પાછા સાહિત્યકાર પણ હોય છે. હું તો એવા ડોક્ટરોને પણ ઓળખું છું જે ડોક્ટરી કરતાં શેર ટ્રેડિંગમાંથી વધારે કમાય છે ને પાછા રીલ પણ બનાવે છે. તો આ બધાને શું બે-બે ત્રણ ત્રણ મત આપવા દેવાના?

**નેતા ૪ :** લ્યા, સૌથી મોટી જોક તો આપણા ધંધા એટલે કે રાજકારણીઓની બેઠક બાબતે થશે. આપણે તો સબ બંદર કા વેપારી છીએ. સમય આવ્યે ખેડૂત બની જઈએ ને સમય આવ્યે કામદાર. આપણે બધા પાછા ઉદ્યોગપતિ, ટ્રેડર અને બિલ્ડર તો ખરા જ. હવે તો આપણે રીલ બનાવીને સોશિયલ મીડિયા ઈન્ફ્લ્યુએન્સર પણ થવા લાગ્યા છીએ. જો પ્રોફેશન પ્રમાણે મતદાર મંડળ બને તો એક-એક નેતાના નામ દસ-દસ મતદાર મંડળમાં હોય એ પાકું.

**નેતા ૧ :** ભલેને લોકો બે-પાંચ મત આપે. એ બહાને લોકોને સરકાર માટે પ્રેમ અને દાઝ બંને વ્યક્ત કરવાનો અવસર મળશે...

બધા નેતાઓએ ભેગા મળી આ નેતાને ભગાડી મૂક્યા.

**આદમનું અડપલું**

**પહેલાં આંદોલનથી આઝાદી મળી, હવે એવી સરકારો મળી જે માંગે છે આંદોલનોથી જ આઝાદી...**

## ત્રિરંગા યાત્રામાં દેશભક્તિ છલક છલક થતી હતી

# વંદેમાતરમની ગૂંજથી લાલ કિલ્લો પ્રથમવાર ગાજશે: માં તુઝે સલામ

આજે ૧૫ ઓગસ્ટ. વંદે માતરમના ૧૫૦ વર્ષની ઉજવણી નિમિત્તે ત્રિરંગા યાત્રા દેશભરમાં જોવા મળી રહી છે. જેમ શ્રાવણ માસમાં ભક્તિનું ઘોડાપૂર જોવા મળે છે, એમ ત્રિરંગા યાત્રામાં પણ દેશભક્તિ છલકાતી જોવા મળી હતી. વિવિધ યાત્રાઓ લોકોને નજીક લાવવાનું કામ કરે છે. ત્રિરંગા યાત્રાનું જે રીતે મેનેજમેન્ટ થઈ રહ્યું છે, તે જોતાં એમ લાગે છે કે આગામી વરસોમાં તે ભગવાન જગન્નાથની રથયાત્રાની જેમ ભવ્ય અને પ્રેક્ષણીય બની જશે.

આવું થાય તો તે બહુ સારી વાત બનશે, કેમ કે આવા કાર્યક્રમોથી લોકોમાં ભરેલી દેશભાવના અને દેશદાઝ જાગૃત થાય છે. ૧૫ ઓગસ્ટ અને ૨૬ જાન્યુઆરી બે દિવસો એવા છે કે જેમાં આપણે ત્રિરંગાને સેલ્યુટ કરીએ છીએ અને આઝાદી મેળવવાના સંઘર્ષને યાદ કરીએ છીએ. હવે તેમાં ત્રિરંગા યાત્રા પણ ઉમેરાશે.



ગયા ગુરુવારે જ્યારે લોકસભાના ચોમાસુ સત્રનો છેલ્લો દિવસ હતો ત્યારે પહેલીવાર સંસદ વંદે માતરમથી ગુંજી ઉઠી હતી. જ્યારે વંદે માતરમ ગવાયું ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને વિપક્ષના નેતા રાહુલ ગાંધી પણ હતા, તેમજ લોકસભાના તમામ સભ્યો પણ હાજર હતા. દરેકના ચહેરા પર ગર્વ અને દેશાભિમાન જોવા મળતું હતું.

લોકસભા પછી રાજ્યસભામાં પણ વંદે માતરમ ગવાયું હતું અને દરેક સભ્યે તેને માન આપ્યું હતું. રાષ્ટ્રવાદ દરેક નાગરિકમાં જોવા મળે છે.

લાલ કિલ્લો વંદે માતરમથી ગુંજી ઉઠશે. રાષ્ટ્રપતિએ કાયદાકીય મંજૂરી આપતાં હવે લાલ કિલ્લા પર વંદે માતરમને સ્થાન મળશે. જ્યારે સંસદમાં તેનું બિલ પસાર થયું છે, જેમાં વંદે માતરમનું અપમાન કરનારા સામે કાયદેસરનાં પગલાં ભરવાની પણ જોગવાઈ છે.

આઝાદીની ચળવળ વખતે વંદે માતરમ દેશભક્તિ જગાડતું સ્લોગન હતું. એક વર્ગ દ્વારા તેનો વિરોધ થતો હતા કે તેની પંક્તિઓમાં દેવીનો ઉલ્લેખ થાય છે. લઘુમતી કોમના તુષ્ટિકરણમાં વ્યસ્ત રાજકીય પક્ષો, ખાસ કરીને કોંગ્રેસે તેનો વિરોધ કર્યો હતો.

તાજેતરમાં વંદે માતરમને કાયદાકીય રક્ષણ મળ્યું છે ત્યારે પણ કેરળમાં તેનો વિરોધ જોવા મળે છે. ૧૫૦ વર્ષ પહેલાં બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયે ભારતની કુદરતી સંપત્તિનાં ગુણગાન ગાતાં વંદે માતરમની શરૂઆત કરી હતી. તેની પછીની કડીઓ હિન્દુ દેવી-દેવતાઓ સાથે જોડાયેલી હોવાથી તેનો વિરોધ થયો હતો. આ વિરોધ પાછળ મતનું રાજકારણ પણ જોવા મળ્યું હતું.

વંદે માતરમને ૧૫૦ વર્ષ થયાં છે, પરંતુ તે કોઈ રાજકીય સભાઓ કે રેલીઓ માટે

**પ્રસંગપટ**

બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયે તૈયાર નહોતું કર્યું. તે દેશની આઝાદીનું પ્રતીક પણ નહોતું. વંદે માતરમને ૧૫૦ વર્ષ થયાં તેના માનમાં મોટાભાગની ત્રિરંગા રેલીમાં ૧૫૦ ફૂટનો રાષ્ટ્રધ્વજ જોવા મળ્યો હતો. ૧૮૭૫માં જ્યારે ભારત અંગ્રેજોના શાસન હેઠળ હતું ત્યારે બંગાળી લેખક બંકિમચંદ્રએ વંદે માતરમ લખ્યું હતુંત તે જ વર્ષમાં ૭ નવેમ્બરે તે 'બંગ દર્શન' નામના સામયિકમાં છપાયું હતું. બાદમાં તે ૧૮૮૨માં પ્રસિદ્ધ થયેલા તેમના પુસ્તક 'આનંદમઠ'માં પણ સમાવાયું હતું.

ત્યારબાદના સાત દાયકા સુધી તે રાષ્ટ્રગાનમાં નંબર ટુ તરીકે ઓળખાતું હતું. રાજકીય કારણોસર તેને સાઈડમાં ધકેલી દેવાયું હતું. જન ગણ મન સર્વત્ર ફેલાઈ ગયા પછી ફરી પાછું વંદે માતરમને પ્રાધાન્ય આપીને મોદી સરકારે ભારત માતાની માતૃવંદના કરતા ગીતને આવકાર્યું છે. વંદે માતરમનો અર્થ જ એ છે કે 'હે માતા, તમને હું વંદન કરું છું.'

વંદે માતરમ સાથે એક મહત્ત્વની વાત એ પણ છે કે વંદે માતરમ સૌપ્રથમવાર ૧૮૯૬માં કોંગ્રેસના સત્રમાં રવીન્દ્રનાથ ટાગોરે ગાયું હતું. જ્યારે ભારતમાં સ્વદેશી મૂવમેન્ટ શરૂ થઈ ત્યારે વિદેશી બનાવટની ચીજોનો બહિષ્કાર કરાયો, ત્યારે લોકો વંદે માતરમ બોલીને પોતાની સફળતાને ઉજવતા હતા. ત્યારથી વંદે માતરમ સાહિત્યજગતમાંથી બહાર નીકળીને આઝાદીની ચળવળનો ભાગ બની ગયું હતું.

અંગ્રેજ શાસકોએ પણ વંદે માતરમની ગૂંજની નોંધ લીધી હતી. કેટલાક સ્થળે વંદે માતરમ બોલવા પર અંગ્રેજોએ પ્રતિબંધ લગાવી દીધો હતો. બીજી તરફ આઝાદીની મલાઈ ખાવાની ઈચ્છા ધરાવતા લોકો વંદે માતરમમાં માત્ર હિન્દુ ટચ છે એમ કહીને વિવાદ ઊભો કરતા હતા. ૧૯૩૭માં કોંગ્રેસ વર્કિંગ કમિટીએ વંદે માતરમની માત્ર પહેલી બે કડી ગાવાનો અનુરોધ કર્યો હતો. આ રીતે લોકોમાં જોમ ઊભું કરતા વંદે માતરમ પર કાતર ફેરવી દેવાઈ હતી. સંરક્ષણ મંત્રાલયે જાહેર કર્યું છે કે ૧૫ ઓગસ્ટે લાલ કિલ્લા પર વંદે માતરમ ગૂંજશે.

છેલ્લે દેશભક્તિની ફિલ્મ 'કેસરી'ના એક ગીતના અંશ સાથે વાત પૂરી કરીએ.

*તેરી મિટ્ટી મેં મિલ જાવાં,*
*ગુલ બનકે મૈં ખિલ જાવાં*
*બસ ઈતની સી હૈ આરઝૂ..*

બોલો, વંદે.... માતરમ!

**વંદેમાતરમનો ઈતિહાસ એવો છે કે સૌપ્રથમવાર ૧૮૯૬માં કોંગ્રેસના એક સત્રમાં રવિન્દ્રનાથ ટાગોરે તે ગાયું હતું**

## અઠવાડિક ભવિષ્ય

**અગ્નિદત્ત પદ્મનાભ**
(અગ્નિહોત્રી)

**તા. ૧૬-૮-૨૦૨૬ રવિવારથી તા. ૨૨-૮-૨૦૨૬ શનિવાર સુધી**

### મેષ (અ. લ. ઈ.)

સપ્તાહના પ્રારંભમાં કામકાજ અંગે વ્યસ્તતા જણાય સીઝનલ ધંધામાં આપે ધ્યાન રાખવું પડે. સંસ્થાકીય કામમાં, જાહેર ક્ષેત્રના કામમાં આપે વ્યસ્ત રહેવાનું બને પરંતુ જેમ સપ્તાહ પસાર થતું જાય તેમ આપને કામમાં મુશ્કેલીનો અનુભવ થતો જાય. કામકાજ અંગેની દોડધામ-શ્રમ, કામના દબાણ- તણાવની અસર આપના સ્વાસ્થ્ય પર ના થાય તેની તકેદારી આપે રાખવી પડે. વાહન ચલાવવામાં ધ્યાન રાખવુ. તા. ૧૬ મોસાળ પક્ષ-સાસરી પક્ષનું કામકાજ રહે, ૧૭ મધ્યમ, ૧૮ રાજકીય-સરકારી કામ થઈ શકે, ૧૯ મહત્ત્વના કામનો ઉકેલ આવે, ૨૦ સામાજિક વ્યવહારિક કામમાં સંભાળવું, ૨૧ તબિયતની કાળજી રાખવી, ૨૨ કામમાં ઉતાવળ કરવી નહીં. સ્ત્રી વર્ગને કૌટુંબિક- પારિવારિક ચિંતા રહે, વિદ્યાર્થી વર્ગે વાહન ધીરે ચલાવવું.

### વૃષભ (બ.વ.ઉ.)

આ સપ્તાહમાં આપને કામમાં સાનુકૂળતા મળી રહે આપના કાર્યની સાથે જાહેર ક્ષેત્રના કામકાજ અંગે, સંસ્થાકીય કામકાજ અંગે વ્યસ્તતા રહે. જો કે, અન્યનો સાથ આપને મળી રહેતા રાહત રહે. કામનો ઉકેલ આવતો જાય અગત્યના નિર્ણય લેવાના હોય તો લઈ શકાય. સંતાનના પ્રશ્ને ચિંતા ઓછી થાય આકસ્મિક ખર્ચ- ખરીદી જણાય. તા. ૧૬ સંતાનના કામમાં વ્યસ્ત રહો, ૧૭ કામકાજમાં સાનુકૂળતા રહે, ૧૮ હરિફ વર્ગ- ઈર્ષ્યા કરનાર વર્ગની મુશ્કેલી રહે, ૧૯ કોર્ટ-કચેરીના કામ અંગે દોડધામ- ખર્ચ જણાય. ૨૦ અગત્યના કામનો ઉકેલ આવે, ૨૧ મિલન- મુલાકાત થાય, ૨૨ સારી. સ્ત્રી વર્ગને પતિ-સંતાનનો સાથ-સહકાર મળી રહે, વિદ્યાર્થી વર્ગને સાનુકૂળતા રહે.

### મિથુન (ક. છ. ઘ.)

સપ્તાહનો પ્રારંભ ચિંતા- ઉચાટમાં પસાર થાય. મિત્રવર્ગ માટે ખર્ચ જણાય પરંતુ જેમ સપ્તાહ પસાર થતું જાય તેમ આપને રાહત થતી જાય. નોકરી- ધંધાની સાથે બીજું કોઈ કામ આવી જતા આપના કાર્યભાર દોડધામ- શ્રમમાં વધારો થાય. જો કે, આપના કામનો ધીરે- ધીરે ઉકેલ આવતો જાય. સંતાનના કામમાં પ્રગતિ જણાય. કામનો ઉકેલ આવવાથી આનંદ થાય. તા. ૧૬ કામકાજમાં પ્રતિકુળતા રહે. ૧૭. ધીરજ અને શાંતિથી દિવસ પસાર કરી લેવો, ૧૮ આપના કામમાં વ્યસ્ત રહો, ૧૯ હર્ષ-લાભ રહે, ૨૦ કામકાજ અંગે દોડધામ- શ્રમ જણાય, ૨૧ મધ્યમ, ૨૨ ખર્ચ ખરીદી જણાય. સ્ત્રી વર્ગને મોસાળ પક્ષ, સાસરી પક્ષનું કામ રહે, વિદ્યાર્થી વર્ગે નાણાકીય લેવડદેવડમાં ધ્યાન રાખવું.

### કર્ક (ડ. હ.)

સપ્તાહ દરમ્યાન આપને સરળતા મળી રહે આપની બુદ્ધિ- આવડત- મહેનતથી આપના કામનો ઉકેલ લાવી શકો પરંતુ વાણીની સંયમતા રાખીને કામકાજ કરી લેવું સંતાનના પ્રશ્ને આપને ચિંતા- ઉચાટ- ખર્ચ જણાય. આપના કાર્યની સાથે અડોશ-પડોશના કામમાં આપે વ્યસ્ત રહેવાનું બને. જમીનના કામમાં આપે સાવધાની રાખવી પડે. મિત્રવર્ગ માટે ખર્ચ- ખરીદી જણાય તા. ૧૬ યાત્રા-પ્રવાસ થાય, ૧૭ ભાઈભાંડુનો સહકાર મળી રહે, ૧૮ કામકાજમાં રૂકાવટ મુશ્કેલી જણાય, ૧૯ માતૃપક્ષની ચિંતા જણાય, ૨૦ રૂકાવટ- વિલંબમાં પડેલ કામ ઉકેલાય, ૨૧ સારી, ૨૨ હર્ષ-લાભ રહે. સ્ત્રી વર્ગને વાણીની સંયમતા રાખવી, વિદ્યાર્થી વર્ગે અભ્યાસમાં ધ્યાન આપવું.

### સિંહ (મ. ટ.)

સપ્તાહના પ્રારંભમાં આપને સામાજિક- વ્યવહારિક કામકાજ રહે. આપના કામમાં ભાઈભાંડુ વર્ગનો સાથ-સહકાર મળી રહે પરંતુ સપ્તાહના અંતમાં આપ હરોફરો, કામકાજ કરો પરંતુ આપના હૃદય-મનને શાંતિ- રાહત જણાય નહીં. આપના કામમાં કોઈને કોઈ રૂકાવટ- મુશ્કેલી આવ્યા કરે. જમીન- મકાન- વાહનના કામમાં આપે ધીરજ રાખવી. માતૃપક્ષે બીમારી ચિંતાનું આવરણ જાય. તા. ૧૬ ધંધામાં આવક જણાય, ૧૭ સારી, ૧૮ નોકર- ચાકર વર્ગનો સાથ-સહકાર મળી રહે, ૧૯ પરદેશના કામ થઈ શકે, ૨૦ કામકાજમાં પ્રતિકૂળતા, ૨૧ ચિંતા- ઉચાટમાં વધારો થાય, ૨૨ વાહન ચલાવવામાં ધ્યાન રાખવું. સ્ત્રી વર્ગને ઘર- પરિવારની ચિંતા રહે, વિદ્યાર્થી વર્ગે મિત્રવર્ગ સાથે વાદ-વિવાદથી સંભાળવું.



### કન્યા (પ. ઠ. ણ.)

સપ્તાહ દરમ્યાન આપને ન ધારેલી સાનુકૂળતા સફળતા મળી રહે. ધીરે- ધીરે આપના કામનો ઉકેલ આવતો જાય. આપના યશ- પદ- ધનમાં વધારો થાય તેવું કામકાજ થતાં આનંદ અનુભવો. આપના કામમાં ઉપરી વર્ગ- સહકાર્યકર વર્ગ- નોકર ચાકર વર્ગનો સાથ- સહકાર મળી રહે. પરદેશના કામમાં પ્રગતિ જણાય. યાત્રા- પ્રવાસનું આયોજન ગોઠવાય. તા. ૧૬ આપના કામમાં વ્યસ્ત રહો, ૧૭ મહત્ત્વના નિર્ણય લઈ શકાય, ૧૮ કામકાજમાં સાનુકૂળતા રહે, ૧૯ ધંધામાં આવક જણાય, ૨૦ પરદેશના કામ થઈ શકે, ૨૧ અગત્યના કામ અંગે મિલન- મુલાકાત થઈ શકે, ૨૨ યાત્રા-પ્રવાસ થાય. સ્ત્રી વર્ગને કાર્ય સફળતા મળી રહે. વિદ્યાર્થી વર્ગને હર્ષ-લાભ

### તુલા (ર. ત.)

સપ્તાહના પ્રારંભમાં આપને કામમાં પ્રતિકૂળતા જણાય ખર્ચ- ખરીદી જણાય પરંતુ જેમ સપ્તાહ પસાર થતું જાય આપને રાહત થતી જાય. આપના કામમાં વ્યસ્ત થતા જાવ પરંતુ સપ્તાહના અંતમાં આપના કામની સાથે સામાજિક- વ્યવહારિક કૌટુંબિક- પારિવારિક કામકાજ અંગે આપને દોડધામ- શ્રમ- ખર્ચ જણાય. સીઝનલ ધંધામાં આપને આવક જણાય પરંતુ મહત્ત્વના નિર્ણય લેવામાં ઉતાવળ કરવી નહીં. તા. ૧૬ ચિંતા- ઉચાટ રહે, ૧૭ કામકાજમાં રૂકાવટ અનુભવાય, ૧૮ આપના કામમાં વ્યસ્ત રહો, ૧૯ સારી, ૨૦ સીઝનલ ધંધામાં આવક જણાય, ૨૧ કામકાજમાં સાનુકૂળતા રહે, ૨૨ કૌટુંબિક પારિવારિક કામકાજ રહે. સ્ત્રી વર્ગને કુટુંબ- પરિવારના કામ અંગે દોડધામ રહે. વિદ્યાર્થી વર્ગને સારું.

### વૃશ્ચિક (ન. ય.)

સપ્તાહ દરમ્યાન આપને આરોહ-અવરોહની પરિસ્થિતિનો અનુભવ થાય. ક્યારેક કામમાં વિપરીત સંજોગોનો સામનો કરવો પડે તેમ છતાં એકંદરે સપ્તાહ સારું પસાર થાય. આપના ગણત્રી ધારણા પ્રમાણેનું કામકાજ થવાથી કામ કરવાનો ઉત્સાહ વધે. મહત્ત્વના નિર્ણય લઈ શકાય. ઈચ્છિત વ્યક્તિ સાથેની મિલન- મુલાકાતથી આનંદ રહે. ખર્ચ જણાય તા. ૧૬ સીઝનલ ધંધામાં લાભ- ફાયદો જણાય, ૧૭ સંતાનના પ્રશ્નનો ઉકેલ આવે, ૧૮ ખર્ચ-ખરીદી જણાય, ૧૯ કોર્ટ-કચેરીના કામમાં ધ્યાન રાખવું, ૨૦ અગત્યના કામનો ઉકેલ આવે, ૨૧ કામકાજમાં સાનુકૂળતા રહે, ૨૨ મિલન-મુલાકાત થાય, સ્ત્રી વર્ગને પતિ- સંતાનથી હર્ષ-લાભ, વિદ્યાર્થી વર્ગને સાનુકૂળતા રહે.

### ધન (ભ. ધ. ફ. ઢ.)

સપ્તાહના પ્રારભમાં આપના કામમાં વ્યસ્ત રહી દિવસ પસાર કરી શકો. પરંતુ જેમ જેમ સપ્તાહ પસાર થાય તેમ આપને કામમાં પ્રતિકૂળતા જણાય કામમાં વિલંબ થાય. રાજકીય- સરકારી કામમાં, ખાતાકીય કામમાં આપે ઉતાવળ કરવી નહીં. આપના ગણત્રી- ધારણા અવળા પડતા આપની ચિંતા મુશ્કેલી વધે. નાણાંકીય લેવડદેવડમાં આપે ધ્યાન રાખવું પડે. તા. ૧૬ સામાજિક વ્યવહારિક કામકાજ રહે, ૧૭ મધ્યમ, ૧૮ કામકાજમાં સાનુકૂળતા મળી રહે, ૧૯ ધર્મકાર્ય- શુભકાર્ય થાય, ૨૦ બેંકના, વીમા કંપનીના, શેરોના કામમાં સાવધાની રાખવી, ૨૧ આકસ્મિક ખર્ચ ખરીદી થાય, ૨૨ કામકાજમાં રૂકાવટ જણાય સ્ત્રી વર્ગે નાણાંકીય લેવડદેવડમાં ધ્યાન રાખવું વિદ્યાર્થી વર્ગે વાદ-વિવાદથી સંભાળવું.

### મકર (ખ. જ.)

સપ્તાહ દરમ્યાન આપને સાનુકૂળતા જણાય. આપના કામમાં આકસ્મિક સરળતા મળી રહેતાં કામનો ઝડપથી ઉકેલ આવતો જાય. સીઝનલ ધંધામાં ઘરાકી જણાય આવક થાય. આપને લાભ- ફાયદો મળી રહે. સંતાનના પ્રશ્ને આપની ચિંતા- પરેશાની ઓછી થાય. સંતાનનો સાથ- સહકાર આપને મળી રહે. વાણીની મીઠાશથી સારું રહે. પરદેશના કામ થઈ શકે. ધર્મકાર્ય શુભકાર્ય થાય. તા. ૧૬ યાત્રા- પ્રવાસ, મિલન- મુલાકાત, ૧૭ પરદેશના કામમાં સરળતા રહે, ૧૮ કામકાજ અંગે દોડધામ- શ્રમ રહે, ૧૯ મધ્યમ, ૨૦ કામકાજમાં સાનુકૂળતા થતી જાય, ૨૧ સંતાનના પ્રશ્ને ચિંતા ઓછી થાય, ૨૨ ધંધામાં આવક જણાય. સ્ત્રી વર્ગને સાનુકૂળતા રહે, વિદ્યાર્થી વર્ગને અભ્યાસમાં સરળતા રહે.

### કુંભ (ગ. સ. શ. ષ.)

સપ્તાહના પ્રારંભમાં આપે સીઝનલ વાયરલ બીમારીથી સંભાળવું પડે. તબિયતની અસ્વસ્થતાને લીધે કાર્ય કરવાની ઈચ્છા થાય નહીં. આરોગ્યની બાબતમાં બેકાળજી રાખવી નહીં. પરંતુ સપ્તાહ પસાર થાય તેમ આપને રાહત થતી જાય. આપના કામમાં સરળતા થતી જાય. પરદેશના કામ અંગે મિલન- મુલાકાત થઈ શકે પરંતુ સપ્તાહના અતમાં કામકાજ અંગે દોડધામ- શ્રમ વધતા જાય. ઘર- પરિવાર- સગા- સંબંધી મિત્રવર્ગના કામમાં વ્યસ્ત રહો, તા ૧૬ વાહન ધીમે ચલાવવું, ૧૭ કામકાજમાં પ્રતિકૂળતા રહે, ૧૮ મિલન- મુલાકાત થઈ શકે. ૧૯ પરદેશના કામમાં પ્રગતિ જણાય. ૨૦ જમીન- મકાન- વાહનના કામ થઈ શકે, ૨૧ મધ્યમ, ૨૨ કામકાજ અંગે દોડધામ- શ્રમ રહે. સ્ત્રી વર્ગને મધ્યમ, વિદ્યાર્થી વર્ગને મિત્રવર્ગનો સાથ મળી રહે.

### મીન (દ. ચ. ઝ. થ.)

સપ્તાહ દરમ્યાન આપના કામનો ધીરે ધીરે ઉકેલ આવતો જાય. આપના કામમાં સાનુકૂળતા મળી રહે. સહકાર્યકર વર્ગ- નોકરચાકર વર્ગ આપને મદદરૂપ થવાના પ્રયાસ કરે. દેશ પરદેશના કામમાં, આયાત નિકાસના કામમાં સાનુકૂળતા મળી રહે. અગત્યના કામકાજ અંગે મિલન- મુલાકાત થઈ શકે. જૂના સ્વજન- સ્નેહી- મિત્રવર્ગની મુલાકાતથી આનંદ રહે, ધર્મકાર્ય- શુભકાર્ય થવાથી હૃદય- મન પ્રસન્નતા અનુભવે. તા. ૧૬ સારી, ૧૭ આપના કામમાં વ્યસ્ત રહો, ૧૮ કામકાજમાં પ્રતિકૂળતા રહે, ૧૯ કૌટુંબિક- પારિવારિક ચિંતા જણાય, ૨૦ કામમાં સાનુકૂળતા થતી જાય, ૨૧ નોકરી- ધંધાર્થે બહાર કે બહારગામ જવું પડે, ૨૨ ભાઈભાંડુનો સહકાર રહે, સ્ત્રી વર્ગને હર્ષ- લાભ, વિદ્યાર્થી વર્ગને સાનુકૂળતા રહે.

# નવસારીમાં હીરાના વેપારી સાથે રૂા.૧૦.૫૩ કરોડની છેતરપિંડી

નવસારી,શુક્રવાર

નવસારીના ઈન્વેસ્ટમેન્ટ સંચાલક સામે સુરતના હીરાના વેપારીએ રૂ.૧૦.૫૭ કરોડની છેતરપિંડીની ફરિયાદ આપતા ટાઉન પોલીસે ગુનો નોંધી કાર્યવાહી શરૂ કરી છે. હીરાના વેપારીના પરિવારના કુલ ૧૪ લોકોના પોસ્ટમાં બચત ખાતા ખોલાવી તેમાં જમા કરવાની રકમ ચાઉં કરી ગયો હતો. એક સપ્તાહ અગાઉ તેની વિરૂદ્ધ એન.આર.આઈ. સાથે રૂ.૧.૯૪ કરોડ ફ્રોડનો ગુનો દાખલ થયો હતો.

## પરિવારના ૧૪ સભ્યોના પોસ્ટના બચત ખાતામાં જમા કરાવવાની રકમ ચાઉં કરનાર સુરેન્દ્ર ગાંધી સામે ૧.૯૪ કરોડની ઠગાઈનો ગુનો પણ નોંધાયો છે

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ સુરતના વેસુ ખાતે આવેલા અમોટા ટાવર સ્થિત રહેતા હીરાના વેપારી અવિનાશ અશોકભાઈ શાહ (ઉ.વ.૫૩)એ નવસારી ટાઉન પોલીસમાં ફરિયાદ આપી હતી કે નવસારીના સત્તાપીર ખાતે આવેલા હીરાપન્ના એપાર્ટમેન્ટમાં તેમની પેઢી મહિમા જેમ્સ થકી હીરાનો વ્યવસાય કરે છે. વર્ષ ૨૦૨૦થી સુરેન્દ્ર ગાંધીએ વિવિધ બચત સ્કીમોમાં રોકાણ કરવા માટે સંમત કર્યા હતા. લાંબા ગાળાનો વિચાર કરીને, અવિનાશ શાહએ પોસ્ટલ સેવિંગ્સ એકાઉન્ટમાં રોકાણ શરૂ કર્યું હતું. ગત વર્ષ ૨૦૨૫ ઉન, મુનસાડ ખાતે આવેલી જમીન વેચી હતી. જેના રૂપિયામાંથી પત્ની, પુત્રીઓ, પુત્રો, ભાઈ-બહેન એમ પરિવારના કુલ ૧૪ લોકોના નામથી સેવિંગ્સ એકાઉન્ટ શરૂ કરાવ્યું હતું.

વર્ષ-૨૦૨૧થી ૨૫ દરમિયાન ચેક એન.ઈ.એફ.ટી. ઓનલાઈનથી રૂપિયા ભરવા માટે બચત ખાતામાંથી આપ્યા હતા. સુરેન્દ્ર ગાંધીએ પોસ્ટમાં પોતે એજન્ટ હોવાથી પોસ્ટમાં ખાતુ ખોલાવવા કે.વાય.સી.થી લઈ ડિપોઝિટની રકમ જમા કરાવી આપવાની પાસબુકમાં એન્ટ્રી કરવા સહિત મારી જવાબદારી છે. આથી તમે નચિંત રહેજો એવી ખાતરી આપી હતી. પોતાના ધંધામાંથી ટાઈમ કાઢી આ કામ કરવું નહીં પડે તેથી હીરાના વેપારીને નિરાંત થઈ હતી. તેમનો વિશ્વાસ સંપાદન કરીને સુરેન્દ્ર ગાંધીએ વેપારીને બાટલીમાં ઉતારી દીધો હતો.

કુલ ૬૧ વખત ખાતાઓમાં રકમ જમા કરાવી હતી. વેપારીના ખાતામાંથી જે રકમ તેમના પોસ્ટના બચત ખાતામાં જમા કરાવ્યા હતા. તેમાંથી વેપારીની જાણ બહાર કે ચેકથી મોટી રકમનો ઉપાડ થયો હતો. જે વેપારીના નામે સુરેન્દ્ર ગાંધીએ કર્યો હતો. બોગસ સહી કરી હતી.

વેપારીએ ચકાસણી કરતા તેમની ચેકબુકના નંબરના ચેક નહતા. ખોટી પાસબુકમાં ખોટી એન્ટ્રીઓ પાડી રૂપિયા જમા હોવાનું દર્શાવી છેતરપિંડી કરી હોવાનું બહાર આવતા ભોગ બનનાર અવિનાશ શાહએ નવસારી ટાઉનમાં રૂ. ૧૦.૫૩ કરોડનો ફ્રોડની ફરિયાદ આપતા પોલીસે સુરેન્દ્ર જગદીશભાઈ ગાંધી (રહે. બી-૦૫, સ્વયં બંગ્લોઝ, પારસી હોસ્પિટલની સામે, નવસારી) વિરૂદ્ધ વિશ્વાસઘાત, છેતરપિંડીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### કોણે કેટલી રકમ ગુમાવી..

| નામ | રકમ |
| --- | --- |
| ફરિયાદી અવનિશ શાહ | રૂ.૧.૩ કરોડ |
| તેમના પિતા અશોકભાઈ શાહ | રૂ.૯૬.૩૨ લાખ |
| માતા મયૂરીબેન શાહ | રૂ. ૮૪.૧૫ લાખ |
| ભાઈ સમ્રાટ શાહ | રૂ.૬૭.૭૪ લાખ |
| ભાઈ સિદ્ધાર્થ શાહ | રૂ.૮૮.૨૨ લાખ |
| હેતલબેન | રૂ.૮૨.૯૩ લાખ |
| નીતાબેન શાહ | રૂ.૧.૧ કરોડ |
| નેન્સી શાહ | રૂા.૭૯.૪૨ લાખ |
| સલોની શાહ | રૂ.૫૯.૯૮ લાખ |
| કશિશ શાહ | રૂ.૬૪.૯૮ લાખ |
| મહિમા શાહ | રૂ.૬૬.૭૭ લાખ |
| દેવ શાહ | રૂ.૬૪.૮૭ લાખ |
| કરણ શાહ | રૂ.૬૪.૮૩ લાખ અને |
| જયેશ શાહ | રૂ.૧.૯૫ લાખ |

## સૂત્રધારના બેન્ક એકાઉન્ટમાં શંકાસ્પદ ટ્રાન્જેક્શન મળ્યા

(પ્રતિનિધિદ્વારા) વડોદરા,શુક્રવાર

ઓનલાઈન ગ્રાહકો માટે નગ્ન અને અશ્લીલ હરકતો કરતી યુવતીઓને રાખવાના રેકેટમાં પકડાયેલા આરોપીના વધુ રિમાન્ડ મેળવી માંજલપુર પોલીસે તપાસ શરૂ કરી છે.

માંજલપુર પોલીસે મળેલી માહિતીના આધારે માંજલપુર દરબાર ચોકડી પાસે પ્રકૃતિ ફ્લેટમાં ચાલતા અશ્લીલતાના રેકેટનો પર્દાફાશ કર્યો હતો. જેમાં મુખ્ય સૂત્રધાર મનીષ કનુભાઈ પઢિયાર (રહે. દુર્ગા હાઈટ્સ, સન સિટિ સામે, માંજલપુર) બહારથી યુવતીઓને લાવી પોતાના ફ્લેટમાં રાખતો હતો. પોલીસે વધુ રિમાન્ડ માગતા જણાવ્યું હતું કે, ઓનલાઈન ગ્રાહકોના ટ્રાન્જેક્શન ઉપરાંત અન્ય લોકોના એકાઉન્ટમાંથી પણ આરોપીના એકાઉન્ટમાં રૂપિયા ટ્રાન્સફર થયા છે. જે શંકાસ્પદ હોઈ તેની તપાસ કરવાની છે. કોર્ટે આરોપીના આગામી ૧૭મી તારીખ સુધીના વધુ રિમાન્ડ મંજૂર કર્યા છે.
















# ગુજરાત સમાચાર ક્લાસિફાઈડ્સ

CLASSIFIEDS | ટચૂકડી જાહેરખબર

PROPERTY | MATRIMONIAL | BUSINESS | AUTOMOBILES | JOB | SERVICES

Call : +91 8799236054

ટચૂકડી જાહેરખબર આપો હવે સપ્તાહમાં છ દિવસ (મંગળવારથી રવિવાર સુધી)

## સ્ટાફ

### એકાઉન્ટ

Senior and Junior Audit Assistant having 2 to 5 years experienced in Bank Audit, or Tax Audit, GST will be preferred. CA Inter/ Bcom with experiance. Send yr cv rsudhirshah@hotmail.com WhatsApp 9824833240.

### ઓફિસસ્ટાફ

કારેલીબાગમાં એડવોકેટની ઓફિસ માટે લેડીઝ આસિસ્ટન્ટ/ ક્લાર્કની જરૂર છે. 9904075365

### જનરલ

દવાની ડીલેવરી માટે ડીલેવરી બોય જોઈએ છે 8732993699

શનિવાર રવિવાર લીફ્લેટ વહેંચવા ગેંડા સર્કલ પાસે માણસ જોઈએ. 8735095935

જોઈએ છે. ટ્રાન્સફોર્મર્સ કંપનીમાં અનુભવી ઈલેક્ટ્રીશીયન- વાયરમેન (કંપની અને સાઈટ વિઝિટ ટ્રાન્સફોર્મર ઈન્સ્ટોલેશન) હેલ્પર ફિટર, વેલ્ડર. રૂબરૂ સંપર્ક 3 થી 5. ગુજરાત ટ્રાન્સફોર્મર્સ પ્રા. લિ., શેફ્લર ઈન્ડિયા લિ. નજીક, માણેજા.

માણેજા વડોદરા સ્થિત નામાંકિત કંપનીમાં સફાઈ સુપરવાઈઝરની જરૂર છે PF, ESI, કેન્ટીન સુવિધા ઉપલબ્ધ છે 7600951314

જોઈએ છે આજવા રોડ પર આવેલી બિલ્ડિંગ મટિરિયલની દુકાનમાં કામ કરી શકે તેવા મહેનતુ અને વિશ્વાસનીય છોકરાની તાત્કાલિક જરૂર છે. 9429950769

ફાસ્ટફૂડમાં કામ કરી શકે તેવા છોકરા છોકરીઓની જરૂર છે પગાર 12,000/-થી 25,000/- Burger Bomb, OP Road. 7779074762

IOCL Railway retired person ઘરબેઠા 50k કમાવો. Meera 7600619861.

Looking for an extra income of 50,000 Working Professionals, Retired Individuals, Male & Female, Flexible Working Hours. 9998484909.

શેલ પેટ્રોલપંપ પર પેટ્રોલ ભરવા માટે છોકરાઓ જોઈએ છે. શેલ પેટ્રોલપંપ ભાયલી અને શેલ પેટ્રોલપંપ સમા સાવલી માટે. મહેશ નિર્મલ 7405057348. ચંદ્રકાંત શર્મા 8141528538.

સોફ્ટવેર ડેવલપરની જરૂર છે (ઈન્ટર્ન/ Graduate/ અનુભવી) તમારું Resume inquiryunitechsolutions@gmail.com પર મોકલો.

જોઈએ છે. રિસેપ્શનિસ્ટ અલકાપુરી ફુલ ડે હાફ ડે વોટ્સએપ 7878954455

ગોડાઉન માટે છોકરા અને છોકરીઓ જોઈએ છે પ્રતાપનગર વિસ્તારમાં 9909007641

વાસના ભાયલીમાં લોન્ડ્રી ઈસ્ત્રી માટે પ્રેસમેન/ સ્ત્રી જોઈએ છે: પાર્ટ-ટાઈમ (6,000) ફુલ ટાઈમ (12,000) Ph: 9099923995.

## સેલ્સ માર્કેટીંગ

### સેલ્સ એક્ઝિક્યુટીવ

માર્કેટિંગ એક્ઝિક્યુટિવ 2 થી 3 વર્ષનો અનુભવ. 9898084951

Require for (Duke Pipes Private Ltd) Sr. Sales Executives- 5 and Project Sales-1, Experience- 2- 3 years in Sales. for Baroda, Send Resume on hrd@dukepipes.com, gujarat.ahmedabad@dukepipes.com, Mo.- 6355026884, 9408701758

Required Male Field Executive- For a Real Estate Office- Oldpadra Road- 20000 Salary+ Incentive (No Target) 9773076392

### જનરલ

Required Business Development Executive– Exports professional to drive our International Business. Graduate/ Engineer; MBA Experience: 3–8 years in Export Business Development Preferred: Industrial Equipment/ Instrumentation/ Automation/ Environmental Monitoring Send CV: hr@primaequipment.com

## કોમ્પ્યુટર

### જનરલ

સર્વિસ ફર્મ ને લેડી કોમ્પ્યુટર ઓપરેટર અને હેલ્પર જોઈએ છે. સેલેરી 12000, પ્રથમ ઈન્ફોરપોરેટ, કારેલીબાગ (મો) 9824378971

## ટેકનીકલ

### ટેકનીશીયન

મકરપુરા Gidc માં વેલ્ડરની જરૂર છે. 9825252760

જોઈએ છે AC ટેકનિશિયન અનુભવી- બીન અનુભવી. દ્વારકેશ રેફ્રિજરેશન એન્ડ ઈલેક્ટ્રિકલ, વડસર રોડ, 9824419620.

### જનરલ

આઈટીઆઈ ફ્રેશર 10/ 12 પાસ મેલ (25) ડીઝલ શિફ્ટ માટે મકરપુરા પગાર ધોરણ સરકારી નિયમ મુજબ બધા લાભ મળશે. તાત્કાલિક કોલ કરો. 7229016166, 8153969680

## જનરલ

### બ્યુટીશીયન

હેલ્પર બ્યુટીશીયન છોકરીઓ જોઈએ, 6 મહિના જોબ અનુભવ જરૂરી, મકરપુરા રોડ/ જેતલપુર રોડ. 9408919573

બ્યુટીપાર્લર માટે 10 વર્ષથી વધુ અનુભવ ધરાવતી મહિલા બ્યુટિશિયન જોઈએ છે. કારેલીબાગ. 9974920628

બ્યુટીપાર્લર માટે બ્યુટીશીયન જોઈએ છે. હરણી, વડોદરા. M. 7698892115

### ગૃહ કાર્ય

જોઈએ છે માંજલપુરમાં સાઈ ચોકી પાસે સવારથી સાંજે રહીને ઘરકામ અને જમવાનું બનાવી શકે તેવા બેન સંપર્ક સાંજે 4 થી 6 મોબાઈલ 9408771416

### ડ્રાઈવર

ગોરવા વિસ્તારની કંપની માટે ડ્રાઈવર જોઈએ છે. (મો.) 9725026828

## લગ્ન વિષયક

### બ્રાહ્મણ

સ્માર્ટ કન્યા જોઈએ છે લંડન વેલસેટ સ્માર્ટ હેન્ડસમ બ્રાહ્મણ યુવક ઉંમર 33 માસ્ટર ડિગ્રી ઉંચાઈ 6 ફુટ લંડન સેટલ કન્યા આવકાર્ય. (જ્ઞાતિબાધ નથી) Mo.- વોટ્સએપ 9904290644.

### વૈષ્ણવ

વૈષ્ણવ કુંવારા યુવક જન્મ 1985, ઉંચાઈ 5' 8", 75 kg, BBA MBA સ્વતંત્ર બિઝનેસ ધરાવતાં વેલસેટ માટે યોગ્ય યુવતી આવકાર્ય. 7572927236

Gujarati Vaishnav Vanik Business Family invites proposals for their unmarried daughter, 35 years/ 5ft/ 55 kg, MS (IST), USA. Currently working in the Family Business in Vadodara, from well educated well settled unmarried grooms of uppercaste families.WhatsApp/ Call: 8320650575, Email: groomfornirali@gmail.com

BE Civil વડોદરા સ્થિત વૈષ્ણવ વણિક યુવક ઓક્ટોબર 1999, 6' સારી આવક ધરાવતા માટે શિક્ષિત યુવતીનો બાયોડેટા આવકાર્ય છે મો 7600251960

### જૈન

જૈન યુવક 1985 BBA MBA માટે યોગ્ય પાત્ર આવકાર્ય. 8980655566

### પટેલ

લગ્ન વિષયક ગુજરાતી લે. પટેલ યુવક વર્ષ 27, હાલ ઓસ્ટ્રેલિયા કાયમી ગવર્મેન્ટ નોકરી કરતા યુવક માટે ઉચ્ચ અભ્યાસ કરેલ ઉચ્ચ જ્ઞાતિની યુવતીઓના વાલીઓએ સંપર્ક કરવો. 9824561947

લગ્ન વિષયક અમેરિકન સીટીઝન યુવક ઉંમર 38 વર્ષ, ઉચ્ચ હોદ્દો - ઉચ્ચ પગાર પટેલ યુવક માટે યુવતીઓના વાલીઓ સંપર્ક- 9725956772

હાઈલી એજ્યુકેટેડ, ગુડલુકિંગ અને સંસ્કારી ફેમીલીના NRI/LOCAL પાત્રો પસંદગી માટે મળે
NRI Specialist
બંધન મૅરેજ બ્યુરો
www.bandhanmarry.com
709, વિશ્વ ઝવેરી, શ્યામલ ચાર રસ્તા, સેટેલાઈટ
Whatsapp 9429085843

## સીટી

### વેચવાનું છે

બાજવાડા વાયુદેવતાના ખાંચામાં ફ્લેટ ત્રીજે માળે વેચવાનો છે. (મો) 9725026893

ગજાનન રેસીડેન્સી 2 BHK પ્રીમિયમ ફ્લેટો ડુંગરેજ ગણપતિ મંદિર અને સાંઈનાથ મંદિરના સાનિધ્યમાં, વાડી મહાદેવ તળાવ પાસે 9558868276

માંડવી રોડ પર દુકાન સાથે 3 માળ ધરાવતું કોમર્શિયલ જ્વેલરી, ટેક્સટાઈલ, હોલસેલ વ્યવસાય, સુંદર મલ્ટીસ્ટોર શોરૂમ બનાવી શકાય તેવું બિલ્ડીંગ વેચવાનું. Whatsapp/ કોલ સાંજે 6:30 પછી: +1 470-334-8450 (USA)

2 B H K ફ્લેટ વેચવાનો છે ફેન્સ ફર્નિચર, લિફ્ટ પાર્કિંગની સુવિધા સાથે જયરત્ન બિલ્ડીંગ ચાર રસ્તા પાસે. 8866662624.

ત્રણ માળનું મકાન વેચવાનું છે. 1700 સ્કે. ફુટ, વાડી, સોની પોળ, M. 8866858661

### ભાડે આપવાનું છે

1 બેડરૂમ, હોલ, કિચનના ફ્લેટ વેચાણ તેમજ ભાડેથી આપવાના છે. દાલિયાવાડી પાસે. ચોખંડી. મો. 7600256501

ભાડે આપવાના છે ગણપતિ અને નવરાત્રી સેલ માટે શ્રીશંકર હોલ ઉપર નીચે 3500 સ્કે. ફુટના 2 હોલ નવાબજાર મેઈન રોડ ટચ મો. +91 7016573059/ 9879551627/

મેઈન રોડ ટચ દુકાન ભાડે આપવાની આરવી. દેસાઈ રોડ જયરત્ન પાસે. 9825979224

## કારેલીબાગ

### વેચવાનું છે

ઓફિસ/ ગોડાઉન/ પ્રથમ માળ, 1000 સ્ક્વેર ફુટ (4 રૂમ) ટેરેસની માલિકી સાથે, લાલજી મુલજી ટ્રાન્સપોર્ટ પાસે, ખાસવાડી, સ્મશાન રોડ, કારેલીબાગ, મો- 9825035338/ 8866281402

Resale 3 B h k furnished flat for sell 980 sq ft Carpet area at karelibaugh Aum Akshar Realty 9904690707

તાત્કાલિક રેડી ટુ મુવ, કારેલીબાગ દીપિકા ગાર્ડન પાસે, પ્રાઈમ લોકેશન 1400 સ્કેવર ફુટનો પ્લોટ, 1870 સ્કેવર ફુટ બાંધકામ, વેચાણ આપવાનું છે. (મો) 9106895197.

ભાડે/ વેચાણ જગ્યા આપવાની છે. કારેલીબાગ- બહુચરાજી મંદિર મેઈન રોડ, ગ્રાઉન્ડ ફ્લોર 1200 ચોરસ ફુટ, ફર્સ્ટ ફ્લોર 1400 ચોરસ ફુટ. બેંક, એજ્યુકેશન, હોસ્પિટલ વિગેરે લાયક સંપર્ક- 9898457700

સંગમ પાસે 2 B H K સેમી ફર્નિશ્ડ ફ્લેટ ગ્રાઉન્ડ ફ્લોર 9429731275

કારેલીબાગમાં 4 B H K પેન્ટહાઉસ વેચવાનો. Maa Estate- 8128545861

કારેલીબાગ વિરનગરમાં રેડી ડુપ્લેક્ષ તાત્કાલિક વેચવાનું છે. બ્રોકર 8320434058

કારેલીબાગમાં મુક્તાનંદ પાસે ડુપ્લેક્ષ વેચવાનું છે. બ્રોકર 8320434058

સંગમ જમીન ભાવે લેટેસ્ટ નવો ડુપ્લેક્ષ ફુલ પાર્કિંગ વેચવાનો 9898116475

પ્રાઈમ લોકેશન, કોર્નર, રેસીડેન્શિયલ પ્લોટ, 2680 sq. ft, hdfc બેન્ક ની પાછળ, વીઆઈપી રોડ, 1.85 cr નેગોશિયેબલ. 9925036213

દરમિયાન, ભારતમાં ગોલ્ડ રિઝર્વ ૪ અબજ ડોલર વધી ૧૦૮.૭૪ અબજ ડોલર થયાના સમાચાર હતા. ઘરઆંગણે અમદાવાદ ઝવેરી બજારમાં આજે સોનાના ભાવ ૧૦ ગ્રામના રૂ.૧૦૦૦ તૂટ્યા હતા. તથા અમદાવાદ ચાંદીના ભાવ પણ કિલોના રૂ.૧૦૦૦ તૂટ્યા હતા. વિશ્વ બજારમાં સોના પાછળ ચાંદીના ભાવ ઔંસના ૬૪.૮૮ વાળા ઘટી નીચામાં ભાવ ૬૩.૫૦ તથા ઉંચામાં ભાવ ૬૫.૦૧ છઈ ૬૪.૯૧થી ૬૪.૯૨ ડોલર રહ્યા હતા. અમદાવાદ બજારમાં આજે ચાંદીના ભાવ ઘટી રૂ.૨૩૫૦૦૦ તથા સોનાના ભાવ ઘટી ૯૯૫ના રૂ.૧૫૬૭૦૦ તથા ૯૯૯ના રૂ.૧૫૭૦૦૦ રહ્યા હતા. વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવ બેતરફી સાંકડી વધઘટ વચ્ચે આજે ફરતા રહ્યા હતા. ઈરાન તથા અમેરિકા વચ્ચે હવે ઘર્ષણમાં નવાં વળાકો કેવા આવે છે તેના પર બજારની નજર રહી હતી.

મુંબઈ બુલિયન બજારમાં આજે સોનાના ભાવ જીએસટી વગર રૂ.૭૦૦ ઘટી ૯૯૫ના ભાવ રૂ.૧૫૧૭૫૩ તથા ૯૯૯ના ભાવ રૂ.૧૫૨૩૬૩ રહ્યા હતા જ્યારે મુંબઈ ચાંદીના ભાવ જીએસટી વગર રૂ.૪૦૦ ઘટી રૂ.૨૩૩૪૮૨ રહ્યા હતા. મુંબઈ બુલિયન બજારમાં આજે પ્લેટીનમના ભાવ રૂ.૨૩૦૦ વધી રૂ.૬૧૭૩૬ રહ્યા હતા. વિશ્વ બજારમાં પ્લેટીનમના ભાવ ઔંસના નીચામાં ૧૭૦૦ થઈ ફરી વધી ૧૭૪૪થી ૧૭૪૫ ડોલર રહ્યા હતા. પલેડીયમના ભાવ નીચામાં રૂ.૧૩૦૧ થઈ ૧૩૨૦થી ૧૩૨૧ ડોલર રહ્યા હતા. કોપરના ભાવ વિશ્વ બજારમાં આજે ૦.૩૩ ટકા નરમ હતા. વિશ્વ બજારમાં ક્રૂડતેલ બજારમાં આજે બ્રેન્ટ ક્રૂડના ભાવ બેરલના નીચામાં ૮૬.૨૦ ડોલર તથા ઉંચામાં ૮૮.૬૯ થઈ ૮૭.૨૬ ડોલર રહ્યા હતા. યુએસ ક્રૂડના ભાવ નીચામાં ૮૦.૭૧ તથા ઉંચામાં ભાવ ૮૨.૯૯ થઈ ૮૧.૭૩ ડોલર રહ્યા હતા.

અમેરિકાની સરકારે એવો દાવો કર્યો હતો કે હોર્મુઝ રુટ પર ક્રૂડની દૈનિક અવરજવર વધી ૯૦ લાખ બેરલ્સને આંબી ગઈ છે. જો કે વિશ્વ બજારના જાણકારોના જણાવ્યા મુજબ આ આંકડો ઉંચો ગણાય છે તથા હકીકતમાં આ આંકડો ૪૪થી ૪૫ લાખ બેરલ્સનો દૈનિક રહ્યો છે! આના પગલે વિશ્વ બજારમાં ખેલાડીઓમાં મુંઝવણ તથા અજંપો વધ્યાના વાવડ મળ્યા હતા.

ઈરાન અને અમેરિકા વચ્ચે સીધું યુદ્ધ હવે આર્થિક નાકાબંધી તરફ વળવા લાગી બન્ને દ્વારા હોર્મુઝ માર્ગ પર પોતાના કબજાનો દાવો કરીને વિશ્વની સપ્લાય ચેઈન પર અંકુશ મેળવી પોતાની જોહુકમી થોપવાના પ્રયાસ થઈ રહ્યા છે. જેને લઈ પાછલા સપ્તાહમાં વિશ્વની ચિંતા ફરી વધતાં ક્રુડ ઓઈલના ભાવમાં ફરી તેજીનો સળવળાટ જોવાયો હતો. પરંતુ બાદમાં આ તેજીના ફરી વળતાં પાણી થતાં ભાવો ઘટાડા તરફી થયા છે. આ પરિબળો વચ્ચે ભારત આર્થિક મોરચે પોતાને સુરક્ષિત કરવા અને વૈશ્વિક અનિશ્ચિતતામાં વિદેશી રોકાણને ભારતમાં આકર્ષવામાં સફળ રહ્યું છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા બેંકોને એફસીએનઆર(બી) થાપણો માટે પ્રોત્સાહનોને મળેલા જબ્બર પ્રતિસાદે દેશમાં ૫૨.૩૦ અબજ ડોલર સુધી થાપણો ઊભી થઈ આટલું હૂંડિયામણ ભારતમાં ઠલવાયું છે. બીજી તરફ ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરો (એફપીઆઈઝ) માટે કેન્દ્રએ રાહત-પ્રોત્સાહનોના નીતિવિષયક લીધેલ પગલાં પણ સાર્થક પૂરવાર થઈ દેશમાં વિદેશી રોકાણ પ્રવાહ વધતો જોવાયો છે. સેકન્ડરી માર્કેટમાં ધીમી છતાં મક્કમ ગતિએ તેજી આગળ વધવા સાથે પ્રાઈમરી માર્કેટમાં અનેક આઈપીઓ લઈને આવેલી કંપનીઓને રોકાણકારોના મળી રહેલા પ્રતિસાદને જોતાં બજારમાં લિક્વિડિટી વધતી જોવાઈ છે. ચોમાસાની પ્રગતિ પણ એકંદર સારી રહેતાં અત્યારે પોઝિટીવ પરિબળોએ બજારના સેન્ટીમેન્ટને તેજીમય બનાવી રાખ્યું છે. કોર્પોરેટ પરિણામોની જૂન ૨૦૨૬ના અંતની સીઝન પૂરી થવામાં છે. એકંદર સારા પરિણામોની સ્ટોક સ્પેસિફિક પોઝિટીવ અસર જોવાઈ રહી છે. હવે આગામી નવા સપ્તાહમાં સેન્સેક્સ ૭૭૨૨૨ની ટેકાની સપાટીએ ૭૮૭૮૮ ઉપર બંધ આવતા ૭૯૫૭૭ જોવાઈ શકે છે. જ્યારે નિફટી ૫૦ સ્પોટ ઈન્ડેક્સ ૨૪૧૨૨ની ટેકાની સપાટીએ ૨૪૬૧૧ ઉપર બંધ થવાના સંજોગોમાં ૨૪૮૫૫ જોવાઈ શકે છે.

### અર્જુનની આંખે :

### MONTE CARLO FASHIONS LTD.

બીએસઈ (૫૩૮૮૩૬), એનએસઈ (MONTECARLO) લિસ્ટેડ, રૂ.૧૦ પેઈડ-અપ, મોન્ટે કાર્લો ફેશન્સ લિમિટેડ(MONTE CARLO FASHIONS LIMITED) નાહર ગ્રુપની કંપની છે. નાહર ગ્રુપની મુખ્ય કંપની ઓસ્વાલ વૂલન મિલ્સ લિમિટેડ, ૧૯૪૯માં લુધિયાણામાં તેની કામગીરી શરૂ કરી હતી. શરૂઆતમાં ધ્યાન હોઝિયરી અને ટેક્સટાઈલ કાપડ પર હતું. વર્ષ ૧૯૭૨માં કંપનીએ સ્થાનિક રેડીમેડ નીટવેરમાં વિશાળ વ્યવસાયિક તકને સમજીને તેનું વૂલ કોમ્બિંગ યુનિટ સ્થાપ્યું. શરૂઆતમાં હોઝિયરી અને વૂલનમાં કુશળતા ધરાવતી, વર્ષ ૧૯૮૪માં મોન્ટે કાર્લોને બ્રાન્ડ તરીકે લોન્ચ કરવામાં આવી હતી, જે ભારતમાં બ્રાન્ડેડ ગાર્મેન્ટ ઉદ્યોગના ઉત્ક્રાંતિમાં એક મહત્વપૂર્ણ પગલું હતું. ત્યારથી, તે ભારતમાં કપડાં અને ફેશન ઉદ્યોગની સતત વધતી માંગને પૂર્ણ કરી રહી છે.

## સેન્સેક્સ ૭૭૨૨૨ સપોર્ટ અને નિફટી ૨૪૧૨૨ની ટેકાની સપાટીએ

# નવા સપ્તાહમાં નિફટી ૨૪૬૧૧ ઉપર ૨૪૮૫૫ અને સેન્સેક્સ ૭૮૭૮૮ ઉપર બંધ થતાં ૭૯૫૭૭ જોવાશે

માર્કેટ લીડર અને વૂલન સેગ્મેન્ટમાં વ્યાપક માન્યતા ધરાવતી, ફ્લેગશિપ કંપની, ઓડબલ્યુએમ એ મોન્ટે કાર્લોને ઓલ-સીઝન બ્રાન્ડ બનાવવા અને બ્રાન્ડનો લાભ લેવા માટે, કપાસના સેગ્મેન્ટમાં પ્રવેશ કર્યો. મોન્ટે કાર્લો વ્યવસાય પ્રત્યે વધુ કેન્દ્રિત અભિગમ અપનાવવા માટે, રેડીમેડ ગાર્મેન્ટ વ્યવસાયને વર્ષ ૨૦૧૧-૧૨માં ઓસ્વાલ વૂલન મિલ્સથી મોન્ટે કાર્લો ફેશન્સ લિમિટેડમાં ડિમર્જ કરવામાં આવ્યો અને વૈનિક સ્પિનિંગ મિલ્સ લિમિટેડને તેની ફ્રેન્ચાઈઝી તરીકે અને તેના ઈકોમર્સ વ્યવસાયની દેખરેખ માટે પસંદ કરવામાં આવી. મોન્ટે કાર્લો બ્રાન્ડ હેઠળ ઓફર કરવામાં આવતા ઉત્પાદનોમાં વૂલન નીટેડ ગાર્મેન્ટ્સ સાથે શર્ટ, ટ્રાઉઝર, ડેનિમ્સ, બર્મુડાસ, લોઅર્સ, હાઈ-સ્ટ્રીટ ફેશન, શર્ટ, ટોપ્સ, ડ્રેસ, જમ્પસૂટ, અર્બન ટ્યુનિક્સ, શ્રગ્સ, શોર્ટ્સ, કેપ્રિસ, નેરો પેન્ટ્સ, લેગિંગ્સ, ટ્રેક સુટ્સ અને પુરુષો, સ્ત્રીઓ અને ટ્વિન્સ માટે સોલિડ ટી-શર્ટનો સમાવેશ થાય છે. કંપનીએ પોતાની ક્ષિતિજોને વિસ્તૃત કરવા, ટાઈ, બેલ્ટ, શોક્સ જેવા એક્સેસરીઝના ઉત્પાદન અને સપ્લાયમાં પણ સ્થાન મેળવ્યું છે.

કંપનીનો મુખ્ય ઉદ્દેશ્ય ખરીદદારની અપેક્ષાઓ પર ખરા ઉતરવાનો છે. રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ડિપાર્ટમેન્ટ, નવીનતમ ટેકનોલોજીથી સજ્જ, ઉચ્ચ લાયકાત ધરાવતા ટેકનોક્રેટ્સની ટીમ અને સમયસર સમયપત્રકનું પાલન કરીને સતત ગુણવત્તા પ્રદાન કરવાનો છે. આ દૂરંદેશી સાથે બ્રાન્ડેડ વૂલન વસ્ત્રોના ક્ષેત્રમાં, મોન્ટે કાર્લો ૫૦ ટકાથી વધુ બજાર હિસ્સો ધરાવે છે. કંપનીના ઉત્પાદનો વિવિધ ચેનલો દ્વારા એટલે કે એક્સક્લુઝિવ બ્રાન્ડ આઉટલેટ્સ, મલ્ટી બ્રાન્ડ આઉટલેટ્સ, મોટા ફોર્મેટ આઉટલેટ્સ અને ઈ-કોમર્સ વેબસાઈટ્સ દ્વારા અંતિમ વપરાશકર્તા સુધી પહોંચે છે. હાલમાં, મોન્ટે કાર્લો ૨૦૦થી વધુ એક્સક્લુઝિવ બ્રાન્ડ આઉટલેટ્સ, ૧૩૦૦થી વધુ મલ્ટિ બ્રાન્ડ આઉટલેટ્સ અને ૬૦થી વધુ મોટા ફોર્મેટ સ્ટોર્સ દ્વારા ઉપલબ્ધ છે. કંપનીના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર જવાહર લાલ ઓસ્વાલ, મોન્ટે કાર્લો શોરૂમને એક શોપ ડેસ્ટિનેશનમાં વિક્સિત કરવાનો વિચાર ધરાવે છે, જે પોસાય તેવા ભાવે વિશ્વ કક્ષાની ગુણવત્તાવાળા સમકાલીન કપડાં ઓફર કરે છે.

**પ્રોડક્ટસ સેગ્મેન્ટ્સ :** (એ) કોટન ૫૫ ટકા : શર્ટસ, ટી-શર્ટસ, ટ્રાઉઝર્સ, ટ્રેકસૂટ્સ, જેકેટ્સ, સ્વિટશર્ટસ, શોર્ટસ, ટ્રેક પેન્ટ્સ અને ડેનિમ્સ. (બી) વૂલન ૨૮ ટકા : સ્વેટર્સ, પુલોવર્સ, થર્મલ્સ, કોટ્સ, બ્લેઝર્સ, કાર્ડિગન અને વૂલન એસેસરીઝ. (સી) હોમ ટેક્સટાઈલ ૧૦ ટકા : મિન્ક બ્લેન્કેટ્સ, બેડશીટ્સ અને ક્વિલ્ટસ (ડી) કિડ્સ : સ્વેટર, કાર્ડિગન, ટી-શર્ટ, શર્ટ, સ્વેટ-શર્ટ અને બોટમ્સ.

**કોન્સોલિડેટેડ નાણાકીય પરિણામો :**

**(૧) પૂર્ણ વર્ષ એપ્રિલ ૨૦૨૫થી માર્ચ ૨૦૨૬ :**

ચોખ્ખી આવક ૧૬ ટકા વધીને રૂ.૧૨૭૬ કરોડ મેળવી કરવેરા પૂર્વેનો નફો ૨૯ ટકા વધીને રૂ.૧૪૭ કરોડ નોંધાવી નેટ પ્રોફિટ માર્જિન-એનપીએમ ૮.૭૮ ટકા થકી ચોખ્ખો નફો ૩૮ ટકા વધીને રૂ.૧૧૨ કરોડ હાંસલ કરી શેર દીઠ કમાણી-ઈપીએસ રૂ.૫૪.૦૫ નોંધાવ છે.

**(૨) અપેક્ષિત પૂર્ણ વર્ષ એપ્રિલ ૨૦૨૬થી માર્ચ ૨૦૨૭ :**

અપેક્ષિત ચોખ્ખી આવક ૧૬ ટકા વૃદ્ધિએ રૂ.૧૪૮૦ કરોડ થકી કરવેરા પૂર્વેનો નફો રૂ.૧૬૩ કરોડ અપેક્ષિત સાથે નેટ પ્રોફિટ માર્જિન-એનપીએમ ૮.૨૫ ટકા થકી ચોખ્ખો નફો રૂ.૧૨૨ કરોડ મેળવી શેર દીઠ કમાણી-ઈપીએસ રૂ.૫૯ અપેક્ષિત છે.

**બુક વેલ્યુ :** માર્ચ ૨૦૨૩ના રૂ.૩૭૪, માર્ચ ૨૦૨૪ના રૂ.૩૮૫, માર્ચ ૨૦૨૫ના રૂ.૪૦૨, માર્ચ ૨૦૨૬ના રૂ.૪૩૭, અપેક્ષિત માર્ચ ૨૦૨૭ના રૂ.૪૯૬

**ડિવિડન્ડ :** વર્ષ ૨૦૨૩માં ૨૦૦ ટકા, વર્ષ ૨૦૨૪માં ૨૦૦ ટકા, વર્ષ ૨૦૨૫માં ૨૦૦ ટકા, વર્ષ ૨૦૨૬માં ૨૦૦ ટકા

**શેર દીઠ કમાણી-ઈપીએસ :** માર્ચ ૨૦૨૩ના રૂ.૬૪, માર્ચ ૨૦૨૪ના રૂ.૨૯, માર્ચ ૨૦૨૫ના રૂ.૩૮, માર્ચ ૨૦૨૬ના રૂ.૫૪, અપેક્ષિત માર્ચ ૨૦૨૭ના રૂ.૫૯

**બાયબેક :** કંપનીએ જાન્યુઆરી ૨૦૧૯ના સરેરાશ રૂ.૩૬૫ બજાર ભાવે બાયબેક કર્યું હતું. કંપનીએ પેઈડ-અપ કેપિટલના ૪.૬૦ ટકા શેરોનું શેર દીઠ રૂ.૫૫૦ ભાવે ૫૦ ટકા પ્રીમિયમે બાયબેક કર્યું હતું.

**ડિવિડન્ડ પે-આઉટ રેશિયો :** માર્ચ ૨૦૨૨ના ૨૭ ટકા, માર્ચ ૨૦૨૩ના ૩૧ ટકા, માર્ચ ૨૦૨૪ના ૬૮ ટકા, માર્ચ ૨૦૨૫ના ૫૨ ટકા, માર્ચ ૨૦૨૬ના ૩૭ ટકા

**ઓપરેશનલ પ્રોફિટ માર્જિન :** ૧૦ વર્ષમાં ૮ ટકા, પાંચ વર્ષમાં ૧૫ ટકા, ત્રણ વર્ષમાં પાંચ ટકા, ટીટીએમ ૧૬ ટકા

**કમ્પાઉન્ડેડ પ્રોફિટ ગ્રોથ :** ૧૦ વર્ષમાં ૭ ટકા, પાંચ વર્ષમાં ૧૧ ટકા, ત્રણ વર્ષમાં નેગેટીવ ૬ ટકા, ટીટીએમ ૩૬ ટકા

**શેર ભાવ સીએજીઆર :** ૧૦ વર્ષમાં ૧૨ ટકા, પાંચ વર્ષમાં ૧૩ ટકા, ત્રણ વર્ષમાં ૧૦ ટકા, પાછલા વર્ષમાં ૧૩ ટકા

**આરઓસીઈ :** માર્ચ ૨૦૨૨ના ૨૨ ટકા, માર્ચ ૨૦૨૩ના ૨૦ ટકા, માર્ચ ૨૦૨૪ના ૧૧ ટકા, માર્ચ ૨૦૨૫ના ૧૩ ટકા, માર્ચ ૨૦૨૬ના ૧૪ ટકા

**શેર હોલ્ડિંગ પેટર્ન :** પ્રમોટર્સ પાસે ૭૩ ટકા, મ્યુચ્યુઅલ ફંડો પાસે પાંચ ટકા, એચએનઆઈઝ પાસે ૬ ટકા અને રિટેલ રોકાણકારો પાસે ૧૬ ટકા છે.

**વેલ્યુએશન પીઅર્સ પી/ઈ :** પેજ ઈન્ડસ્ટ્રીઝ ૫૩, ગોકલદાસ એક્સપોર્ટસ ૫૬, પર્લ ગ્લોબલ ૫૧, એ બી લાઈફસ્ટાઈલ ૫૧, કેપીઆર મિલ ૪૧

આમ(૧) લેખક ઉપરોકત કંપનીના શેરમાં કોઈ રોકાણ ધરાવતા નથી. લેખકના રીસર્ચ માટેના સ્ત્રોતોનું અંગત પ્રત્યક્ષ કે પરોક્ષ હિત-રોકાણ હોઈ શકે છે. કોઈપણ રોકાણ નિર્ણય લેતાં પહેલા ક્વોલિફાઈડ ઈન્વેસ્ટમેન્ટ ફાઈનાન્શિયલ એડવાઈઝરની સલાહ લેવી. રોકાણ પર સંભવિત કોઈ નુકશાની માટે લેખક, ગુજરાત સમાચાર કે અન્ય કોઈપણ વ્યક્તિ જવાબદાર રહેશે નહીં. (૨) રેડીમેડ ટેક્સટાઈલ ગાર્મેન્ટ્સ અને એપેરલ્સ કંપની મોન્ટે કાર્લો ફેશન્સ લિમિટેડ, પૂર્ણ નાણા વર્ષ ૨૦૨૬-૨૭માં અપેક્ષિત ઈપીએસ રૂ.૫૯ અને અપેક્ષિત બુક વેલ્યુ રૂ.૪૯૬ સામે શેર રૂ.૫૦૮ ભાવે, ટેક્સટાઈલ ઉદ્યોગના સરેરાશ ૪૭ના પી/ઈ સામે ૮.૬૦ના પી/ઈએ ટ્રેડ થઈ રહ્યો છે.

## MONTE CARLOમાં અપેક્ષિત બુક વેલ્યુ રૂ.૪૯૬ સામે શેર રૂ.૫૦૮ ભાવે ટેક્સટાઈલ ઉદ્યોગના સરેરાશ ૪૭ના પી/ઈ સામે ૮.૬૦ના પી/ઈએ ટ્રેડ થઈ રહ્યો છે

## અમદાવાદ જિલ્લા કલેક્ટર દર સોમ-મંગળ મુલાકાતીઓને મળશે

અમદાવાદ, શુક્રવાર

અમદાવાદ જિલ્લા કલેક્ટર કચેરી દ્વારા ૧ સપ્ટેમ્બરથી મુલાકાતીઓ માટે મુલાકાતના દિવસોમાં ફેરફાર કરાયો છે. હવેથી દર સોમવાર-મંગળવારના સવારે ૧૦:૩૦થી ૧:૩૦ દરમિયાન મુલાકાતીઓ જિલ્લા કલેક્ટરને મળી શકશે. ઉલ્લેખનીય છે કે, અગાઉ મુલાકાતના દિવસો સોમવાર અને ગુરુવાર હતા. જેમાં હવે ૧ સપ્ટેમ્બરથી ફેરફાર કરાયો છે.


राष्ट्रीय सहकारी विकास निगम
National Cooperative Development Corporation
सहकारिता मंत्रालय, भारत सरकार के अंतर्गत एक सांविधिक संस्था
An Statutory Institution under Ministry of Cooperation, Govt. of India
क्षेत्रीय निदेशालय (गांधीनगर), Regional Directorate Gandhinagar
NCDC Regional Directorate, Sector-16, GH Road, Gandhinagar,
Behind Central Bank of India, Gujarat-382 016
Phone No. 079-23222293

**પરિશિષ્ટ-IV [નિયમ-8(1)]**
**કબજાની સૂચના**

જ્યારે નીચે સહી કરનાર વ્યક્તિ સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ 2002 હેઠળ **રાષ્ટ્રીય સહકારી વિકાસ નિગમના** અધિકૃત અધિકારી હોવાથી અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ના નિયમ 3 સાથે વાંચેલા કલમ 13(12) હેઠળ મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને **23.01.2026** ના રોજ કલમ 13(2) હેઠળ માંગ નોટિસ જારી કરીને ઉધાર લેનાર શ્રી ગણેશ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ., પી.ઓ. ને બોલાવે છે. વટારિયા, તાલુકા વાલિયા, જિલ્લો- ભરૂચ, ગુજરાત (ત્યારબાદ ''ઋણ લેનાર'' તરીકે ઓળખાશે) ને નોટિસમાં ઉલ્લેખિત રકમ **રૂ.૩૬,૮૫,૪૫,૨૧૯/- (છત્રીસ કરોડ પંચાશી લાખ પિસ્તાલીસ હજાર બસો ઓગણીસ માત્ર)** ભવિષ્યના વ્યાજ, ખર્ચ, ખર્ચ અને અન્ય આનુષંગિક શુલ્ક સહિત નોટિસ પ્રાપ્ત થયાની તારીખથી ૬૦ દિવસની અંદર ચૂકવવાની રહેશે.

ઉધાર લેનાર વ્યક્તિ રકમ ચૂકવવામાં નિષ્ફળ જાય છે, તેથી ઉધાર લેનાર અને સામાન્ય જનતાને સૂચના આપવામાં આવે છે કે નીચે સહી કરનાર વ્યક્તિએ **૧૦ ઓગસ્ટ ૨૦૨૬** ના રોજ સુરક્ષા હિત (અમલીકરણ) નિયમો, ૨૦૦૨ ના નિયમ ૮ સાથે વાંચેલા અધિનિયમની કલમ ૧૩ ની પેટા કલમ (૪) હેઠળ તેમને મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને નીચે વર્ણવેલ મિલકતનો **સાંકેતિક કબજો** લીધો છે.

ખાસ કરીને ઉધાર લેનાર અને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે તેઓ મિલકત સાથે વ્યવહાર ન કરે અને મિલકત સાથે કોઈપણ વ્યવહાર **રાષ્ટ્રીય સહકારી વિકાસ નિગમના રૂ.૩૬,૮૫,૪૫,૨૧૯/- (છત્રીસ કરોડ પંચાશી લાખ પિસ્તાલીસ હજાર બસો ઓગણીસ માત્ર)** અને તેના પરના વ્યાજનો ચાર્જ ૨૩.૦૧.૨૦૨૬ થી ભવિષ્યના વ્યાજ, ખર્ચ, ખર્ચ અને અન્ય આકસ્મિક શુલ્ક લાગુ પડશે.

**ઋણ લેનારનું ધ્યાન કાયદાની કલમ ૧૩ ની પેટા-કલમ (૮) ની જોગવાઈ તરફ આકર્ષિત કરવામાં આવે છે, જે મુજબ, સુરક્ષિત સંપત્તિઓને રિડીમ કરવા માટે ઉપલબ્ધ સમય હોય.** ''જ્યાં સુરક્ષિત લેણદારના બાકી લેણાંની રકમ, તેના દ્વારા કરવામાં આવેલા તમામ ખર્ચ, ચાર્જ અને ખર્ચાઓ, જાહેર હરાજી માટે સૂચના પ્રકાશિત થાય તે પહેલાં અથવા જાહેર અથવા ખાનગી સંધિમાંથી ક્વોટેશન અથવા ટેન્ડરને લીઝ, સોંપણી અથવા વેચાણ દ્વારા ટ્રાન્સફર કરવા માટે આમંત્રણ આપે તે પહેલાં કોઈપણ સમયે સુરક્ષિત લેણદારને સુપરત કરવામાં આવે છે, - (i) સુરક્ષિત સંપત્તિ સુરક્ષિત લેણદાર દ્વારા લીઝ સોંપણી અથવા વેચાણ દ્વારા ટ્રાન્સફર કરવામાં આવશે નહીં; અને (ii) જો સુરક્ષિત લેણદાર દ્વારા આ પેટાકલમ હેઠળ આવી રકમ ટેન્ડર કરતા પહેલા મિલકતોના લીઝ અથવા સોંપણી અથવા વેચાણ દ્વારા ટ્રાન્સફર માટે કોઈપણ પગલું લેવામાં આવ્યું હોય, તો આવા સુરક્ષિત લેણદાર દ્વારા આવી સુરક્ષિત સંપત્તિઓના લીઝ અથવા સોંપણી અથવા વેચાણ દ્વારા ટ્રાન્સફર માટે આગળ કોઈ પગલું લેવામાં આવશે નહીં.''

**સુરક્ષિત સંપત્તિઓનું વર્ણન**

મેમોરેન્ડમ ઓફ એન્ટ્રીમાં જણાવ્યા મુજબ, ગીરોપત્રના દસ્તાવેજ દ્વારા અને ટાઈટલ ડીડ જમા કરાવીને ઈક્વિટેબલ મોર્ટગેજ દ્વારા NCDC ને ગિરોપેટ કરાયેલી જંગમ/સ્થાવર મિલકતોની વિગતો નીચે મુજબ છેઃ

1. ઋણ લેનારની તેની ખાંડ ફેક્ટરી અને ગોડાઉનને લગતી જંગમ પ્લાન્ટ અને મશીનરી, સાધનો, મશીનરી, સ્પેરપાર્ટ્સ, સાધનો અને એસેસરીઝ અને અન્ય જંગમ વસ્તુઓ, વર્તમાન અને ભવિષ્ય બંને (બુક ડેટ સિવાય) સ્થાપિત હોય કે ન હોય અને હાલમાં છૂટી પડેલી હોય અથવા એવા કિસ્સાઓમાં જે ઋણ લેનારની માલિકીની હોય અને તેની હોય અથવા ઋણ લેનારની માલિકીની હોય અથવા ઋણ લેનારની હોય, પછી ભલે તે ગુજરાત રાજ્યના વાટારિયા, તાલુકા : વાલિયા, જગડિયા અને ભરૂચ જિલ્લામાં સ્થિત ઋણ લેનારના ગોડાઉનમાં હોય અથવા બીજે ક્યાંય પણ તે ઋણ લેનારના આદેશ અથવા નિકાલ માટે અથવા પરિવહન દરમિયાન અથવા દરિયા કિનારા પર અથવા ઓર્ડર પર, ઉધાર લેનાર અને ક્યાં તો બદલી અથવા વધારા દ્વારા અથવા ડિલિવરી પર, ગમે તે રીતે અને ગમે ત્યાં કબજામાં હોય અથવા કોઈપણ પક્ષ દ્વારા રાખી શકાય છે.

2. સોસાયટીની ખાંડ ફેક્ટરી અને તેના પરના તમામ બાંધકામોને લગતી 46.03 હેક્ટર જમીનનો હિસ્સો અને ભાગ ગામઃ વટારિયા, તાલુકાઃ વાલિયા, પેટા જિલ્લોઃ જગડિયા અને ભરૂચ જિલ્લામાં સ્થિત છે જેમાં નીચેની વિગતો છે :

| ક્રમ નં. | બ્લોક નં. | હેક્ટર = આરે = ચો.મીટર |
|---|---|---|
| ૧ | ૨ | ૦=૮૯=૦૦ |
| ૨ | ૩ | ૦=૦૫=૦૦ |
| | ૫ | ૦=૮૧=૦૦ |
| ૩ | ૪ | ૦=૬૯=૦૦ |
| ૪ | ૬ | ૦=૦૩=૦૦ |
| | ૮ | ૦=૧૩=૦૦ |
| | ૪૨ | ૦=૨૮=૦૦ |
| ૫ | ૭ | ૦=૦૯=૦૦ |
| | ૧૦ | ૦=૨૧=૦૦ |
| ૬ | ૯ | ૦=૩૭=૦૦ |
| ૭ | ૧૧ | ૦=૦૯=૦૦ |
| ૮ | ૧૨ | ૦=૩૯=૦૦ |
| | ૧૨૨ | ૦=૨૭=૦૦ |
| ૯ | ૧૪ | ૦=૧૩=૦૦ |
| ૧૦ | ૧૫ | ૦=૪૦=૦૦ |
| | ૨૯ | ૦=૯=૦૦ |
| | ૩૮ | ૦=૧૭=૦૦ |
| ૧૧ | ૨૮ | ૦=૧૭=૦૦ |
| ૧૨ | ૧૬ | ૦=૨૭=૦૦ |
| ૧૩ | ૧૮ | ૦=૬૫=૦૦ |
| ૧૪ | ૧૯ | ૦=૧૬=૦૦ |
| ૧૫ | ૨૦ | ૦=૧૭=૦૦ |
| | ૨૭ | ૦=૧૭=૦૦ |
| ૧૬ | ૨૧ | ૦=૩૪=૦૦ |
| ૧૭ | ૨૨ | ૦=૩૦=૦૦ |
| ૧૮ | ૨૩ | ૦=૫૦=૦૦ |
| ૧૯ | ૨૫ | ૦=૩=૦૦ |
| ૨૦ | ૨૪ | ૦=૦૫=૦૦ |
| ૨૧ | ૨૬ | ૦=૮=૦૦ |
| | ૩૦ | ૦=૦૯=૦૦ |
| ૨૨ | ૩૧ | ૦=૦૪=૦૦ |
| ૨૩ | ૩૨ | ૦=૭૦=૦૦ |
| | ૧૩૧ | ૧=૨૨=૦૦ |
| | ૧૩૩ | ૦=૮૪=૦૦ |
| ૨૪ | ૩૩ | ૦=૦૬=૦૦ |
| ૨૫ | ૩૪ | ૧=૦૯=૦૦ |
| ૨૬ | ૩૬ | ૦=૦૫=૦૦ |
| ૨૭ | ૩૫ | ૦=૪૦=૦૦ |
| ૨૮ | ૩૭ | ૦=૫૨=૦૦ |
| ૨૯ | ૪૦ | ૦=૪૫=૦૦ |
| ૩૦ | ૪૧ | ૦=૩૫=૦૦ |
| | ૪૪ | ૦=૫=૦૦ |
| | ૪૬ | ૦=૧૫=૦૦ |
| ૩૧ | ૪૩ | ૦=૫૭=૦૦ |
| ૩૨ | ૪૫ | ૦=૮૫=૦૦ |
| ૩૩ | ૪૭ | ૦=૩૧=૦૦ |
| ૩૪ | ૪૮ | ૦=૩૫=૦૦ |
| ૩૫ | ૧૨૦ | ૧=૫૦=૦૦ |
| ૩૬ | ૧૨૧ | ૦=૧૯=૦૦ |
| ૩૭ | ૧૨૩ | ૦=૧૯=૦૦ |
| ૩૮ | ૧૨૪ | ૦=૧૮=૦૦ |
| ૩૯ | ૧૨૬ | ૦=૨૯=૦૦ |
| ૪૦ | ૧૩૨ | ૦=૪૬=૦૦ |
| ૪૧ | ૪૫૦ | ૦=૨૫=૦૦ |
| ૪૨ | ૨૪૯ | ૧=૮૧=૦૦ |
| ૪૩ | ૨૫૦ | ૦=૦૮=૦૦ |
| | | ૨=૦૪=૦૦ |
| | | ૦=૬=૦૦ |
| ૪૪ | ૪૩૨ B | ૦=૯=૦૦ |
| | | ૦=૧=૦૦ |
| ૪૫ | ૪૪૫ | ૧=૦૨=૦૦ |
| ૪૬ | ૪૪૬ | ૦=૮૨=૦૦ |
| ૪૭ | ૪૪૭ | ૩=૪૨=૦૦ |
| | | ૦=૮=૦૦ |
| ૪૮ | ૪૪૯ | ૧=૧૫=૦૦ |
| ૪૯ | ૪૫૧ | ૧=૧=૦૦ |
| **કુલ** | | **૩૧ = ૦૨** |
| | | **૦ = 33 ખરાબાની જમીન** |
| ૫૦ | ૧૭ | ૧=૪૩=૦૦ |
| ૫૧ | ૫૩ | ૧=૧૧=૦૦ |
| ૫૨ | ૧૨૫ | ૦=૧૪=૦૦ |
| ૫૩ | ૧૨૭ | ૦=૧૭=૦૦ |
| ૫૪ | ૧૨૮ | ૦=૦૭=૦૦ |
| ૫૫ | ૧૨૯ | ૦=૫૭=૦૦ |
| ૫૬ | ૧૩૦ | ૦=૬૫=૦૦ |
| ૫૭ | ૨૮૦ | ૦=૭૧=૦૦ |
| ૫૮ | ૨૮૧ | ૦=૪૭=૦૦ |
| ૫૯ | ૪૩૩ | ૨=૦૩=૦૦ |
| ૬૦ | ૪૩૫ | ૦=૩૩=૦૦ |
| ૬૧ | ૪૩૬ | ૦=૫૫=૦૦ |
| ૬૨ | ૪૩૭ | ૦=૮૬=૦૦ |
| ૬૩ | ૪૩૮ | ૧=૬૪=૦૦ |
| ૬૪ | ૪૩૯ | ૧=૪૪=૦૦ |
| ૬૫ | ૪૪૦ | ૦=૮૯=૦૦ |
| ૬૬ | ૪૪૩ | ૧=૬૨=૦૦ |
| **કુલ** | | **૧૪ = ૬૮ = ૦૦** |

એકત્રિત કરેલ બ્લોક નંબરો ધરાવે છે : ૨,૨૩૧,૨૪૯ અને ૪૩૩

તારીખ : ૧૦.૦૮.૨૦૨૬ — **અધિકૃત અધિકારી**
સ્થળ : ગાંધીનગર — પ્રાદેશિક કચેરી, ગાંધીનગર
રાષ્ટ્રીય સહકારી વિકાસ નિગમ માટે


# કોર્પોરેટ ગેરન્ટી પર પાછલી અસરથી GSTવસૂલી ન શકાયઃ હાઈકોર્ટ

(પ્રતિનિધિ તરફથી) અમદાવાદ,શુક્રવાર

ગુડ્સ એન્ડ ટેક્સ અંગેના નિયમ નંબર ૨૮ (૨) હેઠળ સંબંધિત કંપનીઓ વચ્ચે અપાતી કોર્પોરેટ ગેરંટી પર જીએસટી ચોક્કસ વસૂલી શકાય છે. પરંતુ આ જીએસટી પાછલી તારીખથી એટલે કે જૂના વર્ષોથી લાગુ કરી શકાય નહિ, એમ ગુજરાત હાઈકોર્ટના ન્યાયમૂર્તિ આર. સુબૈયા અને ન્યાયાધીશ વૈભવી નાણાંવટીની ખંડપીઠે આજે એક ચૂકાદો આપતા જણાવ્યું હતું. ગુજરાત હાઈકોર્ટે તારીખ ૧૪ ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ 'ટૉરેન્ટ પાવર લિમિટેડ વિરુદ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા અને અન્ય' ની અરજીઓ સહિત વિવિધ કોર્પોરેટ જૂથો દ્વારા દાખલ કરાયેલી રીટ અરજીઓ પર આદેશ આપ્યો છે.

## કલમ ૭૪ હેઠળ ઈરાદાપૂર્વક કરચોરીના આરોપસર કરાયેલી તમામ કાર્યવાહી અને શો-કોઝ નોટિસોને હાઈકોર્ટે રદબાતલ કરી

વિવિધ કોર્પોરેટ ગ્રુપોએ તેમની પેટા (સબસીડિયરી) કે સંબંધિત કંપનીઓ માટે બેંકો પાસેથી લોન લેવા આપેલી કોર્પોરેટ ગેરંટી પર જીએસટી આકારણી સામે હાઈકોર્ટના દ્વાર ખટખટાવ્યા હતા. અરજદારોએ કેન્દ્રિય ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સની એક્ટની કલમ ૧૫(૪), સીજીએસટીના નિયમ નંબર ૨૮(૨) અને સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈન્ડાયરેક્ટ ટેક્સિ એન્ડ કસ્ટમ્સના ૨૭મી ઓક્ટોબર ૨૦૨૩ તથા ૧૧ જુલાઈ ૨૦૨૪ના પરિપત્રોની બંધારણીય માન્યતાને પડકારી હતી.

અરજદારોની મુખ્ય રજૂઆત હતી કે હોલ્ડિંગ કંપની દ્વારા કોઈપણ કમિશન કે ફી લીધા વિના માત્ર રોકાણના રક્ષણ માટે આપેલી ગેરંટી એ શેરહોલ્ડરનું કાર્ય છે, તેને વ્યાપારી પુરવઠો ગણી શકાય નહીં. તેની સામે પ્રતિવાદી ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ વિભાગનો તર્ક હતો કે કેન્દ્રિય ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ એક્ટના શિડ્યુલ આઈ મુજબ સંબંધિત પક્ષકારો વચ્ચે કન્સિડરેશન (વળતર) વિનાનો વ્યવહાર પણ સેવાની શ્રેણીમાં આવે છે અને તે ટેક્સપાત્ર છે.

### હાઈકોર્ટે કલમ ૭૪ ની નોટિસો રદ કરી નાખી

**કૉર્પોરેટ ગેરંટી પર ટેક્સનો મુદ્દો કાનૂની દલીલનો વિષય હતો. ટેક્સ વિભાગે અહીં કોઈ ફ્રોડ, ગેરરીતિ કે કરચોરીનો ઈરાદો સાબિત કર્યો નથી. તેથી કલમ ૭૪ હેઠળ ઈરાદાપૂર્વક કરચોરીના આરોપસર કરાયેલી તમામ કાર્યવાહી અને શો-કોઝ નોટિસોને હાઈકોર્ટે રદબાતલ કરી છે.**

### વધારાના ટેક્સનું રીફંડ અને સરક્યુલર રદ

**જીએસટી વિભાગ દ્વારા આ મામલે વસૂલવામાં આવેલો વધારાનો ટેક્સ નિયમાનુસાર પરત કરવાનો અથવા એડજસ્ટ કરવાનો આદેશ આપ્યો છે. તેની સાથે જ સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈન્ડાયરેક્ટ ટેક્સિસ એન્ડ કસ્ટમ્સના ૨૭ ઓક્ટોબર ૨૦૨૩ અને ૧૧ જુલાઈ ૨૦૨૪ના પરિપત્રોને આ ચુકાદાની વિરુદ્ધના અંશ પૂરતા રદ કર્યા છે.**

પરિણામે કોર્ટ સમક્ષ જુદાં જુદાં સવાલો ખડા કરવામાં આવ્યા હતા. એક, શું કોર્પોરેટ ગેરંટી આપવી એ કલમ ૭ હેઠળ 'સપ્લાય' ગણાય? બે, કોઈપણ જાતના વળતર વિના આપેલી ગેરંટી પર માત્ર સંબંધિત પક્ષકારો હોવાના નામે ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ વસૂલી શકાય ખરો? ત્રણ, શું નિયમ ૨૮(૨) અને કલમ ૧૫(૪) બંધારણીય રીતે યોગ્ય છે? ચાર, ૨૬ ઓક્ટોબર ૨૦૨૩ પહેલા આપેલી ગેરંટી પર પાછલી અસરથી ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ લાદી શકાય? પાંચ, કલમ ૭૪ હેઠળ કરચોરી કે માહિતી છુપાવવાના આરોપસર શરૂ કરાયેલી કાર્યવાહી વ્યાજબી છે?

ગુજરાત હાઈકોર્ટે કોર્પોરેટ ગેરંટી અને જીએસટીના માળખાના અનુસંધાનમાં ચૂકાદો આપતા જણાવ્યું હતું કે દેશની સંસદે શિડ્યુલ આઈ હેઠળ સંબંધિત પક્ષકારો વચ્ચેના વ્યવહારોને કન્સિડરેશન વિના પણ ટેક્સપાત્ર સપ્લાય ગણ્યા છે.

તેથી કેન્દ્રિય ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ એક્ટની કલમ ૧૫(૪) અને નિયમ ૨૮(૨) બંધારણીય રીતે માન્ય છે. જોકે, નિયમ ૨૮(૨)માં રહેલા 'જે વધારે હોય તે' શબ્દપ્રયોગને કોર્ટે ડાઉન-રીડ એટલે કે મર્યાદિત કર્યો છે. પરિણામે તેનો મનસ્વી ઉપયોગ કરી શકાય નહિ.

હાઈકોર્ટે અરજદારોને મોટી રાહત આપતા ઠેરવ્યું કે ૨૬ ઓક્ટોબર ૨૦૨૩ના નિયમ ૨૮(૨) અમલમાં આવ્યો તે પહેલા આપેલી કોર્પોરેટ ગેરંટી પર પાછલી અસરથી એટલે કે તે પહેલાની તારીખથી ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ લાદી શકાય નહીં. આ પ્રકારે વસૂલાત કરવી બંધારણના આર્ટિકલ ૧૪ અને ૧૯(૧)(જી)નું ઉલ્લંઘન છે. જોકે, આ ગેરંટી ૨૬, ઓક્ટોબર ૨૦૨૩ પછી પણ ચાલુ રહે તો તે તારીખથી આવનારા સમયગાળા માટે એટલે કે ભવિષ્ય માટે ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સની જવાબદારી ઊભી થશે જ થશે.

ગુજરાત હાઈકોર્ટનો આ આદેશ કૉર્પોરેટ જગત માટે અત્યંત મહત્વનું દ્રષ્ટાંત બનશે. હાઈકોર્ટે એક તરફ સરકારની ટેક્સ લેવાની સત્તા અને નિયમ ૨૮(૨) ને વ્યાજબી ઠેરવ્યા છે, તો બીજી તરફ વેપારીઓને પાછલી અસરથી થતી મનસ્વી ટેક્સ વસૂલાત અને દંડનાત્મક કાર્યવાહી સામે મજબૂત રક્ષણ પૂરું પાડ્યું છે.

### સ્પે.એનઆઈએ કોર્ટે મહિલા વકીલોની અરજી ગ્રાહ્ય રાખી

# લોરેન્સ બિશ્નોઈ કેસમાં મહિલા વકીલોને VCથી હાજર રહેવા મંજૂરી

અમદાવાદ,શુક્રવાર

કુખ્યાત ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈ કેસમાં મહિલા વકીલોને જાનના જોખમના લીધે વીડિયો કોન્ફરન્સિંગ મારફ્તે હાજર રહેવા માટે અમદાવાદની સ્પેશિયલ એનઆઈએ કોર્ટે મંજૂરી આપતો હુકમ કર્યો છે. એનઆઈએના સ્પેશિયલ કોર્ટના જજ મનીષ પી.પુરોહિતએ મહિલા વકીલોને કેસની પેન્ડન્સી દરમ્યાન દિલ્હી અને અમૃતસર ખાતે આવેલી પોતાની ઓફિસથી વીડિયો કોન્ફરન્સિંગ મારફ્તે રોજબરોજની કાર્યવાહીમાં હાજર રહેવાની પરવાનગી આપી છે.

મહિલા વકીલોની દિલ્હી ઓફિસ અને અમૃતસર ઓફિસને વીડિયો કોન્ફરન્સિંગ લિંક મારફ્તે કેસની સુનાવણીમાં જોડાવવાની પરવાનગી આપતાં કોર્ટે એવી પણ સ્પષ્ટ સ્પષ્ટતા કરી છે કે વીડિયો કોન્ફરન્સીંગ કે અન્ય કોર્ટની રોકાણના બહાને વકીલો મુદત માંગી શકશે નહીં. વકીલો પોતાની ઈચ્છાથી અથવા કોર્ટના ભવિષ્યના કોઈ આદેશથી જ્યારે જરૂર પડે ત્યારે રૂબરૂ પણ હાજર રહી શકશે.

કુખ્યાત ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઇના મહિલા વકીલો તરફથી અરજી કરીને વીડિયો કોન્ફરન્સીંગથી હાજર રહેવાની મંજૂરી માંગતાં જણાવ્યું કે, તેમને અન્ય ગેંગસ્ટરો દ્વારા જાનથી મારી નાંખવાની ધમકી મળી રહી છે. મહિલા વકીલના પતિ અને અન્ય વકીલ પર ગત તા.૨૪-૨-૨૦૨૬ના રોજ દિલ્હીંના કાશ્મીરી ગેટ પાસે અજાણ્યા હુમલાખોરો દ્વારા અંધાધૂંધ ફાયરીંગ કરવામાં આવ્યો હતો. જેમાં કારમાં બેઠેલા અન્ય એક વ્યકિતને બે ગોળીઓ વાગી હતી. આ બનાવ અંગે દિલ્હી કાશ્મીરી ગેટ પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર પણ નોંધાઇ હતી.

મહિલા વકીલો દ્વારા તેમની સુરક્ષા માટે દિલ્હી હાઈકોર્ટમાં રિટ પીટિશન પણ કરવામાં આવી હતી. અન્ય મહિલા વકીલોને પણ આંતરરાષ્ટ્રીય નંબરો પરથી જાનથી મારી નાખવાના ધમકીભર્યા કોલ્સ આવ્યા હોવાની ફરિયાદો નોંધાઈ છે. વકીલોને દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટ, દિલ્હી હાઈકોર્ટ તેમજ પંજાબની કોટીમાં પણ કેસો ચાલતા હોવાથી અને અમદાવાદ સુધી રોજિંદી મુસાફરીમાં જોખમ હોવાથી વીડિયો કોન્ફરન્સીંગની મંજૂરી આપવા અદાલતને વિનંતી કરાઇ હતી. જો કે, એનઆઈએના સ્પેશ્યલ કાઉન્સેલ તરફથી અરજીનો વિરોધ કરાયો હતો અને જણાવાયું હતું કે, ધમકીઓ અને હુમલા દિલ્હી અને પંજાબ અધિકારક્ષેત્રમાં થયા છે, તેથી હાલની અરજી અસ્થાને છે.

### ૧૪ ઓગસ્ટ સુધીમાં

# ગુજરાતમાં ચાંદીપુરા વાયરસના કુલ ૨૫૭ શંકાસ્પદ કેસઃ૨૭ મૃત્યુ

અમદાવાદ,શુક્રવાર

**ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસોથી ચાંદીપુરા વાયરસ હાહાકાર મચાવતા વાલીઓમાં જ્યાં ડરનો માહોલ ઉભો કર્યો છે ત્યાં અત્યાર સુધીમાં રાજ્યમાં ચાંદીપુરા વાયરસના કુલ ૨૫૭ શંકાસ્પદ કેસ નોંધાઈ ચુક્યા છે. જ્યારે નોંધાયેલા પોઝિટવ કેસોમાંથી ૨૭ બાળકોના મૃત્યુ થઈ ચુક્યા છે.**

## અત્યાર સુધીમાં ૪૧ પોઝિટવ કેસો નોંધાયા છે શંકાસ્પદ કેસોમાં ૧૧ નમૂનાનું પરિક્ષણ પેન્ડિંગ

ચાંદીપુરા વાયરસથી નાના બાળકો બિમાર પડવા સાથે હોસ્પિટલોમાં દાખલ કરવા પડી રહ્યા છે. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તાર અને જંગલ વિસ્તાર આસપાસના રહેણાંકોમાં બાળકોમાં આ વાયરસ વધુ ફેલાઈ રહ્યો છે. ગુજરાતમાં અત્યાર સુધીમાં એટલે કે ૧૪ ઓગસ્ટ સુધીમાં કુલ ૨૫૭ શંકાસ્પદ કેસો ચાંદીપુરા વાઈરસના નોંધાઈ ચુક્યા છે. જ્યારે ૪૧ કેસો પોઝિટિવ હોવાનું નોંધાયુ છે. ગુજરાતમાં આ ચાંદીપુરા વાયરસથી ૧૪ ઓગસ્ટ સુધીમાં ૨૭ બાળદર્દીઓના મૃત્યુ થયા છે.રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા આ વાયરસને લઈને અનેક તકેદારી લેવામા આવી રહી છે અને ગાઈડલાઈન પણ જાહેર કરાઈ છે.ઉપરાંત ટેસ્ટિંગ પણ વધારવામા આવ્યુ છે ત્યારે ૨૫૭ શંકાસ્પદ કેસોના નમૂનાઓમાંથી ૨૪૬ના પરીક્ષણ પરિણામો પ્રાપ્ત થઈ ચુક્યા છે.જ્યારે ૧૧ નમૂનાનું પરીક્ષણ હજુ પેન્ડિંગ હોય પરિણામ મળી શક્યુ નથી.

### લાલ દરવાજા સ્થિત જીએસટી કચેરીમાં એસીબીની ટ્રેપ

# ૨૫હજારની લાંચ કેસમાં ટેક્ષ ઓફિસર અને વેરા નિરીક્ષકને ઝડપી લેવાયા

અમદાવાદ,શુક્રવાર

લાલ દરવાજા બહુમળી ભવનમાં આવેલી જીએસટી કચેરીમાં એસીબીએ છટકું ગોઠવીને સ્ટેટ ટેક્ષ ઓફિસર અને રાજ્ય વેરા નિરીક્ષકને રૂપિયા ૨૫ હજારની લાંચ લેતા ઝડપી લીધા હતા. બંનેએ એક વેપારીને બેંક એકાઉન્ટ અનફ્રીઝ કરવાના બદલામાં લાંચની માંગણી કરી હતી. અન્ય કેસમાં દેત્રોજના ડાંગરવા ગામ ગ્રામ પંચાયતના પ્યૂનની લાંચ કેસમાં ધરપકડ કરવામાં આવી હતી.

અમદાવાદમાં રહેતા એક વેપારી એર કોમ્પ્રેસર વેચાણ કરવા અને સર્વિસનું કામ કરતા હતા. પરંતુ, ધંધામાં આર્થિક તંગીના કારણે એપ્રિલ ૨૦૨૬થી જુન ૨૦૨૬ સુધી જીએસટી રીટર્ન ફાઈલ કરી શક્યા નહોતા. જેથી બહુમાળી ભવન સ્થિત જીએસટી કચેરી તરફથી વેપારીને ધંધાકીય બેંક એકાઉન્ટ અને સેવિંગ્સ બેંક એકાઉન્ટને ફ્રીઝ કરી દેવામાં આવ્યા હતા. જે એકાઉન્ટ અનફ્રીઝ કરવા માટે સ્ટેટ ટેક્ષ ઓફિસર કમલેશ ઠાકોર અને રાજ્ય વેરા નિરીક્ષક મોહંમદ મન્સુરીએ ૨૫ હજારની લાંચની માંગણી કરી હતી. જે અનુસંધાનમાં એસીબીમાં ફરિયાદ કરવામાં આવતા બહુમાળી ભવન ખાતે છટકુ ગોઠવવામાં આવ્યું હતું. જેમાં કમલેશ ઠાકોર અને મોહંમદ અઝીઝ મન્સુરીને લાંચ લેતા રંગેહાથે ઝડપી લેવામાં આવ્યા હતા.

અન્ય બનાવમાં એસીબીએ દેત્રોજ તાલુકાના ડાંગરવા ગ્રામ પંચાયતના પ્યુન મનુજી ઠાકોરની રૂપિયા ૨૫૦૦ની લાંચ કેસમાં ધરપકડ કરી હતી. તેમણે ફરીયાદીને પત્નીને પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ મળતી આર્થિક સહાય માટે લાંચની માંગણી કરી હતી.




















**• જાહેર નોટીસ •**

ગુજરાત રાજ્યના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ પંચમહાલના સબ ડીસ્ટ્રીક્ટ હાલોલ ના **મોજે ગામઃ સાથરોટા** ના બ્લોક/સર્વે નં. ૩૫૩/૧, ક્ષેત્રફળ ૦૦ હેક્ટર - ૨૬ આરે - ૩૦ ચો.મી., ખાતા નં. ૭૦૮ વાળી બીન- ખેતીની જમીન આવેલી છે, જેનો સીટી સર્વે ગોધરામાં સમાવેશ થતાં સીટી સર્વે નં. એન.એ.૩૫૩/૧, સત્તા પ્રકાર '' સી '', ક્ષેત્રફળઃ ૨૬૩૦ ચોરસ મીટર્સ છે. જેની સંયુક્ત માલિકી બેલી ઉસ્માનગની અબ્દુલરહીમ તથા દાવ ઝુલ્ફીકારઅલી શૌકતહુશેન ની છે. સદર મિલકતના માલિકો અને ઝાલાવાડીયા જીગ્નેશભાઇ ભીખાભાઇ તથા કાલોલીયા શરીફભાઇ મહંમદભાઇ એમ કુલ ચાર ઇસમોએ તેઓની વચ્ચે **સહજાનંદ બીલ્ડર્સ,** એ નામની ભાગીદારી પેઢીનું આયોજન કરી (તા.૦૪-૦૧-૨૦૨૪ ના ભાગીદારી કરાર થી) સદર જમીનમાં નીચે દર્શાવેલ કુલ ૩૭ પ્લોટ્સ/સબ-પ્લોટ્સ પાડી તેમાં **સહજાનંદ ડુપ્લેક્ષ** નામની સ્કીમનું આયોજન કરેલ છે અને તેના બાંધકામ હેતુસર બાંધકામ/વિકાસની પરવાનગી અને જરૂરી પરવાનગીઓ મેળવેલ છે. ત્યારબાદ, સદર ભાગીદારી પેઢી અંગે સદર ચારેવ ભાગીદારોએ તા. ૧૬-૧૨-૨૦૨૫ ના સપ્લીમેન્ટરી ડીડ થી સદર ભાગીદારી પેઢીનું ફેર બંધારણ કરી તેમાંથી બેલી ઉસ્માનગની અબ્દુલરહીમ તથા દાવ ઝુલ્ફીકારઅલી શૌકતહુશેન (મુળ જમીન માલિકો) ને છુટા કરેલ છે અને નવા ભાગીદારો તરીકે ઝાલાવાડીયા શ્રુતિ જીગ્નેશભાઇ તથા ઝાલાવાડીયા માનવ જીગ્નેશભાઇ ને સદર ભાગીદારી પેઢીમાં ભાગીદાર તરીકે દાખલ કરેલા છે. હવે **મારા અસીલ કિરણભાઇ જયસ્વાલ** સદર મુળ જમીન માલિકો પાસેથી આખી જમીનના માલિકી હક્કો અને લગત તમામ હક્ક, હિત, અધિકારો તથા સદર **સહજાનંદ બીલ્ડર્સ** (તમામ ભાગીદારો) પાસેથી સદર જમીન અંગે તમામ ડેવલપમેન્ટ હક્કો, અધિકારો અને લગત તમામ હિત, હક્ક, અધિકારો તબદીલી લેવાના હોવાથી **મારા અસીલે સદર આખી જમીનનું ટાઇટલ કલીયરન્સ સર્ટીફીકેટ માંગ્યું છે.** તો સદર આખી જમીન કે તેમાં પાડેલા પ્લોટ્સ/સબ-પ્લોટ્સ અંગે જે કોઇ ઇસમ વ્યક્તિ, સંસ્થા ઇત્યાદીના કોઇપણ પ્રકારના હક્ક, હિત, અધિકાર હોય તો તેને આ નોટીસ પ્રસિધ્ધ થયાના **પંદર દિવસ ની અંદર** દસ્તાવેજી/ સાધનીક પુરાવા સહિત લેખિતમાં મને મળે તેમ જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થશે તો આ જમીનનું **ટાઇટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપવામાં આવશે** અને મારા અસીલ સદર સ્કીમ સહિતની આખી જમીનના તબદીલીના લેખો/વ્યવહારો કરી-કરાવી લેશે, જે અંગે પાછળથી કોઇની પણ કાંઇપણ તકરાર વાંધો રહેશે નહીં, ચાલશે નહીં.

**સદર જમીનમાં સહજાનંદ બીલ્ડર્સ દ્વારા આયોજીત સહજાનંદ ડુપ્લેક્ષ ના પ્લોટ્સ/સબ-પ્લોટ્સનું પરિશિષ્ટ**

| પ્લોટ/સબ-પ્લોટ્સના નંબર | ક્ષેત્રફળ ચો.મીટર્સ (પ્લોટ એરીયા) | પ્લોટ/સબ-પ્લોટ્સના નંબર | ક્ષેત્રફળ ચો.મીટર્સ (પ્લોટ એરીયા) |
|---|---|---|---|
| ૦૧/૧ | ૪૩.૭૫ | ૧૪/૨ | ૩૫.૫૮ |
| ૦૧/૨ | ૩૮.૫૨ | ૧૫ | ૩૫.૫૮ |
| ૦૧/૩ | ૩૫.૨૯ | ૧૬/૧ | ૩૫.૫૮ |
| ૦૨ | ૩૫.૨૯ | ૧૬/૨ | ૪૬.૨૨ |
| ૦૩ | ૩૫.૨૯ | ૧૭/૧ | ૪૬.૨૨ |
| ૦૪ | ૩૫.૨૯ | ૧૭/૨ | ૩૫.૫૮ |
| ૦૫ | ૩૫.૨૯ | ૧૮ | ૩૫.૫૮ |
| ૦૬ | ૩૫.૨૯ | ૧૯ | ૩૫.૫૮ |
| ૦૭ | ૩૫.૨૯ | ૨૦ | ૬૨.૪૯ |
| ૦૮ | ૩૫.૨૯ | ૨૧/૧ | ૪૬.૫૪ |
| ૦૯ | ૩૫.૨૯ | ૨૧/૨ | ૪૧.૯૧ |
| ૧૦ | ૩૫.૨૯ | ૨૨ | ૪૧.૯૭ |
| ૧૧/૧ | ૩૫.૨૯ | ૨૩ | ૪૧.૯૭ |
| ૧૧/૨ | ૪૩.૫૧ | ૨૪ | ૪૧.૯૭ |
| ૧૨/૧ | ૩૮.૪૧ | ૨૫ | ૪૧.૯૭ |
| ૧૨/૨ | ૨૮.૫૭ | ૨૬ | ૪૧.૯૭ |
| ૧૩/૧ | ૨૭.૯૬ | ૨૭/૧ | ૪૧.૯૭ |
| ૧૩/૨ | ૩૩.૮૫ | ૨૭/૨ | ૫૪.૩૦ |
| ૧૪/૧ | ૪૧.૨૧ | કુલ- ૩૭ પ્લોટ્સ/સબ-પ્લોટ્સ | |

તા. ૧૫-૦૮-૨૦૨૬. સ્થળઃ વડોદરા. રવાના અમારી મારફ્તે

**નલીન જે.સોની** એડવોકેટ 96649 56033
બી.એ.(ઓનર્સ):યુ.જી.સી.સ્કોલર:એલએલ.એમ.(ગોલ્ડ મેડાલીસ્ટ) 98257 55060
સ્થળઃ '' શિવમ '', રાધાકૃષ્ણ સોસાયટી, પ્રજ્ઞાધામ મંદિર પાસે, માંજલપુર,વડોદરા.

## બેસણું



સ્વ.પંચાલ સંદીપકુમાર મધુસૂદનભાઈ
સ્વ.તા.૧૩-૦૮-૨૦૨૬

દિલગીરી સાથે જણાવવાનું કે અમારા દીકરો સ્વ.પંચાલ સંદીપકુમાર મધુસૂદનભાઈનો સ્વર્ગવાસ થયેલ છે. પરમકૃપાળુ પરમાત્મા સદ્ગતના દિવ્ય આત્માને શાંતિ પ્રદાન કરે એવી પ્રભુના ચરણોમાં પ્રાર્થના.

**બેસણું : તા.૧૬/૦૮/૨૦૨૬, રવિવારના રોજ સવારે ૯:૦૦ થી બપોરે ૧૨:૦૦ કલાક સુધી રાખેલ છે સ્થળ : લેઉવા પટેલ સમાજવાડી, નરોડા, અમદાવાદ +91 9586880699, +91 8320116306**

પંચાલ મધુસુદનભાઈ પુંજાલાલ
પંચાલ અમિતકુમાર મધુસૂદનભાઈ
ગં.સ્વ.મેઘનાબેન સંદીપકુમાર પંચાલ
લિ. સ્વ.નીલાબેન મધુસૂધનભાઈ પંચાલ
અ.સૌ. તૃપ્તિબેન અમિતકુમાર પંચાલ
તથા સમસ્ત પરિવાર

## દુઃખદ અવસાન / બેસણું



**સ્વ. અર્જુનસિંહ જગતસિંહ ગોહિલ**
**સ્વ.તા. ૧૦-૮-૨૦૨૬**

દિલગીરી સાથે જણાવવાનું કે અમારા મોટાભાઈ અર્જુનસિંહ જગતસિંહ ગોહિલનું તા. ૧૦-૮-૨૦૨૬ને સોમવારના રોજ સ્વર્ગવાસ થયેલ છે. પ્રભુ સદ્ગતના આત્માને શાંતિ આપે તેવી પ્રભુને પ્રાર્થના.

**સદ્ગતનું બેસણું : તા. ૧૬-૮-૨૦૨૬ રવિવારના રોજ સવારે ૯-૦૦ થી બપોરે ૨-૦૦ કલાકે રાખેલ છે સ્થળ : જલારામ નગર, નંદેસરી, વડોદરા.**

ગોહિલ ઉદેસિંહ જગતસિંહ
ગોહિલ રાજેશસિંહ અર્જુનસિંહ
ગોહિલ ધનરાજસિંહ અર્જુનસિંહ
ગોહિલ જીતેન્દ્રસિંહ ઉદેસિંહ
ગોહિલ ચિરાગસિંહ ઉદેસિંહ

**ફર્મ : હરસિધ્ધી ટ્રેડર્સ - રાજેશ પ્લમ્બર M.: 9558856250 / 8140659075**

## બેસણું



**સ્વ.હરિસિંહ ફતેસિંહ મકવાણા**
૧ જૂન ૧૯૬૫ - ૭ ઓગસ્ટ ૨૦૨૬

પ્રતિશ્રી ગામ સરારથી મહેન્દ્રસિંહ ફતેસિંહ મકવાણાના જય માતાજી. દુઃખદ સાથે જણાવવું છું કે મારા નાના ભાઈ **શ્રી હરિસિંહ મકવાણા** સવંત ૨૦૮૨ અષાઢ વદ આઠમને શુક્રવાર તારીખ ૦૭/૦૮/૨૦૨૬ના રોજ દેવલોક પામ્યા છે.

**બેસણું ૨૦૮૨ શ્રાવણ સુદને ચોથને રવિવાર તારીખ-૧૬/૦૮/૨૦૨૬ના રોજ સવારે ૦૯ થી ૧૨ કલાકે ઉત્તરક્રિયા સવંત ૨૦૮૨ શ્રાવણ સુદને સાતમને બુધવાર તારીખ-૧૯/૦૮/૨૦૨૬ના રોજ સવારે ૦૯ કલાકે અમારા રહેઠાણ સ્થળે (સરાર) રાખેલ છે. સ્થળ : સરાર-વડોદરા**

લિ. મહેન્દ્રસિંહ ફતેસિંહ મકવાણા
ધનરાજસિંહ હરીસિંહ મકવાણા
(Mo.9574444953)
હિતેન્દ્રસિંહ મહેન્દ્રસિંહ મકવાણા
દિગ્વિજયસિંહ હિતેન્દ્રસિંહ મકવાણા
તથા મકવાણા પરિવાર.

## બેસણું

જય શ્રી કૃષ્ણ



**સ્વ. રમેશચંદ્ર નગીનદાસ મોદી**
સ્વ. તા. ૦૮-૦૮-૨૦૨૬

દિલગીરી સાથે જણાવવાનું કે ડભોઈ નિવાસી રમેશચંદ્ર નગીનદાસ મોદી (બાબુભાઈ શાનીવાળા) તા. ૮ ઓગસ્ટ ૨૦૨૬ (અષાઢ વદ દશમ) ના રોજ શ્રીજી ચરણ પામ્યા છે. પરમ કૃપાળુ પરમાત્મા તેમના દિવ્ય આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના.

**સદ્ગતનું બેસણું તા. ૧૬ ઓગસ્ટ ૨૦૨૬ ને રવિવાર ના રોજ સમયઃ- સાંજે ૪-૩૦ થી ૬-૩૦ કલાકે સ્થળઃ- ઝારોલા ભવન વાડી, BAPS સ્વામિનારાયણ મંદિરની બાજુમાં, વૃંદાવન ચાર રસ્તા, વાઘોડિયા રોડ, વડોદરા.**

- ગં.સ્વ. ભારતીબેન રમેશચંદ્ર મોદી
- હિમાંશુ રમેશચંદ્ર મોદી
- આજ્ઞા હિમાંશુ મોદી
- મીનાક્ષી હેમંત શાહ
- હેમંત સતીશચંદ્ર શાહ
- આશ્રય • શ્રીષ્મા • તીર્થ

**પિયર પક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.**
**કનૈયાલાલ ચુનીલાલ શાહ પરિવાર તરફથી**

## બેસણું / પ્રાર્થના સભા



**સ્વ.તારામતી મટુભાઇ શાહ**
તા.૧૪/૮/૨૦૨૬

દીલગીરી સાથે જણાવવાનું કે અમારા માતૃશ્રી **તારામતી મટુભાઇ શાહ (Wife of Ex. Dev. Officer, LIC)** તા. ૧૪/૮/૨૦૨૬ને શુક્રવારના રોજ દુઃખદ અવસાન પામેલ છે. પ્રભુ સદ્ગતના આત્માને શાંતિ અર્પે એજ પ્રભુ પ્રાર્થના.

**બેસણું / પ્રાર્થના સભા : તા. ૧૬/૮/૨૦૨૬ને રવિવારના રોજ સવારે ૧૦ થી ૧૨ કલાકે રાખેલ છે. સ્થળ : શ્રી દશાશ્રીમાળી વિદ્યાર્થીગૃહ, હરીભક્તિ કોમ્પલેક્ષ, એમ.સી. હાઇસ્કૂલની સામે, વડુવાળા આંખની હોસ્પિટલની બાજુમાં, સલાટવાડા, વડોદરા.**

લી. સ્વ.શ્રી મટુભાઇ મોહનલાલ શાહ
સ્વ.શ્રી રમેશ મટુભાઇ શાહ — અલકા રમેશભાઇ શાહ
સુદેશ મટુભાઇ શાહ — સીમા સુદેશભાઇ શાહ
તુષાર મટુભાઇ શાહ — મીલન તુષારભાઇ શાહ
સ્વ. રાજેશકુમાર ચીમનલાલ શાહ — હેમલત્તા (વર્ષા) રાજેશકુમાર શાહ
બીપીનકુમાર મહાસુખલાલ શાહ — નયના બીપીનકુમાર શાહ

પિયર પક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.

## બેસણું



દિલગીરી સાથે જણાવવાનું કે
**ગં.સ્વ. ભાવનાબેન રાજેન્દ્રપ્રસાદ યાજ્ઞિક નું**
દુઃખદ અવસાન તા. ૧૧-૮-૨૦૨૬ ને મંગળવાર ના રોજ થયેલ છે. પ્રભુને ગમ્યું તે ખરૂં. પ્રભુ તેમના આત્માને પરમશાંતિ અર્પે એજ અમારા સૌની પ્રાર્થના.

**સદ્ગતનું બેસણું : તા. ૧૬-૮-૨૦૨૬ ને રવિવાર ના રોજ**
**સમય : સવારે ૧૦.૩૦ થી ૧૨.૩૦**
**સ્થળ : લાયન્સ હોલ,** નવી કોર્ટની પાછળ, ગદાપુરા, દિવાળીપુરા, વડોદરા મુકામે રાખવામાં આવેલ છે.

**યાજ્ઞિક પરિવાર**
98250 95526

પિયર પક્ષનું બેસણું ઉપરોક્ત મુકામે રાખેલ છે. – ત્રિવેદી પરિવાર

## દુઃખદ અવસાન / બેસણું



દિલગીરી સાથે જણાવવાનું કે મારા ધર્મપત્નિ
**અ.સૌ. પ્રમિલા જીતેન્દ્ર ગાંધી** (Ex. SBI) નું
તા. ૧૪/૦૮/૨૦૨૬ ને શુક્રવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુ એમના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

**સદ્ગતનું બેસણુંઃ તા.૧૫/૦૮/૨૦૨૬ ને શનિવારે સાંજે ૪:૦૦ થી ૬:૦૦ કલાક રાખેલ છે. સ્થળઃ "અલકાપુરી કલબ", અલકાપુરી, વડોદરા.**

જીતેન્દ્ર હીરાલાલ ગાંધી (પતિ)
કેયુર જીતેન્દ્ર ગાંધી (પુત્ર) - પિંકી કેયુર ગાંધી (પુત્રવધુ)
નિરાલી અભિનંદ પંડ્યા (પુત્રી) - અભિનંદ ડાહ્યાલાલ પંડ્યા (જમાઈ)
પૌત્ર/દોહિત્રીઃ આદિત્ય, પ્રણિકા, વિવાન
પ્રતિભા પનાલાલ પરીખ (બહેન)

**ફર્મઃ ચંપા પ્યુરી કેમ ઈન્ડસ્ટ્રીઝ**

॥ ૐ શાંતિ શાંતિ શાંતિ ॥

## અંતિમ યાત્રા



જય સ્વામીનારાયણ સહ જણાવવાનું કે અમારા પિતાશ્રી શ્રી **ભાનુભાઇ કાંતિલાલ ચોક્સી** (પેટલાદ વાળા) તા.૧૪/૦૮/૨૦૨૬ ને શુક્રવારના રોજ સાંજે ૦૫:૨૫ કલાકે અક્ષર નિવાસી થયેલ છે. પ્રભુ એમના આત્માને પરમશાંતિ અર્પે એવીજ પ્રાર્થના.

**સ્મશાન યાત્રા : સદ્ગતની અંતિમયાત્રા તા : ૧૫/૦૮/૨૦૨૬ ના શનિવારના રોજ સવારે ૦૯:૧૫ કલાકે અમારા નિવાસ સ્થાનેથી નીકળી બહુચરાજી રોડ, ખાસવાડી સ્મશાનગૃહ, વડોદરા ખાતે રાખેલ છે. નિવાસ સ્થાન : ૩૧, નેતાજી સોસાયટી, મુક્તાનંદ ક્રોસ રોડ, કારેલીબાગ, વડોદરા.**

Chokshi Popatlal Savjibhai Jewellers (Petladvala), J B Kitchen, Vadodara

સંપર્ક :
ભુપેન્દ્ર ભાનુભાઇ ચોક્સી : ૯૮૨૪૫૧૮૫૩૪
સુજીત ભાનુભાઇ ચોક્સી : ૯૮૨૪૦૧૮૫૩૪

## બેસણું



**સ્વ.વિનુભાઇ હરમાનભાઇ પટેલ**
સ્વ.તા.૧૨/૦૮/૨૦૨૬

ગામ નાપાડ જી.આણંદ (હાલ વડોદરા)થી ભુપેન્દ્ર વિનુભાઇ પટેલના જય સતકૈવલ સાહેબ. સખેદ જણાવવાનું કે અમારા પૂજ્ય પિતાશ્રી **વિનુભાઇ હરમાનભાઇ પટેલ** તા.૧૨/૦૮/૨૦૨૬ને રવિવારના રોજ દેવલોક પામ્યા છે. પ્રભુ તેમના દિવ્ય આત્માને શાંતિ આપે તેવી અમારા પરિવારની પ્રાર્થના.

**સદ્ગતનું બેસણું તા.૧૬/૦૮/૨૦૨૬, રવિવારના રોજ સમય સવારે ૯:૦૦ થી ૧૨:૦૦ કલાકે રાખેલ છે. સ્થળ :- એ/૧૬, અભયનગર સોસાયટી, ગોરવા તળાવ પાસે, ગોરવા, વડોદરા.**

નિરંજનાબેન વિનુભાઇ પટેલ
ભુપેન્દ્ર વિનુભાઇ પટેલ — પિનલ ભુપેન્દ્રભાઇ પટેલ
જીજ્ઞેશ વિનુભાઇ પટેલ — શિલ ભુપેન્દ્રભાઇ પટેલ

## દુઃખદ અવસાન / બેસણું



**સ્વ. જમુબેન કનુભાઈ પરીખ**
સ્વ. તા. ૧૨-૦૮-૨૦૨૬

અત્યંત દિલગીરી સહ જણાવવાનું કે મારા ધર્મપત્ની/માતૃશ્રી જમુબેન કનુભાઈ પરીખ તા. ૧૨-૦૮-૨૦૨૬ ને બુધવારના રોજ દેવલોક પામ્યા છે. પરમ કૃપાળુ પરમાત્મા તમારા દિવ્ય આત્માને શાંતિ આપે તેવી અમારી પ્રાર્થના.

**સદ્ગતનું બેસણું તા. ૧૬-૮-૨૦૨૬ ને રવિવારે સમય :- સાંજે ૪ થી ૬ કલાક સુધી સ્થળઃ- સંખેડા દશાલાડ ભવન, વૃંદાવન ચાર રસ્તા પાસે, વાઘોડીયા રોડ વડોદરા.**

- કનુભાઈ રતનલાલ પરીખ (ગોયાવાળા) (બોડેલી)
- અતુલ કનુભાઈ પરીખ (Ret.LIC Dev.Officer) • અલકા અતુલભાઈ પરીખ
- પરેશ કનુભાઈ પરીખ ( Tax Consultant) • સુષ્મા પરેશભાઈ પરીખ
- નિખિલ કનુભાઈ પરીખ (RIL) • સીમા નિખિલ પરીખ

**પિયર પક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.**

## બેસણું-ઉત્તરક્રિયા



**સ્વ. અ.સૌ.અલકાબેન યોગેશભાઈ સોની**
સ્વ.તા.૫-૮-૨૦૨૬

વડોદરાથી લિ. **યોગેશભાઇ ગોરધનદાસ સોની (ટીનો)** ના જયશ્રીકૃષ્ણ વાંચશોજી. સખેદ જણાવવાનું કે મારા ધર્મપત્ની
**અ.સૌ.અલકાબેન યોગેશભાઈ સોની**
તા.૫-૮-૨૦૨૬ ને બુધવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુ તેમના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

**સદ્ગતનું બેસણું/ઉત્તરક્રિયા તા. ૧૭-૮-૨૦૨૬ સોમવારના રોજ બેસણું : સવારે ૯ થી ૧૧ અને સરવણી : સવારે ૧૧.૩૦ થી ૧ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.**
**સ્થળ : કૈલાશ પાર્ટી પ્લોટ, આજવા રોડ, વડોદરા.**

યોગેશભાઈ જી. સોની (ટીનો)
અંજલિ એચ. જોષી - હર્ષ એમ. સોની
નિલેશા પી. જડિયા - હિતેન્દ્ર સી. જડિયા

## દુઃખદ અવસાન / બેસણું



**સ્વ.અ.સૌ.ચારૂબેન ગોપાલદાસ શાહ**
સ્વ.તા.૧૩-૦૮-૨૦૨૬

અત્યંત ખેદ સાથે જણાવવાનું કે, ગોપાલદાસ હિરાલાલના ધર્મપત્ની **અ.સૌ.ચારૂબેન ગોપાલદાસ શાહ** તા.૧૩-૦૮-૨૦૨૬ને ગુરૂવારના રોજ દેવલોક પામ્યા છે. પરમાત્મા એમના દિવ્ય આત્માને શાંતિ આપે એવી પ્રાર્થના.

**સદ્ગતનું બેસણું : તા.૧૬-૦૮-૨૦૨૬ ને રવીવારના રોજ સાંજે ૫.૦૦ થી ૭.૦૦ કલાકે રાખેલ છે. બેસણાનું સ્થળઃ ડભોઈ દશાલાડ ભવન, સરદાર એસ્ટેટ ચાર રસ્તા પાસે, આજવા રોડ, વડોદરા.**

સુધીર એચ. શાહ — નયના સુધીર શાહ
મુકેશ એચ. શાહ — સુધા મુકેશ શાહ
જીગર સુધીર શાહ — નેહા હાર્દીક શાહ
નિધી કાર્તીક પટેલ — નમ્રતા સાગર શાહ

**પિયર પક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.**

## દુઃખદ અવસાન / બેસણું



**અ.સૌ.સ્વ. દેવીન્દ્રીકાબેન ભોગીલાલ પટેલ**
જન્મ તા. ૧૮-૦૧-૧૯૩૬
સ્વ. તા. ૧૩-૦૮-૨૦૨૬

પ્રતિ શ્રી, ગામ સોજીત્રા (હાલ વડોદરા) થી ભોગીલાલ અંબાલાલ પટેલ ના જય સત કૈવલ. સખેદ જણાવવાનું કે મારા ધર્મપત્ની દેવીન્દ્રીકાબેન ભોગીલાલ પટેલ નું તા. ૧૩-૦૮-૨૬, ગુરૂવાર ના રોજ દેવે લાક પામ્યા છે. પ્રભુને ગમ્યું તે ખરું.

**સદગતનું બેસણુ તા. તા. ૧૬-૦૮-૨૦૨૬ રવિવાર ના રોજ સાંજે ૪.૦૦ થી ૬.૦૦ કલાકે રાખેલ છે. સ્થળ : દાજી બ્રહ્મભટ્ટ છાત્રાલય (સુરજબા હોલ), જીવન ભારતી સ્કુલની સામે, કારેલીબાગ, વડોદરા**

રાકેશ ભોગીલાલ પટેલ — અમીષા રાકેશ પટેલ
રાજેશ ચીમનભાઈ પટેલ — વીણા રાજેશ પટેલ
કલ્પેશ આપાભાઈ પટેલ — સંગીતા કલ્પેશ પટેલ
વિપુલ રમણ ભાઈ પટેલ — મોનાલી વિપુલ પટેલ
હેત રાકેશ પટેલ — રિધ્ધિ રાકેશ પટેલ
આશા ટ્રેડિંગ કો. — આશીષ ટ્રેડિંગ કો.

## प्रार्थना सभा



हमारी माता श्री श्रीमती हरकुँवर(रुकमणी) देवी धर्मपत्नी - स्व. श्री रतनलालजी लोगड का स्वर्गवास रविवार, दिनांक ०२.०८.२०२६ को हो गया है

**प्रार्थना सभा**

**दिनांकः१६.०८.२०२६, समयः सांय ४.०० बजे से ५.३० बजे तक स्थानः लायन्स होल, वेक्सिन इंस्टीट्यूट रोड, गदापुरा, नये कोर्ट के पीछे, बडोदा**

**शोकाकुल**
पवन-कान्ता, अक्षत-दिशा, निधि-शुभम श्लोक एवं समस्त लोगड परिवार (रामसर वाले) मो.9824194241
ॐ शांति शांति शांति ॐ

## પૂજ્ય ભાઈલાલ માસાને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



**સ્વ. ભાઇલાલભાઇ છગનલાલ શાહ**
સ્વ.તા.૧૦/૦૮/૨૦૨૬

''જેમનું વ્યક્તિત્વ હતું પવિત્ર અને વાત્સલ્યપૂર્ણ, જેમના સ્મરણો હંમેશાં રહેશે હૃદયમાં જીવંત'' જીવનના દરેક ઉતાર-ચઢાવમાં જેમણે હંમેશાં શિરછત્ર સમાન ઓથ અને માર્ગદર્શન આપ્યું, એવા પ્રેમાળ, પરોપકારી અને નિશ્છલ હૃદય ધરાવતા પૂજ્ય ભાઈલાલમાસા આજે આપણી વચ્ચે નથી રહ્યા, તેનું અમને ઊંડુ દુઃખ છે. તેઓ માત્ર સંબંધથી 'માસા' નહોતા, પણ પોતાના વહાલ અને વડીલ તરીકેની ફરજથી હંમેશાં અમારા શિરાધાર રહ્યા. તેમની ખોટ ક્યારેય પુરાશે નહીં. એવા પવિત્ર આત્માને અમારી ભાવભીની અને વંદનભરી શ્રદ્ધાંજલિ... ઓમ શાંતિ, શત શત નમન

લી. સ્વ.સુંદરલાલ પી. શાહ — ભાવનાબેન એસ. શાહ,
બીપીન આર. શાહ — શિલ્પા બી. શાહ
નિતિન બી. શાહ — જીગીશા એન. શાહ
નિરવ એસ. શાહ — પ્રિયંકા એન. શાહ,
જીનમ, દેવન, યશી

## ધામગમન- પંચાલ



**અ.નિ.લક્ષ્મીશંકર સોમાભાઈ પંચાલ**
જન્મ.તા.૨૦-૦૫-૧૯૪૪
સ્વ.તા.૦૮-૦૮-૨૦૨૬

જય શ્રી સ્વામિનારાયણ સહ જણાવવાનું કે અમારા પૂજ્ય પિતાશ્રી
**લક્ષ્મીશંકર સોમાભાઈ પંચાલ**
નું દેહાવસાન અષાઢ વદ ૧૦ ને શનિવાર તા.૦૮-૦૮-૨૦૨૬ના રોજ થયેલ છે. ભગવાનને ગમ્યું તે ખરૂ. સદ્ગતના આત્માને પ્રભુ નિજ ચરણોમાં સ્થાન આપી ચિર શાંતિ અર્પે એજ અભ્યર્થના.

**સદ્ગતનું બેસણુંઃ- તા.૧૭-૦૮-૨૦૨૬ સોમવારના રોજ બપોરે ૩ થી ૫ કલાક. સ્થળઃ- કચ્છી કડવા પટેલની વાડી, ગર્લ્સ સ્કૂલ પાસે, સ્ટેશન રોડ પાદરા.**

અ.નિ. અજીતકુમાર લક્ષ્મીશંકર પંચાલ — ચૈતન્ય અજીતકુમાર પંચાલ
અ.નિ. દિપકકુમાર લક્ષ્મીશંકર પંચાલ — દર્શન અજીતકુમાર પંચાલ
કૃષ્ણકાંત લક્ષ્મીશંકર પંચાલ — ધાર્મિક દિપકકુમાર પંચાલ
યક્ષ કૃષ્ણકાંત પંચાલ

**L.S.P પરિવાર ના જય શ્રી સ્વામિનારાયણ**

## બેસણું



**સ્વ. રવીન્દ્રનાથ દીનાનાથ પુરોહિત**
સ્વ.તા. ૧૨-૮-૨૦૨૬

અત્યંત દુઃખ સાથે જણાવવામાં આવે છે કે અમારા વ્હાલા પતિ, પિતા અને ભાઈ નું
**શ્રી રવીન્દ્રનાથ દીનાનાથ પુરોહિત** (૩૦ માર્ચ, ૧૯૪૬ - ૧૨ ઓગસ્ટ, ૨૦૨૬)
ભૂતપૂર્વ વરિષ્ઠ મેનેજર, બેંક ઓફ બરોડા
૧૨ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ સ્વર્ગવાસ થયું છે.

**બેસણું (શોકસભા) તા. ૧૬-૮-૨૬, રવિવાર સમય : સાંજે ૪.૦૦ થી ૬.૦૦ કલાકે રાખેલ છે. સ્થળ : હોટેલ સયાજી, ભીમનાથ બ્રિજ પાસે, પારસી અગિયારી સામે, સયાજીગંજ, વડોદરા.**

**શોકગ્રસ્ત પરિવારઃ**
ગીતા પુરોહિત (પત્ની)
નેહા પુરોહિત (પુત્રી) - અનુજનાથ પુરોહિત (પુત્ર)
અલ્કા પુરોહિત (બહેન)

## દુઃખદ અવસાન / બેસણું



**સ્વ. અરુણ તારે**
સ્વ.તા. ૧૨/૦૮/૨૦૨૬

દિલગીરી સાથે જણાવવાનું કે અમારા કુટુંબ પ્રમુખ **શ્રી અરુણ તારે તા.૧૨/૦૮/૨૦૨૬ ના રોજ સ્વર્ગવાસ પામેલ છે.**

**સદ્ગતનું બેસણું : તા.૧૬/૮/૨૦૨૬ને રવિવારે સવારે ૧૦ થી ૧૨ વાગ્યા સુધી નીચેના સ્થળે રાખેલ છે.**
**સ્થળ : વડીલ વાત્સલ્ય ભવન, ૨૦૦ ગંગાપાર્ક સોસાયટી, મકરંદ દેસાઈ રોડ, વાસણા રોડ, વડોદરા.**

લી. વંદના તારે (Retd. India Post)
અનિલ તારે — ગીતાંજલી તારે
શમિત પટેલ — ગૌરી પટેલ
સૌરભ તારે — હર્ષિતા તારે
M.: 91564 23890

## શ્રદ્ધાંજલી



**સ્વ. ભાઇલાલભાઇ છગનલાલ શાહ**
સ્વ.તા.૧૦/૦૮/૨૦૨૬

નથી હયાત પણ સાથે છો આપ એવું લાગ્યા કરે છે. હરક્ષણે તમારી ઉપસ્થિતિનો આભાસ લાગ્યા કરે છે. જીવન એવું જીવી ગયા કે સૌના હૃદયમાં રહ્યાં. કાર્યો એવા કરતા ગયા કે સૌના સ્મરણમાં રહ્યાં. પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

રસીકભાઇ સી. શાહ — સુધાબેન આર. શાહ
જગદીશભાઇ સી. શાહ — રેણુકાબેન જે. શાહ
રજનીકાન્ત સી. શાહ — કૈલાસબેન આર. શાહ
ગં.સ્વ.ભારતીબેન સી. શાહ

## શ્રદ્ધાંજલિ



**સ્વ. મનોજકુમાર રમણલાલ શાહ (લાલો)**
સ્વ. તા. ૧૨-૦૮-૨૦૨૬

હે નાથ જોડી હાથ પાયે પ્રેમથી સૌ માંગીએ,
શરણ મળે સાચું તમારૂં એ હૃદયથી માંગીએ,
જે જીવ આવ્યો આપ પાસે શરણમાં અપનાવજો
પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો...
એજ પ્રાર્થના...

સ્વ. મહેન્દ્રભાઈ શાહ — વસુમતીબેન શાહ
સ્વ. હસમુખભાઈ શાહ — હંસાબેન શાહ
મુકેશભાઈ શાહ — ફાલ્ગુનાબેન શાહ
કુમારપાળભાઈ શાહ — પ્રિતીબેન શાહ
દેવેન્દ્રભાઈ શાહ — પ્રિતીબેન શાહ
સ્વ. ચંદુલાલ મોહનલાલ શાહ પરિવાર (રણુવાળા)

## પ્રાર્થનાસભા



**સ્વ. મનોજ (લાલો) રમણલાલ શાહ**
સ્વ. તા. ૧૨-૦૮-૨૦૨૬

સખેદ જણાવવાનું કે સ્વ. રમણલાલ શનાલાલ શાહના સુપુત્ર **સ્વ. મનોજ રમણલાલ શાહ (લાલો)** તા. ૧૨-૦૮-૨૦૨૬ ના રોજ અરિહંત શરણ પામ્યા છે.

**દિવ્ય આત્માના પ્રભુ શરણ માટે પ્રાર્થનાસભા તારીખ : ૧૬-૦૮-૨૦૨૬ ને રવિવાર ના રોજ સમય : ૩ થી ૫ કલાકે રાખેલ છે. સ્થળ : શ્રી દશાશ્રી માળી વિદ્યાર્થી ગૃહ, વડુવાળા હોસ્પિટલની બાજુમાં, સલાટવાડા, વડોદરા.**

રીટા મનોજકુમાર શાહ
વ્રજેશ રમણલાલ શાહ (ચિકો) — જયશ્રી વ્રજેશ શાહ
ડૉ. હર્ષદભાઈ એન. શાહ — જ્યોતિકા એચ. શાહ
અશોકભાઈ સી. શાહ — હર્ષા અશોકભાઈ શાહ
કનુભાઈ કે. પટેલ — રીટા કનુભાઈ પટેલ
પ્રિયા મનોજ શાહ — શ્રુતિ મનોજ શાહ
સિધ્ધી વ્રજેશ શાહ

સાસરી પક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.
સ્વ. ચંદુલાલ મોહનલાલ શાહ પરિવાર (રણુવાળા)

## શ્રદ્ધાંજલિ



**સ્વ. મનોજ (લાલો) રમણલાલ શાહ**
સ્વ. તા. ૧૨-૦૮-૨૦૨૬

સમય જીંદગીનો ઓછો હશે ક્યાં ખબર હતી,
વિદાય તમારી અણધારી હશે એ ક્યાં ખબર હતી,
કોઈ સૂચના વગર સર્વત્ર સુવાસ ફેલાવી
સંભારણા સૌના દિલમાં રાખી ગયા,
ભગવાન દિવ્ય આત્માને આશીર્વાદ આપે,
એ જ ભાવનાત્મક શ્રદ્ધાંજલિ.... જય જિનેન્દ્ર...

દિનેશભાઈ શાહ (USA) — કુસુમબેન શાહ (USA)
કનુભાઈ શાહ (USA) — સ્વ. મીનાબેન શાહ (USA)
વિજય શાહ (USA) — મિનાક્ષી શાહ (USA)
અલ્પેશ શાહ (USA) — હિના શાહ (USA)
વ્રજેશ (ચિકો) શાહ — જયશ્રી શાહ
અરવિંદલાલ શાહ (USA) — જ્યોત્સનાબેન શાહ (USA)
ડૉ. હર્ષદભાઈ શાહ — જ્યોતિકા શાહ
ભરતકુમાર પરીખ (USA) — સ્વ. કુંજબાળા પરીખ (USA)
અશોકભાઈ શાહ — હર્ષા શાહ
કનુભાઈ પટેલ — રીટા પટેલ

## બેસણું / પ્રાર્થનાસભા



સખેદ જણાવવાનું કે, અમારા પિતાશ્રી
**શ્રી ભાઈલાલભાઈ છગનલાલ શાહ**
(Retd. PA to Commissioner VMC)
તા. 10-08-2026ના રોજ અરિહંત શરણ થયેલ છે. અરિહંત પરમાત્મા તેમના પવિત્ર આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

**સદ્ગતનું બેસણું :** તા.16-08-2026 ને રવિવારના રોજ સાંજે 4 થી 6 કલાકે
**સ્થળ :** સૌરાષ્ટ્ર જૈન સમાજ, કલાલી-વડસર રોડ, દિલ્હી પબ્લિક સ્કૂલની બાજુમાં, વડોદરા.

સુધાબેન ભાઈલાલભાઈ શાહ
અજય બી. શાહ (પુત્ર) — ચિરાગ બી. શાહ (પુત્ર)
બિંદુ એ. શાહ (પુત્રવધૂ) — હેતલ સી. શાહ (પુત્રવધૂ)
મારૂત એ. શાહ (પૌત્ર) — હાર્દ સી. શાહ (પૌત્ર)
સ્વ.છગનલાલ ઈશ્વરલાલ શાહ (ભાણપુરાવાળા)
સહપરિવારના જય જીનેન્દ્ર

સાસરી પક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.
જયેશભાઈ નંદલાલ શાહ • બિરેનભાઈ નંદલાલ શાહ
સ્વ. નંદલાલ અમૃતલાલ શાહ (બામણગામ વાળા) સહપરિવારના જય જીનેન્દ્ર

## બેસણું



**સ્વ.અરવિંદભાઈ માણેકલાલ શાહ**
સ્વ.તા.૧૩/૦૮/૨૦૨૬
મો. ૯૮૨૪૦૦૩૮૩૯
મો. ૯૮૨૪૦૦૪૮૦૮

સખેદ જણાવવાનું કે અમારા પૂજ્ય પિતાશ્રી
**અરવિંદભાઈ માણેકલાલ શાહ (સરારવાલા)**
તા.૧૩/૦૮/૨૦૨૬ ને ગુરૂવારના રોજ દેવલોક પામ્યા છે. ઈશ્વર એમના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

**સદ્ગતનું બેસણું તા.૧૬/૦૮/૨૦૨૬ ને રવિવારના રોજ સાંજે ૪.૩૦ થી ૬.૩૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે. સ્થળઃ આત્મીયધામ, લક્ષ્મીનારાયણ મંદિરની બાજુમાં, અવધુત ફાટક પાસે, માંજલપુર, વડોદરા.**

તુષાર શાહ — અમી શાહ — કરણ શાહ — દેવાંશી શાહ
કમલેશ શાહ — સ્મિતા શાહ — પંથ શાહ — હર્ષ શાહ
બીપીન શાહ — અલકા શાહ — મનન શાહ — નક્ષ શાહ

## ભાવભીની શ્રદ્ધાંજલિ



**સ્વ.અરવિંદભાઈ માણેકલાલ શાહ**
સ્વ.તા.૧૩/૦૮/૨૦૨૬

પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેની શકિત હતી,
પરિશ્રમ જેનું કર્તવ્ય હતું, પરમાત્મા જેની ભકત હતી,
પ્રસન્નતા જેની સુવાસ હતી, આપનો પરોપકારી
અને પ્રેમાળ સ્વભાવ આપની સદાય યાદ આપતી રહેશે.
પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

નીતીન નટવરલાલ શાહ • ભાવિની નીતીન શાહ
નીશીત કોઠારી • આરૂષિ કોઠારી • મેહાન કોઠારી

## ભાવભીની શ્રદ્ધાંજલિ



**સ્વ.અરવિંદભાઈ માણેકલાલ શાહ**
સ્વ.તા.૧૩/૦૮/૨૦૨૬

હે નાથ જોડી હાથ પાયે પ્રેમથી સૌ માંગીએ,
શરણ મળે સાચુ તમારુ એ હૃદયથી માંગીએ,
જે જીવ આવ્યો આપ પાસે ચરણમાં અપનાવજો,
પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો.

**શિલ્પ ગૃપ**
વડોદરા

## શ્રદ્ધાંજલિ



**સ્વ. મહેશભાઈ અંબાલાલ શાહ । સ્વ. તા. 11-8-2026**

પપ્પા, આપનું નિઃસ્વાર્થ વ્હાલ અને માર્ગદર્શન અમારા જીવનનો સાચો આધાર હતો. આપ શારીરિક રીતે અમારી વચ્ચે નથી, પરંતુ આપના સંસ્કાર અને મીઠી યાદો અમારા હૃદયમાં સદા જીવંત રહેશે. ઈશ્વર આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે તેવી જ પ્રાર્થના...

**:: શોકાતુર ::**

| | | |
|---|---|---|
| મિતેન કિરીટકુમાર શેઠ | પિયુષ જેઠાભાઈ શાહ | હિતેન મહેશકુમાર દેસાઈ |
| હેતલ મિતેન શેઠ | વૈશાલી પિયુષ શાહ | અર્ચિતા હિતેન દેસાઈ |
| વિધિ મિતેન શેઠ | હેત પિયુષ શાહ | ધ્યેય હિતેન દેસાઈ |

## ભાવભીની શ્રદ્ધાંજલિ



**સ્વ. મહેશભાઈ અંબાલાલ શાહ । સ્વ. તા. 11-8-2026**

સૌમ્યતા એમની સુગંધ હતી,
સંગીત એમના જીવનમાં આનંદની અનોખી અભિવ્યક્તિ હતી.
આનંદ એમના જીવન નો મંત્ર હતો, સત્કર્મ એમની શોભા અને
પરોપકાર એમના જીવન નું કર્તવ્ય હતું. તમે એક પળ માં
જીંદગી નું સંભારણું છોડી ગયા. જિંદગી હસતાં-હસતાં જીવી ગયા,
અને પાછળ અમૂલ્ય સંભારણાં મૂકી ગયા.

**:: શોકાતુર ::** ગં.સ્વં. ઉષાબેન મહેશભાઈ શાહ
ચિરાયુ મહેશભાઈ શાહ
મમતા ચિરાયુ શાહ
કિઆન ચિરાયુ શાહ (દાદા ની ગટી)

**:: ફર્મ ::**
Thermal Lining Services । Tempton Thermal Engineers

## ભાવભીની શ્રદ્ધાંજલિ



**સ્વ. મહેશભાઈ અંબાલાલ શાહ । સ્વ. તા. 11-8-2026**

A visionary leader, philanthropist, and an inspiring personality, whose legacy will continue to guide and inspire generations.

"कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन।मा कर्मफलहेतुर्भूर्मा ते सङ्गोऽस्त्वकर्मणि॥"
(Bhagavad Gita 2.47)

We pray for the departed soul to attain eternal peace.

**Firm:** Thermal Lining Services
Tempton Thermal Engineers

### જીકાસની કોમન પ્રવેશ પ્રક્રિયામાં

# યુજીમાં ૩.૪૨ લાખ અને પીજીમાં ૯૦ હજાર પ્રવેશ: ફરી પ્રવેશ મુદ્દત વધારાઇ

અમદાવાદ,શુક્રવાર

સરકારી યુનિ.ઓ માટેની જીકાસ પોર્ટલ આધારીત યુજી અને પીજીની કોમન પ્રવેશ પ્રક્રિયામાં ફરી એકવાર નવા રજિસ્ટ્રેશન સાથે પ્રવેશ મુદત વધારવામાં આવી છે. અત્યાર સુધીમાં યુજીમાં ૫.૫૦ લાખ બેઠકો સામે ૩.૪૨ લાખથી વધુ પ્રવેશ થઈ ચુક્યા છે અને પીજીમાં ૧.૫ લાખથી વધુ બેઠકો સામે ૯૦ હજાર જેટલા પ્રવેશ થયા છે.સીબીએસઈ ધો.૧૨નું પૂરક પરીક્ષા પરિણામ જાહેર થતા સરકારે ફરી એકવાર નવા રજિસ્ટ્રેશન-રાઉન્ડની છૂટ આપતા ૧૭થી૨૩મી સુધી રજિસ્ટ્રેશન અને ચોઈસ ફિલિંગ-એડિટ થશે.જ્યારે ૨૫મી સુધી કોલેજો પ્રવેશ ફાળવી શકશે.

## સીબીએસઈ ધો.૧૨નું પૂરક પરિણામ જાહેર થતા યુજી પ્રવેશ માટે ફરી નવું રજિસ્ટ્રેશન અને નવો ઓપન રાઉન્ડ

સરકારી યુનિ.ઓ માટે જીકાસની કોમન પ્રવેશ પ્રક્રિયા ૨૦૨૪થી શરૂ કરાયા બાદ આ ત્રીજુ વર્ષ છે અને આ વર્ષે ૧૯ ખાનગી યુનિ.ઓ પણ સ્વૈચ્છીક રીતે જોડાઈ હતી.જેથી યુજી અને પીજીની બેઠકોમાં વધારો થયો હતો. જો કે જીકાસમાં યુજીમાં પોર્ટલ આધારીત ચાર કોમન રાઉન્ડમાં ખૂબ જ ઓછી બેઠકો ભરાઈ હતી અને પીજીમાં પણ ત્રણ કોમન રાઉન્ડમાં ઓછી બેઠકો ભરાઈ હતી. જીકાસ દ્વારા યુનિ.ઓને પોતાની રીતે પ્રવેશની મંજૂરી આપીને ઓપન રાઉન્ડ કરવાની છુટ આપતા પ્રવેશ ખૂબ જ વધ્યા હતા. યુજી કોર્સીસમાં અત્યાર સુધીમાં ચાર કોમન રાઉન્ડ અને ત્રણ ઓપન રાઉન્ડ સહિત ૭ રાઉન્ડ થઈ ચુક્યા છે અને ૭ વખત રજિસ્ટ્રેશન થયુ છે. જ્યારે પીજીમાં બે ૩ કોમન રાઉન્ડ અને એક ઓપન રાઉન્ડ સહીત ચાર રાઉન્ડ થયા છે.

જીકાસના ડેટા મુજબ અત્યાર સુધીમાં કુલ ૭૬૩૭૦૨ વિદ્યાર્થીનું રજિસ્ટ્રેશન થયુ છે.જેમાંથી ૬૯૯૫૯૨ વિદ્યાર્થીએ રજિસ્ટ્રેશન ફી ભરી હતી તેમજ ૬૪૭૮૨૩ વિદ્યાર્થીએ ચોઈસ ફિલિંગ કર્યુ હતું અને ૬૩૨૫૨૨ વિદ્યાર્થીએ તમામ વિગતો-ફી સાથેનું ફાઈનલ ફોર્મ સબમીટ કર્યુ હતું.અનેક વિદ્યાર્થીએ ફી ભર્યા બાદ ચોઈસ જ ભરી નથી અને અનેક વિદ્યાર્થીએ ખાનગી યુનિ.ઓમાં પ્રવેશ લઈ લીધો હતો. યુજીમાં ગઈકાલે ૧૩મીએ પુરી થયેલી પ્રવેશ પ્રક્રિયામાં ૫.૫૦ લાખથી વધુ બેઠકો સામે ૩૪૨૭૩૫ વિદ્યાર્થીઓએ કોલેજ પસંદગી આપી છે અને જેની સામે ૩૪૨૨૯૦ વિદ્યાર્થીના પ્રવેશ થઈ ચુક્યા છે. પીજીમાં બીએડમાં ૨૯૦૨૧, એલએલબીમાં ૧૧૭૩૧, એલએલએમમાં ૨૪૭૫, એમએડમાં ૧૭૫૭, તથા એમએ,એમકોમ અને એમએસસી સહિતના રેગ્યુલર પીજી કોર્સીસમાં ૪૭૬૬૨ વિદ્યાર્થીઓના પ્રવેશ કન્ફર્મ થયા છે.આમ પીજીમાં ૯૦ હજાર જેટલા વિદ્યાર્થીના પ્રવેશ થયા છે.

### ગુજરાત યુનિ.માં ૧૩મી સુધી ૫૫ હજારથી વધુ પ્રવેશ

ગુજરાત યુનિ.સંલગ્ન કોલેજોમાં અને ભવનોમાં ઈન્ટિગ્રેટેડ કોર્સીસમાં ૧૩મી સુધીમાં ૫૫ હજારથી વધુ વિદ્યાર્થીઓના પ્રવેશ કન્ફર્મ થયા છે.બીએ, બીકોમ, બીએસસી, બીબીએ, બીસીએ સહિતના યુજી કોર્સીસમાં ગુજરાત યુનિ.માં ૬૪ હજારથી વધુ બેઠકો હતી અને જેમાં કેટલીક કોલેજોને બેઠક વધારો અપાતા બેઠકો વધી હતી.નવા એક પ્રવેશ રાઉન્ડ સાથે અને સેન્ટ ઝેવિયર્સ કોલેજના પ્રવેશ મુદ્દે નિર્ણય આવ્યા બાદ હજુ વધુ બેઠકો ભરાઈ શકે છે.પીજીમાં ૧૫ હજાર જેટલા પ્રવેશ થયા છે.

### પીજી માટે પણ ૧૭મીથી નવું રજિસ્ટ્રેશન-૨૫મી સુધી પ્રવેશ

એલએલબી,એમએ,એમકોમ, એમએસસી,બીએડ,પીજી ડિપ્લોમા સહિતના વિવિધ પીજી કોર્સીસમાં પણ ૧૭થી૨૩ ઓગસ્ટ સુધી નવું રજિસ્ટ્રેશન થશે. વિદ્યાર્થીઓ ૨૩મી સુધી કોલેજ ચોઈસ ભરી શકશે અને ચોઈસ એડિટ કરી શકશે. જ્યારે કોલેજો પ્રવેશ ઓફર ૨૫મી સુધી કરી શકશે અને પ્રવેશ કન્ફર્મ કરી શકશે.

### તબીબી કારણોથી બદલીઓમાં મેડિકલ સર્ટિ.હેતુ

# શિક્ષણ-ST વિભાગના વર્ગ-૩ના કર્મચારીઓ માટે નવું મેડિકલ બોર્ડ

અમદાવાદ,શુક્રવાર

સરકારના આરોગ્ય વિભાગ દ્વારા શિક્ષણ વિભાગ હસ્તકના વર્ગ-૩ના કર્મચારીઓ અને એસટી વિભાગના વર્ગ ૩-૪ના કર્મચારીઓની ખાસ કિસ્સામાં તબીબી કારણોસર આંતરિક કે જિલ્લાફેરબદલીના હેતુ માટે મેડિકલ બોર્ડની રચના કરવામાં આવી છે.આ સ્થાયી મેડિકલ બોર્ડ અમદાવાદમાં જીએમઈઆરએસ સોલા હોસ્પિટલ ખાતે શરૂ થશે.

## GMERS-સોલા હોસ્પિટલ ખાતે સિવિલ સર્જનની અધ્યક્ષતામાં ત્રણ સભ્યોનું સ્થાયી તબીબી બોર્ડ

રાજ્ય સરકારના મુલ્કી સેવાના ૨૦૦૨ના નિયમો હેઠળ હાલ રાજ્યમાં અમદાવાદ, જામનગર, સુરત અને વડોદરા ખાતે તબીબી મંડળો-બોર્ડ કાર્યરત છે. શિક્ષણ વિભાગ દ્વારા નવેમ્બર ૨૦૨૪માં કરાયેલા ઠરાવ મુજબ પ્રાથમિક-માધ્યમિક શિક્ષકો-વિદ્યાસહાયકો કે મદદનીશ શિક્ષકોના અસાધ્ય તેમજ ગંભીર રોગોના કિસ્સામાં આંતરિક કે જિલ્લા ફેરબદલી કરવાની જોગવાઈ કરાઈ છે.આ ઉપરાંત એસટી (ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ) વિભાગના વર્ગ ૩ અને ૪ના કર્મચારીઓ માટે કલા બદલીના હેતુસર કાયમી ફીટ કે અનફીટ અંગેના તબીબી પ્રમાણપત્ર આપવા સરકારને દરખાસ્ત કરાઈ હતી. હાલ અમદાવાદમાં સિવિલ હોસ્પિટલ ખાતે સ્થાયી તબીબી પંચ કાર્યરત છે પરંતુ જેમાં કામનું ભારણ વધતા અન્ય બોર્ડને કે જિલ્લા બોર્ડને કામગીરી સોંપવા સરકારને દરખાસ્ત કરાઈ હતી.જેને પગલે આરોગ્ય વિભાગ દ્વારા શિક્ષણ વિભાગના વર્ગ-૩ના અને એસટીના વર્ગ ૩-૪ના કર્મચારીઓની તબીબી કારણોસર બદલીઓમાં મેડિકલ સર્ટી.માટે નવા અલાયદા મેડિકલ બોર્ડની રચના કરાઈ છે.આ માટે સરકારે ઠરાવ કરી દીધો છે.જે મુજબ જીએમઈઆરએસ-સોલા(અમદાવાદ) હોસ્પિટલ ખાતે સિવિલ સર્જન કે મેડિસીનના સિનિયર પ્રોફેસરના અધ્યક્ષ સ્થાને ત્રણ સભ્યોના એક સ્થાયી તબીબી મંડળની રચના કરાશે. રાજ્યના અમદાવાદ, ગાંધીનગર, પાટણ, મહેસાણા, સાબરકાંઠા,અરવલ્લી, બનાસકાંઠા તથા સુરેન્દ્રનગર જિલ્લાઓના તબીબી પરીક્ષણ કરીને યોગ્ય જણાય તે રીતનુ પ્રમાણપત્ર આપવાનું રહેશે. જ્યારે આ સિવાયના જિલ્લાઓના કર્મચારીઓ માટે નજીકના સ્થાયી તબીબી પંચ દ્વારા સર્ટીફિકેટ આપવાની અગાઉની સૂચના ચાલુ રહેશે. જ્યારે એસટી વિભાગ માટે અમદાવાદ,મહેસાણા, હિંમતનગર, પાલનપુર વિભાગોના કર્મચારીઓને પરીક્ષણ કરી સર્ટિફિકેટ આપવાનાં રહેશે.



યુવાઓની દેશદાઝ : એમ.એસ.યુનિવર્સિટી કેમ્પસમાંથી પણ આઝાદી દિવસની પૂર્વ સંધ્યાએ વિદ્યાર્થીઓએ તિરંગા રેલી કાઢી હતી.કોમર્સ ફેકલ્ટીના વિદ્યાર્થીઓએ દેશની આઝાદીનું મહત્વ સમજાવતું એક નુકકડ નાટક પણ ભજવ્યું હતું. (તસવીર : કીર્તિ પડિયા)

### સુરતમાં આરોપીઓને જાહેરમાં ઢોર માર મારવાના પ્રકરણમાં

# DCP રાજદીપસિંહ નકુમની તાત્કાલિક બદલી કરવા હાઈકોર્ટનો નિર્દેશ

અમદાવાદ,શુક્રવાર

સુરતમાં સલાબતપુરામાં હત્યાના પ્રયાસના કેસમાં ઝડપાયેલા પાંચ આરોપીઓને ગત ૧૩મી જૂલાઈના રોજ જાહેર રસ્તા પર ફેરવી વાળ પકડી, ઢોર માર મારવાના પ્રકરણમાં સુરત એસઓજીના ડીસીપી રાજદીપસિંહ નકુમ પર ગુજરાત હાઈકોર્ટની ગાજ વાગી છે. ગુજરાત હાઈકોર્ટે દાખલ કરેલી સુઓમોટો પિટિશનમાં આજે ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ ડી.એન. રે ની ખંડપીઠે આકરું વલણ અપનાવતાં રાજય સરકારને તાત્કાલિક રાજદીપસિંહ નકુમની બદલી કરવા નિર્દેશ કર્યો હતો. હાઈકોર્ટે જણાવ્યું કે, આ સમગ્ર મામલામાં સામેલ ડીસીપી એક ઉચ્ચ અધિકારી હોવાથી તેમને તે જ હોદ્દા પર રાખીને નિષ્પક્ષ તપાસ થઈ શકે નહી, તેથી તાત્કાલિક તેમની બદલી કરવી જોઈએ. હાઈકોર્ટે રાજદીપસિંહ નકુમ વિરૂધ્ધ લેવાયેલા પગલાં અંગે એક અઠવાડિયામાં રિપોર્ટ માંગ્યો છે.

## આ ઘટનામાં સંડોવાયેલા DCP એક ઉચ્ચ અધિકારી હોવાથી તેમને તે જ હોદ્દા પર રાખવાથી તાબાના અન્ય કર્મચારીઓ કંઈ બોલશે નહીં

હાઈકોર્ટના આજના આકરા વલણને જોતાં રાજય સરકારે તરત જ બચાવમાં ઉતરીને અદાલતને વિનંતી કરી હતી કે, આ બાબતને લઈ હાઈકોર્ટ પોતાના હુકમમાં કોઈ નોંધ કે ટિપ્પણી ના કરે. સરકાર સ્વયં મામલાની ગંભીરતા સમજીને યોગ્ય કાનૂની અને વહીવટી પગલાં લેશે.,તેથી હાઈકોર્ટે આવતા શુક્રવાર સુધીમાં લેવાયેલા પગલાં અંગેનો રિપોર્ટ રજૂ કરવા સરકારને તાકીદ કરી હતી.

સરકારપક્ષ તરફથી એવી પણ રજૂઆત કરાઈ હતી કે, ડીજીપીના આદેશથી સુરત પોલીસ કમિશનરે એડિશનલ સીપી(ક્રાઈમ)ને આ ઘટનાની તપાસ સોંપી છે અને વીડિયોમાં દેખાતા લોકોના નિવેદનો લેવાઈ રહ્યા છે, તેથી હાઈકોર્ટે જણાવ્યું કે, આ માત્ર પ્રાથમિક તપાસ છે. ડીસીપી ઘટનાસ્થળે હાજર હતા અને વીડિયો વાયરલ થયો હોવાની બનાવને લઈ ઈન્કાર થઈ શકે તેમ નથી. જો અધિકારી તે જ જગ્યા પર રહેશે તો તાબાના નીચેના કર્મચારીઓને તેમની વિરૂધ્ધ કંઈ બોલી શકશે નહી.

### મામલો શું હતો?

**સુરતના સલાબતપુરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં નોંધાયેલા હત્યાના પ્રયાસના ગુનામાં ઝડપાયેલા પાંચ આરોપીઓને સબક શીખવવાના નામે ડીસીપી રાજદીપ નકુમે રાજયના પોલીસ વડા અને સુપ્રીમ કોર્ટના આદેશને જાણે ભૂલી ગયા હોય તેમ આરોપીઓનું જાહેર રસ્તા પર સરઘસ કાઢ્યું હતું. આટલેથી ન અટકતા થોડે થોડે અંતરે આરોપીઓને ઉભા રાખી વાળ પકડી લાફા અને લાકડીઓ મારતા રહ્યા. આખા સરઘસ દરમિયાન ડીસીપીએ આરોપીઓ પર ૨૫થી વધુ લાકડીના ફટકા માર્યાના ગંભીર આક્ષેપો છે.**

દરમ્યાન કોર્ટ સહાયક દ્વારા જણાવાયું હતું કે, આરોપીઓના જાહેરમાં સરઘસ કાઢવા કે હથકડી પહેરાવવા સહિતના મુદ્દે ૨૦૧૯નો પરિપત્ર છે જેમાં આવી બાબતો પર પ્રતિબંધ ફરમાવાયો છે. ૨૦૧૮માં આવા જ મુદ્દે પીઆઈએલ થઈ હતી, જેમાં રાજયમાં આ પ્રકારની દસેક જેટલી ઘટનાઓ બની હતી. બાદમાં સરકારે ૨૦૧૯માં પરિપત્ર જારી કરતાં હાઈકોર્ટે અરજીનો નિકાલ કર્યો હતો. પરંતુ વર્ષ ૨૦૨૨માં ખેડામાં ફરી આવો બનાવ બન્યો હતો. જેમાં દાખલ થયેલી કન્ટેમ્પ્ટ પિટિશનમાં કસૂરવાર પોલીસ કર્મચારીઓને હાઈકોર્ટે સજા ફટકારી હતી. એ સુનાવણી દરમ્યાન પણ સરકાર દ્વારા પરિપત્ર જારી કરી પોલીસ દ્વારા જાહેરમાં આરોપીઓને માર મારવો, ઉઠક બેઠક કરાવવા, ઘૂંટણીયે ચલાવવા, દોરડાથી બાંધવા, માફી મંગાવવી વગેરે પર પ્રતિબંધ ફરમાવાયો હતો.

### બે ઓનલાઈન રાઉન્ડ પુરા થઈ ગયા બાદ યુજી-પીજીમાં

# ફાર્મસીમાં ૧૪૫ ગ્રાન્ટેડ બેઠકો વધી પ્રવેશ મુદત હવે ૩૧ ઓક્ટોબર સુધી

અમદાવાદ,શુક્રવાર

ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા અગાઉ પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરવાની મુદત વધારીને ૩૧ ઓક્ટોબર સુધી કરાઈ છે ત્યારે નવી કોલેજોને મંજૂરી માટેની પ્રક્રિયા પુર્ણ કરવાની મુદત પણ વધારાઈ છે.જે ૩૧ ઓગસ્ટ સુધી કરાઈ છે.ફાર્મસીમાં રાજ્યની ઓનલાઈન કેન્દ્રિય પ્રવેશ પ્રક્રિયામાં યુજી અને પીજીમાં ૧૪૫ બેઠકો ગ્રાન્ટેડ કોલેજમાં વધી છે.કાઉન્સિલે અગાઉ મધ્ય ગુજરાતની યુનિ.ના ફાર્મસી વિભાગને મંજૂરી આપ્યા બાદ સરકારે પણ મંજૂરી આપતા આ નવી બેઠકો હવે ત્રીજા રાઉન્ડમાં ઉમેરવામા આવી છે.

ધો.૧૨ સાયન્સ પછીના ડિગ્રી-ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેની એસીપીસીની ઓનલાઈન કેન્દ્રિય પ્રક્રિયામાં બે ઓનલાઈન રાઉન્ડ પૂર્ણ થઈ ગયા છે.આ વર્ષે ફાર્સમીમાં વિદ્યાર્થીઓ ઘટ્યા છે ત્યારે બીજી બાજુ બેઠકો વધી છે.અગાઉ યુજીમાં સરકારી કોલેજોમાં નવી ૧૦૦ બેઠકો વધ્યા બાદ ગ્રાન્ટેડમાં પણ નવી ૧૦૦ બેઠકો વધી છે. ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડિયાએ મધ્ય ગુજરાતની ગોવિંદ ગુરૂ યુનિ.ના ફાર્મસી ડિપાર્ટમેન્ટને યુજીમાં એટલે કે ડિગ્રી ફાર્મસીમાં ૧૦૦ બેઠકોની મંજૂરી આપી હતી અને પીજીમાં ત્રણ બ્રાંચમાં ૧૫-૧૫ સહીત ૪૫ બેઠકોની મંજૂરી આપી હતી.આ બેઠકોની મંજૂરી મળ્યા બાદ સરકારના ટેકનિકલ શિક્ષણ વિભાગ દ્વારા ગ્રાન્ટેડ કોલેજ હોઈ ફીને લઈને અપ્રુવલની પ્રક્રિયા પેન્ડિંગ હતી .જે પુરી થઈ જતા હવે આ વધેલી બેઠકો યુજી-પીજી ફાર્મસીના ત્રીજા રાઉન્ડમાં ઉમેરવામા આવશે.

ડિગ્રી-ડિપ્લોમા ફાર્સમીમાં બે ઓનલાઈન રાઉન્ડ પુરા થઈ ગયા છે અને હાલ ત્રીજો ઓનલાઈન રાઉન્ડ ચાલી રહ્યો છે.જેમાં ૧૭મી સુધી ચોઈસ ફિલિંગ છે ત્યારે ગ્રાન્ટેડ કોલેજમાં વધેલી આ ૧૦૦ બેઠકો ત્રીજા રાઉન્ડમાં ઉમેરી દેવાઈ છે. જ્યારે પીજીમાં એટલેકે એમફામમાં ૪૫ બેઠકો પણ ત્રીજા રાઉન્ડમાં ઉમેરાશે. ઈડબલ્યુએસ સાથે યુજીમાં ૧૧૦ અને પીજીમાં ૧૭-૧૭ સહિત ૫૧ બેઠકો છે. ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડિયાએ પ્રવેશ મુદત વધારીને ૩૧ ઓક્ટોબર કરી છે અને નવી કોલેજોને મંજૂરી આપવાની પ્રક્રિયા પણ ૩૧ ઓગસ્ટ સુધી વધારી છે.ડિગ્રી-ડિપ્લોમા ફાર્મસીમાં ત્રણ કોમન ઓનલાઈન રાઉન્ડ બાદ સરકારી-ગ્રાન્ટેડમાં ખાલી બેઠકો માટે બે રાઉન્ડ કરાશે.

### હાઈકોર્ટે પક્ષકારોને જવાબ માટે મહેતલ આપી

# સહયોગ પોર્ટલમાં જોડાવા અંગેના નિર્દેશમાં ફેરફાર માટે X હાઈકોર્ટમાં

અમદાવાદ,શુક્રવાર

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ- ડીપફેકના દૂરુપયોગ અને તેની નકારાત્મક અસરોને લઈ કરાયેલી જાહેરહિતની રિટ અરજીમાં આજે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ દ્વારા કેન્દ્ર સરકારના સહયોગ પોર્ટલ પર સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સમધ્યસ્થીઓને ફરજિયાત રીતે ઓનબોર્ડ કરવા અંગેના નિર્દેશમાં ફેરફાર કરવા દાદ માંગતી અરજી હાઈકોર્ટ સમક્ષ કરવામાં આવી છે.

## અગાઉ હાઈકોર્ટે કેન્દ્ર સરકારના સહયોગ પોર્ટલ પર સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ્સને જોડાવા નિર્દેશ કર્યો હતો

એક્સ તરફથી ગુજરાત હાઈકોર્ટના અગાઉના ૧૦ એપ્રિલ ૨૦૨૬ના આદેશમાં ફેરફાર કરવા માટે હાલની આ અરજી દાખલ કરવામાં આવી હતી. જેમાં સોશિયલ મીડિયા મધ્યસ્થીઓને કેન્દ્ર સરકારના સહયોગ પોર્ટલ પર ફરજિયાતપણે ઓનબોર્ડ કરવાનો જે નિર્દેશ અપાયો હતો, તે બદલવા માંગ કરાઈ હતી. એક્સ તરફથી હાઈકોર્ટને એમ પણ જણાવાયું કે, તેમનો જવાબ અમેરિકાથી મોકલવામાં આવી રહ્યો છે અને ટૂંક સમયમાં જ તે કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવશે.

અગાઉ હાઈકોર્ટે આ કેસમાં કેન્દ્ર સરકાર, રાજય સરકાર અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ, મેટા, ગુગલ, રેડિટ, સ્કીબ્ડ સહિતના મધ્યસ્થીઓ પાસેથી જવાબ માંગ્યો હતો. સાથે સાથે હાઈકોરટે ઈન્ફોર્મેશન ટેકનોલોજી રૂલ્સ-૨૦૨૧માં ૨૦૨૬ના કરાયેલા સુધારા બાદ કાયદાકીય માળખાના વ્યવહારૂ અમલીકરણ અને મધ્યસ્થીઓની ડયુ ડિલિજન્સ જવાબદારીઓનું કડક પાલન સુનિશ્ચિત કરવા પણ સૂચના આપી હતી. આ સિવાય કાયદાનો અમલ કરાવતી એજન્સીઓ સાથે ઝડપી કાર્યવાહી અને સારા સંકલન માટે સહયોગ પોર્ટલ પર ઓનબોર્ડ થવાનો નિર્દેશ આપ્યો હતો. હાઈકોર્ટે પક્ષકારોને જવાબ રજૂ કરવાની મેહેતલ આપી કેસની વધુ સુનાવણી આગામી દિવસોમાં રાખી હતી.

### સોશિયલ મિડીયા પર મહિલાઓને પરેશાન કરનારા ઝડપાયા

અમદાવાદ, શુક્રવાર

સોશિયલ મિડીયાના વિવિધ પ્લેટફોર્મ પર મહિલાઓને ટારગેટ કરીને વાંધાજનક વિડીયો, લખાણ મોકલીને સાયબર સ્ટાકીંગ, સાયબર બુલીંગ દ્વારા પરેશાન કરવા અંગે અમદાવાદ સાયબર ક્રાઈમ સેલમાં ૧૧ ફરિયાદ નોંધાઈ હતી. જે અંગે પોલીસે ટેકનીકલ એનાલીસીસ અને માહિતીના આધારે ગુજરાતના અલગ અલગ જિલ્લાઓ અને રાજસ્થાનથી આઠ જેટલા આરોપીઓની ધરપકડ કરીને મહિલાઓ વિશે મુકાયેલા સોશિયલ મિડીયા પોસ્ટને હટાવવાની કાર્યવાહી કરી હતી.

## ગુજરાતના સક્રિય ધોધ પાસે સેલ્ફી લેવા પર પ્રતિબંધ

અમદાવાદ,શુક્રવાર

ગુજરાતમાં ચોમાસું જામતાં જ ડાંગથી લઈને અરવલ્લી અને નર્મદા સુધીના જાણીતા ધોધો સક્રિય થઈ ગયા છે. ગિરમાળ, ગીરા, ઝાંઝરી, નિનાઈ, જમજીર, ઝરવાણી સહિતના ધોધોમાં પાણીનો પ્રવાહ વધતાં કુદરતી સૌંદર્ય માણવા પ્રવાસીઓ મોટી સંખ્યામાં ઉમટી રહ્યા છે. જોકે ધોધનું આ મનમોહક સ્વરૂપ જ હવે જોખમનું કારણ પણ બની રહ્યું છે.

અરવલ્લીના ઝાંઝરી ધોધ ખાતે જિલ્લા વહીવટી તંત્રે ૯ જુલાઈથી ૬ સપ્ટેમ્બર સુધી ઝાંઝરી ધોધથી ગંગેશ્વર મહાદેવ ચેકડેમ સુધીનો આશરે પાંચ કિલોમીટરનો વિસ્તાર પ્રતિબંધિત જાહેર કર્યો છે. અહીં નદીમાં ન્હાવા, પાણીના કિનારે જવા ઉપરાંત જોખમી ખડકો પર ચઢીને ફોટોગ્રાફી કે વીડિયો બનાવવા પર પણ પ્રતિબંધ મૂકાયો છે. ઝાંઝરીમાં આ વખતે તહેવારો અને જાહેર રજાઓને ધ્યાનમાં રાખીને તંત્રે માત્ર ધોધ સુધી જ નહીં પરંતુ આસપાસના પાંચ કિલોમીટરના વિસ્તાર સુધી પ્રતિબંધ લાદ્યો છે.ડાંગમાં ભારે વરસાદ બાદ ગિરમાળ સહિતના ધોધોમાં પાણીનો પ્રવાહ તેજ બન્યો છે. ગિરમાળ ધોધનું મનોહર સ્વરૂપ પ્રવાસીઓને આકર્ષી રહ્યું છે, પરંતુ ગાઢ જંગલ અને વરસાદી સ્થિતિને કારણે અહીં પહોંચવાના માર્ગ તેમજ ધોધની આસપાસના પથ્થરો લપસણા બનતા હોવાથી તંત્ર અત્યારથી સાવચેતી લઈ રહ્યું છે. એવી જ રીતે નર્મદાનો નિનાઈ ધોધ પણ સારા વરસાદ બાદ સક્રિય થયો છે.




શ્રધ્ધાસુમન
આપનું વાત્સલ્ય અમારા પ્રાણ છે, આપનાં સંસ્કાર વારસો અમારી મુડી છે, આપનો પ્રેમાળ સ્વભાવ અમારી પ્રેરણા છે. આપની ધાર્મિક ભાવના અમારા આદર્શ છે. આપનાં આશિષ અમારૂં પીઠબળ છે. પરમકૃપાળુ પરમાત્મા આપશ્રીના દિવ્યાત્માને શાંતિ અર્પે એ જ ખરા અર્થમાં શ્રધ્ધાસુમન...
સ્વ. રમીલાબેન કિરીટભાઈ પટેલ
સ્વ. તા. ૧૨/૦૮/૨૦૨૬
કાર્તિક કિરીટભાઈ પટેલ • દિપીક્ષા કાર્તિક પટેલ
જય વિનોદભાઈ પંડ્યા • આરતી જય પંડ્યા
મોક્ષા, રુદ્રાક્ષ, મેહેર
સુરૂચિ ઈન્ફ્રા.



શ્રધ્ધાંજલિ
સ્મિતભર્યુ જીવન જીવી ગયાં, સ્નેહથી સૌના હૈયામાં વસી ગયાં, આપની પ્રેમાળ છબી અમારા ઉરમાં અકબંધ રહેશે. સમય તો વીતી જશે, પરંતુ આપની પ્રેરક, મિલનસાર સમી છાયા સદાય અમારી સાથે રહેશે. આપના સ્મરણમાં અમારી ભાવભીની શ્રધ્ધાંજલિ...
સ્વ. રમીલાબેન કિરીટભાઈ પટેલ
સ્વ. તા. ૧૨/૦૮/૨૦૨૬
ગં.સ્વ. કીશોરીબેન કૃષ્ણકાંત પટેલ
નિરજ કૃષ્ણકાંત પટેલ • શ્વેતા નિરજ પટેલ
મોનીલ નિરજ પટેલ



શ્રધ્ધાસુમન
માળા નાં વખાણ તો બધાજ કરે છે, કેમકે એમાં ફક્ત મોતી દેખાય છે, વખાણ તો એ ધાગા નાં કરવા કે જે સ્વજનોને એકમેકથી જોડી રાખે છે. એવાં જીવનમાં હરપળ હસતા રહ્યાં, સ્નેહથી સૌના હૈયે વસતાં રહ્યાં, આશા અને અરમાનોની ભરમાળામાં શ્રેષ્ઠ ક્ષણો માં જીવન જીવ્યાં ટુંકું, પરંતુ જેટલું જીવ્યાં, એ સમગ્ર જીવન પણ ઉત્તમ અને આનંદમયી જીવી ગયાં, અને સૌને સંભારણારૂપી સર્વત્ર સુવાસ ફેલાવી પરિવારના ઉરમાં રહી ગયાં, પરમકૃપાળુ પરમાત્મા આપશ્રીના દિવ્યાત્માને વ્રજમાં વાસ અર્પે એજ અભ્યર્થના.
સ્વ. રમીલાબેન કિરીટભાઈ પટેલ
સ્વ. તા. ૧૨/૦૮/૨૦૨૬
ગં. સ્વ. શ્રી ઉર્વશીબેન વિપીનચંદ્ર પટેલ
ગીરીશભાઈ રમણલાલ પટેલ • હર્ષાબેન ગીરીશભાઈ પટેલ
પરેશભાઈ રમણલાલ પટેલ (ભાણો) • સુરેખાબેન પરેશભાઈ પટેલ
ધર્મેશ – ગાયત્રી • કાર્તિક – દિપીક્ષા
ધ્રુમિલ – અશ્વની • આકાશ – સોનાલી
અનંત – રિધ્ધી • જય – જૈનિશા
દ્વારકેશ જી. પટેલ
આર્યા, મોક્ષા, પ્રથા, મેહેર, અગત્સ્ય, નંદીની, મલ્હાર, અંતરા, દૈવીક
નાથદ્વારા ડેવલોપર્સ • સુર્વી ગ્રુપ



શ્રધ્ધાંજલિ
આપનો માયાળુ સ્વભાવ, ઉદાર દિલ, વિરલ આત્મબળ, વ્યવહાર કુશળતા તથા સદ્ગુણોનો સંગમ સદાય જીવંત રહેશે. પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ આપે એજ અંતઃકરણ પૂર્વકની પ્રાર્થના...
સ્વ. રમીલાબેન કિરીટભાઈ પટેલ
સ્વ. તા. ૧૨/૦૮/૨૦૨૬
કનૈયાલાલ - રેખાબેન | સ્વ. ધનંજય - દિપિકા
સ્વ. મનોજ - નમિતા | રીતેશકુમાર - હીનલ
પાર્થકુમાર - શ્રીના
સાક્ષી- વિહાન-નિત્ય



શ્રધ્ધાંજલિ
આપની વિદાયથી શોકમાં ડૂબી ગયાં અમે, આ લોક છોડી પરલોકમાં વસી ગયાં તમે, પરિવારમાં સ્નેહની લાગણી ફેલાવી ગયાં તમે, એ સંસ્કારના સુવાસિત પુષ્પો વાવી ગયાં તમે, સ્મરણો તમારાં સદાય હૈયે સાચવશું અમે. એ જ અમારા સૌની હાર્દિક શ્રધ્ધાંજલિ...
સ્વ. રમીલાબેન કિરીટભાઈ પટેલ
સ્વ. તા. ૧૨/૦૮/૨૦૨૬
ગં.સ્વ. સરોજબેન રમણલાલ પટેલ
સ્વ. અજીત કુમાર- જાગૃતિબેન
પરેશ - સુરેખા | મોહીત - અદિતી | વેદાંત - ભાવિશા
સંજય - દર્શના | જય - જૈનિશા | પ્રતિકકુમાર- ઝલક
જાન્હવી- દૈવિક



શ્રધ્ધાંજલિ
તમો એક પળમાં જીંદગીનું સંભારણુ છોડી ગયા, જીંદગી હતી ટૂંકી પણ લાગણીઓ અપાર મુકી ગયા. સ્તબ્ધ થઈ જીંદગી અમારી તમારા વગર. પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.
સ્વ. રમીલાબેન કિરીટભાઈ પટેલ
સ્વ. તા. ૧૨/૦૮/૨૦૨૬
સ્વ. હેમંતકુમાર - દામીની | હીતેનકુમાર-અલ્પા
નિરજકુમાર- શ્વેતા | દિવ્યેશકુમાર- અક્ષીતા
વૈષ્ણવી-માલવ-કીર્તન-મોનીલ-વીર-વાણી



શ્રધ્ધાંજલિ
૧૫ ઓગષ્ટ, સ્વતંત્ર દિવસ
અમરસિંહ ચૌધરી
મુખ્યમંત્રી (ગુજરાત) • કાર્યકાળ ૧૯૮૫ થી ૧૯૮૯
આપના આત્માને પરમ કૃપાળુ પરમાત્મા શાંતિ અર્પે એવી અમારી ભાવપૂર્વકની આ શ્રદ્ધાંજલિ...
મહેન્દ્રભાઈ મનુભાઈ ગોસાઈ



હાર્દિક શ્રધ્ધાંજલી
સ્વ. પોપટભાઈ લાખાભાઈ સોરઠીયા
સ્વ. તા. ૧૫ ઓગષ્ટ, સ્વતંત્ર દિવસ, ૧૯૮૮
(પૂર્વ ધારાસભ્ય – ગોંડલ)
આપના આત્માને પરમ કૃપાળુ પરમાત્મા શાંતિ અર્પે એવી અમારી ઈશ્વરને પ્રાર્થના...
લલીતભાઈ પોપટભાઈ સોરઠીયા
હરેશ રમેશભાઈ સોરઠીયા
હીરેન રમેશભાઈ સોરઠીયા
અજય લલીતભાઈ સોરઠીયા

દ્વિતિય વાર્ષિક પૂણ્યતિથિ શ્રધ્ધાસુમન



સ્વ. શ્રીમતિ ગીતાદેવી ગોરધનભાઈ અગ્રવાલ
સ્વ. તા. ૧૫-૦૮-૨૦૨૪
સમર્પણ અને મમતાના સાગર એવા અમારા વ્હાલા પત્ની તેમજ પૂજનીય અમારા માતૃશ્રીને સહૃદયથી પ્રણામ. આપની ભૌતિક ગેરહાજરીના ૨ વર્ષમાં એકપણ દિવસ એવો નથી ગયો જ્યારે તમારી યાદ ન આવી હોય. આપના આર્શીવાદ સદા અમારા પર વરસતા રહે અને ઈશ્વર આપના પૂણ્યાત્માને પોતાના શ્રીચરણોમાં સ્થાન આપે એજ અભ્યર્થના... ગોરધનભાઈ દામોદરલાલ અગ્રવાલ
રાહુલ ગોરધનભાઈ અગ્રવાલ(CA) | નરેન્દ્ર - વેદવતી | પ્રકાશચંદ્ર ગુપ્તા
પ્રાપ્તિ રાહુલ અગ્રવાલ | સુનીલ - સુનંદા | યોગેશ - દેવેન્દ્ર - રાજેશ
જીતાંશ : ધ્રીતી | હર્ષિલ - નિતિકા | રોહિત - પ્રયાગ
અમન - અવનિકા | પર્વ : હાર્વિક : દેવર્શ
હર્ષ - શ્વેતા
શ્રી ગણેશ સ્ટોન કંપની
શ્રી જગદંબા સ્ટોન - ગજાનન સ્ટોન
રાહુલ જી. અગ્રવાલ એન્ડ કંપની
સ્પર્શ ગૃપ

ભાવભીની શ્રદ્ધાંજલિ



સ્વ.સુનિલ જેસીંગભાઈ પટેલ
સ્વ.તા.૧૨-૦૮-૨૦૨૬
મૃત્યુ એ અંત નથી, પરંતુ ઇશ્વરની ગોદમાં એક નવી શરૂઆત છે. પરમાત્મા તેમના આત્માને શાંતિ અને પરિવારજનોને દુઃખ સહન કરવાની શક્તિ આપે. આપ સર્વેને તેમને ભાવભીની શ્રદ્ધાંજલી આપવા વિનંતી.
સદ્ગતનું બેસણું: તા.૧૬-૦૮-૨૦૨૬ ને રવિવારે સવારે ૧૦:૦૦ થી બપોરે ૨:૦૦ કલાક દરમ્યાન રાખેલ છે.
સ્થળ: અલકાપુરી કલબ, બરોડા હાઇસ્કુલની બાજુમાં, અલકાપુરી, વડોદરા.
અનિલ જે. પટેલ 9727792526 | પલક એસ. પટેલ 9427345101 | ડૉ.કૌશિક ડી.પટેલ
ધ્રુવ એ. પટેલ | હરિત એસ. પટેલ | હર્ષ કે. પટેલ | રવિ એમ. પટેલ

# સ્પોર્ટ્સ રાઉન્ડ અપ

## પુરુષ-મહિલા હોકીનો વર્લ્ડ કપ એક સાથે બેલ્જીયમ અને નેધરલેન્ડમાં સંયુક્તપણે રમાશે : ૧૬-૧૬ દેશની ટીમ ભાગ લેશે

# આજથી હોકી વર્લ્ડ કપ : ભારત ૫૧ વર્ષ બાદ મેડલ જીતવાના ઈરાદા સાથે ઉતરશે



એમ્સ્ટેલવીન, તા.૧૪

આવતીકાલથી નેધરલેન્ડ અને બેલ્જીયમમાં સંયુકતપણે શરૂ થઈ રહેલા પુરુષ અને મહિલા હોકીના વર્લ્ડ કપમાં ભારતને ઐતિહાસિક મેડલ જીતવાની આશા છે. ભારતીય પુરુષ ટીમ હોકી વર્લ્ડ કપમાં ૫૧ વર્ષના મેડલ ઈંતજારનો અંત આણવાના ઈરાદા સાથે ઉતરશે. જ્યારે મહિલા ટીમને હોકી વર્લ્ડકપના ઈતિહાસમાં પહેલા મેડલની તલાશ છે. પુરુષ અને મહિલા હોકી વર્લ્ડ કપમાં વિશ્વની ૧૬-૧૬ ટીમ ભાગ લઈ રહી છે અને બંને વિભાગની ફાઈનલ તારીખ ૩૦મી ઓગસ્ટના રોજ આયોજીત થશે.

**હરમનપ્રીતની ટીમનું મિશન**

છેલ્લા બે ઓલિમ્પિકમાં બ્રોન્ઝ મેડલ જીતીને ઈતિહાસ રચનારી ભારતીય પુરુષ હોકી ટીમ હવે વર્લ્ડ કપમાં ૫૧ વર્ષના મેડલ દુકાળનો અંત આણવા માટે ઉત્સુક છે. ભારત છેલ્લે ૧૯૭૫ના હોકી વર્લ્ડ કપમાં ચેમ્પિયન બન્યું હતુ. જોકે તે પછી ભારત ક્યારેય સેમિ ફાઈનલમાં પણ પ્રવેશી શક્યું નથી. આ વખતે ભારતના ગ્રૂપમાં ઈંગ્લેન્ડ, વેલ્સ અને પાકિસ્તાન છે. ભારત અને વેલ્સ વચ્ચે આવતીકાલે સાંજે ૪.૩૦થી મુકાબલો ખેલાવાનો છે. ભારત ૧૭મી ઓગસ્ટે ઈંગ્લેન્ડ સામે અને ૧૯મી ઓગસ્ટે પાકિસ્તાન સામે ટકરાશે. છેલ્લે ૨૦૨૩માં ભારતની ભૂમિ પર જ વર્લ્ડ કપ યોજાયો હતો, જેમાં યજમાનો ૯માં ક્રમે રહ્યા હતા.

### આજે ભારતની મેન્સ ટીમ સાંજે ૪.૩૦થી વેલ્સ સામે ટકરાશેઃ મહિલા ટીમનો ૧૬મી ઓગસ્ટ ને રવિવારે સાંજે ૪.૩૦થી ચીન સામે મુકાબલો

**મહિલા ટીમને માઈલસ્ટોનની આશા**

ભારતની મહિલા ટીમ ૧૯૭૪માં યોજાયેલા સૌપ્રથમ મહિલા હોકી વર્લ્ડ કપમાં સેમિ ફાઈનલમાં પ્રવેશી હતી અને આખરે ચોથા ક્રમે રહી હતી. જોકે આ પછી ભારતની મહિલા ટીમ સેમિ ફાઈનલમાં પણ પ્રવેશી શકી નથી. આ વખતે સલિમા ટેટેના નેતૃત્વ હેઠળની ભારતની મહિલા હોકી ટીમને આ વખતે ચીન, સાઉથ આફ્રિકા અને ઈંગ્લેન્ડ સાથે તક મળી છે. ભારતીય ટીમ ૧૬મીએ ચીન સામે ટકરાશે. જે પછી ભારતીય ટીમ ૧૮મીએ સાઉથ આફ્રિકા સામે અને ૨૦મીએ ઈંગ્લેન્ડ સામે ટકરાશે. ભારતની મહિલા ટીમ છેલ્લે ૨૦૨૨માં રમાયેલા વર્લ્ડ કપમાં ૯માં ક્રમે રહી હતી.

### ભારતની ગ્રૂપ સ્ટેજના મુકાબલા

| પુરુષ ટીમ | | | મહિલા ટીમ | | |
|---|---|---|---|---|---|
| ૧૫/૮ | વેલ્સ | સાંજે ૪.૩૦થી | ૧૬/૮ | ચીન | સાંજે ૪.૩૦થી |
| ૧૭/૮ | ઈંગ્લેન્ડ | સાંજે ૬.૩૦થી | ૧૮/૮ | સા.આફ્રિકા | સાંજે ૬.૩૦થી |
| ૧૯/૮ | પાકિસ્તાન | સાંજે ૬.૩૦થી | ૨૦/૮ | ઈંગ્લેન્ડ | સાંજે ૬.૩૦થી |

**જર્મની-નેધરલેન્ડ ડિફેન્ડિંગ ચેમ્પિયન**

મેન્સ હોકી વર્લ્ડ કપમાં જર્મનીની ટીમ ડિફેન્ડિંગ ચેમ્પિયન તરીકે ઉતરશે. તેઓએ છેલ્લે ૨૦૨૩માં ભારતની ભૂમિ રમાયેલા વર્લ્ડ કપની ફાઈનલમાં બેલ્જીયમને હરાવ્યું હતુ.

જ્યારે મહિલા હોકી વર્લ્ડ કપમાં નેધરલેન્ડની ટીમ ડિફેન્ડિંગ ચેમ્પિયન તરીકે ઉતરશે. છેલ્લે ૨૦૨૨માં યોજાયેલા મહિલા હોકી વર્લ્ડ કપની ફાઈનલમાં તેમણે આર્જેન્ટીનાને હરાવ્યું હતુ. બંને હોકી વર્લ્ડ કપમાં ૧૬-૧૬ ટીમ ભાગ લઈ રહી છે અને ફાઈનલ મેચ ૩૦મી ઓગસ્ટે રમાશે.



## પડિક્કલ અને કુલદીપને ઈલેવનમાં સ્થાન મળે તેવી શક્યતા પ્રબળ

# આજથી ભારતની ઐતિહાસિક ૬૦૦મી ટેસ્ટ : ગોલમાં શ્રીલંકાની ટીમ સામે ટક્કર

ગોલ, તા.૧૪

ગિલની આગેવાની હેઠળની ટીમ ઈન્ડિયા આવતીકાલે ભારતીય ટેસ્ટ ઈતિહાસનો સીમાચિહ્ન સમાન ૬૦૦મો મુકાબલો રમવા ઉતરશે. આ સાથે ભારત ૬૦૦ કે વધુ ટેસ્ટ રમનારો ત્રીજો દેશ બની જશે. ગોલમાં આવતીકાલથી શરૂ થઈ રહેલા ભારત અને શ્રીલંકા વચ્ચેના ટેસ્ટ મુકાબલાની સાથે નવો અધ્યાય આલેખાશે. ટીમ ઈન્ડિયાને શ્રીલંકા સામે પ્રભુત્વ જાળવવાની આશા છે. જ્યારે ધનંજયાના નેતૃત્વ હેઠળની શ્રીલંકાની ટીમને નવો ઈતિહાસ આલેખવાની આશા છે.

ગોલમાં આવતીકાલે સવારે ૧૦.૦૦ વાગ્યાથી ટેસ્ટનો પ્રારંભ થશે. ભારતીય ટેસ્ટ ક્રિકેટના આ માઈલસ્ટોન મુકાબલામાં વરસાદ વિલન બની શકે છે. ટેસ્ટ મેચમાં ભારતીય બેટ્સમેનો અને શ્રીલંકાના સ્પિનરો વચ્ચેના મુકાબલા પર બધાની નજર રહેશે.

**પડિક્કલની સાથે પંત-જુરેલને પણ તક મળી શકે**

ભારતીય ટીમ સાઈ સુદર્શનના સ્થાને પડિક્કલને ટીમમાં સામેલ કરશે તે લગભગ નક્કી છે. જ્યારે રાહુલ અને જયસ્વાલની ઓપનિંગ જોડી બાદ વન ડાઉન તરીકે પડિક્કલ અને કેપ્ટન ગિલ ચોથા ક્રમે ઉતરે તેવી શક્યતા પ્રબળ છે.

**ત્રણ સ્પિનર અને બે ફાસ્ટરનો એટેક**

કુલદીપ અને જાડેજાની સાથે માનવ સુથારની ત્રિપુટી શ્રીલંકાની બેટિંગ લાઈન પર પ્રભુત્વ જમાવવા માટે તૈયાર છે. જ્યારે સિરાજ અને ક્રિષ્ના ફાસ્ટ બોલિંગ આક્રમણ સંભાળવા માટે સજ્જ છે.

**શ્રીલંકાનો સ્પિનરો પર મદાર**

શ્રીલંકાની ટીમમાં ત્રણ વર્ષમાં પહેલીવાર વિકેટકિપર બેટસમેન ડિકવેલાને તક મળશે તેમ લાગી રહ્યું છે. ઓલરાઉન્ડર દિનુશા ટીમને સંતુલન પુરુ પાડશે. જ્યારે જયસૂર્યા અને રમેશ મેન્ડિસની સાથે ફાસ્ટર અસિથા-કુમારા બોલિંગ આક્રમણ સંભાળશે.

ભારત (સંભવિત) : રાહુલ, જયસ્વાલ, પડિક્કલ, ગિલ (કેપ્ટન), પંત (વિ.કી.), જુરેલ, જાડેજા, સુથાર, કુલદીપ, સિરાજ અને પી. ક્રિષ્ના

શ્રીલંકા (સંભવિત) : ઈંગાલાગામાગે, નિશાન ફર્નાન્ડો, ચાંદીમલ, કામિન્દુ મેન્ડિસ, ધનંજયા (કેપ્ટન), ડિકવેલા (વિ.કી.), દિનુશા, પી.જયસુર્યા, રમેશ મેન્ડિસ, અસિથા, કુમારા.



### સવારે ૧૦.૦૦થી મેચ : વરસાદ વિલન બને તેવી શક્યતા : શ્રીલંકાની ટીમને વિજયી દેખાવની આશા

### ભારત ૬૦૦ ટેસ્ટ રમનારો ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયા પછીનો ત્રીજો દેશ બનશે

ભારત ૬૦૦ ટેસ્ટ રમનારો ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયા પછીનો ત્રીજો દેશ બનશે. ઈંગ્લેન્ડ સૌથી વધુ ૧૦૯૭ ટેસ્ટ રમી ચૂક્યું છે. જ્યારે ઓસ્ટ્રેલિયાની ટીમ ૮૮૩ ટેસ્ટ રમીને બીજા ક્રમે છે. ભારતને આ પછી ત્રીજો ક્રમ મળ્યો છે. વિન્ડિઝની ટીમ ૬૦૦મી ટેસ્ટથી હવે માત્ર ચાર જ ટેસ્ટ દૂર છે.

**સૌથી વધુ ટેસ્ટ રમનારા દેશો (ટોપ-ફાઈવ)**

| દેશ | ટેસ્ટ | જીત | હાર | ડ્રો | ટાઈ | વિનિંગ% |
|---|---|---|---|---|---|---|
| ઈંગ્લેન્ડ | ૧૦૯૭ | ૪૦૫ | ૩૩૬ | ૩૫૬ | ૦ | ૩૬.૯૧ |
| ઓસ્ટ્રેલિયા | ૮૮૩* | ૪૨૬ | ૨૩૫ | ૨૧૯ | ૨ | ૪૮.૪૧ |
| ભારત | ૫૯૯ | ૧૮૬ | ૧૮૮ | ૨૨૪ | ૧ | ૩૧.૧૩ |
| વિન્ડિઝ | ૫૯૬ | ૧૮૭ | ૨૨૪ | ૧૮૪ | ૧ | ૩૧.૪૫ |
| ન્યુઝીલેન્ડ | ૪૮૭ | ૧૨૬ | ૧૯૦ | ૧૭૧ | ૦ | ૨૫.૮૭ |

### ગોલમાં જયસુર્યા અને મેન્ડિસની કુલ ૧૪૫ વિકેટ

ગોલ, તા.૧૪

ગોલમાં શ્રીલંકાનો લેફ્ટ આર્મ સ્પિનર જયસુર્યા અને રમેશ મેન્ડિસ કુલ મળીને ૧૪૫ વિકેટ ઝડપી ચૂક્યા છે. પ્રબાથ જયસુર્યાની આ મેદાન ખાતે ૧૧ ટેસ્ટમાં ૮૧ વિકેટ છે. જ્યારે ઓફ સ્પિનર રમેશ મેન્ડિસે અહીં ૧૨ મેચમાં ૬૪ વિકેટ ઝડપી હતી. શ્રીલંકાના ભૂતપૂર્વ કેપ્ટન ફરવેઝ મહારુફે કહ્યું કે, પ્રબાથ જયસૂર્યા અમારી બોલિંગનું મુખ્ય શસ્ત્ર છે. તેને અમે કિંગ ઓફ ગોલ તરીકે ઓળખીએ છીએ.

## શ્રીલંકા સામે છેલ્લા ૧૮ વર્ષથી ભારત શ્રેણીમાં અજેય

# ભારતીય ટીમે શ્રીલંકા સામે ૧૧ વર્ષમાં એક પણ ટેસ્ટ ગુમાવી નથી

ગોલ, તા.૧૪

ભારતીય ટીમે શાનદાર દેખાવ સાથે આગવું પ્રભુત્વ દર્શાવતા શ્રીલંકા સામે છેલ્લા ૧૧ વર્ષમાં એક પણ ટેસ્ટ મેચ ગુમાવી નથી. શ્રીલંકાની ટીમ છેલ્લે ઓગસ્ટ-૨૦૧૫માં ભારત સામેની ગોલ ટેસ્ટ જીતી હતી. જોકે તે પછી રમાયેલી છેલ્લી ૧૦માંથી ૮ ટેસ્ટ ભારત જીત્યું છે. જ્યારે બે ટેસ્ટ મેચ ડ્રોમાં પરિણમી છે. ટીમ ઈન્ડિયા આ દબદબો આગળ ધપાવવાનો પ્રયાસ કરશે.

**છેલ્લા ૧૮ વર્ષની શ્રેણીમાં અજેય**

ભારતીય ટીમ શ્રીલંકા સામે છેલ્લા ૧૮ વર્ષમાં એક પણ ટેસ્ટ શ્રેણી હારી નથી. શ્રીલંકાએ છેલ્લે ૨૦૦૮માં ઘરઆંગણે રમાયેલી શ્રેણીમાં ૨-૧થી ભારતને હરાવ્યું હતુ. જોકે ત્યાર બાદ બંને દેશ વચ્ચે રમાયેલી છેલ્લી છમાંથી પાંચ ટેસ્ટ શ્રેણી ભારતના નામે રહી હતી. ટીમ ઈન્ડિયાએ ૨૦૧૫ થી અત્યાર સુધી રમાયેલી ચારેય ટેસ્ટ શ્રેણીમાં શ્રીલંકાને હરાવ્યું હતુ.



### શ્રીલંકાએ છેલ્લે ૨૦૦૮માં ભારત સામે ટેસ્ટ શ્રેણી જીતી હતી

**ભારત ઓવરઓલ રેકોર્ડમાં પણ આગળ**

ભારતીય ટીમ ઓવરઓલ રેકોર્ડમાં પણ આગળ છે. બંને દેશો વચ્ચે ૧૯૮૨ થી અત્યાર સુધીમાં રમાયેલી ૧૭ ટેસ્ટ શ્રેણીમાંથી ૧૦ શ્રેણી ભારત જીત્યું છે. જ્યારે શ્રીલંકાને માત્ર ત્રણ શ્રેણી જીતવામાં સફળતા મળી છે. જ્યારે ચાર ટેસ્ટ શ્રેણી ડ્રો રહી છે.

### ગોલ સ્ટેડિયમમાં ૫૦મી ટેસ્ટ રમાશે

ગોલ : ભારત અને શ્રીલંકાની ટેસ્ટ મેચ ગોલ સ્ટેડિયમ માટે પણ સીમાચિહ્નરૂપ બની રહેશે. ગોલની આ ૫૦મી ટેસ્ટ મેચ બની રહેશે.ભારતીય ટીમ આ મેદાન પર કુલ પાંચ ટેસ્ટ રમ્યું છે, જેમાંથી બેમાં ટીમનો વિજય થયો હતો. જ્યારે ત્રણ ટેસ્ટ યજમાન ટીમ જીતી છે.

### બાસ્કેટબોલ : અંડર-૧૮ એશિયા કપમાં ભારતનો ૫૬-૯૧થી જાપાન સામે પરાજય

અમદાવાદ : ફિબા અંડર-૧૮ મેન્સ એશિયા કપ બાસ્કેટબોલ ટુર્નામેન્ટમાં ભારતને તેની પ્રથમ મેચમાં ગ્રૂપ-ડીમાં જાપાનની મજબુત ટીમ સામે ૫૬-૯૧થી પરાજયનો સામનો કરવો પડ્યો હતો. જાપાને હાફ ટાઈમે ૪૨-૨૮ની સરસાઈ મેળવી લીધી હતી અને ત્યાર બાદ તેમણે પ્રભુત્વ જાળવી રાખ્યું હતુ. જાપાનના કેનિચિરો બેનેડિક્ટે ૨૦ અને ઐશિન કોન્નોએ ૧૬ પોઈન્ટ નોંધાવ્યા હતા. જ્યારે ભારત તરફથી શેખર રાઠીએ ૧૬ પોઈન્ટ અને નવ રિબાઉન્ડની સાથે છ આસીસ્ટ પણ કર્યા હતા. આકાશ ઈયાપ્પનના ૧૨ પોઈન્ટ હતા. જોકે ગુજરાતના રોનાલ્ડો હોપ્કિન્સને બાસ્કેટબોલ કોર્ટ પર ઉતરવાની તક મળી નહતી.



### પોરલને બળાત્કાર કેસમાં જામીન ન મળ્યા



કોલકાતા, તા.૧૪

ઘરઆંગણાના ક્રિકેટમાં બંગાળ અને આઈપીએલમાં દિલ્હી કેપિટલ્સ તરફથી રમતા વિકેટકિપર બેટસમેન અભિષેક પોરલને બળાત્કારના કેસમાં જામીન આપવામાં આવ્યા નથી. બંગાળની ચિન્સુરાહ કોર્ટે પોરલને ૧૪ દિવસની જ્યુડિસિઅલ કસ્ટડીમાં મોકલી આપ્યો હતો. પોરલ પર એક મેડિકલ સ્ટુડન્ટે લગ્નનું વચન આપીને બળાત્કાર કરવાની ફરિયાદ નોંધાવી હતી. જે પછી ૧૧ ઓગસ્ટે તેની ધરપકડ થઈ હતી અને તેને ત્રણ દિવસ પોલીસ કસ્ટડીમાં રાખવામાં આવ્યો હતો.

### જેમીમા એશિયા કપ ને એશિયન ગેમ્સ ગુમાવશે

બેંગલુરુ, તા.૧૪

ભારતની મહિલા ક્રિકેટર જેમીમા રોડ્રિગ્સ ઈજાના કારણે એશિયા કપ અને એશિયન ગેમ્સમાં રમી શકશે નહીં. ૨૫ વર્ષની ભારતીય ખેલાડીને ઈંગ્લેન્ડમાં ધ હન્ડ્રેડ ટુર્નામેન્ટની મેચ દરમિયાન ગંભીર ઈજા થઈ હતી. જેમીમા હાલમાં બેંગલુરુ ખાતેના સેન્ટર ઓફ એક્સલન્સ ખાતે રિહેબ પ્રોગ્રામ હેઠળ છે અને એશિયા કપ માટેની ભારતીય ટીમમાં તેના સ્થાને પ્રતીકા રાવલને તક આપવામાં આવી છે. એશિયા કપ ૨૮મી ઓગસ્ટથી યુએઈમાં રમાશે.

## ૨૦૧૭માં ફ્રેન્ચાઈઝીના હક્ક ખરીદી ટીમ બનાવી હતી

# ટાટા સ્ટીલે જમશેદપુર ફૂટબોલ ક્લબ માત્ર રૂા. ૧૦૦માં ચર્ચિલ બ્રધર્સને સોંપી

જમશેદપુર, તા. ૧૪

ટાટા સ્ટીલે જમશેદપુર ફૂટબોલ ક્લબની પોતાની ૧૦૦ ટકા હિસ્સેદારી માત્ર રૂા.૧૦૦ની પ્રતીકાત્મક રકમમાં ગોવાના ચર્ચિલ બ્રધર્સ સ્પોર્ટ્સ ક્લબને ટ્રાન્સફર કરવાનો નિર્ણય લીધો છે. બંને પક્ષોએ આજે ૧૪ ઓગસ્ટે શેર પર્ચેઝ એગ્રીમેન્ટ પર હસ્તાક્ષર કર્યા છે. આ સોદો ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશનની મંજૂરી સહિતની કેટલીક શરતોને આધીન છે.ટાટા સ્ટીલ પાસે જમશેદપુર ફૂટબોલ ક્લબ પ્રા. લી. ના કુલ ૪.૦૮ કરોડ ઈક્વિટી શેર હતા જે હવે ચર્ચિલ બ્રધર્સને સોંપાયા છે. સોદા સાથે જમશેદપુર ફૂટબોલ ક્લબનું આઈ. એસ. એલ. સ્પોર્ટિંગ લાઈસન્સ, ૧૨ ખેલાડીઓના કરાર અને બે કોચના કરાર પણ ચર્ચિલ બ્રધર્સને ટ્રાન્સફર થશે. આ વ્યવહાર ૩૧ ઓગસ્ટ સુધીમાં પૂર્ણ થવાની ધારણા છે. જો જરૂરી મંજૂરીઓ મળી જાય.

જોકે આં સોદાનો એવો અર્થ નથી કે જમશેદપુર ફૂટબોલ ક્લબની વાસ્તવિક બજાર કિંમત રૂા. ૧૦૦ આંકવામાં આવી છે. કોર્પોરેટ હસ્તાંતરણમાં દેવા, ચાલુ કરારો, ભવિષ્યના ખર્ચ અને અન્ય જવાબદારીઓ જેવા પરિબળો પણ મહત્વ ધરાવે છે. તેથી આને 'પ્રતીકાત્મક મૂલ્યે હસ્તાંતરણ' તરીકે જોવું વધુ યોગ્ય છે.ટાટા સ્ટીલે જમશેદપુર ફૂટબોલ ક્લબના પ્રોફેશનલ ફૂટબોલમાંથી બહાર નીકળવાનો નિર્ણય લીધો છે, પરંતુ કંપનીએ કહ્યું છે કે તેઓ ગ્રાસરૂટ અને યુવા ફૂટબોલ પ્રતિભાને બહાર લાવવાનું ચાલુ રાખશે.

ટાટા સ્ટીલે ૨૦૧૭માં ઈન્ડિયન સ્પોર્ટ્સ લીગમાં ફ્રેન્ચાઈઝી મેળવીને જમશેદપુર ફૂટબોલ ક્લબની શરૂઆત કરી હતી.




### હવે જમશેદપુર ફૂટબોલ ક્લબ ટીમના દેવા, ખર્ચ, ખેલાડીઓના પગારની જવાબદારી ચર્ચિલ બ્રધર્સની રહેશે

## તન્ઝીદ (૧૦૧) ઓસ્ટ્રેલિયામાં સદી ફટકારનાર બાંગ્લાદેશી બેટ્સમેન

# પ્રથમ ટેસ્ટમાં ઓસ્ટ્રેલિયાના ૧૯૮ સામે બાંગ્લાદેશના ૭ વિકેટે ૩૫૧ રન

ડાર્વિન, તા. ૧૪

તન્ઝીદે ઓસ્ટ્રેલિયાની ધરતી પર સદી ફટકારનારા પ્રથમ બાંગ્લાદેશી બેટ્સમેન તરીકેનો રેકોર્ડ સર્જતા ફટકારેલા ૧૦૧ રન તેમજ

કેપ્ટન શાંતોની ૮૪ રનની મદદથી બાંગ્લાદેશે ઓસ્ટ્રેલિયા સામેની પ્રથમ ટેસ્ટના બીજા દિવસે કુલ ૧૫૩- રનની સરસાઈ મેળવી લીધી હતી. ઓસ્ટ્રેલિયાના ૧૯૮ના સ્કોર સામે બાંગ્લાદેશનો સ્કોર ૬ વિકેટે ૩૫૧ રન હતો.

બાંગ્લાદેશના ઓપનર તન્ઝીદે કારકિર્દીની બીજી ટેસ્ટમાં ઈતિહાસ રચ્યો હતો. તેણે ૧૯૭ બોલમાં ૮ ચોગ્ગા ને એક છગ્ગા સાથે ૧૦૧ રન કર્યા હતા.

બીજા દિવસે ૯૬/૧ થી આગળ રમતાં બાંગ્લાદેશ તરફથી તન્ઝીદે મોમિનુલ(૪૯) સાથે બીજી વિકેટ માટે ૧૦૨ રન જોડ્યા હતા. ત્યારબાદ તન્ઝિદ અને કેપ્ટન શાંતો વચ્ચે ત્રીજી વિકેટ માટે ૯૩ રનની ભાગીદારી થઈ હતી.

ઓસ્ટ્રેલિયાએ અંતિમ સત્રમાં નવા બોલથી ત્રણ ઝડપી વિકેટ લઈને વાપસીનો પ્રયાસ કર્યો હતો. પરંતુ મિરાઝે ૩૨* અને હસન મહમૂદે ૧૩ રન સાથે સાતમી વિકેટ માટે ૪૩ રનની ભાગીદારી કરીને બાંગ્લાદેશને ફરી મજબૂત સ્થિતિમાં પહોંચાડ્યું.

સ્કોર : ઓસ્ટ્રેલિયા પ્રથમ ઈનિંગ ૧૯૮(સ્મિથ ૭૧, હસન મહેમુદ છ વિકેટ) બાંગ્લાદેશ પ્રથમ ઈનિંગ ૩૫૧/૬( ઓપનર તન્ઝીદ ૧૦૧,શાંતો ૮૪, મોમીનુલ ૪૯, રહીમ ૩૬,મેહીદી ૩૨*, ઓપનર સદમાન ૨૦,સ્ટાર્ક, હેઝલવુડની બે-બે અને કમિન્સ-લાયનની ૧-૧ વિકેટ)



### ૧૫૩ રનની સરસાઈ સાથે બાંગ્લાદેશની મજબૂત સ્થિતિ

## ગ્લાસગોના મેડલિસ્ટ યશવીર-સેલ્વાપ્રભુને સ્થાન નહીં

# એશિયન ગેમ્સમાં ભારતના ૭૨ એથ્લીટ્સ મેડલ જીતવા ઉતરશે

બેંગલુરુ, તા.૧૪

જાપાનમાં યોજાનારી એશિયન ગેમ્સ માટેની ભારતની એથ્લેટિક્સ ટીમમાં ૭૨ ખેલાડીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં ૩૪ પુરુષ અને ૩૮ મહિલા ખેલાડીઓ છે. નીરજ ચોપરા અને પારુલ ચૌધરી સહિત ગત એશિયન ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીતનારા પાંચ એથ્લીટને પણ ટીમમાં તક આપવામાં આવી છે. ગત એશિયન ગેમ્સમાં નીરજ અને પારુલની સાથે અવિનાશ સાબળે અને અનુરાનીએ પણ ગોલ્ડ મેડલ જીત્યા હતા.

એશિયન ગેમ્સ જાપાનમાં તારીખ ૧૭ સપ્ટેમ્બરથી ૩ ઓક્ટોબર દરમિયાન યોજાવાની છે. ભારતની ટીમમાં મહિલા એથ્લીટની સંખ્યા પુરુષો કરતાં વધુ છે. ગત એશિયન ગેમ્સમાં ૩૫ પુરુષ અને ૩૩ મહિલા એથ્લીટ્સની સાથે કુલ ૬૮ ખેલાડીઓએ ભાગ લીધો હતો.

તાજેતરમાં પુરી થયેલી ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સમાં મેડલ જીતનારા ભાલા ફેંકના એથ્લીટ યશવીર સિંઘ અને ટ્રિપલ જમ્પર સેલ્વા પ્રભુને ભારતીય ટીમમાં સ્થાન મળી શક્યુ નથી.

### એશિયન ગેમ્સ ૧૭ સપ્ટે.થી જાપાનમાં શરૂ થશે

## ૨૦૦૩ પછી માસ્ટર્સ ૧૦૦૦ની ઓલ અમેરિકન ફાઈનલ રમાઈ

# શેલ્ટન સતત બીજી વખત કેનેડિયન ઓપનમાં ચેમ્પિયનઃ નાકાશિમા હાર્યો



મોન્ટ્રીયલ, તા. ૧૪

શેલ્ટને તેના જ દેશ અમેરિકાના નાકાશિમાને ૬-૩, ૭-૬(૭-૪)થી હરાવીને સતત બીજી વખત કેનેડિયન ઓપનનું ટાઈટલ જીતી લીધું. આ સાથે શેલ્ટને તેની કારકિર્દીનું બીજું માસ્ટર્સ ૧૦૦૦ ટાઈટલ અને કુલ સાતમું કારકિર્દી ટાઈટલ પોતાના નામે કર્યું છે

આ ઓલ-અમેરિકન ફાઈનલ માસ્ટર્સ ૧૦૦૦ સ્તરની ૨૦૦૩ પછીની પ્રથમ અમેરિકન ફાઈનલ હતી. ૨૦૦૩માં સિનસિનાટી માસ્ટર્સની આવી ફાઈનલમાં રોડિકે ફિશને હરાવ્યો હતો. આ ટુર્નામેન્ટ અગાઉ શેલ્ટન માટે પરિણામો નિરાશાજનક રહ્યા હતા. વિમ્બલ્ડનમાં તે પ્રથમ જ રાઉન્ડમાં જ્યારે ફ્રેન્ચ ઓપનમાં બીજા રાઉન્ડમાં હાર્યો હતો. આ ઉપરાંત, સિઝનની શરૂઆતની ચાર માસ્ટર્સ ૧૦૦૦ ટુર્નામેન્ટમાં તે માત્ર એક જ મેચ જીતી શક્યો હતો. શેલ્ટન ૨૦૧૬માં નોવાક જોકોવિચ બાદ કેનેડિયન ઓપનનું ટાઈટલ એક પણ સેટ ગુમાવ્યા વિના જીતનાર પ્રથમ ખેલાડી પણ બન્યો છે. એટલું જ નહીં, તે ૨૦૧૯માં રાફેલ નડાલ બાદ કેનેડિયન ઓપનનું ટાઈટલ સફળતાપૂર્વક જાળવી રાખનાર પ્રથમ ખેલાડી પણ બન્યો છે.

### જોકોવિચ(૨૦૧૬) પછી આ ટુર્નામેન્ટમાં એકપણ સેટ હાર્યા વગર શેલ્ટન ટાઈટલ જીત્યો

### સ્વિયાટેક વિજેતા બની

મોન્ટ્રીયલ, તા.૧૪

પોલેન્ડની સ્વિયાટેકે ૬-૨, ૬-૩થી વર્લ્ડ નંબર ટુ રિબાકીનાને હરાવી કનેડિયન ઓપન માસ્ટર્સ ૧૦૦૦ ટેનિસ ટુર્નામેન્ટમાં મહિલા સિંગલ્સ ટાઈટલ જીત્યું હતુ. સ્વિયાટેકનું આ સીઝનનું પ્રથમ અને ઓવરઓલ કાર્કીર્દીનું ૨૬મું ટાઈટલ હતું.



## દિલ્હીની વાત

(પહેલા પાનાનું ચાલુ)

લવ-કુશ મંદિર બનાવવા માટે આપવામાં આવ્યું છે. કેજરીવાલે પહેલી વખત પોતાના પક્ષને સનાતની બતાવ્યો છે. પંજાબ સરકાર જૂન મહિનાથી સરકારી ધોરણે વિવિધ ભક્તિ સંધ્યાઓનું આયોજન કરી રહી છે. રાજ્યના તમામ ૨૨ મુખ્ય શહેરોમાં ભક્તિ સંધ્યા યોજવામાં આવશે. આ સિવાય પટીયાલાના કાલીમાતા મંદિર માટે ૮૦ કરોડ રૂપિયાનું દાન, દર વર્ષે ૧.૫ લાખ શ્રદ્ધાળુઓ માટે મફત તીર્થયાત્રાનું આયોજન, મંદિરોના સંચાલન માટે વધુ અધિકાર આપતો કાયદો લાવવાના વચનો પણ આપે આપ્યા છે.

### ભાજપે ચૂંટેલા સાંસદની દિપકે સામે શરણાગતી

નાલસર લો યુનિવર્સિટીના દીક્ષાંત કાર્યક્રમમાં સીજેઆઈ સૂર્યકાંત આવવાના હોવાથી વિદ્યાર્થીઓએ વિરોધ કર્યો હતો. આ બાબતે બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (બીસીઆઈ)એ કડકાઈ બતાવી હતી. બીસીઆઈએ કહ્યું હતું કે, નાલસર હૈદરાબાદના ૨૦૨૬ બેચના વિદ્યાર્થીઓની વકીલ તરીકે નોંધણી થવી જોઈએ નહીં. બીસીઆઈએ યુનિવર્સિટી પાસે ૩ દિવસમાં રીપોર્ટ માંગ્યો હતો અને વિરોધ કરનાર આયોજકોના નામ પણ માંગ્યા હતા. બીસીઆઈના પ્રમુખ તરીકે રાજ્યસભાના સાંસદ મનનકુમાર મિશ્રા છે. મનનકુમાર મિશ્રા ભાજપના ટેકાથી રાજ્યસભામાં ગયા છે. વિદ્યાર્થીઓ પર કાર્યવાહી કરવાની બીસીઆઈની વાતથી મોટો વિવાદ થયો હતો. કોકરોચ જનતા પાર્ટીએ મનનકુમાર મિશ્રા વિરુદ્ધ આંદોલન કરવાની ચેતવણી આપી હતી. ચેતવણીથી ડરી ગયેલા મનનકુમાર મિશ્રાએ પોતાનો નિર્ણય પરત લીધો હતો. કોકરોચ જનતા પાર્ટીના નેતાઓ મિશ્રાની શરણાગતીને પોતાની જીત ગણાવી રહ્યા છે.

### પ્રિયંકા ગાંધીના 'ગૌમૂત્ર નિષ્ણાંત' નિવેદન સામે ઓનલાઈન ઝુંબેશ

આઈઆઈટી મદ્રાસના ડાયરેક્ટર વી કામકોટીને 'ગૌમૂત્ર નિષ્ણાંત' કહેનાર પ્રિયંકા ગાંધીથી નારાજ થયેલાઓએ હવે વિરોધ કરવાનો શરૂ કર્યો છે. પ્રિયંકા ગાંધી સામે એક ઓનલાઈન ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. અત્યાર સુધીમાં આ ઝુંબેશને ૧૮ હજાર લોકોનો ટેકો મળી ચૂક્યો છે. આ ઝુંબેશ change.org પર શરૂ કરવામાં આવી છે. લોકસભાના સ્પિકર ઓમ બીરલાને આ બાબતે પગલા લેવાની માંગણી થઈ છે. પ્રિયંકાને એમની ટીપ્પણી પાછી લેવા તેમજ માફી માંગવા માટે પણ કહેવામાં આવ્યું છે. ૩૮ જેટલા દેશોમાં રહેલા ભારતીય વૈજ્ઞાનિકોએ પણ આ ઝુંબેશને સમર્થન આપ્યું છે.

## આત્મનિર્ભર ભારત

(પહેલા પાનાનું ચાલુ)

**હતી. સાથે તેમણે કહ્યું કે, પરીક્ષાઓમાં સુધારા માટે સરકાર અનેક પગલાં લઈ રહી છે.**

**આઝાદીના ૮૦મા પર્વની ઊજવણી પૂર્વે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ દેશને સંબોધન કર્યું હતું. તેમના આ સંબોધનમાં દેશના વિકાસ અને ભવિષ્યની રૂપરેખા રજૂ કરાઈ હતી. તેમણે કહ્યું કે, સરકાર વિદ્યાર્થીઓના હિતમાં પરીક્ષા વ્યવસ્થાને વધુ પારદર્શી અને સારી બનાવી રહી છે. જાહેર પરીક્ષા વિદ્યાર્થીઓને આગળ વધવા અને તેમના સપનાં સાકાર કરવાની તક આપે છે. આ બાબતને ધ્યાનમાં રાખતા સરકાર પરીક્ષા વ્યવસ્થામાં વ્યાપક સુધારા કરી રહી છે.**

## જાતિ આધારિત

(૧૫માં પાનાનું ચાલુ)

વસતી ગણતરી ૨૦૨૭ના કાર્યક્રમના બીજા તબક્કા મુજબ વરસાદ અને હવામાનની પરિસ્થિતિને ધ્યાનમાં રાખતા લદ્દાખ, જમ્મુ-કાશ્મીર જેવા કેન્દ્રશાસિત પ્રદેશો, હિમાલય પ્રદેશ, ઉત્તરાખંડ સહિતના બરફિલા પર્વતીય પ્રદેશોમાં વસતી ગણતરીની કાર્યવાહી ૧ સપ્ટેમ્બરથી ૩૦ સપ્ટેમ્બર સુધી ચાલશે. આ સમયમાં વસતી ગણતરીના કર્મચારીઓ ઘરે ઘરે જઈને નાગરિકોની માહિતી મેળવશે. આ કાર્યવાહી બાદ તુરંત ૧ ઓક્ટોબરથી ૫ ઓક્ટોબર સુધી રિવિઝન રાઉન્ડ ચાલશે. આ પહેલાં નાગરિકો ૧૭ ઓગસ્ટથી ૩૧ ઓગસ્ટ સુધી જાતે જ સેલ્ફ એન્યુમરેશનનો વિકલ્પ અપનાવી પોતાની વિગતો ઓનલાઈન ભરી શકશે.

## સ્વતંત્રતા દિવસ

(પહેલા પાનાનું ચાલુ)

મોકલનારના આઈપી એડ્રેસ અને સર્વરની તપાસમાં લાગી ગઈ છે, જેથી ઈ-મેલનો સ્રોત જાણી શકાય.

દરમિયાન સ્વતંત્રતા દિવસના સમારંભને ધ્યાનાં રાખતા દિલ્હીમાં લાલ કિલ્લાની આજુબાજુના વિસ્તારની સુરક્ષા વ્યવસ્થા અત્યંત આકરી કરી દેવાઈ છે. અનેક રસ્તા પર ટ્રાફિકને ડાયવર્ટ કરાયો છે. ભારે વાહનોના પરિવહન પર પ્રતિબંધ મૂકી દેવાયો છે. સંવેદનશીલ સ્થળોનું ડ્રોનથી નિરીક્ષણ કરાઈ રહ્યું છે. ૧,૦૦૦ કરતાં વધુ સીસીટીવીથી લાલ કિલ્લાની આજુબાજુના વિસ્તાર પર ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. આ કેમેરા એઆઈ આધારિત વીડિયો એનાલિટિક્સ સિસ્ટમ સાથે સંકળાયેલા છે. લાલ કિલ્લો ઐતિહાસિક રીતે મહત્વનું સ્થળ હોવાની સાથે સ્વતંત્રતા દિવસનું મુખ્ય સમારંભ કેન્દ્ર પણ છે. વડાપ્રધાન મોદી લાલ કિલ્લા પરથી જ રાષ્ટ્રીય ધ્વજ ફરકાવશે અને દેશને સંબોધન કરશે.

## ૪૦ કરોડના

(૧૫માં પાનાનું ચાલુ)

બાજુએ ચીને તેના ઓઈલ ભંડાર ઘટ્યા પછી ફરીથી ખરીદી વધારી છે. જુલાઈમાં ચીનના શાનડોંગ ક્ષેત્રમાં ઓઈલ ભંડારમાં ૩.૫ કરોડ બેરલનો વિક્રમજનક ઘટાડો નોંધાયો હતો. હવે રિફાઈનરીઓનું મેઈન્ટેનન્સનું કામ પૂરુ થતાં ક્રૂડ ઓઈલની ખપતમાં વધારો થવાની આશા છે. ઓગસ્ટમાં રિફાઈનરીઓની ઓઈલ પ્રોસેસિંગની ક્ષમતામાં છ ટકા વધારો થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

ક્રૂડ ઓઈલની વૈશ્વિક સપ્લાય ચેઈનમાં એક મોટો ફેરફાર સાઉદી અરેબિયા તરફથી જોવા મળી રહ્યો છે. અહેવાલ મુજબ સાઉદી અરેબિયાએ ઈજિપ્તની સુમેદ પાઈપલાઈન દ્વારા નિકાસ વધારીને પ્રતિ દિન લગભગ ૨૩ લાખ બેરલ કરી દીધી છે. જુલાઈમાં આ આંકડો પ્રતિ દિન ૧૦ લાખ બેરલ હતો. આમ એક મહિનામાં સાઉદીએ તેનો પુરવઠો બમણો કર્યો છે. રેડ સીમાં હુથીઓના જોખમથી બચવા સાઉદી અરેબિયા હવે આ રસ્તાનો મોટાપાયા પર ઉપયોગ કરી રહ્યું છે.

## સુપ્રીમે સમય

(૧૫માં પાનાનું ચાલુ)

આરોપીઓને આદેશ આપ્યો હતો કે તેઓ પોતાના શોમાં દિવ્યાંગોનો સમાવેશ કરે, સાથે જ દિવ્યાંગો માટે ફન્ડ એકઠુ કરવા શોનુ આયોજન કરવામાં આવે. અગાઉ જ્યારે આ આદેશોનું પાલન નહોતુ થયું ત્યારે સુપ્રીમે તમામને ફટકાર લગાવી હતી, જે બાદ અંતે આરોપીઓ ઝૂક્યા હતા અને પાલન કર્યું હતું. સુપ્રીમ કોર્ટની બેંચે આરોપીઓને છોડી મુકવાની સાથે તેમના વખાણ કરતા કહ્યું હતું કે જ્યારે પ્રયાસો સાચા હોય ત્યારે પરિણામ સકારાત્મક આવે છે. આ બહુ જ કુશળ યુવાનો છે.

## સરકારને નોકરી

(પહેલા પાનાનું ચાલુ)

**નોકરી આપવાના નિર્ણયને સુપ્રીમ કોર્ટે યોગ્ય ઠેરવ્યો છે. સાથે જ હાઈકોર્ટ દ્વારા જે આદેશ અપાયો હતો તેના પર સ્ટે મુકી દીધો છે.**

**ગયા વર્ષે ૨૭ સપ્ટેમ્બરના રોજ કરૂરમાં વિજય એક રેલીને સંબોધવાનો હતો, આ રેલી માટે મોટી સંખ્યામાં લોકો એકઠા થયા હતા જેમાં ધક્કામુક્કીમાં ૪૦થી વધુ લોકો માર્યા ગયા હતા. હવે વિજય જ્યારે મુખ્યમંત્રી બની ગયા છે ત્યારે તેમણે માર્યા ગયેલા લોકોના પરિવાર સાથે મુલાકાત કરી હતી અને ૩૧ જેટલા લોકોને સરકારી નોકરી આપી હતી. આ નિર્ણયને બાદમાં મદ્રાસ હાઈકોર્ટમાં પડકારાયો હતો, હાઈકોર્ટ દ્વારા સરકારના નિર્ણયને રદ કરી દેવાયો હતો.**

**બાદમાં રાજ્ય સરકાર દ્વારા હાઈોર્ટના આદેશ સામે સુપ્રીમમાં પિટિશન કરાઈ હતી, જેની સુનાવણી દરમિયાન સરકારના નિર્ણય સામે અરજી કરનારાઓને ફટકાર લગાવતા સુપ્રીમ કોર્ટે સવાલ કર્યો હતો કે સરકારની નીતિઓ પર સવાલ ઉઠાવનારા તમે કોણ? કદાચ પરિવારની એક માત્ર વ્યક્તિ હોય અને તેનું મોત નિપજે તો તેવી સ્થિતિમાં સરકાર પુત્ર કે પુત્રીને રોજગારી ના આપી શકે? આ સાથે જ સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટના આદેશ પર સ્ટે મુક્યો હતો અને અરજદારોને નોટિસ પાઠવી હતી.**

## ભારત ચીનને

(૧૫માં પાનાનું ચાલુ)

બચવાની તક આપે છે. રિપોર્ટમાં વિશેષરૂપે ભારતના ઔદ્યોગિક ક્ષેત્રોનો ઉલ્લેખ કરાયો છે. નવારોએ આક્ષેપ કર્યો છે કે ભારતના પૂણે, ગુજરાત, ચેન્નઈ ઉત્પાદન બેલ્ટમાં ચીનથી આવતા પંપ અને કમ્પ્રેસર જેવા ઉપકરણો પર કામ કરીને તેને મેડ ઈન ઈન્ડિયા ઉત્પાદન તરીકે ખપાવી અમેરિકાના બજાર સુધી પહોંચાડાય છે.

નવારોએ કહ્યું કે, ટેરિફ ચોરી અને આ પ્રકારના શંકાસ્પદ શિપમેન્ટ પર લગામ લગાવવા માટે અમેરિકા હવે એઆઈની મદદ લેશે. અમેરિકા એઆઈ આધારિત ડિટેક્ટિવ બોર્ડર સિસ્ટમ તૈનાત કરવાની તૈયારીમાં છે, જે શિપમેન્ટ અને સામાનના રૂટનો ડેટા, ઉત્પાદનોની કેટેગરી અને કંપનીઓના માલિકીના સંબંધ, સંબંધિત ક્ષેત્રની વાસ્તવિક ઉત્પાદન ક્ષમતાનું વિશ્લેષણ કરશે.

તેમણે કહ્યું કે, આ સિસ્ટમનો મુખ્ય આશય શંકાસ્પદ સામાનની સમયસર ઓળખ કરી, નિયમોનો ભંગ કરવા પર દંડ કરવા, બાકી ચાર્જ વસૂલવા અને જરૂર પડે તો આવા સામાનના અમેરિકન બજારમાં પ્રવેશ પર પ્રતિબંધ પણ મૂકવાનો છે. પીટર નવારોએ કહ્યું કે, ભારત સંપૂર્ણપણે અમારી રડાર સ્ક્રીન પર છે.

ટ્રમ્પ સરકાર નવા વેપાર માળખામાં એવી આકરી જોગવાઈ લાવી રહ્યું છે, જેનાથી આ પ્રકારની વ્યાપારિક પ્રવૃત્તિઓમાં સામેલ ભાગીદારોને દંડિત કરી શકાય. નવારોએ આક્ષેપ કર્યો કે, ભારત સહિત કેટલાક અન્ય દેશ રશિયન ક્રૂડ ઓઈલની ખરીદી બદલ ટ્રમ્પ સરકારે લગાવેલા નવા ટેરિફથી બચવા માટે પણ આ શેડો નેટવર્કનો ઉપયોગ કરી શકે છે.

## નોર્વેમાં હોર્ન

(૧૫માં પાનાનું ચાલુ)

પ્રાણોથી સુરક્ષિત અંતર જાળવી રાખે અને કોઈ પણ રીતે તેમને હેરાન ન કરે.

પોલર બિયરનું જીવન સમુદ્રી બરફ અને તેની આસપાસનાં કુદરતી વાતાવરણ સાથે જોડાયેલુ છે. તાજેતરનાં વર્ષોમાં બરફ ઝડપથી પીગળવાને કારણે તેમના કુદરતી રહેઠાણ સામે ખતરો વધ્યો છે.

## ઈરાન યુદ્ધમાં

(૧૫માં પાનાનું ચાલુ)

અને યમન તેમજ ઈરાકમાં તેના સહયોગી જૂથો માટે સરળતાથી નિશાન બની શકે છે. યુદ્ધ શરુ થયું તે પહેલા અમેરિકા પાસે લગભગ ૧૮૫ રીપર ડ્રોન હતા. તેમા એરફોર્સ પાસે ૧૬૫ અને મરીન પાસે ૨૦ હતા. મરીન કોર્પ્સે જણાવ્યું હતું કે તેના કોઈપણ રીપર ડ્રોનને નુકસાન થયું નથી. ઈરાન યુદ્ધમાં અમેરિકાએ મોટાપાયા પર મિસાઈલોનો પણ ઉપયોગ કર્યો. યુદ્ધના પહેલા મહિનામાં અમેરિકાએ ૮૫૦થી વધુ ટોમહોક ક્રૂઝ મિસાઈલ અને ૧૦૦૦થી વધુ પેટ્રિયેટ અને થાડ મિસાઈલનો ઉપયોગ કર્યો. અમેરિકાની વર્તમાન ક્ષમતાં એક વર્ષમાં કમસેકમ ૯૬ થાડ ઈન્ટરસેપ્ટર બનાવી શકવાની છે. યુએઈએ હોર્મુઝની ખાડીમાંથી પસાર થઈ રહેલા સરકારી ઓઈલ કંપની એડનોકના બે ઓઈલ ટેન્કરો પર હુમલો કરવાનો ઈરાન પર આરોપ મૂક્યો છે. યુએઈના વિદેશ મંત્રાલયે આ હુમલાને ઈરાનની દરિયાઈ ચાંચિયાગીરી સમાન ગણાવ્યો હતો. આ હુમલામાં કોઈની જાનહાનિના સમાચાર નથી. આમ છતાં હોર્મુઝમાંથી પસાર થતાં જહાજોની સુરક્ષાને લઈને ચિંતા વધી છે.

અમેરિકન સેન્ટ્રલ કમાન્ડ મધ્યપૂર્વમાં હવે પોતાની સૌપ્રથમ મલ્ટીનેશનલ ટાસ્ક ફોર્સ બનાવી રહ્યું છે.આ ટાસ્ક ફોર્સ હવા, જમીન અને સમુદ્રમાં ડ્રોન વડે હુમલો કરવા સક્ષમ બનાવવા પર કેન્દ્રિત હશે. આ નવી યુનિટનું નામ ટાસ્ક ફોર્સ ફાલ્કન સ્ટ્રાઈક હશે. તેમા પાયલોટ વગરના વન-વે ડ્રોનનો હુમલો કરવામાં આવશે. આ ડ્રોન અથડાતા જ ફાટી જાય છે. તે સમુદ્રની સપાટી પર, તેના ઉપર કે નીચે કામ કરનારી સિસ્ટમમાં સામેલ થશે. તેમને અમેરિકન લશ્કરના જવાન અને તેમના પ્રાદેશિક સહયોગી ઓપરેટ કરશે.ગુરુવારે આ જાહેરાત સેન્ટ્રલ કમાન્ડ દ્વારા મધ્યપૂર્વમાં અમેરિકન લશ્કરના સૌપ્રથમ ખાસ વનવે એટેક ડ્રોન સ્કવોડ્રન ટાસ્ક ફોર્સ સ્કોર્પિયન સ્ટ્રાઈકને બનાવ્યાના નવ મહિના પછી થઈ છે. અમેરિકાએ પેસિફિક સ્થિત એરક્રાફ્ટ કેરિયર યુએસએસ જ્યોર્જ વોશિંગ્ટન મધ્યપૂર્વમાં મોકલ્યું છે. યુએસએસ અબ્રાહમ લિંકન લાંબા સમય સુધી સમુદ્રમાં રહેવાના લીધે તેના પર કામ કરતાં ખલાસીઓમાં માનસિક આરોગ્યના સવાલ સજાયા છે.

## બેંગાલુરુમાં રસ્તા

(પહેલા પાનાનું ચાલુ)

પાર્કિંગ પરમીટનો વાર્ષિક ચાર્જ વાહનોનાં આકાર અને શ્રેણીને આધારે નક્કી કરવાનું સૂચન આપવામાં આવ્યું છે. હેચબેક કારો માટે ૧૫૦૦૦ રૂપિયા પ્રતિ વર્ષ, સેડાન માટે ૨૦,૦૦૦ રૂપિયા પ્રતિ વર્ષ અને એસયુવી કારોનાં પાર્કિંગ માટે વાર્ષિક ૨૫,૦૦૦ રૂપિયા પ્રતિ વર્ષ ખર્ચ કરવો પડશે.

આ પરમિટ નગર નિગમ દ્વારા જારી કરવામાં આવશે. મુખ્ય અને સહાયક સડકો ઉપરાંત અન્ય રહેવાસી વિસ્તારોમાં ફક્ત કાયદેસર પરમિટવાળા વાહનોને જ પાર્ક કરવાની મંજૂરી આપવામાં આવશે.

## વિદ્યાર્થીઓ ને મારા

(પહેલા પાનાનું ચાલુ)

નિર્ણયથી વિદ્યાર્થીઓ પર માનસિક ત્રાસ ગુઝારવામાં આવ્યો છે. બીજી તરફ ભારે વિવાદ વચ્ચે સુપ્રીમ કોર્ટમાં બાર કાઉન્સિલના નિર્ણય સામે એક અપીલ કરાઈ હતી, જેની તાત્કાલીક સુનાવણીની માગ દરમિયાન મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત વિદ્યાર્થીઓના બચાવમાં આવ્યા હતા. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતે બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાનો ઉધડો લેતા કહ્યું હતું કે આ સમગ્ર મામલો મારી અને વિદ્યાર્થીઓ વચ્ચેનો છે, તેમાં દખલ દેનારુ બાર કાઉન્સિલ કોણ છે? વિદ્યાર્થીઓને વિરોધ કરવાનો પુરો અધિકાર છે, તેમને વિરોધ કરતા તમે ના રોકી શકો. આ સાથે જ મુખ્ય ન્યાયાધીશે બાર કાઉન્સિલ પાસેથી સમગ્ર મામલે જવાબ માગ્યો હતો.

બાર કાઉન્સિલના વકીલે દાવો કર્યો હતો કે વિદ્યાર્થીઓ સામે જાહેર થયેલો આદેશ પરત ખેંચી લેવામાં આવ્યો છે. બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના ચેરપર્સન મનનકુમાર મિશ્રા દ્વારા બાદમાં સ્પષ્ટતા કરતું નિવેદન જાહેર કરાયું હતું અને કહ્યું હતું કે અમે માત્ર મુખ્ય ન્યાયાધીશ વિરુદ્ધ ચાલી રહેલા અભિયાનની ચકાસણી કરી રહ્યા હતા અને જવાબદારોની માહિતી માગી હતી. પૂર્વ વિદ્યાર્થીઓનો વિરોધ, સુપ્રીમમાં થયેલી અરજી અને મુખ્ય ન્યાયાધીશની ફટકાર બાદ બાર કાઉન્સિલે પોતાના સુધારેલા નોટિફિકેશનમાં રાજ્યોની બાર કાઉન્સિલ્સને આ વિદ્યાર્થીઓનું વકીલ તરીકે રજિસ્ટ્રેશન કરવાની છૂટ આપી હતી સાથે જ કહ્યું હતું કે મોટાભાગના વિદ્યાર્થીઓ નિર્દોષ છે.

## રૂ. ૮૭ કરોડના

(૧૫માં પાનાનું ચાલુ)

પાણીમાં ગરકાવ થઈ ગઈ હતી. આ યૉટ ડૂબી રહી હતી તેનો વીડિયો પણ સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે.

યૉટમાં ક્રૂ મેમ્બર્સ સહિત કુલ ૧૪ લોકો સવાર હતા. યૉટમાં પાર્ટી ચાલી રહી હતી તે દરમિયાન અચાનક એન્જિનમાં ધડાકો થતાં રંગમાં ભંગ પડ્યો હતો. યૉટ ડૂબવા લાગતા આસપાસમાંથી પસાર થઈ રહેલી અન્ય બોટ અને કોસ્ટ ગાર્ડની ટીમે તાત્કાલિક બચાવ કામગીરી હાથ ધરી તમામ ૧૪ લોકોને સુરક્ષિત બહાર કાઢ્યા હતા. એક ઈટાલિયન ઉદ્યોગપતિ યૉટના માલિક છે.

## ગૂગલનું

(પહેલા પાનાનું ચાલુ)

**પ્લાનિંગ, ઈન્ટ્રક્શન ફોલોવિંગ અને કોડ જનરેશનમાં અગાઉના મોડલ જેમિની ૩.૬ ફ્લેશની સરખામણીમાં સુધારો કરવામાં આવ્યો છે. ૩.૬ ફ્લેશ ત્રણ અઠવાડિયા પહેલા જ લોન્ચ કરવામાં આવ્યું હતું.**

**જેમિની ૩.૭ ફ્લેશને કોડિંગ જેવા જટિલ કામ માટે સુધારવામાં આવ્યું છે. તેમાં ડીબગિંગ, સોફ્ટવેર ઈશ્યુ ઉકેલવા અને પ્રોડ્કશન રેડી કોડ તૈયાર કરવાની ક્ષમતા વધુ સારી છે. ગૂગલના બેન્ચમાર્ક મુજબ, નવા મોડલના સ્કોરમાં વધારો થયો છે. નવું મોડલ વેબ ડેવલપમેન્ટ માટે અને યુઆઈ ડિઝાઈન માટે વધુ સક્ષમ બનાવાયું છે. ગૂગલ ૩.૭ ફ્લેશ ઓછા પ્રોમ્પ્ટ્સમાં વધુ ફંક્શનલ લેઆઉટ અને ફિચર-કમ્પ્લિટ વેબ એપ્સ બનાવી શકે છે. ફાઈનાન્સ, લો અને બાયોસાયન્સ જેવા સેક્ટરમાં કામ કરવા અને ડોક્યુમેન્ટસ સમજવા તેમાં સુધારો કરવામાં આવ્યો છે.**

**જેમિની ૩.૭ ફ્લેશને ગૂગલના જેમિની સ્પાર્ક પર્સનલ એઆઈ એજન્ટમાં પણ સામેલ કરવામાં આવ્યું છે. ગૂગલ મુજબ સ્પાર્ક ૧૬૦થી વધુ દેશોમાં ગૂગલ એઆઈ પ્રો અને અલ્ટ્રા સ્બસ્ક્રિપ્શન માટે ઉપલબ્ધ છે. નવા મોડલથી સ્પાર્કમાં ગૂગલ વર્કસ્પેસ સાથે જોડાયેલા જટિલ વર્કફ્લોમાં વધુ સારી એક્યુરસી અને આઉટપુટ ક્વોલિટી છે.**


# GS APPOINTMENTS



એપોઈન્ટમેન્ટ મંગળવાર, ગુરૂવાર અને શનિવારે પ્રસિદ્ધ થાય છે.

**જોઈએ છે**
એડમીનીસ્ટ્રેટીવ ઓફીસર, લેબ ટેકનીશ્યન, ટ્રેઈન્ડ નર્સીંગ સ્ટાફ રીસેપ્શન કમ કલાર્ક, ફાર્માસિસ્ટ, એકાઉન્ટ કમ કલાર્ક, સ્વીપર કમ આયા, મેડીકલ ઓફિસર,
**ચંદન હોસ્પિટલ** 7874458388 2430254
નવરંગ ટોકિઝ કંપાઉન્ડ, હોટલ ઉત્સવની સામે, રાવપુરા, વડોદરા
Email - chandanhospital@gmail.com

**REQUIRED**
CNC VMC MACHINE OPERATOR (6 NOS.)
EXPERIENCE 2-5 YEARS
Call : 9712951934
16 haribhakti ind. Estate, Pratapnagar, Dabhoi road, Nr. H P petrol pump. Vadodara

**સ્ટાફ જોઈએ છે**
THE ROYAL CO OP. CREDIT SOC. LTD.
Male/Female: Office Admin • HR • Receptionist • Marketing Head/Executive • Accountant • Gold Loan Manager • Software Engineer
Age: 25 થી 40 સુધી / આકર્ષક પગાર
Mob.No. : 78749 28650

**ROYAL ENFIELD Showroom માટે જોઈએ છે**

| | | |
|---|---|---|
| Sales Executive | - M | 17000 |
| Insurance Calling | - F | 15000 |
| Sales Calling | - F | 15000 |

AGE LIMIT 25 TO 45
Interview Timing 10 a.m. to 6 p.m.
Opp. Domino's Pizza, ELLORAPARK
M.: 99980 55070

**REQUIREMENT** For Electronics Industries
• STORE OFFICER/ PURCHASE ENGINEER
Qualification: Diploma In Electrical / Mechanical Engineer. Experience: 2 or 3 Years.
• QC ENGINEER
Qualification: Diploma In Electrical/Mechanical Engineer Experience: 2 to 3 Years.
Must Have Good Communication Skills and in MS Office.
Send Your Resume Within 7 Days on hr@sanviinfrainc.com

**JOB VACANCY – AFRICA (CONGO)**
2 Years Renewable Contract
1. Account Executive
B.Com / M.Com with knowledge of Tally & MS Excel preferred, with 5–7 years of experience.
2. Account Manager
B.Com / CA Inter / MBA Finance with knowledge of Tally & MS Excel preferred and 8–10 years of experience.
3. Civil Engineer / Project Manager / Architect
Diploma Civil Engineering / B.E. Civil / Degree in Architecture with African experience being an added advantage and 5–10 years of experience.
Food, Bechler Accommodation, Medical, Visa & Air Ticket will be provided by the company.
Send CV to: hrcongo8@gmail.com, ankur.shahmn@gmail.com
WhatsApp: +243 907 249 100, +243 900 395 561

**WANTED**
SCHOOL COMPUTER TEACHERS at OLD PADRA ROAD
A Most Reputed English Medium School, OP Road, Vadodara urgently requires qualified and experienced Female Computer Teachers for its Secondary Section - Morning Shift.
Candidates with relevant qualifications, good communication skills and a passion for teaching may apply.
Subject - Specific training will be provided to selected candidates.
FRESHERS may also apply for Junior Teaching Posts.
For Interview & Further Details:
89800 42299 | 63557 24361 | 93762 14728

**Narmada Education & Scientific Research Society (NEST)**
1st floor, GNFC Training Centre, Bharuch-392015
An education trust sponsored by Gujarat Narmada Valley Fertilizers and Chemicals Ltd. is looking for result oriented and dynamic professional on following position.
**Director (Education)**
Incumbent having with Ph.D Degree and at least 15 years of experience in the field of teaching and/or administration of educational Institute. Possess full knowledge of rules and regulations of College/University. Age : Not above 65 years. Last Date of application 22-08-2026
Please visit our web site https://www.gnfc.in –> career for detail advertisement and submitting online application.

**વડોદરા, ગુજરાત માટે ગૌશાળાથી જોડાઈને કાર્ય કરી શકે એવા છોકરા/છોકરીઓની આવશ્યકતા છે.**
અમારી ગૌશાળા માટે ઓછામાં ઓછું ૮મું પાસ કરેલ છોકરા/છોકરીઓની આવશ્યકતા છે. જેઓ અમારી ગૌશાળાથી જોડાઈને Door to Door જઈ ચંદો માગવાનું કાર્ય કરી શકે. આવા મેહનતુ અને નોકરીના ઈચ્છુક છોકરા/છોકરીઓએ અમારો સંપર્ક કરવો.
ઓફિસનો સમય સવારે ૯.૩૦ થી સાંજે ૭.૦૦ વાગ્યા સુધી અને રવિવારે રજા રહેશે.
મહિનાનું મહેણતાણું રૂ. ૧૦૦૦૦/- મહિનાનો પેટ્રોલ ખર્ચ રૂ. ૩૦૦૦/-
છોકરા/છોકરીઓ પાસે પોતાનું ટુ-વ્હીલર હોવું જરૂરી છે.
Mobile : 8460893547

**GUJARAT FLUOROCHEMICALS LIMITED**
WALK-IN INTERVIEW
On 18th August, 2026, Tuesday
(Timing - 10:00 AM to 05:00 PM)
Venue: Hotel VITS Shalimar
Valia Road, Near G.I.D.C, Ankleshwar, Dist.: Bharuch - 393002.
Vacant Positions – Existing & New Plants for Dahej Location
**Assistant Supervisor- Production**
ITI-AOCP / Diploma Chemical /B.Sc./M.Sc. - Chemistry with 3 to 6 years of work experience as Field Operator, DCS Operator in Continuous / Batch Process. Candidate having an exposure of Chemical / Petrochemical / Polymer / Speciality Chemical will be given preference.
**Engineer/ Sr. Engineer- Production**
BE/B. Tech - Chemical with 3 to 6 years of work experience in Field/DCS Operation with exposure to work in continuous/Batch process.
**Engineer/ Sr. Engineer- Instrumentation**
B.E / B.Tech - Instrumentation with 3 to 6' years of work experience in Instrumentation Project / Maintenance in continuous operating chemical plant. [Preference- Through Knowledge of a YOKOGAWA/Emersion DCS and Siemens / AllenBradley PLC System]
**Engineer/ Sr. Engineer- Mechanical**
B.E / B. Tech - Mechanical with 3 to 6 years of work experience in Project / Plant Maintenance.
**Engineer/ Sr. Engineer- Electrical**
B.E / B. Tech - Electrical with 3 to 6 years of work experience in Project / Plant Maintenance.
**Supervisor/ Assistant Supervisor- Mechanical/ Electrical/Instrumentation**
Diploma Mechanical/ Instrumentation/Electrical/ITI-Fitter/ITI-IMCP/ITI-Electrical with 5 to 10 years of experience in Plant Maintenance.
Please walk-in with updated CV, Annual CTC Proof, School LC & Aadhar Card. Those who are not able to attend, can share their profile on:
hr.recruitment@gfl.co.in
Note: Candidates who have appeared for an interviewed during last 06 months need not to apply/appear
We give equal opportunity and we do not discriminate candidates based on their cast, religion, gender, nationality, age, marital status or any other legally protected status..

**WE ARE HIRING**
Western Chemical Corporation is a leading manufacturer and an established name in the supplies of ACTIVATED CARBON and its products worldwide. WCC, an ISO Certified Organization, is an internationally proven innovator and specialized supplier of Export Quality ACTIVATED CARBON.

| Post | Job Description | Education Qualification | Experience |
|---|---|---|---|
| Domestic Sales Executive | To Market our range of products in the Domestic Market. | MBA / BBA (Marketing) | 2 Years |

Interested Candidates can send their resumes on
LOCATION : DURGA INDUSTRIAL ESTATE, SANKARDA, VADODARA
nilam@westernchemical.com
NOTE : TRANSPORT FACILITY AVAILABLE FROM VADODARA

**URGENT REQUIREMENT**
Office Staff, Telecaller, Receptionist, Back Office, Admin , Female required minimum graduate,
CORPUS EXPORTS
SF-209 V3 Landmark Nr. Kia showroom Atladara Vadodara
MOB NO 9157744229

**શિક્ષકો જોઈએ છે**
(ગુજરાતી માધ્યમ માટે)
(1) B.Com./M.Com., B.Ed. - B.O/SP/SS
(2) PT Teacher - B.Pd.
અરજી સાથે રૂબરૂ મળો.
એસ.ડી. પટેલ વિદ્યાલય, જય યોગેશ્વર ટાઉનશીપ-૧, આજવા રોડ, વડોદરા
E-mail : sdpateleducation@gmail.com

**Qualikems**
A Fine Chemicals Mfg Company Requires
1. QC HEAD : (Drugs Approval Reqd) (M.Sc./ M.Pharm) 15–20+ years in reputed Pharmaceutical/API/ Chemical companies. Strong experience in GMP, QC, regulatory compliance and DMF preparation/submission.
2. PRODUCTION CHEMIST/SUPERVISOR : B.Sc., 4-5+ Years Experience in MFG LR/AR/IP/BP/USP/EP Grade chemicals and excipients like magnesium Chloride, Calcium Chloride, Potassium Chloride, etc.
Best Pay Package in the Industry.
Interested candidates share your CV to admin@qualikems.com

**REQUIRED**
PURCHASE MANAGER & ESTIMATING ENGINEER
Manufacturing company in Vadodara has a requirement in Purchase and Estimate Department having knowledge regarding Heat Exchanger & Pressure Vessels with 5-7 years of experience for procurement operations and technical discussion.
Send your CV to Mail ID : a.gupta@aksharfintubes.com

**SWAMI VIVEKANAND HOMOEOPATHIC MEDICAL COLLEGE & HOSPITAL, BHAVNAGAR - GUJARAT**
Dr. Hahnemann Marg, Sidsar, Bhavnagar-364060 (Gujarat)
REQUIRES
Applications are invited from the qualified & eligible candidates for the post of Professors, Readers & Lecturers for the following subjects :
Subjects: Anatomy, Physiology, Materia Medica, Homoeopathic Pharmacy, Organon, Pathology, Community Medicine, F.M.T., Practice of Medicine, Surgery, Obst. & Gynecology, Repertory
Eligibility & Qualification: As per the norms of National Commission for Homoeopathy & M.K. Bhav Uni.
VIVEK-BVN.
APPLY WITHIN 7 DAYS TO : principal@svhmc.org

**APCOTEX INDUSTRIES LIMITED**
Village - Dungri, Taluka - Valia, Ankleshwar, Dist - Bharuch, Gujarat.
Apcotex is one of the leading producers of Synthetic Rubber (NBR & HSR) and Synthetic Latex (Nitrile, VP latex, XSB & Acrylic latex) in India. The company has one of the broadest ranges of Emulsion Polymers available in the market today. Our state-of-the-art manufacturing plants are strategically located on the western coast of India.
We invite qualified professionals to be a part of our team for below mentioned positions: WALK IN INTERVIEWS
**Officer / Executive (Q.C.)** - B.Sc / M.Sc (Chemistry) with 2-8 years of experience in QC Department of Chemical / Polymer Plants. Must have hands on experience on GC, GPC, FTIR, particle size analyzer, etc. Compounding (Rubber compounding), Rheology, Mooney viscometer, Tensile strength, Brookfield viscometer.
**Officer / Executive (Production)** – Diploma Chemical / B.Sc – Chemistry / BE Chemical / B.Tech in Chemical with 2-5 years of experience in plant operations of Polymer / Chemical / Petrochemical industries with sound knowledge of various processes like Reactor / Distillation / Absorption / Drying, etc. Incumbent must have working exposure of equipment like Reactor / Stripper / Compressor / Dryer / RVD / Pumps / Distillation Column etc. The incumbent for Executive position must have knowledge of trouble shooting, work permit, ISO / TPM.
**Officer / Executive (Electrical)** – Diploma / BE / B.Tech in Electrical with 2-8 years of experience in electrical maintenance field of Polymer / Chemical / Petrochemical industries with sound knowledge of motors, starters, VFD, MCC, PCC, UPS, Transformers, DG Set, Planned Electrical Maintenance Jobs of continuous process plant, etc.
**Officer / Executive (Refrigeration / Utility)** - Dip In Mechanical with 5-7 years of experience in operations of Refrigeration Plant, DM Water Plant & Utilities areas. Must be able to do primary maintenance of compressors and pumps. Knowledge of working on DCS / PLC operated equipment / plants is a must.
**Officer / Executive / Asst. Manager – Mechanical Maintenance** – BE / B.Tech in Mechanical with 4-15 years of experience in mechanical maintenance field of Polymer / Chemical / Petrochemical industries with sound knowledge of Preventive Maintenance, Operation Maintenance, Break-down Maintenance, Planned Mechanical Maintenance Jobs of continuous process plant, etc. Exposure on SAP & Project activities shall be an added advantage.
**Officer / Executive (Instrumentation)** – Diploma / BE / B.Tech in Instrumentation with 2-8 years of experience in instrumentation field of Polymer / Chemical / Petrochemical industries with sound knowledge of DCS / PLC system (Honeywell preferred), Transmitters, Flow Meters, Valves, all measurable devises like pressure flow, temperature density & level, Planned Instrumentation Maintenance Jobs of continuous process plant, etc.
**Officer / Executive / Asst. Manager (R&D)** - M.Sc / BE / M. Tech / Ph.D in Polymer Science / Rubber Technology / Chemistry with 2-7 years of Experience of driving research and development in Acrylonitrile-Butadiene Chemistry NBR / NBR-PVC / P-NBR segment. Trouble shooting in continuous polymerization, finishing lines, polyblend and powder process and other related areas. Optimal utilization of pilot assets for development work. Ensure complete quality norms of all the trial batches produced in pilot reactor / plant kneader / powder plant with all backup data. Participating in monthly reviews, making monthly reports, making visit reports and other technical reports.
Interested candidates may attend the walk-in with an updated resume. Those unable to attend may email their resume to hr.valia@apcotex.com, mentioning the position in the subject line.
18 Aug 2026, Tuesday (From 9.00 am to 4.00 pm)
Lords Plaza, GIDC, Old National Highway No.8, Ankleshwar – 393002, Dist – Bharuch.

# જાપાનના તાનેગાશિમા સ્પેસ સેન્ટરનું અનોખું મ્યુઝિયમ










## મ્યુઝિયમમાં રોકેટ્સ, સેટેલાઈટ્સ, ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન જેવા વિષયોની સાથે સ્પેસની ઝલક જોવા મળે છે

જાપાનનું તાનેગાશિમા સ્પેસ સેન્ટર એક મહત્વપૂર્ણ મિશનને લઈને ચર્ચામાં છે. તાનેગાશિમા ટાપુ પર આવેલા આ વિશાળ સ્પેસપોર્ટ પરથી જાપાનના મહત્વકાંક્ષી માર્ટિયન મૂન્સ એક્સપ્લોરેશન મિશનને એચ-૩ રોકેટ દ્વારા લોન્ચ કરવામાં આવશે. આ તસવીરોમાં લોન્ચ કોમ્પલેક્સ, વ્હીકલ એસેમ્બલી બિલ્ડિંગ, લોન્ચ પેડ્સ, સ્પેસ સાયન્સ એન્ડ ટેકનોલોજી મ્યુઝિયમ અને એમએમએક્સ સ્પેસક્રાફ્ટના અલગ અલગ મોડ્યુલ્સ જોવા મળે છે. **એચ-૨ રોકેટનું ફૂલ સાઈઝ મોડલ :** તાનેગાશિમા સ્પેસ સેન્ટરમાં એચ-૨ લોન્ચ વ્હીકલનું ફૂલ સાઈઝ મોડલ મુલાકાતીઓ માટે રાખવામાં આવ્યું છે. જાક્સાના સ્પેસ મ્યુઝિયમમાં રોકેટ સાયન્સ અને જાપાનના સ્પેસ પ્રોગ્રામને સમજાવવા માટે આવા જ અનેક ફૂલ સ્કેલ મોડલ્સ મૂકવામાં આવ્યા છે. **માર્સ મિશનનું સ્પેસક્રાફ્ટ :** એમએમએક્સ સ્પેસક્રાફ્ટના એક્સપ્લોરેશન એન્ડ રિટર્ન મોડ્યુલ્સ તેમજ પ્રોપ્લશન મોડ્યુલ જોવા મળે છે. એમએમએક્સ જાપાનના નેતૃત્વ હેઠળનું ઈન્ટરનેશનલ મિશન છે. જે માર્સના બંને મૂન્સ ફોબોસ અને ડીમોસનો અભ્યાસ કરશે. તેનું ટારગેટ ફોબોસની સપાટી પરથી સેમ્પલ ભેગા કરીને તેને પૃથ્વી પર પાછા લાવવાનું છે. આ મિશનને ૨૦૨૬માં એચ-૩ રોકેટથી લોન્ચ કરવામાં આવશે. મિશન પ્લાન મુજબ, સ્પેસક્રાફ્ટ લગભગ એક વર્ષ પછી માર્સ સુધી પહોંચશે અને ત્યારબાદ ફોબોસનું નજીકથી નિરીક્ષણ કરશે.

---

હવે એક વર્ષ મોડું શૂટિંગ શરૂ થશે

## સિદ્ધાંત અને તમન્નાની વી. શાંતારામની બાયોપિક વિલંબમાં

મુંબઈ, તા. ૧૪

ભારતીય સિનેમાના પ્રયોગશીલ સર્જક વી. શાંતારામની બાયોપિકની ગત ડિસેમ્બરમાં વાજતે ગાજતે જાહેરાત કરવામાં આવી હતી આ બાયોપિકનું શૂટિંગ એપ્રિલ ૨૦૨૬માં શરૂ થવાનું હતું પણ હવે આ ફિલ્મનું શેડ્યુઅલ પાછળ ધકેલાયું હોઈ એપ્રિલ ૨૦૨૭માં શૂટિંગ શરૂ કરવામાં આવશે. ફિલ્મમાં સિદ્ધાંત ચતુર્વેદી અને



તમન્ના ભાટિયા મુખ્ય ભૂમિકા ભજવી રહ્યા છે.

ફિલ્મના દિગ્દર્શક અભિજિત શિરિષ દેશપાંડેએ ફિલ્મને અભેરાઈએ ચડાવી દેવામાં આવી હોવાની અફવાઓને નકારી કાઢી જણાવ્યું હતું કે અમે એપ્રિલમાં શૂટિંગ શરૂ કરવાના હતા પણ તેમાં બે મહિના મોડું થતાં શેડ્યુઅલ ખોરવાઈ ગયું હતું.

---

રાખ ફેમ પ્રોસિત રોય આ ફિલ્મનું દિગ્દર્શન કરશે

## લક્ષ્યએ નવી લવ સ્ટોરી સાઈન કરી, હીરોઈનની શોધ ચાલુ

મુંબઈ, તા. ૧૪

'કીલ' અને 'ચાંદ મેરા દિલ'નો હીરો લક્ષ્ય લાલવાણીએ નવી ફિલ્મ સાઈન કરી છે. આ ફિલ્મનું શૂટિંગ ડિસેમ્બરથી શરૂ કરવામાં આવશે. આ ફિલ્મ એક સાયકોલોજિકલ લવ સ્ટોરી છે. ફિલ્મને ૨૦૨૭માં રજૂ કરવા માટે આયોજન થઈ રહ્યું છે.

આ ફિલ્મનું નિર્દેશન પ્રોસિત રોય કરશે. જેમણે અગાઉ 'રાખ' ફિલ્મનું નિર્દેશન કર્યું હતું. ફિલ્મનું નામ હજી નક્કી થયું નથી. એ જ રીતે હિરોઈન તથા અન્ય કળાકારોની પસંદગી પણ હજી બાકી છે.

હિરો તરીકે લક્ષ્ય લાલવાણી હોવાથી નવી પેઢીની કોઈ હિરોઈનની જ પસંદગી તેની સામે થાય તેવી શક્યતા છે.

---

મહાભારતનાં ગાંધારીનાં પાત્ર પરથી પ્રેરિત ફિલ્મ

## તાપસી પન્નુ ગાંધારીમાં આંખે પાટા બાંધી એક્શન દૃશ્યો કરશે

મુંબઈ, તા. ૧૪

તાપસી પન્નુ તેની આગામી એક્શન થ્રીલર 'ગાંધારી'માં આંખે પાટા બાંધીને એક્શન સિકવન્સ કરશે. મૂળ મહાભારતના પાત્ર ગાંધારી પરથી પ્રેરિત આ ફિલ્મમાં આધુનિક માતાની વેરપિપાસા તાપસી પન્નુના પાત્ર દ્વારા વ્યક્ત કરવામાં આવશે.



નિર્માત્રી કનિકા ધિલ્લોન અને એક્ટ્રેસ તાપસી પન્નુની જોડીની આ છટ્ઠી ફિલ્મ છે. તાપસીએ જણાવ્યું હતું કે મેં નવ વર્ષ અગાઉ છેલ્લી એક્શન ફિલ્મ કરી હતી. હું હવે જાસૂસની ભૂમિકા બાદ વધારે મજબૂત ભૂમિકાની શોધમાં હતી.

તાપસી મજબૂત ભૂમિકાઓ શોધી પોતાની કેરિયરને પાટે ચઢાવવાની કોશીશ કરતી રહે છે. જોકે, તાપસીની સમસ્યા એ છે કે મોટાભાગની ફિલ્મોમાં તેની એક્ટિંગ વખણાય છે પરંતુ તેને ટિકિટબારી પર ધારી સફળતા મળતી નથી. આથી તેના પર એક ફલોપ એક્ટ્રેસનું લેબલ લાગી ગયું છે. જોકે, આમ છતાં તાપસી પ્રયોગાત્મક ફિલ્મો કરવાનું ચાલુ રાખી રહી છે.

કનિકા ધિલ્લોને જણાવ્યું હતું કે માતાના પ્રેમ અને તેની હિંસકતાની વાત આ થ્રીલરમાં રજૂ કરવામાં આવશે.

### એક્ટિંગની પ્રશંસા છતાં ફલોપ ગયેલી તાપસી નવા પ્રયોગો કરી રહી છે

---

રણવીર દીપિકાને બીજી ડિલિવરીમાં એકલી નહીં મુકે

## દીપિકાની પ્રેગનન્સીના કારણે પ્રલયનું શૂટિંગ ઓસ્ટ્રેલિયાને બદલે મુંબઈમાં

મુંબઈ, તા. ૧૪

રણવીરની ફિલ્મ 'પ્રલય'નું શૂટિંગ હવે ઓસ્ટ્રેલિયાને બદલે મુંબઈમાં કરવામાં આવશે તેમ જાણવા મળ્યું છે. ઓસ્ટ્રેલિયામાં ચોક્કસ સ્થળો પર આ ફિલ્મનું શૂટિંગ કરવા માટે પ્રલયની ટીમને ન મંજૂરી મળી હોવાથી મામલો ઘોંચમાં પડ્યો હોવાનું કહેવાય છે. જોકે, એક ચર્ચા મુજબ હાલ દીપિકા બીજી વાર પ્રેગનન્ટ હોવાથી રણવીર બહુ લાંબા સમય માટે વિદેશ રહેવા માગતો નથી. આથી આ ફિલ્મનું શૂટિંગ ઓસ્ટ્રેલિયાને બદલે મુંબઈ ખસેડાયું છે.



રણવીરસિંહને તેની પત્ની દીપિકાના બીજા બાળજન્મ પ્રસંગે હાજર રહેવાની તાલાવેલી છે. રણવીરસિંહ દીપિકાને તેની બીજી ડિલિવરી ટાણે એકલી મુકવા માંગતો નથી. તેથી તેણે શૂટિંગના પ્લાનમાં એ પ્રમાણે ફેરફાર કરાવતાં હવે આ ફિલ્મનું શૂટિંગ ઓસ્ટ્રેલિયામાં નહીં પણ મુંબઈમાં જ કરવામાં આવે તેવી પુરી શક્યતા છે.

રણવીરસિંહ અને દીપિકા પદુકોણ સપ્ટેમ્બર ૨૦૨૪માં પહેલી પુત્રી દુઆના માતાપિતા બન્યા હતા. દુઆ સપ્ટેમ્બરમાં બે વર્ષની થઈ જશે.

### જય મહેતાનાં મૂળ પ્લાનિંગ પ્રમાણે ઘણુંખરું શૂટિંગ ઓસ્ટ્રેલિયામાં થવાનું હતુ

---

## બોલીવૂડ સ્ટાર્સના હોલીડે લૂક્સ ચર્ચામાં




વેકેશન દરમિયાન બોલિવૂડના અનેક સેલેબ્સ પોતાના અલગ-અલગ અંદાજમાં જોવા મળ્યા હતા. મલાઈકા અરોરા, ખુશી કપૂર, પૂજા હેગડે, તાપસી પન્નુ, શનાયા કપૂર, અનન્યા પાંડે, કુશા કપિલા સહિતના સ્ટાર્સના હોલિડે લૂક્સ સોશિયલ મીડિયામાં વાયરલ થયા હતા. મલાઈકા અરોરા બીચ હોલીડે દરમિયાન કલરફૂલ મોનોકીની અને વ્હાઈટ કવર અપમાં જોવા મળી હતી. તેનો બીચ લૂક ચર્ચામાં રહ્યો હતો. ખુશી કપૂર વ્હાઈટ શર્ટ અને ડેનિમ શોટ્ર્સમાં જોવા મળી હતી. શનાયા કપૂર હોલિડે દરમિયાન સ્ટાઈલિશ આઉટફિટ સાથે સનગ્લાસિસ અને હેટ જેવી એસેસરીઝનો ઉપયોગ કર્યો હતો. અનન્યા પાંડે હોલીડે આઉટફિટ સાથે બન્ડાનામાં જોવા મળી હતી. કુશા કપિલાનું લેધર જેકેટ ફેન્સને પસંદ પડ્યું હતું.

---

કુદરતના ભોગે ડિજિટલ યુગના નામે કાલ્પનિક વિકાસની આઝાદી માણસોને મશીનોના ગુલામ બનાવી રહી છે

# અવિચારી વિકાસ : માણસ માટે જીવન જરૂરી છે કે ડેટા સેન્ટર!

ગુગલ ભારતમાં એઆઈ ડેટા સેન્ટરોનું હબ વિકસાવી રહ્યું છે. તેમાં પણ તેણે વિશાખાપટ્ટનમમાં આવો એક પ્રોજેક્ટ રાખ્યો છે જેમાં એક ગીગાવોટની આયોજિત ક્ષમતા ધરાવતું ડેટા-સેન્ટર કેમ્પસ શામેલ છે. ગુગલના આ આયોજને એક અણધાર્યા પર્યાવરણીય મુદ્દાને ચર્ચામાં લાવી દીધો છે. આ પ્રોજેક્ટને સ્થાનિક કાર્યકર્તાઓ અને પર્યાવરણીય જૂથો તરફથી સખત વિરોધનો સામનો કરવો પડ્યો છે. બીજી ચિંતાની વાત એ છે કે, આ પ્રોજેક્ટ દીપડા અને પેંગોલિનનું ઘર ગણાતા અભ્યારણ્યથી માત્ર ૮૯૦ મીટર દૂર છે. વન્યજીવો ઉપર તેનાથી કેટલું મોટું જોખમ સર્જાશે તે વિશે કોઈ વિચારતું જ નથી.

બીજી તરફ ગુગલનું કહેવું છે કે તે પર્યાવરણીય અસરોને ઘટાડવા માટે અદ્યતન એર-કૂલિંગ અને અવાજ-ઘટાડતી ટેકનોલોજીનો ઉપયોગ કરશે, જ્યારે આંધ્રપ્રદેશ સરકારે પીવાના પાણી પુરવઠાને ડાયવર્ટ કરવામાં આવશે તેવા આરોપોને ફગાવી દીધા છે. આ પ્રોજેક્ટ અંગેના પ્રશ્નો એક મોટા મુદ્દા તરફ ઈશારો કરે છે. ભારત ક્લાઉડ કમ્પ્યુટિંગ, ડિજિટલ સેવાઓ અને આ ટફિશિયલ ઈન્ટેલિજન્સને ટેકો આપવા માટે ઝડપથી ડેટા સેન્ટરો બનાવી રહ્યું છે. દેશના પાણી, વીજળી, જમીન અને ઈકોસિસ્ટમમને તેની શું અસર થશે તે દિશામાં વિચાર કરવામાં આવ્યો જ નથી. એમ કહીએ કે સરકારે માત્ર વિકાસ કરવા અથવા તો બતાવવા માટે અને ડિજિટલ એડવાન્સમેન્ટના નામે ગમે ત્યાં અને ગમે તે રીતે પ્રોજેક્ટ એપ્રુવ કરી દીધા છે. માણસો, પ્રાણીઓ, પ્રકૃતિ અને પર્યાવરણના ભોગે વિકાસ કરવાની જે ઘેલછા જાગી છે તે દેશનું કેટલું નુકસાન કરશે તેનો કોઈએ અંદાજ પણ લગાવ્યો નથી.

ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલયના જણાવ્યા અનુસાર, ભારતની ડેટા-સેન્ટર ક્ષમતા ૨૦૨૦માં લગભગ ૩૭૫ સ્઩ થી વધીને ૨૦૨૫માં ૧,૫૦૦ MW થઈ ગઈ છે. કાઉન્સિલ ઓન એનર્જી, એન્વાયર્નમેન્ટ એન્ડ વોટર (CEEW) નો અંદાજ છે કે ૨૦૩૦ સુધીમાં તે ૪.૫-૬.૫ GW સુધી પહોંચી શકે છે. તેના તાજેતરના અભ્યાસ મુજબ, જાન્યુઆરી ૨૦૨૬ સુધીમાં ભારતમાં લગભગ ૨૭૧ ડેટા સેન્ટરો હતા, જે આશરે ૨૩ મિલિયન ચોરસ મીટર વિસ્તાર ધરાવતા હતા. મુંબઈમાં તેમાંથી લગભગ ચોથા ભાગના છે, ત્યારબાદ ચેન્નઈ, હૈદરાબાદ અને બેંગલુરુનો નંબર આવે છે. એકંદરે, ભારત વિશ્વના ડેટાના લગભગ પાંચમા ભાગનો ડેટા જનરેટ કરે છે પરંતુ વૈશ્વિક ડેટા-સેન્ટર ક્ષમતામાં માત્ર ૧.૨ ટકા હિસ્સો ધરાવે છે.

આ ટફિશિયલ ઈન્ટેલિજન્સ કમ્પ્યુટિંગનું માપદંડ બદલી રહ્યું છે. ડેટા સેન્ટરોએ પરંપરાગત રીતે વેબસાઈટ્સ, ક્લાઉડ સ્ટોરેજ અને નાણાકીય સેવાઓ જેવા વર્કલોડને સંભાળ્યા છે. એઆઈ વર્કલોડ માટે શક્તિશાળી પ્રોસેસર્સની જરૂર પડે છે જે વધુ કમ્પેટિબલ રેક્સમાં પેક કરવામાં આવે છે. સરળ શબ્દોમાં કહીએ તો, સમાન જગ્યામાં વધુ શક્તિશાળી કમ્પ્યુટર્સ પેક કરવામાં આવી રહ્યા છે. આ તફાવત નોંધપાત્ર હોઈ શકે છે. જાણકારોના મતે સ્ટાન્ડર્ડ સર્વર્સ માટે ૧૦-૧૫ 'ઉ ની સરખામણીમાં સર્વર રેક્સ પ્રતિ રેક ૭૦-૧૫૦'ઉ નો વપરાશ કરશે. વધુ પાવર-ડેન્સ કમ્પ્યુટિંગ વધુ ગરમી પણ ઉત્પન્ન કરે છે, જેનો અર્થ છે કે વધુ કૂલિંગની જરૂર પડે છે. ઈન્ટરનેશનલ એનર્જી એજન્સી (IEA) નો અંદાજ છે કે વિશ્વભરમાં ડેટા સેન્ટરોએ ૨૦૨૪ માં ૪૧૫ ટેરાવોટ-કલાક (TWh) વીજળીનો વપરાશ કર્યો હતો, જે વૈશ્વિક વીજળી વપરાશના લગભગ ૧.૫ ટકા છે. યુનાઈટેડ નેશન્સ એન્વાયર્નમેન્ટ પ્રોગ્રામ (UNEP) ને અપેક્ષા છે કે ૨૦૩૦ સુધીમાં વૈશ્વિક ડેટા-સેન્ટર વીજળીની માંગ બમણી થઈ જશે.

સીઈઈડબ્લ્યૂના મતે, ભારતમાં ડેટા સેન્ટરો ૨૦૨૪ માં રાષ્ટ્રીય વીજળી વપરાશના લગભગ ૦.૫ ટકા હિસ્સો ધરાવતા હતા. સર્વર્સ અને કૂલિંગ મળીને ડેટા સેન્ટરના વીજળી વપરાશના વિભિન્ન સુવિધાઓ વચ્ચે અલગ હોવા છતાં લગભગ ૭૦ ટકા હિસ્સો ધરાવે છે. તેથી મુદ્દો માત્ર એ નથી કે ક્ષેત્ર રાષ્ટ્રીય સ્તરે કેટલી વીજળી વાપરે છે. ડેટા સેન્ટરો સતત કાર્યરત રહે છે અને તેથી સ્થાનિક વીજળી ગ્રીડ પર મોટી, કેન્દ્રિત માંગ ઊભી કરી શકે છે. જુલાઈમાં, ઉર્જા મંત્રાલયે અંદાજ લગાવ્યો હતો કે AI ડેટા સેન્ટરો ૨૦૩૧-૩૨ સુધીમાં ૨૬.૩ GW વીજળીનો ભાર ઉમેરી શકે છે. કેન્દ્રીય સરકારનું કહેવું છે કે એઆઈ અને અન્ય મોટા પાયાના ડેટા સેન્ટરોમાંથી વીજળીની આ અપેક્ષિત માંગને પાવર પ્લાનિંગમાં ધ્યાનમાં લેવામાં આવી રહી છે.

સર્વર્સને ઠંડા રાખવા પડે છે. એક સામાન્ય પદ્ધતિ ઈવાપોરેટિવ કૂલિંગ છે, જેમાં પાણી બાષ્પીભવન થતાં ગરમી શોષી લે છે. અન્ય સુવિધાઓ એર કૂલિંગ, ક્લોઝ્ડ-લૂપ સિસ્ટમ્સ અથવા લિક્વિડ કૂલિંગનો ઉપયોગ કરે છે. તેમાં પાણી અને વીજળી વચ્ચે તાલમેલ સાધવો પડે છે. પાણી બચાવતી કૂલિંગ સિસ્ટમ વધુ વીજળી વાપરી શકે છે, જ્યારે વધુ પાણી વાપરતી સિસ્ટમને ઓછી વીજળીની જરૂર પડી શકે છે. તેથી પર્યાવરણીય અસર વપરાયેલી ટેકનોલોજી, આબોહવા અને ડેટા સેન્ટર ક્યાં સ્થિત છે તેના પર નિર્ભર કરે છે.

જાણકારો ડેટા સેન્ટરોને કૂલિંગ માટે વીજળી અને પાણીના અત્યંત તરસ્યા માને છે. ખાસ વાત એ છે કે, CEEWનો અંદાજ છે કે ભારતના ડેટા સેન્ટરો વર્ષે લગભગ ૧૫૦ અબજ લીટર પાણી વાપરે છે, જેમાં ૨૦૩૦ સુધીમાં વપરાશ બમણાથી વધુ થવાની ધારણા છે. તેને સરખામણીમાં યુએસમાં એક સામાન્ય ૧૦૦-MW હાઈપરસ્કેલ ડેટા સેન્ટર દિવસમાં લગભગ ૨૦ લાખ લીટર પાણી વાપરે છે, જે લગભગ ૬,૫૦૦ ઘરો દ્વારા કરવામાં આવતા દૈનિક પાણીના વપરાશ જેટલું છે. સરકારી સંસ્થાઓ અને એનર્જી સંસ્થાઓ જણાવે છે કે, ડેટા સેન્ટરો ભારતની કુલ પાણીની માંગના માત્ર ૦.૦૨-૦.૦૩ ટકા હિસ્સો ધરાવે છે. હકિકતે ચિંતા એ વાતની છે કે આ માગણી ક્યાં કેન્દ્રિત છે.

એક અહેવાલ જણાવે છે કે, ભારતમાં જ્યાં પણ મોટા મોટા ડેટા સેન્ટરો આવેલા છે તેમાંથી અડધાથી વધુ ડેટા સેન્ટરો પાણીની અછત ધરાવતા વિસ્તારોમાં આવેલા છે. ભારતમાં ૫૦% થી વધુ ડેટા સેન્ટરો એવા વિસ્તારોમાં આવેલા છે જ્યાં પહેલેથી જ પાણીની ભારે અછત છે. આ ડેટા સેન્ટરોની વાત કરીએ તો વિશાખાપટ્ટનમ ખાતે પીવાના પાણી અને અભયારણ્ય પર સંકટ આવે તેમ છે. અહીંયા ગૂગલના ૧ ગીગાવોટ ક્ષમતા ધરાવતા પ્રસ્તાવિત AI ડેટા સેન્ટર સામે સ્થાનિક લોકો અને પર્યાવરણવિદોએ ભારે આક્રોશ વ્યક્ત કર્યો છે. આ ક્ષેત્ર પહેલેથી જ પીવાના પાણીની અછતનો સામનો કરી રહ્યું છે. સ્થાનિકોનું કહેવું છે કે ડેટા સેન્ટર લાખો લીટર પાણી ખેંચી જશે. તેવી જ રીતે ચેન્નઈ દેશનું બીજા નંબરનું સૌથી મોટું ડેટા સેન્ટર હબ બની ગયું છે. ચેન્નઈ ભૂતકાળમાં 'ડે ઝીરો'નો સામનો કરી ચૂક્યું છે. અહીં બહુરાષ્ટ્રીય કંપનીઓના ડેટા સેન્ટરો દિવસ-રાત ભૂગર્ભજળ ખેંચી રહ્યા છે. પરિણામે આસપાસના ગામડાઓમાં કૂવા સુકાઈ ગયા છે અને ખેતી તેમજ દૈનિક જરૂરિયાત માટે પાણી મળવું મુશ્કેલ બન્યું છે. અહીંયા ભૂગર્ભજળનું ભયાનક સ્તરે દોહન થઈ રહ્યું છે જે ભવિષ્યમાં મોટું સંકટ લાવી શકે છે.



આ ઉપરાંત મુંબઈ અને નવી મુંબઈમાં વીજ ગ્રીડ પર અસહ્ય બોજ વધ્યો છે. ભારતના ૨૫% થી વધુ ડેટા સેન્ટરો મુંબઈ-નવી મુંબઈ બેલ્ટમાં સ્થિત છે. આ સેન્ટરોના સતત ચાલુ રહેતા હાઈ-વોલ્ટેજ લોડના કારણે સ્થાનિક વીજ ગ્રીડ પર ભારે દબાણ આવે છે. ઉનાળા દરમિયાન સામાન્ય નાગરિકો અને ઉદ્યોગોએ પાવર કટનો સામનો કરવો પડે છે, જ્યારે ડેટા સેન્ટરોને ૨૪ કલાક અવિરત વીજળી આપવામાં આવે છે. તેવી જ રીતે ભારતના આઈટી હબ ગણાતા બેંગલુરુ અને હૈદરાબાદમાં અર્બન હીટ આઈલેન્ડ અને પાણીની તંગીની સમસ્યાઓ સર્જાયેલી છે. બેંગલુરુના જળસંકટથી આખું વિશ્વ પરિચિત છે.

ડેટા સેન્ટરો માટે થતા બોરવેલ અને કૂલિંગ ટાવર્સને કારણે આસપાસનું તાપમાન વધી રહ્યું છે જેનાથી અર્બન હીટડોમ અને પાણીની તંગી જેવી સમસ્યાઓથી સ્થાનિક પર્યાવરણને લાંબા ગાળાનું નુકસાન થઈ રહ્યું છે.

> ભારતની ડેટા-સેન્ટર ક્ષમતા ૨૦૨૦ માં લગભગ ૩૭૫ MW થી વધીને ૨૦૨૫માં ૧,૫૦૦ MW થઈ ગઈ છે. કાઉન્સિલ ઓન એનર્જી, એન્વાયર્નમેન્ટ એન્ડ વોટર (CEEW) નો અંદાજ છે કે ૨૦૩૦ સુધીમાં તે ૪.૫-૬.૫ GW સુધી પહોંચી શકે છે. તેના તાજેતરના અભ્યાસ મુજબ, જાન્યુઆરી ૨૦૨૬ સુધીમાં ભારતમાં લગભગ ૨૭૧ ડેટા સેન્ટરો હતા : ઈન્ટરનેશનલ એનર્જી એજન્સી (IEA)નો અંદાજ છે કે વિશ્વભરમાં ડેટા સેન્ટરોએ ૨૦૨૪ માં ૪૧૫ ટેરાવોટ-કલાક (TWh) વીજળીનો વપરાશ કર્યો હતો, યુએનના મતે, ૨૦૩૦ સુધીમાં વૈશ્વિક ડેટા-સેન્ટર વીજળીની માંગ બમણી થઈ જશે. ભારતના ઉર્જા મંત્રાલયે જુલાઈમાં અંદાજ લગાવ્યો હતો કે AI ડેટા સેન્ટરો ૨૦૩૧-૩૨ સુધીમાં ૨૬.૩ GW વીજળીનો ભાર ઉમેરી શકે છે : ભારતના ડેટા સેન્ટરો વર્ષે લગભગ ૧૫૦ અબજ લીટર પાણી વાપરે છે, જેમાં ૨૦૩૦ સુધીમાં વપરાશ બમણાથી વધુ થવાની ધારણા છે. ભારતમાં ૫૦% થી વધુ ડેટા સેન્ટરો એવા વિસ્તારોમાં આવેલા છે જ્યાં પહેલેથી જ પાણીની ભારે અછત છે. ચેન્નઈ, બેંગ્લુરુ, હૈદરાબાદ, વિશાખાપટ્ટનમ ખાતે પહેલેથી જ પાણીની તંગી છે ત્યાં આવા ડેટાસેન્ટરો કરોડો લીટર પાણી બરબાદ કરીને ભયાનક કેર વર્તાવી શકે છે

ન્યુઝ ફોકસ

## આપણે નક્કી કરવું પડશે કે ડેટા જરૂરી છે કે હવા, પાણી અને જીવન...

ભારતમાં એન્વયર્ન્મેન્ટલ ઈમ્પેક્ટ એસેસમેન્ટ નોટિફિકેશન ૨૦૦૬ હેઠળ AI ડેટા સેન્ટરોને અલગથી પર્યાવરણીય મંજૂરી લેવામાંથી મુક્તિ આપેલી છે. દેશના ૧૫ થી વધુ રાજ્યોએ રોકાણ આકર્ષવા ડેટા સેન્ટર નીતિઓ બનાવી છે, પરંતુ તેમાં પાણી વપરાશની મર્યાદા કે પાવર એફિશિયન્સી અંગે કોઈ કડક રાષ્ટ્રીય નીતિ કે બંધનકર્તા નિયમો નથી. જાણકારોનું માનવું છે કે, સરકાર માત્ર રોકાણના આંકડા અને ડિજિટલ ઈન્ડિયા ના પ્રચાર માટે પર્યાવરણીય સુરક્ષાના ધોરણોને કોરાણે મૂકીને મંજૂરીઓ આપી રહી છે. તેના કારણે આજે દેશ સમક્ષ સૌથી મોટો નૈતિકતા અને અસ્તિત્વનો પ્રશ્ન ઊભો થયો છે. આપણે ડેટા પી શકતા નથી, આપણે પીવા માટે પાણી અને શ્વાસ લેવા માટે શુદ્ધ હવાની જરૂર છે. આ વાક્ય જ માનવ અસ્તિત્વની જરૂરિયાત જણાવે છે. માનવ અસ્તિત્વ બિન-વિકલ્પ છે. એઆઈ, ચેટબોટ, રીલ્સ અને ક્લાઉડ સ્ટોરેજ વગર માનવજાત જીવી શકે છે, પરંતુ પાણી, શુદ્ધ હવા અને ખોરાક વગર જીવન શક્ય નથી. જો ભારત સરકાર સમયસર જાગશે નહીં અને મર્યાદા વગર ડેટા સેન્ટરોનો વિસ્તાર ચાલુ રાખશે, તો આગામી વર્ષોમાં જળસંકટ ધરાવતા વિસ્તારોમાં સ્થાનિક વસ્તી અને ડેટા સેન્ટરો વચ્ચે પાણી માટેના રમખાણો થશે કે સામાજિક અસંતોષ ઊભો થશે. આપણે જો આર્થિક કે તકનીકી વિકાસ આપણી નદીઓ, સુકાઈ રહેલા ભૂગર્ભજળ અને જંગલોના ભોગે આવતો હોય, તો તે વિકાસ નથી પરંતુ 'વિનાશ' છે. કુદરતની પણ એક મર્યાદા છે. જો આપણે મર્યાદામાં રહીને, કુદરતી સંપત્તિનું જતન કરીને સંતુલિત વિકાસ નહીં કરીએ, તો ટેકનોલોજીની આ આંધળી દોડ આપણી આવનારી પેઢીઓ પાસેથી તેમનું જીવવાનો મૂળભૂત હક છીનવી લેશે.

## વિશ્વ અત્યાર સુધીની સૌથી મોટી ક્રૂડ ઓઈલ કટોકટીના આરે

# ૪૦ કરોડના ઈમરજન્સી જથ્થામાંથી ૩૫ કરોડ બેરલ ઓઈલ ખતમ

દુબઈ,તા.૧૩

વિશ્વ અત્યાર સુધીની સૌથી મોટી ક્રૂડ ઓઈલ કટોકટીના આરે આવીને ઊભું છે. માર્ચમાં ક્રૂડ ઓઈલની કિંમતોને કાબૂમાં રાખવા ઉતારાયેલો મોટાભાગનો ઈમરજન્સી જથ્થો ખતમ થઈ ચૂક્યો છે. ચોઈસ ઈન્સ્ટિટ્યુશનલ ઈક્વિટીઝના રિપોર્ટ મુજબ આંતરરાષ્ટ્રીય ઉર્જા એજન્સીએ માર્ચમાં ૪૦ કરોડ બેરલ ઓઈલનો ઈમરજન્સી જથ્થો જાહેર કર્યો હતો, તેમાથી ૩૫ કરોડ બેરલનો જથ્થો ખપી ચૂક્યો છે.

## વૈશ્વિક બજારમાં ક્રૂડ ઓઈલના મુદ્દે ચિંતા જ્યારે અમેરિકામાં સપ્તાહમાં જ પુરવઠો ૧.૭ કરોડ બેરલ વધ્યો

આનો અર્થ એવો થાય કે બજારની પાસે સપ્લાયમાં કોઈ નવા સંકટનો સામનો કરવા માટે પહેલાની તુલનાએ ઓછા વિકલ્પ બચ્યા છે. રિપોર્ટનું માનવું છે કે જો હાલના સપ્લાયમાં અવરોધ લાંબા સમય સુધી રહ્યો તો ક્રૂડ ઓઈલની કિંમતો પર તેની અસર જોવા મળી શકે છે. અહેવાલ મુજબ બજારમાં ઓઈલનો ભંડાર ઘટવાની વર્તમાન પ્રતિ દિન ૨૪ લાખ બેરલ છે. આ આધારે ચોઈસ ઈન્સ્ટિટ્યુશનલ ઈક્વિટીઝનો અંદાજ છે કે આઈઈએ તરફથી જારી કરવામાં આવેલા ૪૦ કરોડ બેરલ ઓઈલનો ઈમરજન્સી ફંડમાંથી ૩૫ કરોડ બેરલનો જથ્થો બજારમાં ખપી ચૂક્યો છે. આમ

### ચીને ઓઈલ ભંડારમાં ૩.૫ કરોડ બેરલના નોંધપાત્ર ઘટાડા પછી ઉર્જાબજારમાંથી ખરીદી શરૂ કરી

ઈમરજન્સી ઓઈલ ભંડોળના લગભગ ૮૮ ટકા હિસ્સાની ખપત થઈ ચૂકી છે. આમ ખાડી યુદ્ધની આડઅસર પણ આ સ્વરૂપમાં જોવા મળી રહી છે.

રસપ્રદ વાત એ છે કે એક તરફ વૈશ્વિક બજારમાં ઓઈલ ભંડારને લઈને ચિંતા છે તો અમેરિકામાં ક્રૂડ ઓઈલનો સ્ટોક ઝડપથી વધી રહ્યો છે. અહેવાલ મુજબ અમેરિકામાં ક્રૂડ ઓઈલનો ભંડાર એક સપ્તાહમાં લગભગ ૧.૭ કરોડ બેરલ વધ્યો છે. આ જાન્યુઆરી ૨૦૨૩ પછી થયેલો સૌથી મોટો વધારો છે. તેમા એક મોટું કારણ ખાડીમાં થયેલો ઓઈલ સ્ટોકનો વધારો છે. આયાત કેટલાય મહિનાના ઊંચા સ્તરે પહોંચી છે, જ્યારે નિકાસ નબળી રહી છે.તેના કારણે ક્રૂડ ઓઈલ અમેરિકાની અંદર જ રહી ગયું છે, તેની નિકાસ થઈ નથી. બીજી

(અનુસંધાન ૧૩મે પાને)

## યુરોપમાં ગરમીનો કહેર : ફ્રાંસથી લઈને સ્પેનના જંગલોમાં આગ


ફ્રાંસ


ક્રોએશિયા

યુરોપમાં હીટવેવ અને લાંબા સમયથી ચાલી રહેલા દુષ્કાળ વચ્ચે જંગલોમાં આગની ઘટનાઓ ઝડપથી વધી રહી છે. ફ્રાન્સ, બ્રિટન, સ્પેન, જર્મની, ગ્રીસ અને ક્રોએશિયા સહિત અનેક દેશોમાં આગને કારણે લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા છે. ભારે ગરમીથી સૂકાઈ ગયેલી વનસ્પતિ અને તેજ પવન આગને ઝડપથી ફેલાવવામાં મદદ કરી રહ્યા છે. ફ્રાન્સના દક્ષિણ-પશ્ચિમ ભાગમાં એક હજાર હેક્ટરથી વધુ જંગલ વિસ્તાર પ્રભાવિત થયો છે. બ્રિટનમાં પણ જંગલની આગ ગંભીર બની છે. ૧૩ ઓગસ્ટે લંડનના ક્યૂ ગાર્ડન્સમાં ૩૮.૧ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયુ હતું. જે ૨૦૨૬નું અત્યાર સુધીનું સૌથી ઊંચું તાપમાન છે. બ્રિટનમાં લગભગ ૪.૫ કરોડ લોકો દુષ્કાળની અસર હેઠળ છે. સ્પેનના આરાગોન અને હુએલ્વા સહિતના વિસ્તારોમાં પણ મોટી આગ ફાટી નીકળી છે. આગથી બચાવવા માટે ઐતિહાસિક વસ્તુઓ અને સાંસ્કૃતિક વારસાને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા છે. ગ્રીસમાં જોરદાર પવન વચ્ચે અનેક જંગલોમાં આગ ફાટી નીકળી હતી. ક્રોએશિયાના ઓમિસ વિસ્તારમાં આગને કારણે એક વ્યક્તિનું મોત થયું હતું અને ૧૪ લોકોને હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. જર્મનીના હ્યુર્ટગેન જંગલમાં લાગેલી આગને કારણે ૨,૦૦૦થી વધુ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. અહીં બીજા વિશ્વયુદ્ધ સમયના વિસ્ફોટક સામાનના કારણે આગ બુઝાવવાની કામગીરી વધુ મુશ્કેલ બની હતી.

## રશિયા પછી હવે ચીન મુદ્દે અમેરિકાની ભારતને ચેતવણી

# ભારત ચીનને અમેરિકાના ટેરિફથી બચાવે છે : ટ્રમ્પના સાથી નવારોનો લવારો

વોશિંગ્ટન, તા.૧૪

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના વિશ્વાસુ અને વ્હાઈટ હાઉસના વેપાર અને ઉત્પાદન સેક્ટરના સલાહકાર પીટર નવારોએ ફરી એક વખત ભારત વિરુદ્ધ ઝેર ઓક્યું છે. અત્યાર સુધી રશિયા પાસેથી ક્રૂડ ઓઈલની ખરીદી મુદ્દે ભારતની ટીકા કરનારા નવારોએ હવે ભારત પર ચીનને અમેરિકાના ટેરિફથી બચાવવાનો આક્ષેપ કર્યો છે. નવારોના ધ ગ્રેટ ટ્રાન્સશિપમેન્ટ સ્કેમ રિપોર્ટ મુજબ ભારત સહિત ૪૦ દેશો દ્વારા ચીનને અમેરિકન ટેરિફથી બચાવવામાં મદદ કરાતી હોવાથી અમેરિકાને વાર્ષિક ૪૦ અબજ ડોલરથી ૩૦૩ અબજ ડોલરનું નુકસાન થાય છે.

## ભારત અમારા રડાર પર, ટ્રમ્પ સરકાર નવા વેપાર માળખામાં વ્યાપારિક ભાગીદારોને દંડિત કરવાની જોગવાઈ લાવશે

ટ્રમ્પના વિશ્વાસુ પીટર નવારોએ ભારતને ચેતવણી આપતા કહ્યું છે કે

### ચીનના સામાનને થોડાક ફેરફાર, રી-પેકેજિંગ, કરી મેડ ઈન ઈન્ડિયા તરીકે અમેરિકામાં ખપાવાય છે : નવારો

ભારત અમારી રડાર પર છે. ધ ગ્રેટ ટ્રાન્સ શિપમેન્ટ કૌભાંડ નામનો એક રિપોર્ટ જાહેર કરતાં નવારોએ આક્ષેપ કર્યો કે, ભારત એક એવા ગુપ્ત શિપમેન્ટ નેટવર્કનો ભાગ છે, જેના મારફત ચીની સામાનને જંગી અમેરિકન ટેરિફથી બચાવવામાં આવે છે.

નવારોએ આ રિપોર્ટમાં આક્ષેપ કર્યો છે કે ચીનનો સામાન ભારત, મેક્સિકો, કેનેડા અને યુરોપીયન યુનિયન જેવા ૪૦ દેશોના ગુપ્ત શેડો ટ્રાન્સશિપમેન્ટ નેટવર્ક પ્રોસેસિંગ સાથે રી-પેકેજિંગ અને રી-લેબલિંગ કરી તેને નવા દેશનું ઉત્પાદન બતાવી અમેરિકામાં નિકાસ કરાય છે. આ રીતે સામાનના મૂળ નિર્માણ સ્થળને છુપાવવા શિપમેન્ટના રુટ બદલવામાં આવે છે.

### ચીનના શંકાસ્પદ શિપમેન્ટ પર લગામ લગાવવા અમેરિકા એઆઈ આધારિત ડિટેક્ટિવ બોર્ડર સિસ્ટમ તૈનાત કરશે

મારફત ફેરવીને અમેરિકન બજારમાં ઠાલવવામાં આવે છે. ચીનની કંપનીઓ અમેરિકન ટેરિફથી બચવા માટે ભારત સહિતના દેશોમાં પોતાનો સામાન નિકાસ કરે છે. ત્યાં આ સામાનનું થોડાક

નવારોએ રિપોર્ટમાં આક્ષેપ કર્યો કે, વર્ષોથી આ મોટું ટ્રાન્સ-શિપમેન્ટ કૌભાંડ કમ્યુનિસ્ટ ચીનની કંપનીઓને અમેરિકાએ લગાવેલા જંગી ટેરિફથી

(અનુસંધાન ૧૩મે પાને)

## દિવ્યાંગોનું અપમાન કરવા મામલે રાહત

# સુપ્રીમે સમય રૈના સહિત પાંચ કોમેડિયન સામે એફઆઈઆર રદ કરી વખાણ કર્યા

નવી દિલ્હી, તા. ૧૪

સોશિયલ મીડિયા પર ચર્ચામાં રહેતા કોમેડિયન સમય રૈના સહિત પાંચ લોકોને સુપ્રીમ કોર્ટ તરફથી મોટી રાહત આપવામાં આવી છે. ઈંડિયા ગોટ લેટેંટ શોમાં દિવ્યાંગો અંગે કરેલી અપમાનજનક ટિપ્પણી બદલ દાખલ એફઆઈઆરને શુક્રવારે સુપ્રીમ કોર્ટે રદ કરી દીધી હતી. સાથે જ આ મામલે ચાલી રહેલી તમામ કાર્યવાહી રદ કરી દેવાઈ છે.

## દિવ્યાંગો માટે ફંડ એકઠુ કરવા શો યોજવો, દિવ્યાંગોને તેમાં સામેલ કરવા સહિતના આદેશોનું પાલન થયું : સુપ્રીમ

મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતની અધ્યક્ષતાવાળી ત્રણ ન્યાયાધીશોની બેંચે

### આ યુવાનો ઘણા કુશળ છે, તેઓ સકારાત્મક દિશામાં કામ શરૂ કરશે તો તેનું સારું પરિણામ આવશે : સુપ્રીમનું અવલોકન

આ ચુકાદો આપ્યો હતો. સાથે જ બેંચે નોટ કર્યું હતું કે સમય રૈના અને અન્યોએ કોર્ટના આદેશોનું પાલન કર્યું છે, તેમણે દિવ્યાંગો માટે જાગરૂકતા કાર્યક્રમોનું આયોજન કર્યું હતું અને ફન્ડ એકઠુ કર્યું હતું. સુપ્રીમ કોર્ટે જે પાંચ કોમેડિયનોને રાહત આપી છે તેમાં સમય રૈના, વિપુલ ગોયલ, બલરાજ પરમજીત, સોનાલી ઠક્કર, નિશાંત જગદીશનો સમાવેશ થાય છે.

આ પહેલા શોમાં દિવ્યાંગો અંગે અપમાનજનક ટિપ્પણી કરવામાં આવી હતી, જેને લઈને સુપ્રીમ કોર્ટે તમામ

(અનુસંધાન ૧૩મે પાને)

## વિશ્વની સૌથી ઝડપી ટ્રેન : ૧ કિ.મી.નું અંતર આઠ સેકન્ડમાં કાપ્યું

# ચીનમાં ટ્રેનનો માત્ર ૫.૩ સેકન્ડમાં ૮૦૦ કિ.મી.ની ઝડપે દોડવાનો નવો રેકોર્ડ

બેઈજિંગ, તા. ૧૪

ચીનના હુબેઈ ઈસ્ટ લેકમાં એક્સપેરિમેન્ટલ મેંગ્લેવ પ્લેટફોર્મમાં દોડેલી ટ્રેને અભૂતપૂર્વ ઝડપ હાંસલ કરીને રેકોર્ડ બનાવ્યો હતો. ટ્રેને માત્ર ૫.૩ સેકન્ડમાં ૮૦૦ કિલોમીટર પ્રતિકલાકની ઝડપ મેળવી લીધી હતી. અગાઉનો રેકોર્ડ પણ ચીનમાં જ નોંધાયો હતો. આ વર્ષે જુલાઈમાં જ ૭૦૦ કિલોમીટર પ્રતિકલાકની ઝડપે ટ્રેન દોડાવીને ચીને રેકોર્ડ બનાવ્યો હતો.

## ૧.૧ ટન વજન ધરાવતી ટ્રેનનું એક કિ.મીના ટ્રેક પર સફળ પરીક્ષણ : અગાઉ ચીનમાં જ ૭૦૦ કિ.મી. ઝડપનો રેકોર્ડ હતો



ઈસ્ટ લેક લેબોરેટરીના પ્લેટફોર્મ પર હાઈ સ્પીડ ટ્રેનનું ટેસ્ટિંગ થયું હતું. હુબેઈ પ્રાંતમાં થયેલા આ પરીક્ષણમાં ટ્રેન કુલ આઠ સેકન્ડ દોડી હતી. ૮ સેકન્ડમાંથી ૫.૩ સેકન્ડ થઈ ત્યારે ટ્રેને ૮૦૦ કિલોમીટર પ્રતિકલાકની ઝડપ હાંસલ કરી હતી. આટલી ઝડપ અગાઉ દુનિયાની એકેય ટ્રેનને મળી ન હતી. આટલા ટૂંકાગાળામાં આ ઝડપ અભૂતપૂર્વ ગણાય. એક કિલોમીટરનું અંતર ટ્રેને આઠ સેકન્ડમાં પૂરું કર્યું હતું. મેગ્નેટ સસ્પેન્શન ટ્રેકમાં ટ્રેન વિદ્યુત મેગ્નેટિક સાથે જોડાયેલી રહે છે. આ મોડલ વ્હીલ અને ટ્રેકના પરંપરાગત સંપર્ક પ્રમાણે કામ નથી કરતું. તેના કારણે રોલિંગ ઘર્ષણ ઘટી જાય છે ને ટ્રેનને અભૂતપૂર્વ ઝડપ મળે છે.

ટ્રેનનું વજન નોંધપાત્ર રીતે ૧.૧ ટન હોવા છતાં એક કિલોમીટરના વિસ્તારમાં જે રીતે શરૂ થઈ એ જ રીતે અંતર પૂરું કરીને કોઈ ગરબડ વગર રોકાઈ ગઈ હતી. અત્યારે આ પરીક્ષણ પેસેન્જર ટ્રેન માટે થઈ રહ્યું નથી, પરંતુ આટલી ઝડપ હાંસિલ થઈ હોવાથી ભવિષ્યમાં કદાચ આ પ્રકારની ટ્રેનમાં પેસેન્જર સવાર થતાં હોય તો નવાઈ પામવા જેવું નહીં રહે. સંશોધકોએ કહ્યું હતું કે આ ટેકનોલોજી માત્ર સ્પીડ માટે જ મહત્ત્વની નથી, પ્લેટફોર્મની ટેકનોલોજી માટે પણ ભવિષ્યમાં એ બહુ અગત્યની બની રહેશે. હાઈ સ્પીડ ટ્રેનના સંશોધન માટે આ પરીક્ષણોનો અનુભવ બહુ કામ લાગશે.

## નોર્વેનાં સ્વાલબાર્ડ દ્વીપ પાસે ઘટના બની

# નોર્વેમાં હોર્ન વગાડીને રીંછને જગાડવા બદલ રૂ.પાંચ લાખનો દંડ

નવી દિલ્હી, તા. ૧૪

નોર્વેમાં હોડીમાં સવાર શખ્સને ઉંઘી રહેલા રીંછને હોર્ન વગાડીને જગાડવા બદલ ૫.૨ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. આ ઘટના નોર્વેનાં સ્વાલબાર્ડ દ્વીપ સમૂહની પાસે બની હતી.

## રીંછ સુરક્ષિત ગણાતા હોવાથી તેમને હેરાન કરવા બદલ કડક કાર્યવાહી થાય છે



આ વિસ્તારમાં હોડીમાં પસાર થઈ રહેલા લોકોની નજર જમીન પર ઉંઘી રહેલા રીંછ પર પડી હતી. રીંછને જોઈને હોડીમાં સવાર કોઈ વ્યકિતનો ઉત્સાહ વધી ગયો અને તેણે રીંછને જગાડવા માટે જહાજનું ફોગ હોર્ન વગાડ્યું હતું.

હોર્નને કારણે રીંછ ઉંઘમાંથી ઉઠી ગયો અને જગ્યા છોડીને ત્યાંથી જતો રહ્યો હતો. ઘટના પછી ગર્વનર કાર્યાલયે આ ઘટનાને ગંભીરતાથી લીધી હતી અને સંબધિત વ્યકિત પર ૫૨૫૫ અમેરિકન ડોલર એટલે કે લગભગ પાંચ લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે.

જે વ્યકિતએ હોર્ન વગાડ્યું હતું તે વ્યકિત દંડ ચુકવવા સંમત થયો છે. ઉલ્લેખનીય છે કે સ્વાલબાર્ડમાં ધ્રુવીય રીંછની સુરક્ષા માટે કડક નિયમો છે. સ્થાનિક કાયદા અનુસાર રીંછને કારણ વગર હેરાન કરવા, પોતાની તરફ આકર્ષિત કરવા અથવા તેની પાછળ જવું પ્રતિબંધિત છે.

સ્વાલબાર્ડમાં પોલર બિયરને વર્ષ ૧૯૭૨થી સંરક્ષિત પ્રજાતિનો દરજ્જો મળ્યો છે. તેથી ત્યાં ફરવા આવતા પ્રવાસીઓ અને હોડી સંચાલકો પાસેથી આશા રાખવામાં આવે છે કે તે આ

(અનુસંધાન ૧૩મે પાને)

## આરોપીએ ગુનો કબૂલ્યો: ૨૦ વર્ષની જેલની શક્યતા

# અમેરિકામાં ભારતીય યુવક ચાઈલ્ડ સેક્સ સામગ્રી રાખવા બદલ દોષી

(પીટીઆઈ) વૉશિંગ્ટન, તા. ૧૪

અમેરિકાના ન્યૂજર્સીમાં ભારતીય મૂળના નાગરિક અભિષેક વિજયકુમારને ચાઈલ્ડ સેક્સના ફોટો-વીડિયો રાખવાના આરોપમાં ૨૦ વર્ષની જેલની સજા થવાની શક્યતા છે. આરોપીએ ગુનો કબૂલી લીધો હતો. ન્યૂજર્સીની કોર્ટ જાન્યુઆરીમાં સજા સંભળાવશે.

## અભિષેક વિજયકુમાર નામના આરોપી પાસેથી ૨૦૨૪માં ૨૦૦ વીડિયો-ફોટોઝ મળ્યાં હતા

૨૦૨૪માં અભિષેક વિજયકુમાર પાસેથી તપાસ દરમિયાન ચાઈલ્ડ સેક્સને લગતી ગેરકાયદે સામગ્રી મળી આવી હતી. ત્રણ વર્ષની માસૂમ બાળકી સાથે એક માણસ સેક્સ્યુઅલ એબ્યૂઝ કરતો હોય એવી સામગ્રીનો પણ એમાં સમાવેશ થતો હતો. તપાસ દરમિયાન એજન્સીને ચાઈલ્ડ સેક્સના ૨૦૦ વીડિયો-ફોટોઝ મળી આવ્યા હતા. એ પછી તેના પર ન્યૂજર્સની કોર્ટમાં કેસ ચાલતો હતો.

આરોપી અભિષેક વિજયકુમારે કોર્ટમાં આ વાંધાજનક અને પ્રતિબંધિત સામગ્રી રાખવાનો ગુનો કબૂલી લીધો હતો. કોર્ટે તેને દોષી જાહેર કર્યો છે. હવે આરોપીને અમેરિકામાં ચાઈલ્ડ સેક્સ અને બાળ યૌનશોષણ સામેના કાયદાને ધ્યાનમાં રાખીને સજા થશે. ૨૦૨૭ના જાન્યુઆરી માસમાં કોર્ટ આ કેસમાં સજા કરશે. તેને મેક્સિમમ ૨૦ વર્ષની કેદ થાય તેવી શક્યતા છે.

## ગુપ્ત માહિતીને આધારે પોલીસનાં બે સફળ ઓપરેશન

# આસામમાં કુલ ૧૨૦ કરોડનું ડ્રગ્સ પકડાયું : ત્રણ લોકોની ધરપકડ

(પીટીઆઈ) નવી દિલ્હી, તા. ૧૪

આસામનાં ગુવાહાટીમાં એક આંતર રાજ્ય ડ્રગ ડીલરની ૮૦ કરોડ રૂપિયાનાં હેરોઈન સાથે ધરપકડ કરવામાં આવી છે તેમ મુખ્યપ્રધાન હિંમત બિસ્વા શર્માએ એક નિવેદનમાં જણાવ્યું છે.

## આંતર રાજ્ય ડ્રગ ડીલર પાસેથી ૮૦ કરોડ અને એક ટ્રકમાં ૩૯.૪ કરોડનું ડ્રગ્સ પકડાયું

સરમાએ વધુમાં જણાવ્યું હતું કે ગુવાહાટીમાં જ એક અન્ય સ્થળેથી બે લોકોની ૩૯.૪ કરોડ રૂપિયાનાં ડ્રગ્સ સાથે ધરપકડ કરવામાં આવી છે.

આ ઓપરેશન આસામ પોલીસનાં સ્પેશિયલ ટાસ્ક ફોર્સ (એસટીએફ) દ્વારા ચલાવવામાં આવ્યું હતું.

મુખ્યપ્રધાને જણાવ્યું હતું કે આસામ પોલીસ નાશામુક્ત ભારત મિશનમાં સંપૂર્ણ ફાળો આપી રહી છે. અસટીએફનાં એક અધિકારીએ જણાવ્યું હતું કે ડ્રગ ડીલ અંગે મળેલ વિશેષ માહિતીને આધારે આ દરોડા પાડવામાં આવ્યા હતાં.

૩૯.૪ કરોડ રૂપિયાનું ડ્રગ્સ પકડાવા અંગે મુખ્યપ્રધાને જણાવ્યું હતું કે ગુપ્ત માહિતીને આધારે પોલીસે એક ટ્રકને રોકીને હેરોઈનથી ભરેલા સાબુનાં ૧૦ બોક્સ અને ૧.૪ લાખ યાબા ટેબલેટ જપ્ત કરી હતી.

તેમણે સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે આ ડ્રગ્સ સાથે બે વ્યકિતઓની ધરપકડ પણ કરવામાં આવી છે. ડ્રગ્સ વિરુદ્ધ રાજ્ય સરકારનું અભિયાન સંપૂર્ણ તાકાત સાથે ચાલુ રહેશે.

## અમેરિકા ૮૫૦થી વધુ ક્રૂઝ મિસાઈલ વાપરી ચૂક્યું છે

# ઈરાન યુદ્ધમાં અમેરિકાના ૪૫ ડ્રોન તૂટ્યા ૧૦૦૦થી વધુ પેટ્રિયેટ મિસાઈલનો ઉપયોગ

વોશિંગ્ટન,તા.૧૪

અમેરિકન પ્રમુખ ટ્રમ્પ ગયા વર્ષે ભારત-પાક જંગમાં વિમાનો તૂટ્યાનો દાવો કરતા હતા હવે અમેરિકાના જ વિમાનો, મિસાઈલો અને ડ્રોન ખતમ થવાની વાત આવી છે ત્યારે તેમણે ચુપ્પી સાધી લીધી છે. ઈરાન સાથેના યુદ્ધમાં અમેરિકા તેના અત્યંત મોંઘા એવા ૪૫ એમક્યુ-૯ રીપર ડ્રોન ગુમાવી ચૂક્યું છે. આમ અમેરિકાએ રીપર ડ્રોનના કુલ જથ્થામાં ૨૫ ટકા જથ્થો ગુમાવ્યો છે.

## અમેરિકાનો ૨૫ ટકા ડ્રોન જથ્થો ખલાસ, વાર્ષિક ધોરણે માંડ ૯૬ રીપર ડ્રોનનું જ ઉત્પાદન કરી શકવા સક્ષમ

અમેરિકા રીપર ડ્રોનનો ઉપયોગ દેખરેખ અને હુમલા માટે કરે છે. એક રીપર ડ્રોનની કિંમત તેના સેન્સર અને શસ્ત્રોના આધારે ત્રણથી પાંચ કરોડ ડોલર સુધીની હોઈ શકે છે. આ હિસાબે અમેરિકાએ ૪૫ ડ્રોન ગુમાવતા તેને ૧.૩ અબજ ડોલરનો ફટકો પડ્યો હોવાનું માનવામાં આવે છે. જો કે બધા જ રીપર ડ્રોન ઈરાનના હુમલામાં ખતમ થયા છે તેવું નથી. કેટલાક ડ્રોનનો તો ઓપરેટર સાથે સંપર્ક તૂટી ગયો હતો અને તે તૂટી પડ્યા હતા. આમ અમેરિકાએ ઈરાન સાથેના યુદ્ધમાં ડ્રોનની સાથે-સાથે ટેકનિકલ તકલીફોનો પણ સામનો કરવો પડી રહ્યો છે.

### હોર્મુઝમાં પોતાના બે જહાજ પર ઈરાનનો હુમલો કરતા યુએઈ વિફર્યું, ઈરાન ચાંચીયાગીરી કરતું હોવાનો આરોપ

અમેરિકાએ ઈરાન સાથેના યુદ્ધમાં રીપર ડ્રોનનો મોટાપાયા પર ઉપયોગ કર્યો. હોર્મુઝની ખાડીની આસપાસ તેનો મોટાપાયા પર ઉપયોગ કરવામાં આવ્યો. રીપર ડ્રોન આકાશમાં લાંબા સમય સુધી રહીને નજર રાખી શકે છે અને જરૂર પડે તો હુમલો પણ કરી શકે છે. જો કે તેની સ્પીડ ઓછી હોવાથી તે જ્યારે પણ નીચી સપાટીએ ઉડે છે ત્યારે ઈરાનના લશ્કર

(અનુસંધાન ૧૩મે પાને)

## બરફીલા પર્વતીય વિસ્તારોમાં ૧ સપ્ટેમ્બરથી વસતી ગણતરી શરૂ

# જાતિ આધારિત પહેલી વસતી ગણતરી માટે સરકારે ૪૦ સવાલો જાહેર કર્યા

(પીટીઆઈ) નવી દિલ્હી, તા.૧૪

દેશમાં જાતિ આધારિત પહેલી વસતી ગણતરીની શરૂઆત માટે કેન્દ્ર સરકારે શુક્રવારે ૪૦ સવાલો જાહેર કરતું એક નોટિફિકેશન બહાર પાડ્યું છે. આ નોટિફિકેશન મુજબ પહેલી વખત વસતી ગણતરીમાં જાતિ, એસસી, એસટી કેટેગરીની સ્થિતિ સહિતની અંગત માહિતી એકત્ર કરાશે. લદ્દાખ, જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ સહિતના બરફીલા પર્વતીય વિસ્તારોમાં ૧ સપ્ટેમ્બરથી વસતી ગણતરીની પ્રક્રિયા શરૂ થશે. જોકે, આ પહેલાં આ રાજ્યોમાં વ્યક્તિ જાતે ૧૭ ઓગસ્ટથી ઓનલાઈન 'સેલ્ફ એન્યુમરેશન' વિકલ્પનો ઉપયોગ કરી શકશે.

## નાગરિકોની જાતિ, ધર્મ, આર્થિક, સામાજિક માહિતી મેળવાશે ૧૭થી ૩૧ ઓગસ્ટ સુધી લોકો જાતે ઓનલાઈન ફોર્મ ભરી શકશે

ગૃહમંત્રાલય હેઠળ ભારતના રજિસ્ટ્રાર જનરલ અને વસતી ગણતરી કમિશનરેટે વસતી ગણતરી ૨૦૨૭નો તબક્કાવાર કાર્યક્રમ જાહેર કરી દીધો છે. વસતી ગણતરીના પહેલા તબક્કામાં નાગરિકોના મકાનો અને આવાસ સંબંધિત માહિતી મેળવાયા પછી હવે બીજા તબક્કામાં નાગરિકોની વ્યક્તિગત, સામાજિક અને આર્થિક માહિતી મેળવાશે.

બીજા તબક્કાના ભાગરૂપે સરકારે શુક્રવારે વસતી ગણતરીમાં નાગરિકોને પૂછવામાં આવનારા ૪૦ સવાલો જાહેર કર્યા હતા. દેશમાં પહેલી વખત સરકાર વસતી ગણતરીમાં જનતાની જાતિ આધારિત માહિતી મેળવશે. આ સિવાય કોરોનાની રસી ક્યાં લગાવી હતી તેની માહિતી પણ સરકાર માગશે. ઉપરાંત ધર્મ, ભાષા, દિવ્યાંગતા, સાક્ષરાત, ડિજિટલ સાક્ષરતા, પ્રવાસ, પ્રજનન ક્ષમતા સહિતની જરૂરી વિગતો મગાશે.

### દેશમાં લદ્દાખ, જમ્મુ-કાશ્મીર, હિમાચલ, ઉત્તરાખંડ સિવાયના ભાગોમાં ફેબ્રુઆરી ૨૦૨૭થી વસતી ગણતરી થશે

(અનુસંધાન ૧૩મે પાને)

## એન્જિન ફેઈલ થતાં યૉટમાં આગ ફાટી નીકળી

# રૂ. ૮૭ કરોડના ખર્ચે બનેલી લક્ઝુરિયસ યૉટ ડિલિવરીના ચાર દિવસમાં ડૂબી ગઈ !

રોમ, તા. ૧૪

ભારતમાં કરોડોના ખર્ચે બનેલા રોડમાં ગણતરીના દિવસોમાં ગાબડાં પડી જતા હોય છે. દેશના કેટલાય રોડ પહેલા વરસાદમાં જ ધોવાઈ જતા હોય છે. એ પછી જેવી લાગણી ભારતના નાગરિકોને થાય છે એવી જ લાગણી ઈટાલીના એક યૉટના માલિકને થઈ રહી છે. કરોડો ખર્ચીને બનાવેલી યૉટ માલિક પાસે માત્ર ચાર દિવસ રહી. ચોથા દિવસે દરિયામાં ડૂબી ગઈ.

## ઈટાલીના સાર્દિનિયા ટાપુ પાસે ૧૪ લોકો યૉટમાં પાર્ટી કરી રહ્યા હતા ત્યારે રંગમાં ભંગ પડ્યો : માલિક સહિત તમામને બચાવાયા



૯.૧ લાખ ડાત્તલર યાને અંદાજે ૮૭ કરોડ રૂપિયાની કિંમતની ૯૮ ફૂટ લાંબી આલીશાન લક્ઝરી યાત્ત્ય એન્જિલા-૨ તેના નવા માલિકને ડિલિવરી મળ્યાના માત્ર ચાર જ દિવસમાં દરિયામાં ડૂબી ગઈ હતી. પોર્ટો સેર્વોના દરિયાકાંઠે સફર દરમિયાન યૉચના એન્જિનમાં ટેકનિકલ ખામી સર્જાતા આગ ફાટી નીકળી હતી. આગ પર કાબૂ મેળવાય તે પહેલાં જ જહાજની છતને ભારે નુકસાન પહોંચ્યું હતું, જેના કારણે તેમાં ઝડપથી દરિયાનું પાણી ભરાવા લાગ્યું હતું. થોડી જ વારમાં આ વિશાળ યૉટ એક તરફ નમી ગઈ હતી અને ધીમે-ધીમે ભૂમધ્ય સમુદ્રમાં આશરે ૨૩ ફૂટ ઊંડા

(અનુસંધાન ૧૩મે પાને)

**શ્રી આરોગ્યધામ (ઓપી રોડ)**
ટાંકા લીધા વગર કાનની બૂટ સંધાવો. નાકના મસા માટે
જૂના નવા રોગો માટે આયુર્વેદ સારવાર કેન્દ્ર.
M. 99099 34804
81606 42446

વેચાણ આપવાની છે. Well Develope
**HOTEL / RESORT / CLUB**
100 AC રૂમો, 2 AC બેન્કવેટ હોલ
3 પાર્ટી પ્લોટ (૧૦૦ થી ૫૦૦૦ વ્યક્તિ સુધીના)
સ્વીમીંગપુલ, ગેમ ઝોન, કોન્ફરન્સ રૂમ, ડિસ્કોથેક, વેલનેસ સેન્ટર, મીની થીયેટર, મીની વોટરપાર્ક વિગેરે
80001 94756 | કિંમત 36 Cr.
અમદાવાદ SP રીંગરોડ થી ૪૫ કિ.મી. રોડ ટચ

## ડેરીમાં કામ કરતા યુવકને કરંટ લાગતા મોત

(પ્રતિનિધિદ્વારા) વડોદરા, શુક્રવાર

મળતી માહિતી મુજબ, મૂળ યુ.પી.નો કિશન લતુરીસિંહ વિદ્યારામ (ઉં.વ.૨૫) હાલમાં ખોડિયાર નગર પાસે માધવ ડેરીમાં કામ કરતો હતો અને ત્યાં જ રહેતો હતો. ગઈકાલે સાંજે ડેરીમાં કામ કરતા સમયે તેને કરંટ લાગ્યો હતો. ગંભીર ઈજા થતા તેનું મોત થયું હતું. ડેરીમાં સલામતી અને સુરક્ષા અંગે અંગે બાપોદ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**પ્રજાસતાક દિવસ નીમીતે આકષક સ્પે. ઓફર**
@ Waghodia - Dabhoi Ring Road

રેડી પઝેશન
ALLOTTED PARKING
2&3 BHK PREMIUM FLATS
SHIVAM HIGHVIEW

| 2BHK FLATS | 3BHK FLATS | SHOPS |
|---|---|---|
| ₹29.99 Onwards | ₹39.99 Onwards | ₹28.99 Onwards |

ગવર્નમેન્ટ સબસીડી ₹1.80 લાખ* મળવા પાત્ર
Nr. Narayan Smruti Hospital, Savita Hospital Road, Waghodia-Dabhoi Ring Road, Vadodara.
93285 96581
RERA NO : PR/GJ/VADODARA/VADODARA/Others/RAA10862/031122 (www.gujrera.gujarat.gov.in)

**૯૭ SAREE MEGA SALE**
સાડીઓ

ચીમનલાલ વ્રજલાલ
નેશનલ પ્લાઝા, અલકાપુરી, વડોદરા. ફોન : ૨૩૪૦૭૬૮
Follow us @ CHIMANLALVRAJLAL_SAREES

SAMANVAY REALTY
**PRIME LOCATION LAVISH COMMUNITY BEST RATE**

SAMANVAY **SATGUNAM**
4BHK | POSSESSION STARTED
@ ALKAPURI, NR. ALKAPURI HAVELI
LOCATION

SAMANVAY **WESTBANK**
4BHK | POSSESSION STARTED
@ 30 MTR. BHAYLI - SEVASI CANAL ROAD
LOCATION

SAMANVAY **ANANTAM**
3 & 4BHK | POSSESSION SOON
@ AKOTA, NR. AKOTA GARDEN
LOCATION

**VISIT TODAY FOR FESTIVE OFFER**
CALL +91 8000 221 121
CORPORATE OFFICE: SAMANVAY HOUSE, NEAR URMI SOCIETY, NEAR ALKAPURI HAVELI, JETALPUR ROAD, ALKAPURI, VADODARA - 390007 | www.samanvayrealty.net

**INVITING DOCTORS AND INVESTORS**
For investment in a existing multi specialty hospital in Vadodara with branch in Surat for its expansion project and restructuring investment of minimum Rs 2.00 crores and in multiples of Rs 1.00 crore. This can be on partnership basis or on investment basis with secured returns.
Absolute confidentiality assured.
**Only genuine parties should contact :**
natshare@yahoo.co.in

**ભાયલીમાં લક્ઝુરિયસ ફ્લેટ્સ વેચવાના છે**
2, 3, 4 BHK રેડી પઝેશન
મેડ્રિડ કાઉન્ટી, સેન લુકસમાં
તમારા બજેટમાં, મહત્તમ ડિસ્કાઉન્ટ
આજે જ વિઝિટ કરો
સંપર્ક: 7211142888 - 7211102399

Aarya's Landmark
**4 BHK FLATS**
(2975/- per sq. ft.)
100% Cheque Payment

| Sq. ft. | 20 Days Payment |
|---|---|
| 2700 | 80.30 L |
| 2835 | 84.30 L |
| 2915 | 86.70 L |
| 5500 | 1.64 Cr. |

Nr. Priya Cinema, Gotri
M.: 96878 88225

MAA14689
A Project by AKRUTI Group
**VANDE MATARAM**
60+ AMAZING AMENITIES
2-3-4 & 5 BHK LAVISH LIVING

Inspired. Indian. Impressive.
**LAUNCHING TODAY**
SCAN FOR BROUCHER | LOCATION
Vande Mataram, Opp. Sky Memories - HDFC bank, B/H Sun Plaza, Ambe School Road, Manjalpur, Vadodara-390011
Call : +91 78619 31363 | +91 63524 71155

croma
A TATA Enterprise

**ટીવી ડીલ્સ એટલી શાનદાર તમે ખરીદશો બીજી વાર**
ટેલિવિઝન્સ પર ફ્લેટ **20% ની છૂટ***
ઇન્ડિપેન્ડન્સ ડે સેલ
8 ઑગસ્ટ - 16 ઑગસ્ટ
*T&C Apply

| Product | Discount | MRP | Offer Price | EMI Starting |
|---|---|---|---|---|
| LG NANO 4K UHD AI TV 1m 39cm (55) | 50% OFF* | ₹89,990* | ₹44,990* | ₹1,999* |
| Samsung Mini LED TV 1m 39cm (55) | 35% OFF* | ₹70,900* | ₹44,990* | ₹1,990* |
| SONY BRAVIA 7 II 1m 39cm (55) | 40% OFF* | ₹3,59,900* | ₹2,11,490* | ₹5,500* |
| TCL QLED 4K TV 1m 90cm (75) | 50% OFF* | ₹1,59,990* | ₹73,990* | ₹4,999* |
| Haier LED 4K TV 1m 27cm (50) | 48% OFF* | ₹64,000* | ₹32,990* | ₹2,494* |
| Croma Full HD TV 1m 9cm (43) | 20% OFF* | ₹25,000* | ₹19,999* | ₹1,667* |

Save 10%* on Soundbar with TV purchase
આજે જ આવો ક્રોમા સ્ટોર્સ | croma.com | TATA NEU
*Offer Price Includes Exchange/Cashback Benefits or both at store
RuPay રુપે ક્રેડિટ કાર્ડ્સ પર 5% સુધી ઇન્સ્ટન્ટ ડિસ્કાઉન્ટ* ઉપરાંત 5% સુધી ન્યૂકોઇન્સ* મેળવો ટાટા ન્યૂ રુપે ક્રેડિટ કાર્ડ્સ પર.
₹30,000 સુધી કૅશબૅક કન્ઝ્યુમર ફાઇનાન્સ પર*
HDB FINANCIAL SERVICES | ICICI Bank | IDFC FIRST Bank | TVS CREDIT
Scan to locate us
560+ Stores across India
*Offer valid only at stores | Two offers cannot be clubbed | Offer valid till stocks lasts | Offer valid on select brands/categories/days/locations/products | Flat 20% Off is on MRP | The final offer shall be subject to cashback offers or consumer finance or Croma or Brand or Exchange Value of your old product or all of the above, as applicable | Cashback on Consumer Finance is based on invoice/bill value | Processing fee shall be applicable as levied by participating consumer finance partner | In addition, select products may be eligible for exchange bonus as well | RuPay offer applicable once per card per customer | Up to ₹2,500 Instant Discount on RuPay Credit Cards | Additional NeuCoins of up to 5% is available only on full-swipe transactions made using Tata Neu RuPay Credit Cards and are not applicable on EMI transactions | MRP is inclusive of all taxes | The prices mentioned are for one unit of the product | EMIs are payable monthly and may vary by product, tenure and customer eligibility | For further details, visit store | T&C apply